

3

# પ.પૂ.બાપજી સંગે દિવ્યાનુભૂતિ

**ગુરુવર્ય પ.પૂ.બાપજીના જીવન પ્રેરક પ્રસંગો...**



પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)


સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનું લક્ષ્ય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સનાતન સિદ્ધાંતો અને અજોડ ઉપાસનાના પ્રવર્તનનું મહામોટું ભગીરથ કાર્ય કરી જેઓએ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના રહસ્યને યથાર્થ છતું કર્યું છે. એવા જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ સમજાવેલા શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતોના વિશ્વવ્યાપી પ્રવર્તન અર્થે સન ૧૯૭૪માં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રથમ સોપાન ભરી આ ભગીરથ કાર્યને નૂતન ક્રાંતિ આપી હતી. આ નૂતન ક્રાંતિને વિરાટ સ્વરૂપ આપતા સન ૧૯૮૭માં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાની સ્થાપના કરી.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ SMVS સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૮૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૭૩ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૫૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યા છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવાં સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.



3

# પ.પૂ. બાપજી સંગે દિવ્યાનુભૂતિ

## ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવન પ્રેરક પ્રસંગો...

**રજૂકર્તા :**
શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**

**સંસ્થાપક :**
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. બાપજી)

**પ્રેરણા :**
પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (પ.પૂ. સ્વામીશ્રી)

**લેખનકાર્ય :**
સાહિત્ય લેખન વિભાગ

**પ્રકાશક :**
સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૦૦૭

**આવૃત્તિ :** પ્રથમ, જુલાઈ-૨૦૧૮

**પ્રત :** ૨૫,૦૦૦ નંગ

**મૂલ્ય :** ₹ ૪૦/- ▪ **સેવા મૂલ્ય :** ₹ ૨૦/-

**(સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટના અનુદાનથી ઘટાડેલ સેવા મૂલ્ય)**

॥ શ્રીજી બાપા ॥

શુભ સંદેશ - ભલામણ ...

વ્હાલા મુક્તો - વાચકો ....

અનંત જીવોના કલ્યાણ અર્થે તથા પોતાના સર્વોપરી સ્વરૂપને જેમ છે તેમ ઓળખાવવા શ્રીજી મહારાજે અનહદ કૃપા કરી વડતાલના ૧૯ના વચનામૃતમાં દિવ્ય આશીર્વાદ આપતા કહ્યું છે કે.

"આ જીવને જ્યારે બ્રહ્માંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત (મુક્ત) થાય છે"

આ દિવ્ય આશીર્વાદ મુજબ શ્રીજીમહારાજે પોતાના દિવ્ય સત્પુરુષો દ્વારા આત્યંતિક કલ્યાણનો ધોરીમાર્ગ અવિરત ચાલુ રાખ્યો છે.

શ્રીજીમહારાજના આશીર્વચન મુજબ શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ બાપાશ્રીએ 'આધાર તુમ્હારા, આધાર હમારા' એ આશીર્વાદ આપ્યા 'આધાર હમારા' એટલે જ વ્હાલા ગુરુવર્ય બાપજીની અણમોલ ભેટ સમા, સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરીને આ કારણ સત્સંગને આપ્યો.

'લાખમાં લાધે નહીં અને કરોડમાં હોય કોક' એવા આ દિવ્ય સત્પુરુષનું પ્રાગટ્ય શ્રીજીમહારાજે આજે પોતાની અજોડ-સનાતન-સર્વોપરી શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન માટે જ ન કરાવ્યું હોય ! અને એટલે જ કોઈનીય શેહ-શરમ કે સંકોચ - ભય રાખ્યા વિના છડેચોક વચનામૃતના પરોક્ષાર્થ શબ્દોને અત્યંત ગૂઢ રહસ્યોને સરળમાં સરળ કરી સમજાવી રહ્યા છે. અડધો કલાક ઊંડા વિચારપૂર્વક - તટસ્થભાવે આ

દિવ્યાનુગ્રહ પામ્યા પછી તો એવા વચનોના ટોળેટોળા ટોળાં બંધ થઈ ગયા અને શ્રીજીમહારાજની જ માત્ર શુદ્ધ ઉપાસના રહી ગઈ..

શ્રીજીમહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ૧૯મા વચનામૃતમાં જણાવે છે કે, 'અમારા સ્વરૂપનો નિશ્ચય થવો તે સૌથી મહાકઠણ છે, નિશ્ચયની વાત અતિ અટપટી છે! વળી, શાસ્ત્રના શબ્દો સાંભળીને સમજાય તેટલો સહેલો નથી' વગેરે... આ દિવ્ય સત્પુરુષશ્રીએ જેને લોકો કહે એવી આ મહાકઠણ એવી નિશ્ચયની વાત સાવ સુગમ બનાવી દીધી છે, એવા [illegible] નહીં જ સૈંકડો સંતો અને હજારો હરિભક્તોમાં, નાના બાળકોના મોઢે - કિશોરો - યુવાનો - વૃદ્ધો સૌને નિત્યાનંદ સ્વામી જેવી [illegible] અવિચળ નિષ્ઠાવાન સમજણથી સિદ્ધ કર્યા છે.

તો વળી, 'મુઝે તીન મિલા હૈ ઔર મુઝે ફૈંસા કિયા હૈ' એ સૂત્રના આધારે હેતભાવનું બંધારણ પણ કરવા - અને ફેલાવ, [illegible], શ્રીજીમહારાજે અનાદિમુક્તની મૂર્તિના સુખમાં રાખ્યા જ છે, [illegible] હું [illegible] નથી, મૂર્તિરૂપ અનાદિમુક્ત જ છું એવી સમજણની નિષ્ઠામાં [illegible] કરાવી રહ્યા છે.

સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતો મુજબ, સત્પુરુષનો મહિમા કેવો સમજવો? ત્યારે સ્વામીએ કહ્યું જે, 'આકાશના તારાને ગણી શકાય ? પૃથ્વીની રજકણોને ગણી શકાય ? સમુદ્રના બિંદુને માપી શકાય ? કદાચ એમાં 'હા' જવાબ આવે છતાંય, સત્પુરુષના મહિમાને વર્ણવી ન શકાય. કારણ કે ભગવાન [illegible] જ પણ, [illegible]

અંતરના ભાવોના, અખંડ વૃત્તિમાં રહેવાનું જેમનું સંપૂર્ણ તત્પરપણું એકમાત્ર યોગીજીમહારાજનું છે એટલે એમની ગરિમા અપાર છે. જેટલામાં રાજાનું રાજ્ય એટલામાં રાણીનું રાજ્ય'.

યોગીજીમહારાજે પણ ૭.૫.૫૮ના વચનામૃતમાં કહ્યું છે કે-

મોટાપુરુષનો જેમ જેમ ગુણ આવતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય ને ભક્તિથી જે મોટા હોય તેને જે ભક્તિથી નિષ્કામ થયો તો પોતે ફૂલના જેવો કામી હોય તે નિષ્કામ થાય અને મોટાપુરુષને વિષે કામાદિકનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તોય પણ ભક્તિથી કામી થાય અને મોટાને વિષે ક્રોધ લોભાદિકનું પરઠે તો પોતે ક્રોધ-લોભી થાય.....

વળી, આવી જ વાત ગઢડા પ્ર.પ્ર.ના ૭૩ માં ગુરુ યોગીજીમહારાજે કહેલ છે, ગુણાતીત બ્રહ્મસ્વામી જેવા મોટા ગુરુ આપ્યાનું કારણ એ છે કે, મોટાપુરુષનો વિષે જે નિર્દોષ બુદ્ધિ રાખે છે તે સર્વે દોષ થકી રહિત થાય છે અને જે મોટાપુરુષને વિષે દોષ પરઠે તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે....

વચનામૃતનો, આવા દિવ્યપુરુષના સંગે રહેવાનો એવા અનેક દિવ્ય-અનુભવો થયા છે અને વહાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેઉનું ગહનાપણું સ્વરૂપ છે એની પ્રતીતિ થઈ છે અને થાય છે. એમને કિંચિતમાત્ર આ પુસ્તકની રૂપે પ્રસાદી તરીકે આપી છે... એનું નિત્યપ્રત્યે વાંચન-મનન કરી સૌના જેવા દિવ્ય થવાના આશીર્વાદ મળી અને એવી આશા છે....

એજ સાધુ સત્યસંકલ્પદાસના

જય સ્વામિનારાયણ.

# દિવ્યાતિદિવ્ય મૂર્તિ
# પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન



શ્રી સર્વોપરી રૂપ સદ્‌ગુરુ ગુરું, સર્વાવતારી સદા ।
સાકારાકૃતિકં ઘનસ્વરૂપ કા, નંદં ચ શુદ્ધં સદા ॥
સર્વં કારણ કારણં વર..મહા, રાજા ધિરાજં પ્રભું ।
જન્માજન્મ નિયામકં સકલજ્ઞં, વંદે સદા સ્વામિનં ॥

# શ્રીજી સંકલ્પમૂર્તિ
# જીવનપ્રાણ અબજીબાપાશ્રી



હે બાપા, સુખમૂર્તિદાતા શ્રીહરિતણા, તેજોમય પ્યારા તમે,
અગણિત ગુણ અપાર આપ મહિમા, કહો કેમ જાણી શકીએ અમે;
અતિ ઉત્તમ નવીન દિવ્ય સુખડાં, સ્હેજે કૃપાળુ અપાવજો;
રસબસ ઓતપ્રોત શ્રીજીરૂપ કરી, મુજ દેહભાવ ટળાવજો.

# દિવ્ય કારણ સત્સંગની
# અમીરપેટી




દિવ્ય સ્વરૂપ શ્રી સદ્‌ગુરુ, છો કારણ સત્સંગમાંય;
સંકલ્પ સ્વરૂપ શ્રીજીતણા, આશિષે સ્થિતિ થાય.
સ્વામી ગોપાળાનંદ નિર્ગુણજી, શ્રીજી સમ સામર્થ કહું;
ઈશ્વર વૃંદાવન મુનિ સહ, સહુને ચરણે શીશ નમું.

## વચનામૃતના અનુભવી ગ્રંથ પ્રણેતા સત્પુરુષ
## પ.પૂ.અ.મુ.સદ્‌ગુરુ શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (પ.પૂ. બાપજી)



દ્વિતીય નમન ગુરુદેવને, જે છે સંકલ્પ શ્રીજીના જ;
સર્વે ક્રિયાઓ જેમની, કરનારા મહારાજ.
જેમાં શ્રીજીના જ છે, દિવ્ય કલ્યાણકારી ગુણ;
જીવમાંથી શિવ કરવા, અન્ય પરોપકારી કોણ.

## પ્રસ્તાવના

જીવાત્માનો આત્યંતિક મોક્ષ થવો સહેલો છે. પરંતુ આત્યંતિક મોક્ષ કરનારા સત્પુરુષ મળવા અતિ અઘરા છે. આપણી ઉપર શ્રીજીમહારાજની અકારણ કૃપા વરસી છે કે સમર્થ સત્પુરુષ જ ગુરુ તરીકે મળ્યા છે.

હવે એમને વિષે જેટલો દિવ્યભાવ કેળવાય તેટલા જ સુખી રહેવાય. એમના સ્વરૂપને જેટલું દિવ્ય સમજાય તેટલી જ તેમની સર્વે ક્રિયાઓ દિવ્ય ભાસે. દિવ્યભાવે નિહાળેલી ક્રિયા, પ્રસંગોનું મનન-ચિંતન આપણને મહારાજના સંબંધથી ભર્યા કરી દે છે. માટે મળેલા દિવ્યપુરુષના મહિમાઆકારે અખંડ રાચતા થઈએ.

આપણને મળેલા સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના આપણા સૌની ઉપર અનંતાનંત ઉપકાર છે. એમના ઋણમાંથી મુક્ત થવાનો એક જ ઉપાય છે : એમનો અધિકાધિક મહિમા સમજી તેમને વિષે દિવ્યભાવ દૃઢ કરવો. એ માટે જરૂર છે મોટાપુરુષના પ્રત્યક્ષ અથવા પરોક્ષ સાંનિધ્યમાં રહી તેમના જીવનમાંથી જોતાં, લેતાં, લખતાં, ગાતાં શીખવું. આપણા સૌના જીવનમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનો વિશેષ મહિમા દૃઢ કરવા તથા અખંડ મહિમાસભર થવા એમના જીવનના દિવ્ય પ્રસંગોનું મનન-ચિંતન કરવું તે અદ્‌ભુત ઉપાય છે.

આ દિવ્ય પ્રસંગોના સરળ પ્રવાહ દ્વારા હજારો મુમુક્ષુઓને આધ્યાત્મિક યાત્રાએ ચાલવાનું દિશાદર્શન ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમના દિવ્યજીવનથી આપેલ છે. શાશ્વત, સરળ અને અનુભવપૂર્ણ આ દિશાદર્શન પણ મુમુક્ષુઓ માટે દીવાદાંડીરૂપ બની જાય તેવું અદ્‌ભુત છે.

સમગ્ર સમાજ મહિમાસભર થાય તે માટે મહિમાસભર સંતો-ભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીના સાંનિધ્યમાં રહી અનુભવેલ તથા અન્ય થકી સાંભળેલ એવા કલ્યાણકારી ગુણોના દિવ્ય પ્રસંગોને સંકલન કરી તથા તેઓની વિવિધતમ છબીઓ સાથે આ પુસ્તક રૂપે રજૂ કરેલ છે.

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આજ સુધી એકમાત્ર શ્રીજીમહારાજનો જ મહિમા ગાયો છે અને સૌને એક શ્રીજીમહારાજનો જ મહિમા ગાવાનું કહે છે. આ પુસ્તકનું પ્રકાશન કરવામાં પણ તેઓની પ્રસન્નતા ન હોવા છતાં સર્વે સંતો-ભક્તોની ખૂબ પ્રાર્થના અને આગ્રહપૂર્વકની વિનંતી હતી કારણ કે આપણા સૌ માટે તો તેઓ જીવનપ્રાણ છે. તથા સૌના માટે દિવ્ય કલ્યાણકારી ગુણો મેળવવાનો પ્રેરણાસ્રોત છે.

જેથી અનંત જીવો એમના જીવનમાંથી પ્રેરણા પામી દિવ્યજીવન બનાવે તથા મળેલા સત્પુરુષને વિષે મહિમાઆકારે થાય એવા એકમાત્ર ઉમદા હેતુથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ૮૬મા પ્રાગટ્ય વર્ષે આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

જેને વાંચી મુમુક્ષુને દિવ્યજીવન જીવવાની પ્રેરણા તથા સત્પુરુષનું આપણા ઉપર કેટલું ઋણ છે તે જાણી તથા આપણા માટે કેટલા દાખડા છે એ જાણી જરૂર અહોભાવ આકારે થવાશે એવી અમોને ખાતરી છે.

શ્રીજીમહારાજ, બાપાશ્રી અને અમીરપેઢીના સમર્થ સદ્‌ગુરુશ્રીઓને પ્રાર્થના કે સર્વે સંતો-હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીને ખૂબ રાજી કરી કલ્યાણકારી ગુણોના વારસદાર બની શકીએ એવી દયા કરો.

- સાહિત્ય લેખન વિભાગ

## અનુક્રમણિકા



| | | |
|---|---|---|
| ૧. | શ્રીજીમહારાજ પ્રતિ દાસત્વભાવ | ૦૧ |
| ૨. | અપરિગ્રહ | ૦૪ |
| ૩. | નિષ્કામતા ઉત્તમ સત્ય | ૦૮ |
| ૪. | આશ્રિતને દેહાંત સમયે હરિ સંગે દર્શન આપે | ૧૩ |
| ૫. | નીતિમત્તાના પ્રખર આગ્રહી | ૧૭ |
| ૬. | રજોગુણ જરિયે ન ભાસે | ૨૩ |
| ૭. | સદ્‌ગુરુ સાચા રે, સેવો શુદ્ધ ભાવ શું રે | ૨૮ |
| ૮. | નિર્દંભતા | ૩૩ |
| ૯. | ત્યાગી સ્વાદના, જેહ નિ:સ્વાદી | ૩૭ |
| ૧૦. | વીજળીના ઉપયોગમાં કરકસર | ૪૨ |
| ૧૧. | વ્યવહાર પરત્વે ઉદાસીનતા | ૪૯ |
| ૧૨. | સ્વચ્છતાના આગ્રહી | ૫૧ |
| ૧૩. | નિર્વ્યસની જીવનના આગ્રહી | ૫૬ |
| ૧૪. | વાંચનમ્ | ૬૧ |
| ૧૫. | પ.પૂ. સ્વામીશ્રી સાથે દાસભાવ | ૬૫ |
| ૧૬. | વ્યવસાયમાં પરહિતની ભાવનાનો ઉપબોધ | ૬૯ |
| ૧૭. | શ્રીહરિની મૂર્તિ સિવાય કોઈ સ્વાદ નથી ચાખ્યો | ૭૩ |
| ૧૮. | પરભાવમાં અલમસ્ત | ૭૮ |
| ૧૯. | અગાઉથી અવધિ આપીને ધામમાં લઈ જાય | ૮૧ |
| ૨૦. | ભક્તવત્સલતા | ૮૬ |

| | | |
|---|---|---|
| ૨૧. | સંતો-ભક્તો સમક્ષ દાસભાવ | ૯૦ |
| ૨૨. | અંતર્મુખી જીવનના આલોચક | ૯૭ |
| ૨૩. | સ્પષ્ટવક્તાપણે વ્યસનમુક્તિ | ૧૦૨ |
| ૨૪. | સંપત્તિના સંવર્ધક | ૧૦૭ |
| ૨૫. | દિવ્યદૃષ્ટિ પ્રદાતા | ૧૧૦ |
| ૨૬. | પોતે તો સદાય અકર્તા | ૧૧૩ |
| ૨૭. | ગુરુની રોકટોક ગમાડી | ૧૧૮ |
| ૨૮. | બ્રહ્મરસના ભોગી રે | ૧૨૧ |
| ૨૯. | શ્રીહરિનું ગમતું કરાવવાનો આગ્રહ | ૧૨૫ |
| ૩૦. | ભજન પ્રિય | ૧૨૯ |
| ૩૧. | હરિકૃષ્ણ મહારાજની પ્રધાનતા | ૧૩૨ |
| ૩૨. | સંપ્રદાયના સુવર્ણ ઇતિહાસનું સર્જન | ૧૩૭ |
| ૩૩. | અસ્ખલિત સ્નેહલધારા | ૧૪૫ |
| ૩૪. | આયુષ્ય હોય તોપણ ધામમાં તેડી જાય | ૧૫૪ |
| ૩૫. | ઠાકોરજીને પ્રસાદીનું કરવું જ | ૧૫૮ |
| ૩૬. | સંત પરમ હિતકારી જગતમાંહી | ૧૬૧ |


પરિશિષ્ટ :

| | |
|---|---|
| પરિશિષ્ટ ૧ : પ્રકરણની વિષયવાર સૂચિ | ૧૬૭ |
| પરિશિષ્ટ ૨ : સમાવિષ્ટ પ્રસંગોની સૂચિ | ૧૬૯ |









શ્રીહરિનો મહિમા સર્વોપરી, જેના રૂંવાડે–રૂંવાડે એ જ ભર્યો;
તે માટે તન–મન અર્પી દીધું, એવું કાર્ય મારા ગુરુજીએ કીધું.
– વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી

# ૧

# શ્રીજીમહારાજ પ્રતિ દાસત્વભાવ

તા. ૧૫-૩-૨૦૧૭ના રોજ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે STKમાં પૂ. સંતો તથા સમર્પિતમુક્તોને ગુરુવર્ય પ.પૂ. બાપજી લાભ આપતા હતા.

“નિષ્ઠાસ્વામી છે ! અરે આજે બધા નવા ભણેલા સંતો અને ખાં એ ખાં સંતો છે.”

“બાપજી, આ રહ્યા પૂ. સનાતનસ્વામી...”

“સ્વામી, સનાતન તો એક જ છે. સાંભળ્યું સ્વામી ! તમારે પણ એમ જ સમજવું કે સનાતન સ્વામિનારાયણ ભગવાનના દાસ છીએ.”

“હા બાપજી... રાજી રહેજો...”

“સ્વામી, સર્વોપરીસ્વામી એમ નહિ પણ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના દાસ છીએ; સાક્ષાત્‌સ્વામી એમ નહિ પણ સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાનના દાસ છીએ... તેજોમયસ્વામી એમ નહિ પણ તેજોમય સ્વામિનારાયણ ભગવાનના દાસ છીએ. વિશેષણો બધાં શ્રીજીમહારાજનાં છે પણ આપણે નિરંતર દાસ છીએ... સમજ્યા !”

દાસત્વની સ્પષ્ટ ભૂમિકાએ રાચતા અને રચાવતા ગુરુવર્ય પ.પૂ. બાપજી સદાય

સંતો-ભક્તોને આ જ સંદેશ આપતા હોય છે.

●●●

તા. ૧૨-૨-૨૦૧૮ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમના આસને સેવક સંતને કહ્યું,

“સ્વામી, અમને શ્રીજીમહારાજ પાસે લઈ જશો...? અમારે પ્રાર્થના કરવી છે...”

“હા દયાળુ, આવ્યો...” સેવક સંત નિકટ આવી બોલ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને હસ્ત ઝાલી ઊભા કર્યા અને દીનભાવે બોલ્યા :

“દયાળુ, અમે સાધનિક છીએ. પ્રાર્થના તો અમારે કરવાની હોય; પણ આપ સંપૂર્ણ પરભાવનું સ્વરૂપ છો... શ્રીજીમહારાજના અનાદિમુક્ત છો...”

“સ્વામી, અનાદિમુક્તની સ્થિતિ એટલે શું ?” ચાલતાં ચાલતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું.

“અનાદિમુક્તની સ્થિતિ એટલે દાસપણાની ચરમસીમા.”

“સ્વામી, શ્રીજીમહારાજે ખરો જવાબ કરાવ્યો. અમે શ્રીજીમહારાજના દાસ છીએ માટે અમારે પણ પ્રાર્થના કરવી છે.”

શ્રીજીમહારાજની મૂર્તિ પાસે જઈ પુનઃ બોલ્યા :

“સ્વામી, શ્રીજીમહારાજે આપણા પર કેવી કરુણા કરી છે ! એમનું ઋણ ચૂકવવા એમના ચરણે અનંત માથાં ધરી દઈએ તોય ઓછાં છે. એટલે દાસભાવે એમની વાતો કરવી, એમનો અપાર મહિમા ગાવો...” આમ બોલતાં બોલતાં એમના નેત્ર સજળ થયા.

પછી તેમણે દાસભાવે શ્રીજીમહારાજને પ્રાર્થના કરી : “હે શ્રીજીમહારાજ ! મને નિરંતર આપનો મહિમા ગાવા લાવ્યા છો... આપના સિદ્ધાંત માટે લાવ્યા છો એટલે સદાય દોડાવજો... ભલે અવરભાવના ભાવ કામ કરે પણ મને જંપવા ન દેશો... દાસ ને દાસ જ રાખજો...”

●●●

તા. ૨૫-૩-૨૦૧૮ના રોજ હરિનવમીનો દિવસ.

શ્રીજીમહારાજનો અવરભાવનો પ્રાગટ્ય દિન કહેવાય.

સંસ્થાના આદ્ય મંદિર વાસણા ખાતે રાત્રે શ્રીજીમહારાજનો પ્રાગટ્યોત્સવ ઊજવવા પૂ. સંતો તથા હરિભક્તો પૂર્વ તૈયારી કરતા હતા.

આ દિવસે ગુરુવર્ય પ.પૂ. બાપજીનું અવરભાવનું સ્વાસ્થ્ય અતિશે

નાદુરસ્ત હતું.

એટલે અવરભાવમાં નીચે જવું-આવવું એમના માટે અશક્ય હતું.

છતાં પ્રાગટ્યોત્સવમાં જવાનો તેમને ઘણો હરખ હતો.

'હે શ્રીજીમહારાજ ! આજે આપ મનુષ્યને મનુષ્ય જેવા જણાયા-દેખાયા. આપ પરભાવમાં જ છો પણ આ બ્રહ્માંડમાં આપનું પ્રથમ દર્શન સૌ કોઈ માટે અતિ આનંદનો ઉત્સવ કહેવાય. પણ અમને આજરોજ આપના પ્રાગટ્યોત્સવનો લાભ નહિ મળી શકે એનું અમને ભારે દુઃખ રહેશે.' આમ, તેઓ આસને શ્રીજીમહારાજની મૂર્તિ સમક્ષ વાતો ને પ્રાર્થના કરતા હોય તેમ ગોઠડી કરતા હતા.

''સ્વામી, અમને ઊભા કરશો...?''

''બાપજી, શા માટે ? આપને કંઈ જોઈએ છે ?''

''અમારે ઘનશ્યામ મહારાજની મૂર્તિ પાસે જઈ, પ્રાગટ્યોત્સવ નિમિત્તે દર્શન-પ્રાર્થના કરવાં છે.''

પછી બંને સેવક સંતોના હસ્ત પકડીને આસન પરથી તેઓ ઊભા થયા.

અને એમના આસનની દીવાલ ઉપર ઘનશ્યામ મહારાજની ધ્યાનની મૂર્તિ છે તે મૂર્તિને ચરણસ્પર્શ કરી પાસે જઈ ઊભા રહ્યા; અને દીન વચને કગરીને પ્રાર્થના કરી કે,

''દયાળુ, રાજી રહેજો... તમારો આજે પ્રાગટ્ય દિન છે પણ સેવકની તબિયત સારી નથી. તેથી આપના પ્રાગટ્યોત્સવમાં આવી શકાય તેમ નથી. તમે મારી પર રાજી રહેજો.''

આમ તેઓએ શ્રીજીમહારાજ સમક્ષ ખૂબ જ દાસભાવે આજીજીપૂર્વક પ્રાર્થના કરી.

આવાં તેમનાં દર્શનમાં એમનું ક્ષણે ક્ષણે દાસપણું નીતરતું જોવા મળતું હોય છે.

અને એટલે જ ગુરુવર્ય પ.પૂ. બાપજી દાસત્વમૂર્તિ છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીમાં શ્રીજીમહારાજ પરત્વેની દાસત્વભક્તિ અનવરત (અવિરત) વહેતી જ રહે છે. જેનું આચમન આપણને એમના ક્ષણિક સાંનિધ્યમાં કરવા મળે છે.

અજોડ ગાંભીર્યતા, ઊંચાઈ અને દિવ્ય કલ્યાણકારી ગુણોના સુમેરુ સમા દાસભાવે શ્રીજીમહારાજની ઈષ્ટભક્તિનો આનંદ પ્રગટાવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨

## અપરિગ્રહ

તા. ૧૧-૮-૨૦૧૭ના રોજ પૂ. સાક્ષાત્સ્વામીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું,

"બાપજી, રાજી રહેજો... સહેજ આપને પૂછવું હતું ! તો આપને અનુકૂળ છે...?"

"બોલો, શું પૂછવું છે ?"

"દયાળુ, આપણા ઘરના દિલીપભાઈનો દીકરો જીગર અમેરિકા ગયો છે. તેણે ત્યાંથી ગઈ કાલે ફોન કરીને પુછાવ્યું છે, 'અમેરિકાથી હું પરત આવી રહ્યો છું તો બાપજીને કંઈ જરૂર હોય તો મને કહો; તો સેવક લેતો આવશે.' તો બાપજી આપના માટે કંઈ મગાવીએ ?"

ગુરુવર્ય પ.પૂ. બાપજી નિરુત્તર રહ્યા.

સેવક સંત ગુરુવર્ય પ.પૂ. બાપજીના મૌન પરથી સમજી ગયા કે, એમને કંઈ જ જોઈતું નથી.

એટલે એમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને ફરી ન પૂછ્યું.

સેવક સંત એમના આસને આવ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની જરૂરિયાતની વસ્તુઓની યાદી તૈયાર કરવા બેઠા. ‘બાપજી માટે શું મગાવું ?

એમના સ્વાસ્થ્યને અનુરૂપ-અનુકૂળ આવે એવું કંઈ મશીન મગાવું ? પણ બાપજી એનો ઉપયોગ નહિ કરે.

બાપજીના અંગત ઉપયોગમાં આવતી કંઈ વસ્તુ મગાવું કે કેમ ?

લાવ એ યાદી એક વાર જોઈ લેવા દે.’

ઘણી વાર સુધી તેમણે ગડમથલ કરી પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે લાવવાની કોઈ વસ્તુ સૂઝી નહીં.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની અંગત સેવાને લીધે તેઓ સેવામાં જોડાયા.

દિવસ આખો પૂર્ણ થયો. એમણે ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે વસ્તુ મગાવવા ઘણું વિચાર્યું છતાં પણ કંઈ ના જ સૂઝ્યું.

રાત્રે પોઢતાં પોઢતાં નક્કી કર્યું : ‘આવતી કાલે ફરી બાપજીને પૂછી લઈશું. સેવકને તો કંઈ સૂઝતું જ નથી. કારણ કે બાપજીનું જીવન જ એવું સાદું સીધું છે કે એમણે એમના જીવનમાં કોઈ સ્પેશિયલ જરૂરિયાત જ ઊભી થવા દીધી નથી તો શું મગાવવું ? ને સારી વસ્તુ લાવીએ તો તેઓ ગ્રહણ પણ નહિ કરે.’

બીજો દિવસ.

ફરી તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે ગયા અને પ્રાર્થના કરતાં બોલ્યા : ‘‘દયાળુ, બે દિવસ પહેલાં આપને જીગર દિલીપભાઈએ પુછાવ્યું હતું. તો દયાળુ, કૃપા કરીને જણાવશો કે શું મગાવવું છે ?’’

ફરી વાર પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મૌન કેળવ્યું. સેવક સંત બે ઘડી ગુરુવર્ય પ.પૂ. બાપજીને નીરખી રહ્યા. તેઓ ફરી પોતાના આસને જઈ ગઈ કાલની ગડમથલને નિવારવા યત્નશીલ બન્યા.

પણ બધા યત્નો નિષ્ફળ રહ્યા.

તેઓ એક ઘડી સ્તબ્ધ થઈ ગયા.

એમને ઉત્તર મળી ગયો હતો.

તેઓ પોતાના આસને રહેલ ગુરુવર્ય પ.પૂ. બાપજીની દિવ્ય મૂર્તિ પાસે જઈ ઊભા રહ્યા ને નિજ સંવાદ કરી રહ્યા :

'હે બાપજી ! સેવકને માફ કરજો.

આપને તો કોઈ જરૂરિયાત નથી.

મેં આપને વારંવાર પૂછ્યું. પણ આપને કોઈ સ્પૃહા કે કોઈ આસક્તિ જ નહીં.

આપની સાથે રહું છું... આપને મેં જોયા છે, નજીકથી નીરખ્યા છે છતાંય આપના અપરિગ્રહને સેવક ના જ સમજી શક્યો.

આજે આપે સેવકને આપના આ ગુણનો અનુભવ કરાવ્યો જે મારું કાયમી સંભારણું બની રહેશે...

આપે આજ દિન સુધી કોઈ વસ્તુ કે પદાર્થ પરિગ્રહ કરાવ્યો જ નથી.

અંગત જરૂરિયાતના નામે આપે ક્યારેય કોઈને કંઈ જણાવ્યું નથી. બસ જ્યાં ત્યાં, જેવું તેવું, જેમ તેમ ચલવી લીધું છે.

આપે એક જ વસ્તુ; એક જ પદાર્થ; એક જ વિષય; એક જ સ્પૃહા; એક જ વૈભવ; એક જ આગ્રહ; એક જ પરિગ્રહ નામે કેવળ ને કેવળ શ્રીજીમહારાજને જ રાખ્યા છે...

મને ક્ષમા કરો... મને ક્ષમા કરો...

બાપજી, આપના અસ્ખલિત વહેતા કવનમાં સદાય શ્રીહરિની સર્વોપરીતા જ રહી છે.

આપનો આ દિવ્ય કલ્યાણકારી ગુણ આપની દિવ્યતા ને આપની ઉદારતાને પ્રગટાવે છે.'

આમ, તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીની મૂર્તિને જોતાં જોતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની અદ્‌ભુત ચરમ શિખરીય અપરિગ્રહતાથી ભીના ભીના થઈ ગયા.

●●●

ઈ.સ. ૨૦૧૭, માર્ચમાં એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસનેથી સેવા માટે ડોરબેલ વાગ્યો.

બેય સેવક સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને એકસાથે પ્રવેશ્યા.

"દયાળુ, મહારાજ... શું સેવા હતી ?" પ્રથમ સેવક સંત બોલ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી નિરુત્તર રહ્યા.

ફરી બીજા સેવક સંતે સેવા અંગે પૃચ્છા કરી.

ગુરુવર્ય પ.પૂ. બાપજી કંઈ બોલ્યા વિના મંદ મંદ હસતા હતા.

"બાપજી, આપને કંઈ જોઈએ છે ?"

મૌનને નિવૃત્તિ આપતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, "અમારે બીજું કાંઈ જોઈતું નથી. અમને અખંડ, નિરંતર એક શ્રીજીમહારાજ જ ગમે છે..."

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી કાયમી એક શ્રીજીમહારાજની જ જરૂરિયાત જણાવે છે.

પરિગ્રહ નામે એક શ્રીજીમહારાજની મૂર્તિ રાખનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# 3

# નિષ્કામતા ઉત્તમ સત્ય

તા. ૬-૧-૨૦૦૯ના રોજ સંસ્થાનાં ત્યાગી મહિલામુક્તો માટે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે તૈયાર થઈ રહેલ ‘ભક્તિનિવાસ’ સંકુલમાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી નિદર્શન માટે તથા પધરામણી કરવા પધાર્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને અવરભાવમાં ડાયાબિટીસની તકલીફ હોવાથી વારે વારે લઘુ કરવા જવું પડે.

ત્યાં પધરામણી ચાલી રહી હતી ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સેવક સંતને જનોઈ બતાવી અને લઘુ કરવા જવાની ઉતાવળ જણાવી.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીનો હસ્ત પકડવાની સેવામાં રહેલ સાધકમુક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતાં કહ્યું કે, “બાપજી, અહીં વ્યવસ્થા છે; માટે આપ અહીં લઘુ કરવા પધારો.”

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તુરત જ ના પાડતાં કહ્યું, “આ મહિલાઓનો આવાસ છે. માટે આ તેમના ઉપયોગની વસ્તુ છે; એનો આપણાથી ઉપયોગ ન કરાય.”

સાધકમુક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને ખૂબ પ્રાર્થના કરી કે, “બાપજી, હજુ

બિલ્ડિંગ નવું છે, હજુ વપરાશ શરૂ થયો નથી. કોઈ મહિલાઓ પણ રહેવા માટે આવ્યાં નથી.''

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી એકના બે ન જ થયા.

વધુ આગ્રહ કરતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી અવરભાવમાં સહેજ નારાજગીના ભાવ દેખાડતાં બોલી ઊઠ્યા, ''એક વાર જણાવ્યું ને ! શ્રીજીમહારાજની આજ્ઞા છે, જે વસ્તુ સ્ત્રીઓના ઉપયોગની હોય તે ત્યાગી સાધુએ ન વપરાય. પછી એમાં આપણે ફેર પાડનાર કોણ ? શ્રીજીમહારાજની આજ્ઞા હોય એમાં જરિયે ફેર ન જ ચાલે. હવે આગળ એક પણ પ્રાર્થના ન કરતા. શ્રીજીમહારાજે કહ્યું હોય એમાં આપણે બહુ ડહાપણ નહિ કરવાનું.''

અવરભાવમાં લઘુ કરવા જવાની ઉતાવળ હોવા છતાં પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આ વાતને મચક ના જ આપી.

પધરામણી પૂર્ણ થતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : ''સંતો, હવે આપણે સંત આશ્રમ જઈશું...?''

સંત આશ્રમમાં પધાર્યા. અવરભાવમાં તેઓ માંડ માંડ સીડી ચડ્યા.

તેઓએ આજ્ઞા પાળવા માટે સહન કરી લીધું પણ શ્રીજીમહારાજના વચનને શબ્દશઃ પાળ્યું.

મહાપ્રભુની નિષ્કામ ધર્મરૂપ આજ્ઞામાં અલ્પ ફેર ન પડવા દીધો. કેટલો નિષ્કામ ધર્મનો આગ્રહ !!!

● ● ●

વાસણા ખાતે પૂનમનો સમૈયો હતો.

તે દિવસે ગુરુવર્ય પ.પૂ. બાપજી સંતો સાથે લિફ્ટમાં બેસી સભામંડપમાં જવા પધાર્યા.

અચાનક ગુરુવર્ય પ.પૂ. બાપજીની નજર સંત આવાસ તરફના દરવાજા ઉપર પડી.

તરત ગુરુવર્ય પ.પૂ. બાપજી સંતો પ્રત્યે બોલ્યા, ''દરવાજો કેમ હજુ ખુલ્લો રાખ્યો છે ? કોઈ મહિલાઓ આવી જાય. નાની છોકરી પણ આવી જાય તો ! ખ્યાલ રાખવો જોઈએ. પૂનમના દિવસે તો આ દરવાજો બંધ જ રાખવાનો. નવો સમાજ આવતો હોય તેને આપણા સાધુના ધર્મોનો ખ્યાલ ન હોય. સ્વયંસેવકોને કાયમી સૂચના અપાવી દો.''

સેવક સંતો બોલ્યા, “હા બાપજી, હાલ જ બંધ કરાવી દઈએ અને સ્વયંસેવકોને સૂચના પણ અપાવી દઈએ છીએ.”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું કે, “સ્વામી, કરાવી દઈએ એમ નહિ, અત્યારે જ કરાવી દો. પહેલાં કોઈને મોકલો.”

“દયાળુ, આપ પધારો; અમે અત્યારે જ સ્વયંસેવકને મોકલીએ છીએ.”

સેવક સંતોએ સ્વયંસેવકને દરવાજો બંધ કરવા મોકલ્યા.

એ વખતે ગુરુવર્ય પ.પૂ. બાપજી દરવાજો બંધ કરાવવા ત્યાં જ ઊભા રહ્યા.

દરવાજો બંધ થયા પછી તેઓએ કહ્યું, “ચાલો સંતો, સભામાં જઈએ...”

સભામાં જતાં સંતોને નિષ્કામ ધર્મ શીખવતાં બોલ્યા : “સ્વામી, નિષ્કામ ધર્મ પાળવામાં કાયમી ખટકો રાખવો; એમાં ક્યારેય કોઈના પર ના જ છોડવું કારણ કે ધર્મ આપણે પાળવાનો છે. આપણે જેટલા સૂધા સાવધાન રહીશું તેટલું આ વર્તમાન અણીશુદ્ધ પળશે. શ્રીજીમહારાજની આજ્ઞા પૂરી પાળવી.”

એ દિવ્યપુરુષને આજ્ઞા પાળવા-પળાવવાનો કેવો ખટકો !

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી રોજના નિત્યક્રમ મુજબ સવારે સંસ્થાના અમદાવાદના વિવિધ મંદિરોની પ્રાતઃ સભામાં પધારતા.

જાન્યુઆરી, ૨૦૧૭ના દિવસોમાં ધનુર્માસ ચાલતો હતો.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી જુદા જુદા વિસ્તારની ધૂન્યમાં દર્શન-આશીર્વાદ આપવા માટે સવારે મંગળા આરતી બાદ તુરત વાસણા મંદિરેથી પધારી જાય.

એમ આજે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર જવાનું હતું. વાસણા મંદિરેથી ગુરુવર્ય પ.પૂ. બાપજી ગાડીમાં બેસી ગયા.

સાથે સેવક સંત, રાજેશભાઈ અબાસણા, છબીલભાઈ આદેશરા બેસી ગયા હતા.

અર્પણભાઈ પટેલ ગાડી ચલાવતા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની અવરભાવની રીત મુજબ ગાડીની પાછળની સીટમાં ૪ વ્યક્તિ બેસવા જ જોઈએ.

એટલે આજે હજુ એક રાજુભાઈ ઠક્કરની જગ્યા ખાલી હતી.

તેમને આવવામાં મોડું થયું હોવાથી તેઓ હજુ આવ્યા ન હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સમય થાય એટલે ગાડી ઊપડી જ જાય.

એમ આજે મોડું થતું હોવાથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું : “ચાલો, ગાડી

ઉપાડો; મોડું થાય છે...'' એટલે ગાડી ઊપડી.

મંદિરની બહાર નીકળતાં જ શ્રીજીબાપા ફ્લૅટ પાસે ગાડી પહોંચતાં જ સામેથી રાજુભાઈ ઠક્કર ચાલતાં ચાલતાં આવી પહોંચ્યા હતા.

તેમને લેવા અર્પણભાઈએ ગાડીને રોડની બાજુમાં ઊભી રાખી.

ઉતાવળ હોવાથી રાજુભાઈ ઝડપથી ગાડીમાં બેસી શકે એટલે સેવક સંત ઝડપથી ગાડીનો દરવાજો ખોલીને ગાડી અને દરવાજા વચ્ચે જ ઊભા રહી ગયા.

આ જોઈને ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, ''સ્વામી, આ રીતે આપણે ગાડી અને દરવાજાની વચ્ચે એકલા ઊભા રહેવાય નહીં. એકલા રોડ ઉપર ઊભા રહ્યા કહેવાય. રોડ ઉપર જો કોઈ મહિલાઓ પસાર થાય તો ઉપવાસ પડે.''

જોકે સ્વામી તો ગાડી અને દરવાજાની વચ્ચે જ ઊભા હતા. સાવ એકલાઅટૂલા રોડ ઉપર ઊભા ન હતા.

છતાં પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી આટલી નાની અમથી નિષ્કામ ધર્મની બાબતે પણ કેટલા બધા પોતે સાવધ છે અને સાથેવાળા સંતને પણ સાવધપણું રખાવે છે.

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી નિષ્કામી વર્તમાનની અણીશુદ્ધતા રાખવા બાબતે આટલું બધું ઝીણું કાંતે છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી ક્યારેય આ અંગે સહેજ પણ છૂટછાટ કે સહેજ પણ ઢીલાશ દાખવતા નથી.

અવરભાવની જૈફ અવસ્થાએ પણ આવું પંચવર્તમાન બાબતે સજાગપણું જોઈને એમના તરફ અહોભાવ-દિવ્યભાવ સહેજે સહેજે પ્રગટી જાય છે.

ધન્ય છે એમની નિષ્કામી વર્તમાન પાળવાની ખટકને !!!

●●●

તા. ૨૧થી ૨૯ જાન્યુઆરી, ૨૦૧૫ દરમ્યાન સંતૂર ફાર્મ ખાતે સંત શિબિર ચાલી રહી હતી.

સંત શિબિરના છેલ્લા દિને એટલે કે ૨૯મી જાન્યુઆરીના રોજ સંત શિબિરમાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્મૃતિદર્શન-આશીર્વાદનો લાભ આપવા પધાર્યા હતા.

આજરોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે સંતોની સ્મૃતિઓનું સંકલન થાય તે માટે સ્મૃતિદર્શનનું સત્ર રાખેલ હતું.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીના આગમન માટે સૌ સંતો બંને બાજુ હરોળમાં ગોઠવાઈ ગયા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની ગાડીનું આગમન થતાં જ સૌ સંતો આનંદમાં આવી ગયા. ગાડી નજીક આવી પહોંચી.

સૌની દૃષ્ટિ ગુરુવર્ય પ.પૂ. બાપજી સામું હતી.

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીની નજર ફાર્મ હાઉસની નજીક નાનકડી રૂમ પાસે સંતોએ સૂકવેલાં ધોતિયાં સામું હતી.

આ નાનકડી રૂમમાં ફાર્મની દેખરેખ રાખનાર માણસ તેમના પરિવાર સાથે રહેતા હતા; જે ગુરુવર્ય પ.પૂ. બાપજીની જાણમાં હતું.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તરત જ એક-બે સંતને નજીક બોલાવીને કહ્યું,

“સંતો, આપણે અહીંયાં ધોતિયાં કેમ સૂકવ્યાં છે ? અહીં ના સૂકવાય. પેલા પ્રવીણભાઈના ઘરનાં મહિલાઓ હરતાં ફરતાં હોય અને અડી જાય તો આપણો ધર્મ લોપાય. અહીંથી ધોતિયાં લઈ લો.”

ત્યારબાદ સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતાં કહ્યું કે, “બાપજી, કાયમી શિબિર દરમ્યાન કોઈ મહિલાઓ અહીં રહેતાં નથી, એમનાં ઘરનાં મહિલાઓને એમણે બીજે રહેવા મોકલી દીધાં છે. માટે આપ ચિંતા ન કરશો... રાજી રહેજો.”

આટલું સાંભળતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીના અંતરે હાશ થઈ.

ત્યારબાદ ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્મૃતિદર્શનમાં લાભ આપવા પધાર્યા.

શ્રીજીમહારાજની નાનામાં નાની આજ્ઞાનું પણ એ દિવ્યપુરુષ કેટલું જતન કરે છે !

શ્રીજીમહારાજની નાનામાં નાની આજ્ઞામાં રંચમાત્ર ફેર ન પડી જાય તેનું પોતાના નિકટના સંતોને પણ કેટલું અનુસંધાન રખાવે છે !

નિષ્કામ ધર્મના પાલન માટે સૂક્ષ્મમાં અતિ સૂક્ષ્મ દૃષ્ટિ રાખનાર ને રખાવનાર દિવ્યપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૪

## આશ્રિતને દેહાંત સમયે હરિ સંગે દર્શન આપે

ઈ.સ. ૧૯૮૫નો ઑગસ્ટ માસ ચાલી રહ્યો હતો. એ સમયે પ.ભ. શ્રી ચંદ્રકાન્તભાઈ સોનીના પિતાશ્રી ભૂરાલાલ કેશવલાલ સોનીને સત્સંગ વિષે ગુણભાવ હતો.

પરંતુ પાકા સત્સંગી હજુ બન્યા નહોતા. તેથી તેમના જીવનમાં ચા-બીડીનું વ્યસન ભારે હતું.

જેના કારણે ફેફસાંમાં વારંવાર પાણી ભરાઈ જતું હતું.

એમાં એક વાર તબિયત વધુ કથળતાં તેમને વી.એસ. હૉસ્પિટલમાં દાખલ કર્યા.

ત્યાં તેમની સારવાર કરાવવા છતાં તેમના સ્વાસ્થ્યમાં કંઈ સુધારો ન થતાં તેમને તેમના મોટા દીકરા રસિકભાઈના ઘરે લાવી દીધા.

આ સમયે ચંદ્રકાન્તભાઈ ને તેમના ભાઈ રજનીભાઈને સત્સંગ ખરો પણ એટલી સત્સંગલક્ષી સમજણ નહીં.

પરંતુ એમનાં બા ખૂબ મહિમાવાળાં. તેથી તેમણે કહ્યું, ‘‘બાપજી સમર્થ પુરુષ છે. એમને જઈ તમારા બાપાની પ્રાર્થના કરજો. વળી, એમની પાસેથી સ્વામિનારાયણ ભગવાનની કંઠી પ્રસાદીની કરીને લાવજો.’’

એ અરસામાં વાસણા મંદિરનિર્માણની સેવા ચાલુ હતી. અને ત્યાં પતરાંવાળી ઓરડીમાં તે સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રી બિરાજતા.

બંને ભાઈઓ બાની ઇચ્છા જાણી ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવ્યા ને પોતાના પિતાના સ્વાસ્થ્ય અંગેની બધી વાત જણાવી પ્રાર્થના કરી.

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કંઠી પ્રસાદીની કરીને આશીર્વાદ આપતાં જણાવ્યું કે, ‘‘તમે ચિંતા ન કરશો... શ્રીજીમહારાજ તેમને ધામમાં તેડી જશે...’’

આશીર્વાદરૂપ કંઠી લઈ બંને ભાઈઓ ઘરે આવ્યા ને તેમના પિતાને કંઠી પહેરાવી.

અને થોડીક જ વારમાં તેમના પિતાશ્રીને શ્રીજીમહારાજે દર્શન આપવાનું શરૂ કર્યું.

તેથી તે બોલવા લાગ્યા, ‘‘અરે ! જુઓ શ્રીજીમહારાજ તથા તારા બાપજી મને તેડવા આવ્યા છે... તમે બધા ધૂન કરો...’’

અને થોડીક જ વારમાં શ્રીજીમહારાજે ભૂરાભાઈના ચૈતન્યને પોતાની મૂર્તિના સુખમાં મૂકી દીધો.

આ પ્રસંગે ગુરુવર્ય પ.પૂ. બાપજીની કેટલી અઢળક દયા કહેવાય !

કેવળ ફદલમાં જ આશીર્વાદ આપ્યા ને શ્રીજીમહારાજ સાથે દર્શન આપી ભૂરાભાઈને મૂર્તિના સુખમાં મૂકી દીધા...

આથી પ.પૂ. સ્વામીશ્રી જાહેર સત્સંગ સભામાં જણાવતા હોય છે :

‘‘અંત સમે હરિ સંગ દર્શન દઈ, જીવોને લઈ જાય ધામે રે;
પ્રેમીજનોની વિનંતી સ્વીકારી, કોઈને રાખે આ ઠામે રે.

સત્પુરુષ એ કેવળ કરુણાનું સ્વરૂપ છે. એ જીવને શ્રીજીમહારાજની પ્રાપ્તિથી લઈને સ્થિતિમાં ન પહોંચાડે અર્થાત્ શ્રીજીમહારાજના સુખમાં જ્યાં સુધી ન મૂકે ત્યાં સુધી એમની કરુણાસભર કર્તવ્યની કેડી પૂર્ણ થતી નથી.

એ ન્યાયે સત્પુરુષ અંત સમે શ્રીજીમહારાજ સંગે મુમુક્ષુની કસર ટાળવા તથા વિનંતી કે મનોરથ પૂર્ણ કરવા દર્શન આપે છે; અને ચૈતન્યને શ્રીજીમહારાજની મૂર્તિરૂપી ધામમાં મૂકી દે છે.

તો વળી, ક્યારેક પ્રેમીજનને વશ થઈ, તેમની વિનંતીએ કોઈને રાખે છે. આવા સત્પુરુષ તરીકેના અલૌકિક ગુણોનું દર્શન ગુરુવર્ય પ.પૂ. બાપજીને વિષે હજારો વાર થયું છે અને થઈ રહ્યું છે. જેના સાક્ષી હજારો હરિભક્તો છે.''

●●●

શાંતિભાઈ છગ ઉનાના વતની અને ગુરુવર્ય પ.પૂ. બાપજીના પરમ કૃપાપાત્ર ભક્તરાજ.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના વચને તેઓએ છેલ્લાં પાંચ વર્ષ સુરેન્દ્રનગર મંદિરે રહીને ઠાકોરજીના થાળ તૈયાર કરવાની સેવા સંભાળી હતી.

તેઓ ખૂબ નિર્દોષ ભક્ત હતા. આખો દિવસ મંદિરમાં ભજન-ભક્તિમાં રત રહેતા અને એમના મુખમાંથી ''શ્રીજીમહારાજ ને બાપા...'' એવા પ્રાપ્તિના ઉદ્‌ગારો દિવસ દરમ્યાન વારંવાર છલકાતા રહેતા.

પણ એમની અવસ્થાને લીધે તેઓ શારીરિક અસ્વસ્થ રહેતા.

જ્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી અમાસના સમૈયા પ્રસંગે સુરેન્દ્રનગર પધારે ત્યારે ''શ્રીજીમહારાજ તથા આપ (ગુરુવર્ય પ.પૂ. બાપજી) મને દર્શન આપીને તેડી જાવ.'' એવી પ્રાર્થના પોતે અને અન્ય હરિભક્તો પાસે કરતા-કરાવતા.

પણ અસ્વસ્થતા વધતાં તેઓને પોતાના ગામે ઇચ્છા ન હોવા છતાં જવું પડ્યું.

અને છેલ્લા ૬-૮ માસથી તેઓ ઘરે રહેતા.

ઈ.સ. ૨૦૧૬માં એક દિન સવારે ૪ વાગ્યે તેમણે પૂ. સંતોને ફોન કર્યો ને કહ્યું, ''શ્રીજીમહારાજ, બાપજી અને સ્વામીશ્રી મને સવારનાં તેજોમય દર્શન દઈ રહ્યાં છે, અને બાપજી મને હસ્તના લટકે કંઈ કહી રહ્યા છે પણ મને તે સમજાતું નથી. તો શું તેઓ ધામમાં તેડી જવા માટે આવ્યા છે ? તો પછી મને કેમ ધામમાં તેડી જતા નથી !!!''

પૂ. સંતો તેમની વાત સાંભળી હિંમત આપતાં બોલ્યા, ''શાંતિભાઈ, તમે

ચિંતા ન કરો... શ્રીજીમહારાજ ને બાપજી તમને દર્શન આપે છે એટલે જરૂર ધામમાં તેડવા માટે જ આવ્યા હશે. પણ તમે કોઈ પ્રકારનું ક્યાંય હેત ન રાખશો. ક્યાંય થોડુંઘણું હેત હશે એટલે લંબાવે છે. એ હેત ટાળવા માટે... 'હું અનાદિમુક્ત છું... મૂર્તિમાં છું...' એનું અનુસંધાન રાખજો...''


સંતોની વાત પૂર્ણ થાય તે પહેલાં તેમનો ફોન કપાઈ ગયો. આ વાતની જાણ તેમણે તેમના સ્વજનોને પણ કરી હતી.


તે દિવસે શ્રીજીમહારાજ, ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રીએ દોઢ કલાક દર્શન આપ્યાં પણ ધામમાં તેડી ગયા નહીં.

આ સમય દરમ્યાન તેમની તબિયત વધુ બગડી ને દસ-બાર દિવસ બાદ પૂ. સંતો તથા કુટુંબીજનોની પ્રાર્થના અને ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદથી તેઓ મૂર્તિના સુખે સુખિયા થયા.

મુમુક્ષુની અનંત જન્મની કસર ટળાવી, તેમના મનોરથ પૂર્ણ કરી અને પ્રેમીજનને વશ થઈ દેહાંત સમે શ્રીહરિ સંગે દર્શન આપનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







પરમાર્થ અર્થે આવિયા, નિજ સ્વાર્થ નહિ લવલેશ;
એવા થકા ભમે ભૂમિમાં, આપે સહુને સારો ઉપદેશ.
– સદ્. નિષ્કુળાનંદ સ્વામી

# ૫

# નીતિમત્તાના પ્રખર આગ્રહી

ઈ.સ. ૨૦૦૦માં એક વાર અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારના એક હરિભક્તને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ નીતિનો પાઠ શીખવ્યો તેની અનુભૂતિ તેમના શબ્દોમાં જોઈએ :

“મને યાદ છે...

એક વાર મેં ગુરુવર્ય પ.પૂ. બાપજીને કહ્યું, ‘બાપજી, હું જે ધંધો કરું છું એમાં વળતર સારું મળે છે.’

ત્યારે તેઓ તરત જ બોલ્યા : ‘નીતિથી સારું વળતર મળે છે ને ?’

હું નિ:શબ્દ થઈ ગયો.

એટલે તેઓ ફરી બોલ્યા : ‘વળતર મળશે પણ નીતિમાં શ્રીજીમહારાજનો રાજીપો ઘણો છે. અને આ લોકના વળતર અહીં જ રહેવાનાં પણ ભેળા નહિ આવે; માટે નીતિવાળું વળતર રાજીપો અપાવશે ને ભેળું ઠેઠ આવશે... અને એનાથી શ્રીજીમહારાજ, આપણા બાપાશ્રી અને આપણા સદ્‌ગુરુઓ ખૂબ રાજી થશે.’

હું ગુરુવર્ય પ.પૂ. બાપજી આગળ ઢીલો પડી ગયો ને એક બાળકની જેમ રડવા

લાગ્યો.

ત્યાં કરુણામૂર્તિ ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : 'શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી વર્તમાન આપ્યું છે. એ લોપાય તો મોટાપુરુષ આગળ નિષ્કપટ થઈ જવું ને હવે એમ ન કરવા કટિબદ્ધ થવું.'

હું તો ગુરુવર્ય પ.પૂ. બાપજી આગળ સાવ હળવોફૂલ થઈ ગયો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મને નીતિના માર્ગે કેમ ચલાય ? કેવી રીતે નીતિમાં રહેવાય ? એવું અનુભવલક્ષી વ્યવહારિક માર્ગદર્શન આપ્યું.

અને અંતે એક વર્તનવિધાન પાઠવ્યું : 'નીતિવાળો જ ન ઇતિ ન ઇતિ એવા મહારાજાધિરાજને પામે છે... છતે દેહે મૂર્તિસુખનો ભોક્તા બને છે...'

મારું લક્ષ્ય ફર્યું; ના, એ કરુણાપુરુષે ફેરવ્યું.''

આ અનુભૂતિ ગુરુવર્ય પ.પૂ. બાપજીના નીતિમત્તાયુક્ત જીવનનો આગ્રહ દર્શાવે છે.

''જો તમે શ્રીજીમહારાજે કરેલ આજ્ઞા મુજબ નીતિથી રૂપિયા રળતા હોય તો ધર્માદા કાઢજો... સેવાઓ લખાવજો પણ ખોટું કરીને મંદિરમાં આવું દ્રવ્ય આપશો તો તમારો બગાડ અમારા સંતોની પવિત્રતાને અખંડિત નહિ રહેવા દે; માટે મહેરબાની કરી શ્રીજીમહારાજની આજ્ઞામાં શૂરાપૂરા રહેજો... ખોટું કરશો નહિ... શિક્ષાપત્રીને શબ્દશઃ પાળજો...''

સત્સંગ સભા હોય કે જાહેરસભા હોય તોપણ ગુરુવર્ય પ.પૂ. બાપજી કાયમ નીતિયુક્ત જીવનની અવકાશરહિત પ્રેરણા આપી, મુમુક્ષુઓને શ્રીજીમહારાજનું ગમતું જીવન પ્રદાન કરે છે.

કોઈ વ્યાજવટાવનો ધંધો કે ધિરાણનો ધંધો કરતા હોય ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી એમને અચૂક શ્રીહરિના ગમતાની સ્પષ્ટ વાત કર્યા વિના રહે જ નહીં. વળી ડૉક્ટર, વકીલ, ધંધાદારી કે રાજકીય પક્ષની પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય તોપણ ગુરુવર્ય પ.પૂ. બાપજી એમને ઉગારવા અને શુદ્ધ જીવન અર્પવા 'પોતે કોણ છે !' એ ભૂમિકા ક્ષણ-બે ક્ષણના કાર્યકાળમાં સૂક્ષ્મતાથી શીખવી દે.

આવા ઘણા પ્રસંગો ગુરુવર્ય પ.પૂ. બાપજીની નીતિ પરત્વેની નિષ્ઠા ઉજાગર કરે છે.

●●●

ઈ.સ. ૨૦૧૭, જૂન માસમાં વાસણા મંદિરે સેવક સંતે એક વખત ગુરુવર્ય

પ.પૂ. બાપજીને નીતિમત્તા અંગે પ્રશ્ન પૂછી એમનો નીતિમય જીવનનો આગ્રહ જાણ્યો.

"બાપજી, હરિભક્તો આપને એમના ધંધા-વ્યવહાર અંગે જણાવે છે ત્યારે તમે તેમને નીતિના પાઠ કેમ શીખવો છો ?" સેવક સંતે પૂછ્યું.

"સ્વામી, એ શ્રીજીમહારાજના આશ્રિત છે, દીકરા છે અને એમનાથી કંઈ ખોટું વર્તાતું હોય તો એ નીતિના માર્ગે ચાલે એવી અમારી ફરજ છે; શ્રીજીમહારાજે અમને એ સેવા આપી છે."

"પણ બાપજી એ..."

"સ્વામી, જે નીતિના માર્ગે ચાલે એમાં શ્રીજીમહારાજનો રાજીપો છે. શ્રીજીમહારાજ રાજી થાય છે. અમારે ક્યાં કોઈનું અહિત થાય એ માટે કહેવું છે ? અમારે એના માટે કોઈ રાગ કે દ્વેષ નથી, પણ સત્ય હોય ત્યાં કહેવું પડે. એમને પાછા વાળવા પડે, રોકવા પડે... કારણ કે શ્રીજીમહારાજના છે, અમારા છે. અમારે એમને ચોખ્ખા કરીને શ્રીજીમહારાજને સોંપવાના છે... શરૂઆતમાં એમને તકલીફ પડે, પણ શ્રીજીમહારાજનો કુરાજીપો તો ન થાય. થોડું તેમને વેઠવું પડે પણ નીતિના માર્ગે ચડ્યા પછી નિરાંત ને !"

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીના પરમ કૃપાપાત્ર શ્રી જશુભાઈ ભાવસાર પરિવારની આ વાત છે. તેઓની આર્થિક પરિસ્થિતિ ઘણી દૂબળી હતી. ઈ.સ. ૧૯૯૦માં એક વાર વાસણા મંદિરે તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી,

"બાપજી, મારી દુકાનમાં રોજ એક ડબ્બો તેલ માંડ વેચાય છે."

"કેમ ?"

"બાપજી, હું કપાસિયા તેલ વેચું છું. આ તેલમાં કોઈ ભેગ કરતો નથી. એટલે મને પોષાય એ વાજબી ભાવે વેચું છે."

"એ સારું જ કહેવાય ને !" ગુરુવર્ય પ.પૂ. બાપજી સહસા જ બોલ્યા.

"દયાળુ, મારી બાજુની દુકાનવાળા ભાઈ પામોલિન તેલ કપાસિયાના નામે સાવ સસ્તું વેચે છે એટલે એમને રોજ દસ ડબ્બા તેલ જાય છે. બાપજી, પામોલિનના ડબ્બાનો ભાવ ૩૦૦ રૂપિયા છે જ્યારે કપાસિયાનો ડબ્બો ૬૦૦ રૂપિયાના ભાવે છે. એટલે તે ખોટું કરીને રોજના ૩૦૦૦ કમાય છે અને મારે માંડ એક ડબ્બો તેલ વેચાય છે."

“એ સારું ન કહેવાય... જસિયા, તારે આવું નહિ કરવાનું...”

“બાપજી, મારું ઘર સંપૂર્ણ દુકાન પર જ નભે છે અને ધંધામાં કંઈ નફો નથી તો હું...”

“શું બોલ્યા...?”

“હું પણ મારી બાજુવાળાની જેમ કરું કે કેમ ?”

“સાંભળ જસિયા, શ્રીજીમહારાજની આજ્ઞા લોપી ક્યારેય ખોટું નહિ કરવાનું. ભલે નફો ન થાય પણ શ્રીજીમહારાજની કોરે નફો કરવાનો... અરે, ભલે પાવરું તેલ વેચાય પણ અનીતિયુક્ત ખોટો પૈસો આપણા સત્સંગીના ઘરમાં ન આવવો જોઈએ. માટે આજથી તને નિયમ, તારે કંઈ ખોટું નહિ કરવાનું... તારો ધંધો શ્રીજીમહારાજ વધારશે... શ્રીજીમહારાજ તને ખૂબ સુખિયો કરશે...”

●●●

ઈ.સ. ૨૦૧૮, એપ્રિલમાં એક વાર સેટેલાઇટ વિસ્તારના મયૂરભાઈ ગણાત્રાનો દીકરો ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન-આશીર્વાદે આવ્યો.

“ઊર્વિલ છે આ...?” હસ્તના નેજવા કરી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સેવક સંતને પૂછ્યું.

“હા બાપજી...”

“દયાળુ, આપની અનુમતિ લેવી છે...”

“બોલો...”

“બાપજી, મનિષભાઈ ઠક્કર પાસેથી હું વિઝા કન્સલ્ટિંગનું શીખી ગયો છું; તો હવે મારી ઑફિસ કરું છું. આપ ભેળા ભળજો...”

“અમે શ્રીજીમહારાજને પ્રાર્થના કરીશું કે તેઓ તમારી ભેળા રહેશે; પણ તમે કેટલુંક ધ્યાનમાં રાખજો...”

“શું બાપજી ?” ઊર્વિલભાઈ હાથ જોડી દીનભાવે બોલ્યા.

“તમે જે ધંધો કરવાના છો તેમાં નીતિ રાખજો... ક્યારેય કોઈની સાથે ખોટું ન થઈ જાય તેનું ધ્યાન રાખજો. શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ ચોખ્ખો ૧૦% ધર્માદો કાઢજો. યુવક સભા, જ્ઞાનસભા તથા સેન્ટરની બધી સભાઓ ભરજો... આટલું ખાસ ધ્યાનમાં રાખજો...”

ગુરુવર્ય પ.પૂ. બાપજી અનીતિ અને બેઈમાનીથી બચાવવા કાયમી ઉપાય તરીકે, શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ ધનશુદ્ધિ માટે ધર્માદાની આજ્ઞા પાળવાનું

જણાવતા હોય છે, જ્યારે મન અને તનની શુદ્ધિ માટે સંત સમાગમનો લાભ લેવાનું અચૂક જણાવતા હોય. એમની દૃષ્ટિ આત્માની શુદ્ધિ સામે જ હોય છે.

ઘણી વાર ગુરુવર્ય પ.પૂ. બાપજી સત્સંગ સભામાં જણાવતા હોય છે :

‘‘આજના વાતાવરણમાં વ્યક્તિએ નીતિના માર્ગે ચાલવું ઘણું કઠણ છે. કારણ, ચારે તરફ અનીતિનું જ વધુ પ્રવર્તન છે. સ્વાર્થને લઈ એકબીજા સાથે કપટ કરવું અને ખોટું કરવું એ તો સાવ સામાન્ય થઈ ગયું છે. કોઈને ભરોસો રહ્યો નથી. નર્યું કપટ ને દંભયુક્ત જ આચરણ છે. ત્યારે એમાંથી બચવું એ શ્રીજીમહારાજની અને મોટાપુરુષની કૃપાનું પરિણામ છે. મોટાની સતત કૃપાદૃષ્ટિથી જીવાત્મા ખોટા માર્ગથી પાછો વળે છે. માટે જીવનમાં સાચા સંતનો સમાગમ કરવો. એ સર્વે રીતે ચોખ્ખા રાખશે... રખાવશે... બાકી કોલસાની ખાણ જેવા આજના યુગમાં ડાઘ પડ્યા વગરનું જીવન જીવવું એ દુશકર (દુષ્કર) છે...’’

●●●

તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ રાજકીય પક્ષના વરિષ્ઠ મંત્રી કક્ષાના નેતાજીનો ગુરુવર્ય પ.પૂ. બાપજી પર ફોન આવ્યો.

સેવક સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી પણ અવરભાવમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની કાયમી રુચિ કે : ‘‘અમને નાના ગમે... નાના સાથે અમારે બહુ બને...’’

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીને ખ્યાલ આવ્યો કે વરિષ્ઠ મંત્રીશ્રી ધાર્મિક અને ભગવદી છે. વળી, તેઓના અધ્યાત્મ જીવનથી પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી પરિચિત હતા. જેથી તેઓએ ફોન પર વાત કરવાનું સ્વીકાર્યું.

‘‘જય સ્વામિનારાયણ... બાપજી... રાજી રહેજો...’’

‘‘જય સ્વામિનારાયણ...’’

‘‘ભગવાન સ્વામિનારાયણની કૃપાથી ફરીથી ગુજરાત રાજ્યના જનસમાજની સેવા મળી છે. ચૂંટણીમાં ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યો છું તે પ્રસંગે આપના આશીર્વાદ મળે એવી દયા કરો...’’

ત્યારે આશીર્વચન આપતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘ભગવાન સ્વામિનારાયણની આપના પર દયા જ છે. એમની દયાથી આપ ફરી ચૂંટાઈ આવ્યા છો. માટે આપણાથી કદી કોઈનું અહિત ન થાય, દગા-કપટ ન થાય, નિજસ્વાર્થ માટે ખોટું ન થાય એ ખ્યાલ રાખજો. નહિ તો આવ્યા છો સેવા કરવા

અને અસેવા થઈ જાય. પ્રજાએ આપણી પર વિશ્વાસ મૂક્યો છે તો કદી વિશ્વાસઘાત ન થઈ જાય તે ખ્યાલ રાખજો. સદાય ભગવાનની બીક રાખી, એમને જ કર્તા કરી, અહ્‌મશૂન્ય થઈ સેવા કરજો. સત્તાનું માન લગીરેય આવવા ન દેવું... તો ભગવાન ભેળા ભળે અને તો અમે જરૂર પ્રાર્થના કરશું કે ભગવાન આપનો સદાય જનસેવા માટે વિજય કરાવે...''

ગુરુવર્ય પ.પૂ. બાપજી હંમેશાં પ્રામાણિકતા, વફાદારી અને નીતિયુક્ત જીવનના હિમાયતી રહ્યા છે અને એનું મુખ્યપણું રહે એ એમનો મહોપદેશ છે. પછી તે ગમે તેવો મોટો માણસ હોય તોપણ કહ્યા વગર ન જ રહે.

શુદ્ધ જીવન જીવવા માટે ચોરી વર્તમાન પળાવનાર અને શુદ્ધ પાત્ર કરનાર નીતિમત્તાના પ્રખર આગ્રહી એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૬

# રજોગુણ જરિયે ન ભાસે

ઈ.સ. ૨૦૦૦માં એક વખત એક કૉલેજિયન સત્સંગી યુવક ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન માટે આવ્યો.

“દયાળુ, જય સ્વામિનારાયણ...” એમ કહીને યુવક ગુરુવર્ય પ.પૂ. બાપજીના દંડવત-દર્શન કરવા લાગ્યો.

“ક્યાં જઈ આવ્યા તમે ?” હળવાશથી ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા.

“દયાળુ, કૉલેજ જઈને આવ્યો છું...” આમ બોલતાં બોલતાં યુવક ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણસ્પર્શ કરવા નિકટ ગયો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની દૃષ્ટિ યુવકના માથે પડી એટલે તેમણે આશીર્વાદ આપવા માટે આગળ વધારેલ હસ્ત પાછો ખેંચી લીધો.

“શું થયું બાપજી ? આપે કેમ હસ્ત પાછો લઈ લીધો...? મારો કંઈ વાંકગુનો છે ?”

ગુરુવર્ય પ.પૂ. બાપજી કંઈ બોલ્યા નહિ એટલે યુવકે બે હાથ જોડી પ્રાર્થના કરતાં ફરી પૂછ્યું :

“દયાળુ, સેવકનો શો અપરાધ છે ?”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ નિજ હસ્ત પોતાના મસ્તકે મૂકી પૂછ્યું : “શું કરાવ્યું છે ?”

યુવકને ખ્યાલ આવી ગયો એટલે તે તરત બોલ્યો :

“બાપજી, એ તો મેં વાળ ધોળા થઈ જાય છે એટલે માથામાં મેંદી નાખી છે.”

“આપણે કોણ છીએ ? અને કોના છીએ એ ખ્યાલ છે ?”

યુવક નિરુત્તર રહ્યો.

“આપણે સત્સંગી છીએ, શ્રીજીમહારાજના આશ્રિત છીએ એનો ખ્યાલ ક્યારેય મૂકવાનો નહીં. આપણે જગતના જીવ જેવા નથી. જગતના જીવને આવા ફેલફતૂર હોય; આપણને આવું ન શોભે. આવું જ કરવું હોય તો આપણે સત્સંગ શા માટે સ્વીકાર્યો ?”

“દયાળુ, રાજી રહેજો... હવે આ મેંદી નહિ કરાવું...”

“વાળને રંગવા એ કરતાંય આપણે જેને રંગવાનો છે તે ચૈતન્યને ન રંગીએ..! હવે આ તમારા જીવનની પહેલી ને છેલ્લી ભૂલ... ખરું ને ! શ્રીજીમહારાજને રાજી કરવા ક્યારેય આ મહેંદો નહિ નાખવાનો...”

યુવક ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખે પ્રસાદીભૂત ‘મહેંદો’ શબ્દ સાંભળી હસી પડ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ એને હસતો જોઈ મર્મમાં હસ્યા.

પછી બોલ્યા : “આજથી અમને વચન આપો કે હવે ક્યારેય મહેંદો નહિ લગાવો...”

“હા બાપજી, હવે ક્યારેય નહિ લગાવું.”

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ યુવકને નિકટ બોલાવી આશીર્વાદનો લાભ આપ્યો.

યુવક દર્શન કરીને આસનની બહાર જતો હતો ત્યારે મનોમન વિચારી રહ્યો : ‘મને શ્રીજીમહારાજના રાજીપાનું પાત્ર કરવાનો કેટલો આગ્રહ છે ! એટલે એમણે મારી એક કસર પણ ન ચલવી ને મને ચોખ્ખો કર્યો... બાપજી મારી ખરી ‘મા’ છે; બાકી મને કોઈએ આ માટે રોક્યો કે ટોક્યો નથી. હવે ક્યારેય કોઈ પ્રકારની મેંદી નહિ જ લગાવું...’

ગુરુવર્ય પ.પૂ. બાપજીની દૃષ્ટિ હંમેશાં મુમુક્ષુ ભક્તોના બાહ્ય જીવન કરતાં આંતર જીવન સમક્ષ સવિશેષ રહે.

“અમને જરિયે રજોગુણ ન રુચે તો શ્રીજીમહારાજે અમને જેમની સેવા સોંપી

હોય તેવા મુમુક્ષુઓ કે ભક્તોમાં કેમ રુચે ? જરિયે ન રુચે.''

આવાં સાધુતાયુક્ત જીવનવિધાન ગુરુવર્ય પ.પૂ. બાપજીની દિવ્ય પ્રતિભાને પ્રગટાવે છે.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનમાં રજોગુણ લેશમાત્ર જોવા ન મળે.

તેઓ જ્યારે પૂર્વાશ્રમમાં તરુણવયે હતા ત્યારે પણ આ જ વાતને અતિ મહત્ત્વ આપતા.

પોતે પહેરવેશમાં સાવ સાદાં વસ્ત્રો પહેરતા.

એમને કદીયે કોઈ પ્રકારનો ઠાઠ ગમતો જ નહીં.

સાવ સામાન્ય કે સાવ સાદું જ એમને ખૂબ રુચતું.

ક્યારેક સ્વજીવનની સ્મૃતિ કરતાં તેઓ કહેતા હોય છે :

''અમે નાના હતા ત્યારે અમારો એક સહસાથી નવાં કપડાં પહેરી અમને બતાવવા આવ્યો.

અમે તો તેને આવો સજેલો-ધજેલો જોઈ બોલી ઊઠ્યા : 'દેહને શણગારવામાં કોઈ સાર નથી. એ ક્યાં ભેળો આવવાનો છે ?'

'ના, નથી આવવાનો.'

'માટે તમે સમજી રાખજો... આપણે તો જ્યાં ત્યાં - જેવું તેવું ચલાવી લેવાનું હોય પણ એને આમ ઠઠારીએ તો માયા વળગે... માટે આ ન શોભે... આપણે તો આતમને ભગવાનથી ઠઠારવો...'

અમને સાદગી જ ખૂબ ગમે પણ રજોગુણનો ભપકો અને ઝાકમઝોળ જરાય ન ગમે.''

●●●

યુ.એસ.એ.ના ન્યૂજર્સીના એક હરિભક્ત.

તેઓ ખૂબ સેવાભાવી છે. તેઓ ન્યૂજર્સી મંદિરમાં ઘરધણી તરીકે સેવા આપે છે.

મંદિરની તમામ પ્રકારની ચિંતા પોતે રાખીને પૂ. સંતોને કાયમી હળવાશ અપાવતા હોય છે.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીનો એમના પર ખૂબ રાજીપો છે.

ઈ.સ. ૨૦૧૮, જાન્યુઆરીમાં એક વખત તેઓ એમના દીકરાને સાથે લઈને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને વાસણા મંદિરે આવ્યા.

એમના દીકરાએ અમેરિકન ફૅશન મુજબ હેર સ્ટાઈલ કરાવી હતી અને કપડાં પર પરફ્યૂમ છાંટ્યું હતું.

"આ કોણ છે ?"

"બાપજી, આ સેવકના મુક્તરાજ છે."

"આપણે સત્સંગી છીએ, ભગવાન સ્વામિનારાયણના દીકરા છીએ. એમાંય તમારા પપ્પા તો આપણા ન્યૂજર્સી મંદિરના ઘરધણી સેવક છે.

તમારા પપ્પા મંદિરમાં દિવસ-રાત કેટલી બધી સેવા કરે છે ! આવા ફૅશનેબલ વાળ આપણને સત્સંગી તરીકે શોભે નહીં. વાળ હંમેશાં સાવ ટૂંકા ને સાદા રાખવા જોઈએ ! રાખશો ને ?"

ગુરુવર્ય પ.પૂ. બાપજી ખૂબ જ દિવ્ય ને સ્વતંત્ર પુરુષ છે.

તેઓ પોતાનાને અચૂક રુચિ જણાવે અને ખાસ ટકોર પણ કરે જ !

તેઓ દિવ્યજીવનનો રાહ બતાવે !

શ્રીજીમહારાજનું શું ગમતું છે તેનો ખ્યાલ આપે જ અને શ્રીજીમહારાજનું ગમતું કરાવે જ !

પછી તેઓએ તથા તેમના દીકરાએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, "બાપજી, અમારી પર રાજી રહેજો અને સદાય આપની કૃપાદૃષ્ટિમાં રાખજો, શ્રીજીમહારાજના ગમતામાં રખાવજો..." એમ કહીને તેઓ નીકળ્યા.

તેઓના નીકળ્યાની ૧૦-૧૫ મિનિટ પછી ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા કે, "અર્પણ, આ રૂમમાં વાસ શેની આવે છે ?"

"બાપજી, આ વાસ નહિ પણ સુવાસ આવે છે."

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "આપણા માટે આ વાસ જ છે; આ સુવાસ ન કહેવાય.

આ તો મુમુક્ષુના અંતઃકરણને બગાડી નાખે, એનો માર્ગ ફેરવી દે. રજોગુણ અધ્યાત્મ માર્ગને રૂંધાઈ દે..."

આવી રીતે ગુરુવર્ય પ.પૂ. બાપજી રજોગુણી પદાર્થો કે વસ્તુઓના ઉપયોગ પ્રત્યે હંમેશાં અણગમો જ જણાવે છે.

●●●

જ્ઞાનસત્ર-૧૧.

વર્ષ ૨૦૧૭, ઑક્ટોબર માસ.

ગુરુવર્ય પ.પૂ. બાપજી જ્ઞાનસત્રના સામિયાણામાં દર્શન વિભાગમાં રોજ નવા નવા મુમુક્ષુઓ અને નિકટના હરિભક્ત સમાજને દર્શન-આશીર્વાદ આપવા બિરાજતા હતા.

જ્ઞાનસત્રના દ્વિતીય દિને સંધ્યા સેશન દરમ્યાન એક યુવક ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન માટે આવ્યો.

"સ્વામી, આ યુવક આપણો પાકો છે ને !" ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા.

"હા બાપજી..." સેવક સંતે કહ્યું.

"સ્વામી, એને સમજાવો આવો વેશ ન રખાય..."

"હા બાપજી... આપ ના બોલશો; અમે કહીએ છીએ..."

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું અવરભાવનું સ્વાસ્થ્ય નાદુરસ્ત હોવાને લીધે પ્રાર્થના કરતાં સેવક સંત બોલ્યા.

"સ્વામી, એને કહો આટલી મોટી દાઢી ને આટલા મોટા વાળ આપણાથી ન રખાય. શ્રીજીમહારાજ રાજી ન થાય. એને કહો એ આજે ને આજે કઢાવી નાખે..."

"હા બાપજી, કહીએ છીએ..."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ જણાવેલ શ્રીજીમહારાજનું ગમતું ને રુચિ સેવક સંતે પેલા યુવકને કહી ત્યારે તે યુવક બોલ્યો,

"હા બાપજી, અત્યારે કઢાવી નાખું છું... આપ રાજી રહેજો, ભૂલ થઈ ગઈ..."

એ યુવક ગયા બાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ જોડે રહેલા સેવક સંતોને નિકટ બોલાવી કહ્યું :

"આજથી શ્રીજીમહારાજને રાજી કરવા આ પ્રકરણ ચલાવો. બધા મુક્તો શ્રીજીમહારાજનું ગમતું સાદું જીવન જીવે પણ આ દાઢી-વાળની ફૅશન-બેશન ન રાખે; એમ સત્સંગ સમાજમાં આજ્ઞા કરાવડાવો..."

આમ, શ્રીજીમહારાજનું ગમતું 'સાદગી'વાળું જીવન કરાવવાના અતિ આગ્રહી ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વાસ્થ્યની નાદુરસ્તતા દરમ્યાન પણ આ વાત ચૂકતા નથી.

રજોગુણ જરિયે ન રખાવનાર, 'સાદો' ગુણના મૂર્તિમંત સ્વરૂપ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૭

# સદ્‌ગુરુ સાચા રે, સેવો શુદ્ધ ભાવ શું રે

ઈ.સ. ૨૦૧૮ના જાન્યુઆરીમાં એક વખત વાસણા મંદિર ખાતે ગુરુવર્ય પ.પૂ. બાપજી જ્ઞાનસભામાં અમૃતવાણીનો લાભ આપી રહ્યા હતા.

જેમાં તેઓ શ્રીજીમહારાજ અને મોટાના મહિમાની ખૂબ વાતો કરી રહ્યા હતા.

શ્રીજીમહારાજ અને મોટાનો મહિમા ગાતી વખતે ગુરુવર્ય પ.પૂ. બાપજીની મુખાકૃતિ અતિ પ્રસન્ન હતી.

અને પ્રસન્નવદને તેઓ બોલ્યા :

“આપણા બધાના આ લીલા ચહેરા શ્રીજીમહારાજના પ્રતાપે છે; ઈશ્વરબાપા, વૃંદાવનબાપા ને મુનિબાપાના પ્રતાપે છે...”

આમ ગુરુવર્ય પ.પૂ. બાપજી હરખાતાં હરખાતાં ઉત્સાહમાં બોલ્યા.

“બાપજી, એ બધું તો આપના પ્રતાપે છે...”

ત્યાં ગુરુમહિમાથી ઊભરાતા ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા :

"મુનિબાપાનાં રૂંવાડાં જેવા અમે નથી... તો અમારો શાનો પ્રતાપ... આ બધો તો મુનિબાપાનો પ્રતાપ છે...!!!"

ગુરુવર્ય પ.પૂ. બાપજીની છેક જ છેદીને કરેલી આ સહજ સ્પષ્ટતામાં તેમનો ગુરુમહિમા આંખે વળગે છે.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘણી વખત મુનિસ્વામી સંગેની સ્મૃતિ વાગોળતાં જણાવતા હોય છે :

એક વખત સદ્. મુનિસ્વામી વાંસવા ગામે મંદિરને વિષે પધાર્યા હતા.

એ સમયે અમારી અવરભાવની ઉંમર ઘણી નાની હતી.

અમે પૂર્વાશ્રમમાં હતા. સદ્. મુનિસ્વામી મંદિરમાં આવ્યા છે એવી ખબર પડી એટલે હરિભક્તો બધાય મંદિરે આવી પહોંચ્યા.

અમને પણ સદ્. મુનિસ્વામીનો અપાર અપાર મહિમા એટલે અમે પણ દોડતાં મંદિરે આવી પહોંચ્યા.

સદ્. મુનિસ્વામી હજુ મંદિરને વિષે હમણાં જ પધાર્યા હતા અને એ દિવ્યપુરુષ દંડવત-દર્શન કરતા હતા.

દરમ્યાન મંદિરમાં હરિભક્તો ભેગા થયેલા જોયા એટલે મુનિસ્વામી તૈયાર કરેલ આસન પર બિરાજમાન ન થયા પણ ત્યાં હરિભક્તો સામે જ તેઓ નીચે આસન વગર બિરાજી ગયા.

તેઓ સીધા જમીન પર બેસી ગયા હતા એટલે જોડેવાળા સંતો તથા હરિભક્તોએ કહ્યું કે, 'મુનિબાપા, આપ આટલા મોટા દિવ્યપુરુષ છો; આપનાથી નીચે ન બેસાય. આપનું આસન બિછાવીને તૈયાર કર્યું છે, તો આપ ત્યાં આવીને બિરાજો એવી અમારી નમ્ર પ્રાર્થના છે.'

અમારા સદ્. મુનિસ્વામી એટલે સાદગીનો મહાભંડાર.

એ કરુણાનિકેતનને આસન ઉપર બેસીને જ કથા કરવી એવું કશું નહીં.

મુનિસ્વામી તો ત્યાં જ બેઠા રહ્યા ને હરિભક્તોને કહ્યું કે, 'તમેય બધા બેસી જાવ એટલે આપણે કથા કરીએ.'

એમ કહીને મુનિસ્વામીએ ત્યાં જ કથાવાર્તા શરૂ કરી દીધી.

આ દર્શન અમે પૂર્વાશ્રમમાં કર્યાં હતાં.

સદ્. મુનિસ્વામીની એ સાદગીની રીત અમને બેઠેબેઠી સાંગોપાંગ આજે પણ સાંભરે છે. અમે પણ એ પુરુષમાંથી પ્રેરણા લઈ આજે એવા જ દાસત્વભાવને અનુસર્યા છીએ.

અમે એમનામાં દાસત્વ ને સાદગી જેવા અનંત કલ્યાણકારી ગુણો નિહાળ્યા છે. અનંત ગુણો મુનિસ્વામીમાં સહજતાથી ઝળકતા.''

●●●

''અમે અમદાવાદથી સદ્. મુનિસ્વામીનાં દર્શન કરવાં અને સમાગમ કરવા પાટડી જતા.

અમદાવાદથી સાંજે નીકળતા.

એ વખતે વાહનવ્યવહાર બહુ દૂબળો. તેથી અમે સરકારી બસમાં બેસીને વિરમગામ પહોંચતા.

એ વખતે પહોંચતાં પહોંચતાં રાત પડી જતી. વળી અમને ગામડાંમાં રાતે બસની સગવડ પણ ન મળતી.

પાટડી પહોંચવા રાત્રે માંડ માંડ વાહનો મળતાં. અમે એ દિવ્યપુરુષનાં એક દર્શન પામવા રખડતાં અને અથડાતાં પાટડી પહોંચતા.

અમે થાકીને લોથ થઈ જતા. તેમાંય ઘણી વાર પાટડી અમે પગપાળા ચાલીને જતા. જ્યારે પાટડી પહોંચતા ત્યારે બહુધા મોડી રાત્રિના અગિયાર વાગતા. આવું અનેક વાર બનતું.

ગામમાં આટલી મોડી રાત્રે કોણ જાગતું હોય ?

ગામ આખું પહેલી પોરની નીંદરમાં ડૂબી ગયું હોય.

ગામમાં તો રાત્રિના અગિયાર એટલે મધ્ય રાત્રિ કહેવાય.

એવી રાત્રિના ભેંકારમાં અમે ચાલતાં ચાલતાં પાટડી મંદિરે પહોંચતા.

મંદિરે સંતોને ઠાકોરજીની સેવામાં વહેલા ઊઠવાનું હોય એટલે બધાય ગાઢ નિદ્રામાં સરી ગયા હોય.

એ ટાણે મંદિરનું બારણું ઉઘાડે કોણ ?

વળી પાટડીનું મંદિર મેડાવાળું તેથી મેડા ઉપર સંતો પોઢી ગયા હોય.

નીચે કોઈ બારણું ખખડાવે તોય ઉપર સંભળાય કઈ રીતે ??

સંભળાય તો કોઈ બારણું ઉઘાડવા આવે ને !!

અમે પહોંચીએ એટલે મંદિરનું બારણું અમારી 'મા' મુનિસ્વામી ઉઘાડે !

જેટલી વાર પણ મોડી રાત્રે પહોંચાતું ત્યારે ત્યારે સદ્. મુનિસ્વામી જ અમને પ્રવેશ અપાવવા બારણું ઉઘાડતા.

તેઓ આટલી મોડી રાત્રે જાગતા હોય ? તેમને કેમ ખબર પડે કે એમનો દીકરો આવ્યો છે ?

મુનિસ્વામી રાત્રે ધ્યાન કરતા હોય એટલે મોટાભાગે મંદિરમાં જ હોય. અમે (પ.પૂ. બાપજી) મંદિરમાં પેસીએ એટલે થોડોઘણો પગરવ થાય, દરવાજો ખખડે એટલે તેઓ તરત ધ્યાનમાંથી ઊઠીને બારણું ઉઘાડતા.

ત્યારે અમને એમ જ અનુભવ થાય કે, તેઓ અમારા માટે જ જાણે રાહ જોઈને બેઠા ના હોય ! પછી મુનિસ્વામીની સૌમ્ય મૂર્તિનાં દર્શન રાતના અંધકારમાં પણ થાય ત્યારે અમને મૂર્તિના સુખની શીતળતાનો સહેજે સહેજે અનુભવ થતો.

અમને તો એ ક્ષણે સુખ, સુખ ને સુખ થઈ જતું. એમનાં દર્શન થતાં જ મુસાફરીનો થાક, ભૂખ, ઉજાગરો બધુંય સ્વાહા થઈ જતું. અને એમ જ થતું કે, આવા દિવ્ય મહાસમર્થ, પરભાવના પુંજ સમા મુનિસ્વામી આપણા સારુ બારણું ઉઘાડે !!

અરે આ દિવ્યપુરુષની અપ્રતિમ હૂંફ અમને હોય ક્યાંથી ! એમનું વાત્સલ્યથી ભીનું હેત અમને હોય ક્યાંથી ! પણ એમણે બધુંય આપ્યું હતું. તેથી એમનાં દર્શને કૃતકૃત્ય ને ધન્ય ધન્ય થઈ જવાતું.

મુનિબાપાનાં આ દર્શને અમારા નેત્રોમાં હેતના આંસુ આવી જતા. અમને એમ થતું કે 'મા'ને જોયા જ કરીએ... જોયા જ કરીએ...

અમને તો એમની આ રીત જ્યારે જ્યારે સંભારીએ ત્યારે ત્યારે નિત્ય નવાં સુખ આપતી. તે તો અમથી કહેતા કેમ આવે પાર ! એમની હેત-પ્રીતની રૂડી રીત્ય શું વર્ણવીએ..."

•••

"બાપજી, આપે જે સદ્‌ગુરુઓની પેઢી આ સિંહાસનમાં પધરાવી છે તેમાં બધા

સદ્‌ગુરુને ઓળખું છું પણ (આંગળી ચીંધીને) આ છેલ્લા કયા નંદ છે ?'' એમ એક વાર દર્શને આવેલા એક નવા હરિભક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને તો તેમના ગુરુની ઓળખ આપવાનો અવસર પ્રાપ્ત થયો હોય તેમ તેઓએ કેફથી કહ્યું, ''ભગત, એ તો નંદ નથી; નંદોનાય નંદ છે. એમની તો વાત જ શી કહેવી ?''

''બાપજી, એ નંદનું નામ શું છે ?''

''એમનું નામ મુનિસ્વામી (સદ્. કેશવપ્રિયદાસજી સ્વામી) છે. પણ અનંત બ્રહ્માંડોને સંકલ્પે કરીને મૂર્તિમાં પહોંચાડી દે છે માટે નંદોના પણ નંદ છે.''


એ નવા જ હરિભક્ત ગુરુવર્ય પ.પૂ. બાપજીનું ગુરુ પરત્વેનું અપરંપાર મહિમાસભર હૈયું જોઈ તેમને વંદી રહ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને સદ્. મુનિસ્વામીના સત્પુરુષપણાનું કેવું અતિ મહાત્મ્ય છે તેનું આ ગરવું દર્શન છે.


તેથી તેઓના જીવનમાં મુનિબાપા માટે અખંડ પમરતો ને પ્રગટતો મહિમા અનુભવાય છે.

આ જ બતાવે છે કે ગુરુવર્ય પ.પૂ. બાપજીને સદ્. મુનિસ્વામી પ્રત્યેનો મહિમા ક્યારેય કોઈ કાળમાં રજોટાશે નહીં. ઊલટાનું સમય તેને વધુ ને વધુ ચમકતો-રણકતો રાખશે.


પળે પળે ગુરુમહિમાનું ગરવું ગીત ગાનારા, ગુરુ આગળ કંઈ જ નથી એમ નિજને ગણનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...











જો સંત ચિત્તે અભિમાન ભાસે, કે કામ ક્રોધાદિ કદી વિકાસે;
જિહ્વા તણો સ્વાદ જરિયે જણાય; તે સંતનો શો મહિમા મનાય.
– સંતવૃંદ

# ૮

# નિર્દંભતા

ઈ.સ. ૨૦૦૯માં એક વખત સ્વામિનારાયણ ધામ ખાતે પ્રાતઃ સભામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી હરિભક્તોને અમૃતવાણીનો લાભ આપી રહ્યા હતા.

એ સમય દરમ્યાન વર્ષો જૂના એક હરિભક્તની વાત નીકળી.

“દયાળુ, રાજી રહેજો... એ હરિભક્તનો આખો પ્રસંગ સૌને જાણવા મળે તો તેમાંથી બધા પ્રેરણા લઈ શકે.” આમ પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી.

“સ્વામી, અમને પ્રસંગ બેઠો યાદ આવતો નથી અને અમને અસત્ય બોલતા નથી આવડતું. અમે ૧૦૦૦ના ક્યારેય ૧૫૦૦ કહેતા નથી. આપણને શ્રીજીમહારાજે જે હોય એ જ કહેવાનું શીખવ્યું છે...”

ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનસંદેશને ગ્રહણ કરતાં પ.પૂ. સ્વામીશ્રી વચ્ચે વચ્ચે મસ્તક હલાવી સમર્થન આપતા જતા હતા.

“દાંભિક જીવન નહિ જ રાખવું. જે વક્તા થાય તેને આનો બહુ ખટકો રાખવો પડે. જો વક્તા ધ્યાન ના રાખે તો કપટ પેસે. એટલે આપણો તો સિદ્ધાંત જ એ – ‘ન આવડે તો તરત સ્વીકારી લેવું પણ આપણા મોભાને ઊજળો દેખાડવા

ખાતર ખોટો જવાબ તો ન જ આપવો જોઈએ.' આમ કરવાથી આપણે તો હળવા રહીએ. ભલે ને જેને જે વિચારવું હોય તે વિચારે. એમાં આપણે શું ? આપણું તો સુધરે છે ને. કાયમી મહીં એવા બહાર, બહાર એવા મહીં રહેવાય... એમાં ખોટું શું છે !''

સર્વે સંતો ને હરિભક્તોને આગ્રહપૂર્વક પોતાની આ અભિરુચિ પ્રસંગ કહેવા નિમિત્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ જણાવી.

સંતો-ભક્તો માટે જેમનું જીવન જ જ્ઞાનપીઠ-વર્તનપીઠ સમાન છે.

એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના વચનોથી સર્વે સંતો-હરિભક્તોને જીવનમાં એક નવો જ પાઠ શીખવા મળ્યો.

● ● ●

તા. ૨૫-૧-૨૦૧૮ના રોજ વાસણા ખાતે ગુરુવર્ય પ.પૂ. બાપજી જ્ઞાનસભામાં ચુનંદા યુવકોને જ્ઞાનમાર્ગ શીખવી રહ્યા હતા.

આજરોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી સારંગપુરના ૧૧મા વચનામૃત પર લાભ આપી રહ્યા હતા :

''શ્રીજીમહારાજે સારંગપુરના ૧૧મા વચનામૃતમાં ॥ **निरंजन: परमं साम्यमुपैति** ॥ દ્વારા લટકની વાત કરી છે. પરમં સામ્યમુપૈતિ... સામ્યમુપતિ... અરે સામ્યમુપૈતિ... જે હોય તે... તમારે સર્વેએ અમારા પર રાજી રહેવું. અમે સંસ્કૃત ભણ્યા નથી એટલે અમને સંસ્કૃત બોલતા ના આવડે...''

હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિશ્ચલતાનાં જ્યાં આમ દર્શન કરી રહ્યા હતા ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજી ફરી બોલ્યા,

''સંસ્કૃતના શ્લોકો ઘણી વાર બોલતા ન આવડે તોપણ બોલે રાખે પણ અમે તો જેવું હોય તેવું કહી દઈએ પણ ક્યારેય ખોટેખોટું ન બોલીએ...''

આ સમયે હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિર્દંભતાનાં દર્શને દિગ્મૂઢ બની રહ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના વ્યક્તિત્વમાં સર્વથા કુટિલતાનો અભાવ જોવા મળે.

એમનો વ્યવહાર નરી નિશ્ચલતા, નરી નિખાલસતા, નરી નિર્દંભતા અને નરી આર્જવતાનો દ્યોતક છે.

એમના વ્યવહારમાં ક્યારેય દાવ-પેચ કે કપટતાનું દર્શન લેશમાત્ર જોવા ન મળે.

જેવું એમનું જીવન તેવું જ એમનું કથન.

●●●

વર્ષ ૨૦૧૮, ફેબ્રુઆરી.

વાસણા મંદિર.

સંધ્યા સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજી સેવક સંતો સાથે મંદિરમાં વિહાર કરી રહ્યા હતા.

આ સમય દરમ્યાન એક સેવક સંત કીર્તન ગાય એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી ખૂબ રાજી થાય.

જેમાં આજે એક કીર્તન ચાલુ હતું.

કીર્તન પૂર્ણ થયા બાદ સેવક સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, ‘‘બાપજી, સદ્. નિષ્કુળાનંદ સ્વામીના ચાર પદમાંનું આ અંતિમ પદ છે. એનો રાગ આવડે છે પણ એના મર્મ સુધી પહોંચાતું નથી તો દયાળુ, આપ કૃપા કરીને તે સમજાવશો ?’’

જગતના સર્વે ગ્રંથનો સાર એટલે વચનામૃત. આ વચનામૃતનો ઉદ્ભવ તથા એનો હેતુ તેમજ તેની ફલશ્રુતિ કોણ ભણી શકે ?

અરે વચનામૃતની સૂક્ષ્મમાં અતિ સૂક્ષ્મ છણાવટ કોણ કરી શકે ?

એનું નીરક્ષીર વિવેચન કોણ કરી શકે ?

એના અગમ રહસ્યને કોણ પમાડી શકે ?

એના જે આચાર્ય હોય તે !

એના આચાર્ય એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી.

જેની સ્વીકૃતિ-વિજ્ઞપ્તિ આખો સ્વામિનારાયણ સંપ્રદાય ચાર મુખે કરે છે.

એ દિવ્યપુરુષને કેવળ પ્રત્યક્ષના શાસ્ત્રમાં રુચિ છે.

શું એ પરોક્ષભાવે રચાયેલ શાસ્ત્રનો અભ્યાસ કરવામાં અસમર્થ હોય !

ના... પણ એમને તો કેવળ ને કેવળ પ્રત્યક્ષ શાસ્ત્રમાં જ અભિરુચિ છે.

આથી પરોક્ષભાવે રચાયેલા પદનું વિવેચન કરવાની અરુચિ જણાવતા હોય છે અને એટલે આજે તેમણે સેવક સંતને ઉત્તર કરતાં કહ્યું,

‘‘સ્વામી, એ પદ સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ પરોક્ષભાવે લખ્યું છે. એટલે એનો અમે અભ્યાસ કર્યો નથી... એટલે અમને એ નથી આવડતું તેથી અમે તમને નહિ સમજાવી શકીએ...’’

સેવક સંત ગુરુવર્ય પ.પૂ. બાપજીની પારદર્શકતા નિહાળી બે ઘડી મહિમામુગ્ધ બની રહ્યા.

'ના કોઈ આબરૂનો વિચાર ! ના કોઈ પદનો ભપકો ! ભાર ! અરે સ્વામિનારાયણ સંપ્રદાયમાં સર્વોપરી નિષ્ઠાયુક્ત સંસ્થાના સંનિષ્ઠ વડા છે છતાં કોઈ જ અપારદર્શકતા જ નહીં.

સાવ સરળ, મોકળી વાસ્તવિકતા... સચ્ચાઈ...'

આવું મનોમન વિચારી તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીને દિવ્યભાવથી ઘણી વાર સુધી નિહાળી રહ્યા.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીની સેવામાં રહેલ સેવક સંત અંગત સેવાકીય વ્યવહાર કરતા હોય ત્યારે તેમના બોલવામાં અંગ્રેજી શબ્દોનો વારંવાર ઉપયોગ થતો હોય.

તા. ૩-૪-૨૦૧૮ના રોજ વાસણા મંદિરે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સેવક સંતને કહ્યું,

"સ્વામી, તમે જેવું અંગ્રેજી બોલો છો તેવું અમને બોલતા ન આવડે..."

ગુરુવર્ય પ.પૂ. બાપજી ઉપરોક્ત મુજબ ઘણી વાર નિર્દંભભાવે કહેતા હોય છે.

કેટલીક વાર એમ બને કે સેવક સંત ગુરુવર્ય પ.પૂ. બાપજીની કોઈ સેવા કરે એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી કહેતા હોય, "સ્વામી, થૅન્ક યૂ..."

ત્યારે સેવક સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને કહ્યું, "બાપજી, આપને બોલતા તો આવડે છે ને !"

અનંતકોટિ બ્રહ્માંડની અવરભાવની ભાષાના ગૂઢાર્થ જાણનાર અને પમાડનાર ગુરુવર્ય પ.પૂ. બાપજી સેવક સંતને જોઈ મંદ મંદ હસતાં હસતાં બોલ્યા :

"પણ સ્વામી, એ તો અમે તમારી જોડેથી શીખ્યા !"

ગુરુવર્ય પ.પૂ. બાપજી એટલે નિરદાંભિકતાનું મૂર્તિમંત સ્વરૂપ !

શરમ કે સંકોચ જેવી ભારજલ્લી મહત્તાથી સાવ રહિત સ્વરૂપ એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી.

જેવા છે તેવા જ... જેમ છે તેમ જ... જે છે તે જ... નિશ્ચલ રીતને ઝીલનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૯

# ત્યાગી સ્વાદના, જેહ નિઃસ્વાદી

ડિસેમ્બર ૨૦૧૬ તથા જાન્યુઆરી ૨૦૧૭ એમ બે માસ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ નવતર પ્રકરણ ચલાવેલું.

આ પ્રકરણ નિઃસ્વાદનું હતું. આ બે માસ દરમ્યાન તેઓ સવાર, બપોર અને સાંજ ત્રણેય સમયે ઠાકોરજી જમાડવામાં માત્ર ને માત્ર પૂડલાં જ જમાડતા.

"સ્વામી, ઠાકોરજીનો પ્રસાદ પીરસો..."

સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીને ક્રમશઃ બે-ત્રણ પૂડલાં આપતા.

પછી સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતાં પૂછે : "બાપજી, પૂડલાં સાથે છૂંદો, અથાણું, ગૉળ કે કશું આપને જોઈએ છે; તો અમે લઈ આવીએ..."

"ના સ્વામી, પ્રભુપ્રસાદમાં એકલાં પૂડલાં જ ચાલશે..."

ગુરુવર્ય પ.પૂ. બાપજી જમાડતા હોય ત્યારે શ્રીજીમહારાજને જમાડવાની અલૌકિક રીત શીખવા મળે.

ધીમે ધીમે જમાડે. નાના નાના ગ્રાસ લે.

વળી, દરેક ગ્રાસે ગ્રાસે બોલતા જાય : "હે મહારાજ જમો... મહારાજ જમો..." આ ક્ષણે કારણ સત્સંગની અલૌકિક રીત શીખવતા હોય. પ્રસાદ

જોઈએ તો હસ્તના લટકે જણાવે.

આ રીત જોતાં જ શ્રીહરિની અનુવૃત્તિ જણાઈ આવે.

"બાપજી, દેહધારી તો દિવસમાં એકનું એક ભોજન વારંવાર જમાડે તો એને બીજા દિવસે ભાવે પણ નહીં. અને આપ તો છેલ્લા એકાદ-દોઢ માસથી નિયમિત રીતે આ પૂડલાંનો પ્રસાદ જ લો છો ! એનું રહસ્ય કંઈ સમજાતું નથી."

"સ્વામી, પ્રસાદ તો શ્રીજીમહારાજને કર્તા કરીને જમાડીએ છીએ તો તેનું રહસ્ય એમને ખબર હોય ને ! એમાં અમારે શું !"

થોડી વાર રહી ફરી ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : "અમારે તો એક શ્રીજીમહારાજની મૂર્તિનો જ સ્વાદ !"

સેવક સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીના ઉત્તરે એમની નિઃસ્વાદિતાને વંદી રહ્યા.

●●●

તા. ૨૭-૧-૨૦૧૭ ને અમાસના રોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી સુરેન્દ્રનગર ખાતે લાભ આપવા પધાર્યા.

હરિભક્ત દ્વારા સંતો-હરિભક્તોમાં અડદિયાની રસોઈ અપાઈ હતી.

તેથી પૂ. સંતોએ અડદિયો બનાવેલો.

માટે સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, "બાપજી, આપ પ્રસાદમાં અડદિયો જમાડો તો સર્વે સંતો-હરિભક્તો જમાડે."

પૂ. સંતોનો અતિ આગ્રહ અને પ્રેમ જોઈને ગુરુવર્ય પ.પૂ. બાપજી ના ન પાડી શક્યા.

સંતો-હરિભક્તોને રાજી રાખવા એક નાનુંસરખું ઢેફું લઈને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું કે,

"તમે બધા જમાડો એટલે અમે લઈએ છીએ; બાકી તો અમે જમાડતા નથી. આજે ૨૫ વર્ષ પછી અમે અડદિયો લીધો છે."

"બાપજી, આજે તો તેની રજત જયંતી પૂરી થઈ." સેવક સંત બોલ્યા.

"સંતો, તમે જમાડજો... આજ તમને છૂટ છે..." ગુરુવર્ય પ.પૂ. બાપજી રાજી થઈને બોલ્યા.

"બાપજી, પણ આપ જમાડો તો અમે લઈએ ને !"

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ લીધેલ એક ઢેફામાંથી જરીક જેટલો અડદિયાનો પ્રસાદ લઈ સંતો-ભક્તોને ખૂબ પીરસ્યો.

એ દિવ્યપુરુષની દિવ્યતા, ભવ્યતા અને વિરાટતાનો કોઈ અંત નથી.

સંસ્થાના ગુરુ છે છતાં પણ એવું કહે છે કે,

"મેં ૨૫ વર્ષથી અડદિયો જમાડ્યો નથી."

જેમની આજ્ઞાથી સંસ્થામાં ઉત્સવ-સમૈયાઓમાં ને નિત્યે સદાવ્રતો ચાલતાં હોય પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતે સારી વસ્તુઓ જમાડતા જ નથી; સંતો-ભક્તોને જમાડે છે.

●●●

તા. ૧૫-૮-૨૦૧૭ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે ટામેટાંનું, બટેકાનું અને કોબીજનું શાક બનાવેલાં હતાં.

આ ત્રણે શાક પત્તરમાં પીરસ્યાં હતાં.

તેઓ ત્રણેય શાક જમાડતા હતા.

પૂ. સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીને અનુકૂળ આવ્યું કે કેમ તેની ચિંતામાં હતા એટલે પૂછ્યું,

"બાપજી, શાક બરોબર છે ને ? આપને અનુકૂળ આવ્યાં ?"

"શાક બરાબર છે; અનુકૂળ આવ્યું." તેમ કહેતાં કહેતાં એમણે આ ત્રણેય શાક ભેળાં કરી જમાડવા માંડ્યાં.

"બાપજી, આવું કેમ કર્યું ? કેમ ત્રણેય શાક ભેળાં કરી નાખ્યાં ? જુદાં રાખીને જમવા હતા ને !" પૂ. સંતોએ પૂછ્યું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "જો ત્રણેય શાક બરાબર જ છે તો પછી શા માટે ત્રણેય શાક જુદાં જુદાં જમવા પડે !!! બધાંય ભેળા કરીને જ જમાય. સાધુને ત્રણેય શાકનો જુદો જુદો સ્વાદ ન લેવાય."

ખરેખર એ દિવ્યપુરુષને સ્વાદ-કુસ્વાદ એવું કશું છે જ નહિ અને એટલે જ તેઓએ ત્રણેય શાક ભેળા કરીને 'સાધુ નિઃસ્વાદી હોય' તેવી રીત આચરીને બતાવી.

●●●

ઈ.સ. ૨૦૧૮ના માર્ચમાં રોજ સંધ્યા સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજીને જમાડવામાં કાકડી અનુકૂળ આવતી એટલે રોજ જમાડતા.

સેવક સંતો કાકડી ધીરે ધીરે સમારી તેમને જમાડતા હોય.

ગુરુવર્ય પ.પૂ. બાપજી કાકડી જમાડ્યા બાદ થોડી પ્રસાદી સંતોને આપતા.

એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજીને આપેલ કાકડી કડવી નીકળી.

સંતો રોજની જેમ તેમને સમારીને આપતા જાય અને ગુરુવર્ય પ.પૂ. બાપજી

જમાડતા જાય.

છતાં એમના મુખારવિંદ પર કોઈ જ ભાવફેર નહીં.

"લો સંતો, તમારી પ્રસાદી..." એમ કહી રોજની જેમ સેવક સંતોને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રસાદી આપી.

પ્રસાદી મળતાં સંતો જમ્યા તો કાકડી બહુ કડવી લાગી એટલે તેઓ ખૂબ કોચવાયા કે, 'બાપજીને કડવી કાકડી જમાડી દીધી, અપરાધ થઈ ગયો કહેવાય.'

તેમણે તુરત કહ્યું, "બાપજી, આપે જમાડી તે કાકડી તો ખૂબ જ કડવી હતી. અમે આપને કડવી કાકડી જમાડી દીધી. ભૂલ થઈ ગઈ, રાજી રહેજો."

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "સ્વામી, ક્યાં કડવી છે ? કાકડી તો બધી બરાબર જ હતી."

"બાપજી, આપ અમારા પર રાજી રહેજો... આપને જિહ્વા તણો જરિયે સ્વાદ નથી પણ અમારાથી અસેવા થઈ ગઈ ને..."

"સંતો, સીધું શ્રીજીમહારાજને જ જમાડી દીધું ને પછી અમને ક્યાંથી ખબર પડે !" એમ કહી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ નિજનું અસ્વાદીપણું જણાવ્યું.

● ● ●

ઈ.સ. ૨૦૧૦-૧૧માં ગુરુવર્ય પ.પૂ. બાપજીનું અવરભાવનું સ્વાસ્થ્ય નાદુરસ્ત રહેતું.

તબીબોની સૂચના અનુસાર ગુરુવર્ય પ.પૂ. બાપજીને નારિયેળનું પાણી આપવામાં આવે તો સ્વાસ્થ્ય માટે અનુકૂળ રહેશે.

આથી હરિભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, "હે બાપજી ! આપ નારિયેળનું પાણી લો તો સ્વાસ્થ્ય સારું રહે અને અમને સેવાનો લાભ મળે."

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "મેં મારા જીવનકાળમાં ક્યારેય નારિયેળનું પાણી લીધું નથી; એ તો રસાસ્વાદ ગણાય. એ અમને સંતોને ન શોભે."

"દયાળુ, રાજી રહેજો; શ્રીજીમહારાજે આવી કોઈ આજ્ઞા કરી હોય તેવું જોવામાં આવ્યું નથી..." વડીલ સંત પ્રાર્થના કરતાં બોલ્યા.

"સ્વામી, સાચું... શ્રીજીમહારાજે આવી કોઈ આજ્ઞા નથી કરી. સ્વાસ્થ્ય સારું ન હોય તો લેવાય. સ્વાસ્થ્ય સારું હોય ને લે તે રસાસ્વાદ કહેવાય અને તેનાથી નિષ્કામ ધર્મમાં ખોટ આવે... અને તેથી તે સંતોને ન શોભે..."

"બાપજી, આપ તો સ્વયં નિષ્કામ ધર્મનું મૂર્તિમંત સ્વરૂપ છો... માટે અમારી પ્રાર્થના સ્વીકારી આપ લો..."

"સ્વામી, અમારું સ્વાસ્થ્ય નારિયેળ પાણીથી નહિ પણ શ્રીજીમહારાજની ઇચ્છાથી સારું થશે..."

આ જવાબ સાંભળીને સંતો-હરિભક્તો તે જ ક્ષણે અવાચક બની ગયા.

• • •

ઈ.સ. ૨૦૧૮માં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ બે-ત્રણ માસ ભોજનમાં ખીચું જમવાનું પ્રકરણ ચલાવ્યું હતું.

તેઓ દરરોજ સાંજે જમાડવામાં માત્ર ચોખાના લોટનું ખીચું જ ગ્રહણ કરતા.

એક વખત પૂ. સંતોએ ઠાકોરજીના થાળમાં ઈડલી બનાવી હતી.

ગુરુવર્ય પ.પૂ. બાપજી જમાડવા બિરાજ્યા ત્યારે પૂ. સંતો પત્તરમાં ખીચાની સાથે ઈડલી પીરસવા જતા હતા.

તરત ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું, "સ્વામી, આ શું છે ?"

ગુરુવર્ય પ.પૂ. બાપજીની અવરભાવની તાસીર જાણતા હોવાથી પૂ. સંતોએ કહ્યું,

"બાપજી, ખીચું એ પણ ચોખાનો બાફેલો લોટ કહેવાય અને આ ઈડલી એટલે પણ ચોખાનો બાફેલો લોટ કહેવાય; માટે આજે થોડી ઠાકોરજીના થાળની પ્રસાદીની ઈડલી આપ જમાડો..."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હસતાં હસતાં કહ્યું, "એમ ! બેય જો બાફેલો ચોખાનો લોટ જ કહેવાય તો અમારે ખીચું શું ખોટું છે ? સ્વામી, અમારે ઈડલી નથી લેવી."

"દયાળુ, આપ સહેજ તો ગ્રહણ કરો..." સંતોએ પ્રાર્થના કરતાં કહ્યું.

"આટલાં વર્ષો સુધી ઈડલી જેવી વસ્તુ જમાડ્યા વગર ચાલ્યું તો હવે શા માટે જમવી જોઈએ ? સ્વામી, અમને જેટલું સાદું હોય તે જ ગમે માટે રહેવા દો..."

તેઓ માત્ર ખીચું જ જમ્યા પણ આગ્રહ કરવા છતાં ઈડલી ન લીધી.

સેવક સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીનું દિવ્ય નિઃસ્વાદી ચરિત્ર નીરખી રહ્યા.

ખાટું, ખારું, તીખું, તમતમું, ગળ્યું કે ચીકણું આદિક રસનાનો જેમનામાં નથીયે લેશ એવા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૦

## વીજળીના ઉપયોગમાં કરકસર

ઈ.સ. ૨૦૦૫માં વાસણા મંદિરે એક વખત બે હરિભક્તો મૂર્તિધામ હૉલમાં પૂ. સંતોએ સોંપેલ સત્સંગ કાર્યની કોઈક સેવા કરી રહ્યા હતા.

જેમાં એક હરિભક્ત ઉત્તર ખૂણામાં હતા તો બીજા હરિભક્ત દક્ષિણ ખૂણામાં બેઠેલા.

સંધ્યા સમય હોવાથી બંને અલગ અલગ ટ્યૂબલાઈટ કરી બેઠા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી કોઈ કારણોસર ત્યાં પધાર્યા.

બંને સભ્યો પોતાના સેવાકાર્યમાં એકાગ્ર હતા. ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમાંથી એક સભ્યની સાવ નિકટ જઈને ઊભા રહ્યા. પેલા સભ્ય સેવામાં મગ્ન હતા એટલે તેમને ખ્યાલ ન રહ્યો.

“સેવા કરો છો...?” એમ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મીઠાશભર્યો પ્રશ્ન પૂછ્યો.

પેલા સભ્ય ગુરુવર્ય પ.પૂ. બાપજીનો અવાજ સાંભળી સફાળા ઊભા થઈ ગયા. અને બીજી બાજુ બેઠેલા સભ્યએ પણ આ વાક્ય સાંભળ્યું; તે પણ ઊભા થઈ ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવ્યા.

“જય સ્વામિનારાયણ...” બંને ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણસ્પર્શ કરીને

બોલ્યા.

"તમે બે જણા સાથે બેસી સેવા કરો તો કંઈ વાંધો ખરો !"

"ના દયાળુ... કોઈ વાંધો ન આવે..." બેય એકસાથે બોલ્યા.

"જો તમે બંને અલગ અલગ ટ્યૂબલાઇટ નીચે બેસીને સેવા કરો તો તેમાં વીજળી કેટલી બિનજરૂરી વપરાય ! ઠાકોરજીની વસ્તુ વિવેકથી વાપરીએ. એનો પોતે તો કદીયે દુર્વ્યય ન કરીએ. પરંતુ અન્ય કોઈ કરતું હોય તો તેને પણ સમજાવી શ્રીજીમહારાજના નાણાંનો વ્યય ન થવા દઈએ. શ્રીજીમહારાજની સંપત્તિનું યોગ્ય જતન ન કરીએ અથવા અવિવેકપૂર્ણ વાપરીએ તો ચોરી વર્તમાન લોપાય છે..."

બંને હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં નતમસ્તક થઈ ગયા અને હાથ જોડી બોલ્યા : "દયાળુ, હવે આવી ભૂલ નહિ થાય... રાજી રહેજો..."

●●●

ઈ.સ. ૨૦૧૨માં એક વખત વાસણા મંદિરના કોઈ એક વિભાગમાં સમર્પિતમુક્ત સેવા કરી રહ્યા હતા.

સેવા માટે તેઓ એમની ઑફિસમાં મોટી ટ્યૂબલાઇટ કરીને બેઠા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી આમ તો કદીયે વિભાગોમાં ન પધારે.

પણ ઠાકોરજીના ધનનો, વીજળી-પાણીનો બગાડ થતો હોય એટલે પહોંચી ગયા હોય.

"મુક્તરાજ, આપની નાની લાઇટ બગડી છે ?"

"ના બાપજી, ચાલુ જ છે."

"તો તમે જે સેવા કરો છો તે નાની લાઇટના ઉપયોગથી કરી શકો તેમ છો ?"

"હા, કરી જ શકાય ને !"

"તો તમે કઈ લાઇટ ચાલુ રાખીને બેઠા છો...?"

"રાજી રહેજો બાપજી... આમ કાયમી નાની લાઇટ જ કરીને બેસું છું; પણ આજે જ મોટી લાઇટ ચાલુ રહી ગઈ..."

"લાઇટ એની મેળાએ દોડીને ચાલુ થઈ ગઈ ?"

"ના બાપજી..."

"કંઈ વાંધો નહિ પણ હવે ધ્યાન રાખવું. આપણે કરકસર કરવી ને કરાવવી.

ઉતાવળમાં કે ગાફલાઈએ કરીને પણ કરકસર કરવાનું ભૂલી ન જવાય. ધ્યાન રાખશો ને !''

''હા બાપજી ! જરૂર...'' નમ્રભાવે સમર્પિતમુક્ત બોલ્યા.

આમ, ખૂબ હળવાશથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને સમજાવ્યા.

●●●

વાસણા સંત આશ્રમ, મૂર્તિધામ હૉલ કે મંદિરમાં ઘણી વાર સેવામાં રહેલા હરિભક્તો લાઈટ બંધ કરવાનું ભૂલી જાય એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી એમને બોલાવે : ''કેમ તમે લાઈટ-પંખો બંધ કરવાનું ભૂલી ગયા ?''

''એ તો બાપજી એક જ મિનિટ માટે નીચે ગયો હતો.''

''ભલે અડધી ક્ષણ માટે જાવ... ક્યાં તમારે હૅન્ડલ મારવું પડે છે ? ખાલી સ્વિચ બંધ કરતા વાર કેટલી લાગે ? જરાય ન લાગે. તમે એક નિયમ જ કરી દો; જેવા રૂમમાંથી બહાર નીકળો એટલે સહેજે સહેજે સ્વિચ બંધ થઈ જ જવી જોઈએ...''

''ભલે દયાળુ...''

''થોડો ખટકો જ રાખવાનો છે. અને આ ખટકો રાખવામાં શ્રીજીમહારાજની આજ્ઞા પળે. અને આ બાબતને આપણે આજ્ઞા તરીકે જોતા જ નથી; જોતા થઈશું તો પળશે જ...''

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી 'શ્રીજીમહારાજની સંપત્તિને વિવેકથી વાપરવી' તેને આજ્ઞા તરીકે નિરંતર પાળે છે ને પળાવે પણ છે.

●●●

તા. ૧૧-૩-૨૦૧૮ના રોજ સંધ્યા સમયે સેવક સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીને સંત આશ્રમના હૉલમાં મુક્તવિહાર કરાવી રહ્યા હતા.

''સ્વામી, ત્યાં સંતોના આસને પડદામાંથી લાઈટ દેખાઈ રહી છે. જુઓને ત્યાં કોણ છે ? શું કરે છે ?'' સેવક સંતને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું.

સેવક સંત ત્યાં જઈ તપાસ કરી આવી બોલ્યા, ''બાપજી, પૂ. વૈરાગ્યસ્વામી ડ્રાયફ્રૂટના હારમાંથી ડ્રાયફ્રૂટ છૂટું કરી રહ્યા છે.''

''સ્વામી, એમને કહો આસને બધા પડદા ખોલી દે. હજુ તો પ્રકાશ ઘણો છે. લાઈટની જરૂર નહિ રહે...'' સંત આશ્રમના હૉલમાં વ્હિલચૅર પર વિહાર કરતાં

બોલ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની વાત સાંભળી તેઓ સ્વામીને સૂચના આપવા ગયા. પૂ. વૈરાગ્યસ્વામીએ આસને ઊભા રહી ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કર્યાં; ત્યારપછી પડદા ખોલી લાઈટ બંધ કરી દીધી.

પૂ. વૈરાગ્યસ્વામીની સેવા હજુ ચાલુ જ હતી. સંધ્યા સાવ ઢળી ગઈ હતી. સંધ્યાના સાડા છ થવા આવ્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનો વિહાર હજુ ચાલુ જ હતો.

"સ્વામી, વડીલને (વૈરાગ્યસ્વામીને) કહેવડાવો કે, હવે અંધારું થઈ ગયું છે; લાઈટ કરે. એમને તકલીફ પડશે..."

આમ બોલી સેવક સંતને કહ્યું, "અમને ત્યાં લઈ જાવ..."

"સ્વામી, આટલીબધી કરકસર નહિ કરવાની કે જેથી આપણી આંખો બગડે ! અમે તો એમ સમજીએ છીએ કે, આ પણ શ્રીજીમહારાજની મિલકતનો અવિવેકપૂર્ણ ઉપયોગ કર્યો કહેવાય..."

પૂ. વૈરાગ્યસ્વામી ગુરુવર્ય પ.પૂ. બાપજીને નીરખી રહ્યા અને અંદર પ્રશ્ન થયો, 'આમાં બાપજી શું કહેવા માગે છે ?'

ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, "સ્વામી, તમારી આંખો ઘનશ્યામ મહારાજની મિલકત ન કહેવાય...!!" આટલું બોલતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હળવું હાસ્ય રેલાવ્યું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની 'કરકસર' અંગેની વિભાવના બૃહદ ફલકને વરેલી છે. એમાં સદાય એમની દિવ્યતા-ભવ્યતા જ રહી છે.

● ● ●

તા. ૧૭-૧-૨૦૧૮ના રોજ સંતૂર ફાર્મમાં પૂ. સંતોને લાભ આપવા ગુરુવર્ય પ.પૂ. બાપજી પધારતા હતા. તેઓ સમયસર સવારે સાત વાગ્યે સંત આશ્રમમાંથી પધાર્યા.

ગાડી મંદિરના મુખ્ય દરવાજાથી ૨૦ ફૂટ દૂર હતી. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એક ક્ષણ માટે મંદિર તરફ દૃષ્ટિ કરી. સેવક સંતને કહ્યું, "મંદિરમાં જે સ્વચ્છતાની સેવા કરતા હોય તેમને બોલાવો..."

'સ્વચ્છતાવાળા ભાઈને બાપજીએ કેમ બોલાવ્યા હશે...? બાપજીની આ

નૌતમ લીલાનું રહસ્ય કંઈ સમજાતું નથી...' એમ વિચાર કરતાં કરતાં સેવક સંતે સ્વચ્છતાવાળા ભાઈને બોલાવ્યા.

સ્વચ્છતાવાળા હરિભક્તો દોડતાં દોડતાં આવ્યા અને ગુરુવર્ય પ.પૂ. બાપજીની સમક્ષ બે હાથ જોડી ઊભા રહ્યા.

"તમે સ્વચ્છતાની સેવા કરી ?"

"હા બાપજી..."

"સેવા પૂર્ણ થાય એટલે તરત પંખા બંધ કરવા જોઈએ... જો પેલા પંખા ચાલુ છે; તે તમે બંધ કરી આવો..." પેલા હરિભક્ત ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞા થતાં પંખા બંધ કરવા દોડ્યા.

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજી ગાડીમાં બેસી પધાર્યા. સેવક સંતો અને હરિભક્તો અંદરોઅંદર ગાડીમાં વાત કરતા હતા : "આપણને ૫ ફૂટ દૂરનું ના દેખાય ને બાપજીને ૨૦ ફૂટ છેટેનું દેખાઈ ગયું."

"આપણને આવું વિઝન પણ ન હોય કે અંદર પંખા ચાલુ હશે..."

"હા જ તો... એમાંય પાછું બાપજીનું કેટલું ચોક્કસ વિઝન - ૨૦ ફૂટ દૂર પંખા જ ચાલુ છે."

"ખરેખર બાપજીની અવરભાવની દૃષ્ટિમાંથી ક્યાંય કોઈ બાબતનો વ્યય થતો હોય તો તે છેટો (જણાયા વિના રહી) જ ના રહી શકે..."

●●●

તા. ૨૩-૧-૨૦૧૮ના રોજ હસ્તના લટકે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું,

"અર્પણ, મંદિરનાં પગથિયાંમાં ઓલી લાઇટ ચાલુ છે..."

"ના બાપજી, એ તો લિફ્ટની લાઇટ ચાલુ છે..."

"તમે રૂબરૂ જોઈ આવો પછી નક્કી કરીએ..." અર્પણભાઈ જોવા ગયા. વાસ્તવમાં લિફ્ટની લાઇટનો પ્રકાશ ન હતો પણ કોઈ હરિભક્ત લાઇટ બંધ કરવાનું ભૂલી ગયા હતા.

અર્પણભાઈ લાઇટ બંધ કરીને ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવ્યા ને કહ્યું, "બાપજી, રાજી રહેજો. મારી ધારણા ખોટી પડી. આપે સાચું જ કહ્યું હતું..." અર્પણભાઈ નમ્રભાવે ગુરુવર્ય પ.પૂ બાપજીને પ્રાર્થી રહ્યા.

"સાંભળો, આપણે જ્યાં રહેતા હોઈએ ત્યાંનો આપણને નખશિખ રીતે ખ્યાલ

હોવો જોઈએ. મંદિર આપણું સહિયારું ઘર છે એટલે વાપરનારા ઘણા હોય. એમાંય આપણે ગાફેલ રહીએ તો કોઈ ને કોઈ નવા કે જૂના આવીને ભૂલ કરતા જ હોય. માટે લાઇટ-પંખા-પાણી તેમજ કોઠાર-રસોડા આદિ વિભાગમાં આપણે ઍલર્ટ રહેવું. અને એ સ્થાને કેવી પરિસ્થિતિ સર્જાઈ તેનો અનુભવ એક વાર કર્યા બાદ એમાં ભૂલ ના જ થવી જોઈએ. તમે મંદિરનાં પગથિયાંમાં જાવ ત્યારે લાઇટ વગર કેવું દેખાય અને લાઇટવાળું કેવું દેખાય એ અનુભવ તમને થયો એટલે હવે આમાં સજાગતા રાખવી.

વળી, આવા સ્થાને સતર્ક રહેવું. કારણ કે બહુધા ત્યાં તર્ક સાચો જ ઠરતો હોય છે. આ તમને ઠાકોરજીના નાણાંનો બગાડ ન થાય તેની રીત શિખવાડી; યાદ રાખજો...''

•••

તા. ૯-૩-૨૦૧૮ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી સંત આશ્રમના હૉલમાં પ્રદક્ષિણા કરી રહ્યા હતા. ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા,

''સ્વામી, રસોડાની પેલી બાજુની લાઇટ ચાલુ છે એ બંધ કરી આવો...''

''બાપજી, રાજી રહેજો ત્યાં લાઇટ ચાલુ નથી...'' સેવક સંતે કહ્યું.

''ના સ્વામી, અમને દેખાય છે; ત્યાં લાઇટ ચાલુ છે...''

''બાપજી, રાજી રહેજો. રસોડાની પેલી બાજુ લાઇટ ચાલુ હોય એવું સેવકને દેખાતું નથી. પણ આપ કહો છો તો અત્યારે ત્યાં જઈ જોઈ આવું છું...''

સેવક સંત ત્યાં પહોંચ્યા અને વાસ્તવમાં ત્યાં લાઇટ ચાલુ જ હતી. પરંતુ ડીમ લાઇટ ચાલુ હતી. તેથી જો સૂક્ષ્મ દૃષ્ટિ હોય તો જ ખ્યાલ આવે.

સેવક સંત વિમાસણમાં પડ્યા : 'બાપજીએ કેવી રીતે જોયું હશે...? સેવકને તો લાઇટ બંધ જ દેખાતી હતી. પણ આ તો લાઇટ ચાલુ છે... કેવી અ-વ્યય ધરાવતી સૂક્ષ્મ દૃષ્ટિ છે !'

સેવક સંત લાઇટ બંધ કરી આવ્યા ને બોલ્યા : ''બાપજી, રાજી રહેજો. સેવકની દૃષ્ટિ તો ઘણી નબળી છે... આપે કહ્યું હતું તેમ જ છે. લાઇટ ચાલુ જ હતી. આપને કેવી રીતે ખબર પડી ?''

''સ્વામી, આમ તો તમે બધા કરકસર કરવામાં ક્યાં કાચા પડો એ બધું અમે જાણીએ. એટલે તુરત અમારી નજર એવી જગ્યા ઉપર જ જલદી જાય. તમે


અમને અહીં હૉલમાં પ્રદક્ષિણા ફેરવતા હતા એટલે રસોડાના દરવાજામાંથી પેલી પાર એક સેકન્ડ માટે લાઈટ દેખાઈ ગઈ...''

''બાપજી, આપના જેવી દૃષ્ટિ આપજો; જેથી કરીને શ્રીજીમહારાજની સંપત્તિનો ક્યાંય વ્યય થાય નહીં.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીની દૃષ્ટિ જો એક સેકન્ડ માટે પણ કોઈક પર પડી જાય તોપણ તેઓ એનું તરત જ વસ્તુતઃ તારણ કાઢી લે. વળી આ તારણ યથાર્થ જ હોય. જેની અનુભૂતિ આ પ્રસંગમાં સુપેરે થઈ.

સરકારી જાહેર સંસાધન સમી વીજળીના વપરાશમાં ઠાકોરજીના નાણાંનો દુર્વ્યય ન થાય તેમજ તેનું સંવર્ધન થાય એવું પળે પળે શીખવનારા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







સંત વિના સાચી કોણ કહે, સાચાં સુખની વાત;
દયા રહી છે જેના દિલમાં, નથી ઘટમાં ઘાત.

– સદ્. નિષ્કુળાનંદ સ્વામી

# ૧૧

## વ્યવહાર પરત્વે ઉદાસીનતા

તા. ૭-૫-૨૦૧૭ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતાના આસને બિરાજમાન હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી વચનામૃતની પારાયણ કરતા હતા.

તેવામાં એક સેવક સંત ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવીને બેઠા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમને જોઈ મર્મમાં હસ્યા.

સેવક સંતે પૂછ્યું : ''બાપજી, આપનો મર્મ ન સમજાયો; બાપજી દયા કરીને આપનો મર્મ સમજાવશો ?''

પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કંઈ જ ઉત્તર ન કર્યો અને વાંચનમાં નિમગ્ન રહ્યા.

થોડી વાર થઈ એટલે સેવક સંતે ફરી પૂછ્યું.

ગુરુવર્ય પ.પૂ. બાપજી કંઈ જ ન બોલ્યા.

પછી સેવક સંત પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને સેવા કરવા લાગ્યા.

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, ''સ્વામી, રાજી રહેજો... અમને અંતર્વૃત્તિ બહુ વ્હાલી છે. અમને પ્રવૃત્તિમાં અને કાર્યમાં જરાય રસ નથી. મંદિરો કરવા ન

ગમે, ઉત્સવ-સમૈયા કરવા પણ ન ગમે; અમને તો કેવળ શ્રીજીમહારાજની મૂર્તિમાં નિમગ્ન રહેવું ગમે.''

સેવક સંત ગુરુવર્ય પ.પૂ. બાપજીનું વચન સાંભળી એકાગ્ર બની ગયા અને ગુરુવર્ય પ.પૂ. બાપજીની વધુ નિકટમાં જઈ બેઠા.

''સ્વામી, આપણે કારણ સત્સંગના સંત છીએ... એટલે કારણ (શ્રીજીમહારાજ) જ મુખ્ય રાખવાનું પણ કાર્ય (પ્રવૃત્તિ) નહીં.''

ગુરુવર્ય પ.પૂ. બાપજી વ્યવહાર પરત્વે નિરંતર ઉદાસીનતા અને અનાસક્તિ જણાવતા હોય છે. આ તેમની નિસ્પૃહિતાનું (વ્યવહાર પરત્વે નિરંતર ઉદાસીનતાનું) એક ચરમ શિખર છે.

● ● ●

તા. ૫-૧-૨૦૧૮ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી એકાંતે આસને બેઠા હતા.

તે સમયે બહુ જૂના હરિભક્ત ઘણા સમય બાદ દર્શન કરવા આવ્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમને આવકાર્યા.

પેલા હરિભક્ત તો ત્યાં બેસી ગયા ને ગુરુવર્ય પ.પૂ. બાપજી સમક્ષ એમની સાંસારિક સમસ્યાનો ઢગલો કરવા લાગ્યા.

તેમણે કહ્યું, ''બાપજી, અમારા ઘરમાં સાસુ-વહુના ખૂબ ઝઘડા છે. ભાઈ-ભાઈઓ વચ્ચે ઘણા ડખા છે. સહિયારી મિલકતોની વહેંચણી બાબતે બહુ ઝઘડા થાય છે. પેલો આવો છે ને પેલીનો સ્વભાવ આવો છે.''

તેઓ તો સાંસારિક હોળી ગુરુવર્ય પ.પૂ. બાપજી સમક્ષ ખડકવા લાગ્યા.

આથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમને બોલતા રોકી કહ્યું, ''આ સંસારની વાતો અમારા સાધુ માટે હરામ છે. સાંસારિક વાતો અમારી આગળ કે કોઈ સાધુ આગળ કરવી નહીં. એ બધું ત્યાગીને તો અમે સાધુ થયા છીએ. સંસારનાં ચૂંથણાં ગૃહસ્થાશ્રમી માટે છે. તમે તો સત્સંગી છો. આ બધા કરતાં શ્રીજીમહારાજ કેવા છે ! એમની કેવી કરુણા છે ! એ પરભાવની વાતોમાં મગ્ન થવું હોય તો અમે વાતો કરીએ. અમને વ્યવહારની વાતોમાં ખબર ન પડે. અમને શ્રીજીમહારાજ અને મુક્તના પરભાવની ગમ પડે...''

ગુરુવર્ય પ.પૂ. બાપજી સદાય પરભાવમાં રાચતા હોય છે. એમને સંસાર-વ્યવહારના ચૂંથણાં કરતાંય શ્રીજીમહારાજના પરભાવમાં સદાય રસ રહ્યો છે.

વ્યવહાર માર્ગે ઉદાસીનતા દાખવનારા અને પરભાવમાં આસક્તિ દર્શાવનારા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૨

## સ્વચ્છતાના આગ્રહી

ઈ.સ. ૧૯૭૦થી ૧૯૮૦ દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘનશ્યામનગર મંદિરે બિરાજતા તે સમયે આખા મંદિરની સ્વચ્છતા સ્વયં કરતા.

મંદિરનાં શૌચલયો અને મુતરડી પણ જાતે સાફ કરતા.

હરિભક્તો ઘણી વાર કહેતા, ‘‘બાપજી, આપ સ્વચ્છતાવાળા રાખી લો; અમે એમનો પગાર આપી દઈશું...’’

ગુરુવર્ય પ.પૂ. બાપજી તરત જ કહેતા, ‘‘મંદિરની સેવા માટે પગારદાર ના રખાય... આ સેવા તો મળે જ ક્યાંથી ! એટલે અમે ધીમે ધીમે પણ જાતે આખા મંદિરની સ્વચ્છતા કરીશું... સ્વચ્છતાની સેવાથી શ્રીજીમહારાજ બહુ રાજી થાય છે. પૂર્વે મોટા મોટા નંદસંતોએ હરિભક્તોને ચોખ્ખા કરવા સ્વચ્છતાની - નીચી ટેલની સેવાઓ આપી ચોખ્ખા કર્યા છે... એટલે આ સેવા ચોખ્ખા થવા માટેની છે...’’

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ રુચિ જણાવ્યા બાદ બધા હરિભક્તો સેવામાં જોડાયા અને ગુરુવર્ય પ.પૂ. બાપજીને મહાપ્રયાસે સેવા મુકાવી.

છતાંય ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વચ્છતાની સેવા ક્યારેક ક્યારેક તો કરી જ

લેતા.

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઘનશ્યામનગર મંદિરમાં બાહ્ય સ્વચ્છતાની સેવાથી લઈ આંતર સ્વચ્છતા માટે કથાવાર્તારૂપી સેવા ખૂબ કરી છે.

●●●

ઘનશ્યામનગરના પાયાના હરિભક્તો ઘણી વાર આ અંગે વાતો કરતાં જણાવતા હોય છે : ‘‘બાપજી બ્રહ્મસત્ર યોજતા ત્યારે તેના પ્રેરક, આયોજક અને સ્વયંસેવક પોતે જ રહેતા. અમે તો કથાવાર્તાનો અખંડ લાભ લઈને થાકતા પણ બાપજી તો કથાવાર્તા કરતા થાકતા જ નહીં. પણ એ વખતે મધ્યાહ્ન કે રાત્રિના સમયે સ્વચ્છતાના બધા વિભાગો એક સ્વયંસેવકની જેમ સ્વયં સાફ કરતા. અને જો અમે જોઈ જઈએ તો તેઓ બાથરૂમ કે મુતરડીનો દરવાજો અંદરથી બંધ કરી દે...

અમે બહુ પ્રાર્થના કરીએ... ‘બાપજી અમને આ સેવા આપો...’

ત્યારે તેઓ કહેતા, ‘અવાજ ન કરશો... બીજા હરિભક્તો આરામમાં હશે... તે જાગી જશે તો અમારી સેવા જતી રહેશે માટે આપ છાના થઈ જાવ...’

પણ અમે બહુ આગ્રહ બતાવીએ તો કહેતા, ‘સારું પણ અમે તો સેવા કરીશું... તમે પાણી લાવો; અમે સાવરણાથી ચોખ્ખું કરીશું...’ ’’

આમ, એસ.એમ.વી.એસ. સંસ્થાના સંસ્થાપક ગુરુવર્ય પ.પૂ. બાપજી એ સમયે સ્વચ્છતાની સેવા ઉત્સાહ ને દિવ્યભાવે કરતા. તેઓ બ્રહ્મસત્ર સાથે સ્વચ્છતા સત્ર યોજતા રહ્યા.

●●●

ઈ.સ. ૨૦૧૫માં એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે પ.પૂ. સ્વામીશ્રી વાર્ષિક મિટિંગ અન્વયે વાસણા પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રીની મિટિંગનો પ્રારંભ થયો. આ મિટિંગમાં પ.પૂ. સ્વામીશ્રી ગુરુવર્ય પ.પૂ. બાપજી સમક્ષ સંસ્થાકીય આયોજન અને વ્યવસ્થાપન અંગેના મહત્ત્વના નિર્ણયો લેવા હોય તે જણાવતા હોય છે.

આ મિટિંગના પ્રારંભે પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને વંદન કરતાં કહ્યું, ‘‘બાપજી, ભારત સરકારે જનહિત માટે એક અભિયાન આરંભ્યું છે.’’

‘‘કયું સ્વામી ?’’

‘‘સ્વચ્છતા અભિયાન !’’

"સ્વામી, આ અભિયાન દેશમાં સ્વચ્છતા માટે શરૂ થયું છે ?"

"હા બાપજી ! આજે સ્વચ્છતા પરત્વે લોકોની માનસિકતા પહેલાં જેવી રહી નથી..."

"તો આપણે પણ આ સ્વચ્છતા અભિયાનમાં જોડાવ..." ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા.

પ.પૂ. સ્વામીશ્રીએ હા ભણી એટલે ફરીથી ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : "સ્વામી, આપણાં મંદિરો જે જે વિસ્તારમાં આવ્યાં છે તે તે વિસ્તારો અને એની આજુબાજુનાં વિસ્તારો-ગામડાંમાં હરિભક્તો દ્વારા સ્વચ્છતા અભિયાનની પહેલ કરાવો..."

આટલું કહ્યા બાદ ફરી બોલ્યા : "સ્વામી, આજે જાહેર હૉસ્પિટલો, બસ સ્ટૅન્ડો, રેલવે સ્ટેશનો, બગીચાઓ, વૃદ્ધાશ્રમો, અનાથાશ્રમો, સરકારી ઈમારતો આ બધાં સ્વચ્છતા માગે છે માટે ત્યાં તો અચૂક સ્વચ્છતા કરાવજો..."

પ.પૂ. સ્વામીશ્રી ગુરુવર્ય પ.પૂ. બાપજીની સ્વચ્છતા અભિયાન અંગેની પ્રેરણા પામી રહ્યા હતા.

ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી ફરી બોલ્યા : "સ્વામી, અંતર સ્વચ્છ કરવું હોય તો પ્રથમ બહારની સ્વચ્છતાથી શરૂઆત કરવી પડે. માટે તમે આ અભિયાન બને તેટલું વહેલું શરૂ કરો..."

પ.પૂ. સ્વામીશ્રી તો ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં આ દર્શને એક ક્ષણ ખોવાઈ ગયા : 'બાપજી સ્વયં શુદ્ધ સ્વરૂપ છે, પવિત્ર સ્વરૂપ છે, નિર્દોષ સ્વરૂપ છે, તેથી તેઓ જ અન્યને આંતર-બાહ્ય સ્વચ્છતા અર્પી શકે છે; પવિત્રતા બક્ષી શકે છે. આંતર-બાહ્ય સ્વચ્છ કરવાં એ એમનું જીવનકર્તવ્ય છે... સ્વચ્છતાનો આ આધ્યાત્મિક ગુણ તેઓના જીવનમાં અમને પળે પળે જણાયો છે...'

"સ્વામી, ઓ સ્વામી... કયા વિચારમાં છો...?"

એમ કહીને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ.પૂ. સ્વામીશ્રીને વિચારની સ્થિતિમાંથી જાગ્રત કર્યા.

"રાજી રહેજો બાપજી... આપને એક પ્રાર્થના કરવી છે. બાપજી, આપનો સ્વચ્છતાનો આગ્રહ જોઈ સેવક આ અભિયાનમાં જોડાશે... આપની અવરભાવમાં અવસ્થા થઈ છે પણ સેવક આપના બદલાની પણ સ્વચ્છતાની સેવા કરી, આપના સંકલ્પને સાર્થક કરશે. કારણ કે, આપ કહેતા હોવ છો ને કે આપણી ભાગીદારી કંપની છે... માટે સેવક પણ જોડાશે."

"હા સ્વામી, આપણી ભાગીદારી કંપની છે... અમે તમારી ભેળા જ છીએ..."

પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રેરણા-અનુજ્ઞા ઝીલી એસ.એમ.વી.એસ. સત્સંગ સમાજમાં સ્વચ્છતા અભિયાન પ્રારંભ્યું હતું.

●●●

વાસણા મંદિરે એક વખત સવારના સમયે સંત આશ્રમમાં સંતોના બાથરૂમની સ્વચ્છતા ચાલુ થઈ ગઈ.

જે સંતની સેવા હતી તે રસોડામાં હતા. રસોડામાંથી બાથરૂમમાં કોઈ સ્વચ્છતા કરે તેનો ખ્યાલ આવી જાય.

સેવાવાળા સંત વિચારવા લાગ્યા : 'કોણ સેવા કરતું હશે ? સેવા તો મારે કરવાની છે ! કદાચ કોઈ અન્ય સંત તો સેવા કરવા પહોંચી ગયા નથી ને !'

એટલે તેઓ ત્યાં પહોંચ્યા. તેમણે જોયું તો બાથરૂમ અને મુતરડીઓ ચકચકાટ સાફ થઈ ગયા હતા. હવે શૌચાલયો સાફ થઈ રહ્યાં હતાં.

સેવાવાળા સંતે પૂછ્યું : "દયાળુ રાજી રહેજો, અત્યારે કોણ સેવા કરે છે ?" તેમને કોઈ પ્રત્યુત્તર ન મળ્યો.

એટલે એમણે ફરી પૂછ્યું. તોપણ કોઈ જ બોલ્યું નહીં.

હવે સેવાવાળા સંત સહેજ ઊંચા અવાજે બોલ્યા : "કોણ સેવા કરે છે ? જણાવો તો ખરા !"

ત્યાં સંડાસનો દરવાજો ખૂલ્યો ને સેવાવાળા સંત વિસ્ફારિત આંખે જોઈ રહ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના એક હસ્તમાં સાવરણો ને બીજા હસ્તમાં સંડાસનું ક્લીનર હતું. ધોતિયાનો કછોટો માર્યો હતો...

ગુરુવર્ય પ.પૂ. બાપજીના પ્રથમ વખતે એમણે આવાં દર્શન કર્યાં હતાં.

તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીને જોઈ દીનભાવે બોલ્યા : "બાપજી, આપે સ્વચ્છતાની સેવા કરી !"

"હા સ્વામી, અમે આજે સેવાનો લાભ લીધો... અમે લઘુ કરવા આવ્યા હતા ને બધું અસ્વચ્છ જોયું એટલે રહેવાયું નહીં... સ્વામી અમને ચોખ્ખાઈ બહુ ગમે... શ્રીજીમહારાજને પણ બહુ ગમતી... એટલે લાભ લીધો..."

પ્રાર્થના કરતાં સેવાવાળા સંત બોલ્યા :

"બાપજી, આપ રાજી રહેજો. સેવક હમણાં સ્વચ્છ કરવાનો હતો... પણ થોડું

મોડું થયું... હવે આપ રહેવા દો. બાકીનાં શૌચાલયો હું સાફ કરી દઉં છું...''

''સ્વામી, અમે બાકીનાં બે શૌચાલયની સેવા કરી દઈએ... અમારે આમેય સ્નાન કરવાનું છે... એટલે રહેવા દો...''

''બાપજી, આ યોગ્ય ન કહેવાય. અમે આપના દીકરા તમારી જોડે સેવા કરાવીએ ! બાપજી મને સેવા આપો...''

''સ્વામી, તમે કાલે સેવા કરજો... આજે અમે કરીશું... આ સેવા તો શ્રીજીમહારાજની અનહદ કૃપાએ મળે; માટે આપ પધારો...'' એમ કહીને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ બીજાં શૌચાલય સાફ કર્યાં પણ સેવાવાળા સંતને ના કરવા દીધાં.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ માત્ર સ્વચ્છતાનો ઉપદેશ કે સંદેશ આપ્યો નથી; પણ અનેક વખત જાતે જ સ્વચ્છતાની સેવા કરી છે. તે આપણ સૌને પ્રેરણા આપવા માટે જ ને !

• • •

ગુરુવર્ય પ.પૂ. બાપજી મંદિર મુલાકાતે પધારે ને ક્યાંક અસ્વચ્છતા-અસ્તવ્યસ્ત દેખાય એટલે સેવક સંતને કહેતા હોય, ''વહીવટદારોને બોલાવો...''

વહીવટદાર આવે એટલે કહેતા, ''આપણાં મંદિર શ્રીજીમહારાજને ગમે તેવાં સ્વચ્છ હોવાં જોઈએ. જ્યાં સ્વચ્છતા ના હોય ત્યાં શ્રીજીમહારાજ કેવી રીતે રહે ? મંદિર સ્વચ્છ હોય તો નવા મુમુક્ષુઓને પ્રેરણા મળે... માટે મંદિર ચોખ્ખાં જોઈએ. માટે સાવધાન રહી ક્યાંય જરાક જેટલી ગંદકી મંદિરના કોઈ ખૂણે ના જ રહેવી જોઈએ.''

ક્યારેક સભામાં સ્વચ્છતા અંગે ગૃહસ્થ હરિભક્તોને લાભ આપતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી કહેતા હોય છે, ''શ્રીજીમહારાજના આશ્રિતનું ઘર અક્ષરધામ તુલ્ય ક્યારે બને ! તો ઘર સ્વચ્છ જોઈએ. આ તો આપણે જ ગોબરા હોઈએ, ઘર પણ અવ્યવસ્થિત હોય; અસ્વચ્છ હોય. માટે આપણા ઘરનું વાતાવરણ સ્વચ્છ હોય તો શ્રીજીમહારાજ આવીને વાસ કરે... એટલે કહેવાયું છે : 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા.' માટે ઘરમાં સ્વચ્છતા, પવિત્રાતા ખૂબ રાખવી... આપણે શ્રીજીમહારાજના વંશજ છીએ એટલે આપણે તો આપણા બાપને ગમે તે માટે સ્વચ્છતા તો રાખવી જ પડે ને...!''

આંતર-બાહ્ય સ્વચ્છતા રાખવાનો કસબ ગુરુવર્ય પ.પૂ. બાપજીની આગવી હથોટીની વાત છે ત્યારે આ દિવ્ય સત્પુરુષના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૩

## નિર્વ્યસની જીવનના આગ્રહી

ઈ.સ. ૧૯૬૬માં એક સમય ગુરુવર્ય પ.પૂ. બાપજી સોરઠ દેશમાં વિચરણ માટે પધારેલા.

એ વખતે સાંપ્રત સમયની જેમ વાહનવ્યવહારની વ્યવસ્થા નહીં. બહુધા લોકો પગપાળા જતા કાં તો ગાડામાં જતા.

જ્યાં જનમાર્ગ વિકસેલા ત્યાં મોટી બસમાં લોકો મુસાફરી કરતા.

એમાંય ગુરુવર્ય પ.પૂ. બાપજી એટલે સાધુતાની મૂર્તિ.

એ સમયે સાગરદાનભાઈ સ્વામિનારાયણ તેમની સાથે એટલે તેઓ કહેતા, “મેં સંપ્રદાયમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી જેવા અણીશુદ્ધ સાધુતાવાળા સંત જોયેલા નહીં. અરે ! સ્વયં શ્રીજીમહારાજની શિક્ષાપત્રીનું આબેહૂબ સ્વરૂપ. અણુમાત્ર આજ્ઞા ખંડિત થતી હોય ત્યાં તો અગાઉથી સાવધાન જ હોય... અમને તો ગમ ના પડે પણ એ તો એકદમ સજાગ...”

શિક્ષાપત્રીની આજ્ઞા શબ્દશઃ પાળવા બને ત્યાં બહુધા ગુરુવર્ય પ.પૂ. બાપજી પગપાળા વિચરણ કરતા.

આ વિચરણ દરમ્યાન તેઓ એક ગામે પધારવાના હતા. એટલે ત્યાંના એક મુમુક્ષુ હરિભક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને લેવા માટે બળદગાડું મોકલ્યું.

ગાડાવાળા ગુરુવર્ય પ.પૂ. બાપજીને સામા લેવા આવ્યા અને પ્રાર્થના કરી : ‘‘સ્વામી, આપ બળદગાડામાં બિરાજો.’’

‘‘તમારે કાંઈ વ્યસન છે ?’’ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રાર્થના સામે આ પ્રશ્ન પૂછ્યો.

ગાડાવાળા ભાઈ મૌન રહ્યા એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ફરીથી પૂછ્યું, ‘‘બોલો તમારે કાંઈ વ્યસન છે ?’’

પેલા ભાઈ ગભરાતાં ગભરાતાં બોલ્યા : ‘‘હા, સ્વામી...’’

‘‘શું વ્યસન છે ?’’

‘‘મારે તમાકુનું વ્યસન છે...’’

જેમની દૃષ્ટિમાં નરી અન્ય માટે કરુણા રહી હોય, દયા રહી હોય કે, ‘અમારા સંગમાં આવનારને ચોખ્ખો કરવો જ છે...’

એટલે ગુરુવર્ય પ.પૂ.બાપજી ગંભીર મુખમુદ્રાએ બોલ્યા, ‘‘અમે તમારા ગાડામાં બેસીશું નહીં.’’

સાથે રહેલા સાગરદાનભાઈ સ્વામિનારાયણ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતાં બોલ્યા : ‘‘બાપજી, આપ ઘણા દિવસોથી પગપાળા વિચરણ કરો છો... અને આજે પણ આપણે સવારથી પગપાળા ચાલ્યા છીએ... અને અવરભાવમાં આપને ઠાકોરજી જમાડવાની પણ અનુકૂળતા રહી નથી... આપ ખૂબ થાકેલા છો... માટે આપ ગાડામાં બેસી જાવ એવી પ્રાર્થના છે...’’

‘‘સાગરદાનભાઈ, આ ગાડાવાળા ભાઈ પ્રથમ વ્યસન છોડે તો જ આપણે એમના ગાડામાં બેસીશું.’’

આ વાર્તાલાપ સાંભળતાં સાંભળતાં ગાડાવાળા ભાઈનું હૃદય દ્રવી ઊઠ્યું. એમની આંખોની કોર પણ છલકાઈ.

તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં નમી ગયા.

‘‘સ્વામી, ઘણાં વર્ષોથી સંતોને ગાડામાં મૂકવા જતો પણ કોઈએ મને આપની માફક વ્યસન છોડવાની વાત કરી નથી. હું તો સાવ અબુધ છું પણ મને વ્યસન છોડાવવા તમે તમારા શરીર સામું પણ ના જોયું. આ ભાઈએ આપને પ્રાર્થના કરી તોપણ આપે મને સુધારવા તે સ્વીકારી નહીં. મારા જેવા પામરને સુધારવાનો

આપનો આગ્રહ કેવો છે ! આવા સાધુઓની મેં મારા બાપા કનેથી વાતું સાંભળી હતી પણ દર્શન આજે થયાં... લો સ્વામી, આજથી આ તમાકુની ડબ્બી મૂકી... આપ બળ આપજો..."

ગુરુવર્ય પ.પૂ. બાપજી રાજી થયા. તે હરિભક્તને ઊભા કર્યા ને બોલ્યા : "આજે તમે શ્રીજીમહારાજના ભગત થયા... શ્રીજીમહારાજ તમારી રક્ષામાં જ છે. મન મક્કમ રાખજો..."

"સ્વામી, હવે તો બિરાજો..." પછી ગુરુવર્ય પ.પૂ. બાપજી ગાડામાં બિરાજ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને તો નિર્વ્યસની ભક્ત જ વ્હાલા છે. તે છોડાવવા માટે નિજને પણ કષ્ટ આપવા પાછા પડતા નથી.

●●●

વાત્રક નદીના કાંઠે સલુજીની મુવાડી ગામના હીરાજી ઠાકોર.

ઘનશ્યામનગર મંદિરની બાજુના વિસ્તારમાં રહેતા. તેઓ પરોક્ષ દેવીના ભૂવા, દારૂના ચુસ્ત વ્યસની અને મેલી વિદ્યાના અઠંગ જાણકાર હતા.

એક વાર મંદિરના સમૈયા પ્રસંગે ગુરુવર્ય પ.પૂ. બાપજીના યોગમાં આવ્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમના પર કરુણા વરસાવતાં પૂછ્યું, "વ્યસન છે કંઈ તમારે ?"

ગુરુવર્ય પ.પૂ. બાપજીથી તેઓ પ્રભાવિત હતા. એમને ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતા અને દિવ્યતાએ ખેંચ્યા હતા.

એટલે તેઓ બોલ્યા : "સ્વામી, હું પાપી છું... આપને ને ભગવાનને ગમે એવું મારું જીવન નથી... હું બહુ દારૂ પીઉં છું..."

"હીરાજી, તમે અમારા યોગમાં આવ્યા છો એટલે તમારો દારૂ પીવાનો ધંધો છોડવો પડશે... તમે દારૂ ના છોડો તો અમારા પર સ્વામિનારાયણ ભગવાન રાજી ના થાય... માટે તમે દૃઢ સંકલ્પ કરો..."

"સ્વામી, રોજ આખો દા'ડો પીઉં છું તો એક ઝાટકે કેવી રીતે છૂટી જાય...?"

"એ તો છૂટી જાય તમારે છોડવું હોય તો..."

"હેં સ્વામી... તમે સાચું કહો છો...?"

"હા, જેમ આ માળા અમે પકડી રાખી છે; અમારે એને છોડવી હોય તો છૂટી... જો આ છોડી..."

"સ્વામી, આમ સાવ સહેલું છે...! તો આજથી મૂક્યો દારૂ."

"હીરાજી, બસ હવે તમે આજથી છોડ્યું એટલે એના વિષે વિચારવાનું નહિ અને દારૂડિયાનો સંગ નહિ કરવાનો..."

"ભલે સ્વામી... કોઈનો સંગ નહિ રાખું..."

આટલું સાંભળતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, "હીરાજી, દારૂ મૂકો તેમાં ભગવાનનું બળ રાખજો. આપણા બળથી તો કાંઈ થાય તેમ નથી. ભગવાનનું બળ હશે તો જ મક્કમ રહેવાશે ને ભગવાનને પ્રાર્થના કર્યા કરશો તો ખટકો રહેશે. માટે એમ અવશ્ય કરજો."

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મુમુક્ષુને સરળ ઉપાય આપીને પણ નિર્વ્યસની કર્યા છે...

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી વાસણા મંદિરે સંધ્યા સમયે દર્શન આપવા બિરાજ્યા હતા. એમાં કોઈ નવા હરિભક્ત દર્શને આવ્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને પૂછ્યું,

"શું તમે નોટ બાળો છો ?"

"હું ક્યાં નોટ બાળું છું ?"

"તમારે શું વ્યસન છે ?"

"બીડીનું..."

"આ બીડી તે રૂપિયા-નોટ દ્વારા ખરીદેલ છે. હવે તમે બીડીને બાળો છો એનો અર્થ કે તમે નોટને બાળી રહ્યા છો..."

તેઓ બે ઘડી માટે સ્તબ્ધ થઈ ગયા.

"તમે કેટલું કમાવ છો ?"

"બાપજી, મહિને માંડ ત્રણ-ચાર હજાર !"

"બીડી રોજની કેટલાની પીવો છો ?"

"દસ રૂપિયા..."

"તમને ખ્યાલ આવે છે ? મહિને ત્રણસો અને બાર મહિને છત્રીસો રૂપિયાની બીડી પી જાવ છો... આ તમે બચાવો તો તમારે એક બોનસ આવક થઈ જાય... શરીર સારું રહે... ઘરમાં શાંતિ રહે... સમજાય છે કંઈ !"

"હા બાપજી..."

"તો હવે શું કરશો ? છોડવી છે બીડી...?"

‘‘બાપજી છોડવી છે પણ છૂટતી નથી... આખો દા’ડો કામ કરતી વખતે બહુ સાંભરે છે ! એના વગર ઝાડે જવાતું નથી...’’

ગુરુવર્ય પ.પૂ. બાપજી એમની વાત સાંભળી મંદ મંદ હસ્યા અને બોલ્યા : ‘‘એવું કંઈ ના હોય... પણ તમે મનના ઢીલા છો... આજે મૂકો તો કાયમી જશે...’’

‘‘હા બાપજી, આજથી મૂકી...’’

ગુરુવર્ય પ.પૂ. બાપજી રાજી થયા અને એમને જળ આપ્યું ને બોલ્યા : ‘‘રોજ સવારે પાંચ માળા સ્વામિનારાયણની કરજો... શ્રીજીમહારાજ એ સાંભરવા દેશે નહીં.’’

શ્રીજીમહારાજને ગમતાં ચોખ્ખાં પાત્ર કરવા માટે હજારોના વ્યસન છોડાવનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૪

## વાંચનમ્

ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરે બિરાજતા ત્યારે એમનો દૈનિક ક્રમ અતિ અતિ વ્યસ્ત.

તેમાં એક સળી જેટલો અવકાશ તેઓ રહેવા દેતા નહીં.

બ્રાહ્મકાળે સાડા ચાર વાગ્યે એમનો દિવસ પ્રારંભાતો અને રાત્રિના સાડા અગિયાર વાગ્યા સુધી અવિરતપણે ચાલતો દિવસ વિરામ પામતો.

આ સમય દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. બાપજી અખંડ કથાવાર્તાના અખાડા ચલાવતા. રાત્રે સાડા અગિયાર વાગ્યે ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે વાંચન પ્રભાત ઊગતું. સાડા અગિયારથી લઈ દોઢ વાગ્યા સુધી વાંચન કરતા.

વાંચનમાં વચનામૃત તથા અબજીબાપાશ્રીની વાતોનું વાંચન ચાલતું. તેઓ એકાગ્રતાથી એક સ્થાને અભ્યાસ કરતા. એમની આ રીતિ કાયમી.

આ રીતિ જોઈ ઘણા હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતા : “બાપજી, આ તમે સવારે સાડા ચાર વાગ્યેથી લઈ સાડા અગિયાર વાગ્યા સુધી

કથાવાર્તાના અખાડા ચલાવો છો... સેવાઓ પણ કરો છતાંય સાડા અગિયાર પછી બે કલાક વાંચન શા માટે કરો છો ? દયાળુ, થોડો આરામ કરો ને ! અમારી આ પ્રાર્થના તો સ્વીકારો...''

''આખો દી અમે હરિભક્તો માટે કથા કરીએ એથી તમારું ભાથું બંધાય અને રાત્રે વાંચન દ્વારા અમે અમારા માટે કથા કરીએ છીએ એટલે અમારું ભાથું બંધાય... વળી મોટા સંતો કહેતા, 'કથાવાર્તા કરવાથી આપણી મૂડી ઓછી થાય...' એટલે અમારે અમારી મૂડી ભેગી કરવી જ પડે. શ્રીજીમહારાજ, અબજીબાપાશ્રી અને સદ્‌ગુરુશ્રીઓએ રચેલા ગ્રંથો વાંચીએ તો મૂર્તિના અનન્ય સુખનો અહેસાસ થાય... સુખિયા રહેવાય... ભર્યા રહેવાય... અને શ્રીજીમહારાજ તો ભર્યાના ધણી છે માટે અમે વાંચીએ છીએ...''

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરમાં બિરાજતા તોપણ બે કલાક અચૂક વાંચન કરતા.

●●●

ઈ.સ. ૨૦૧૨માં ગુરુવર્ય પ.પૂ. બાપજી એક વખત અમદાવાદના કોઈક સેન્ટરમાં પ્રાતઃ સભાનો લાભ આપવા પધાર્યા હતા. સભામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી જ્ઞાનમાર્ગ ચલાવી રહ્યા હતા. પણ જે કાયમી ઉત્તર કરતા હોય તેવા બે-ત્રણ મુક્તો જ બોલતા હતા.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘરના વડીલો-યુવકોને પ્રેરણા આપતાં બોલ્યા : ''આપણે સત્સંગી છીએ એટલે આપણને વચનામૃત, બાપાશ્રીની વાતો અને ઘનશ્યામ માસિકનો અભ્યાસ હોવો જોઈએ. રોજ ઓછામાં ઓછું એક કલાક તો વાંચન કરવું જ જોઈએ. એમાંય અત્યારે સ્વામીએ (પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીએ) 'વાંચે ગુજરાત' નિમિત્તે 'વાંચો ઘનશ્યામ'ની ઝુંબેશ ઉપાડી છે. એમાં આપણે આપણું માસિક બીજાને બંધાવી આપીએ પણ આપણે તો વાંચવું જોઈએ. વાંચવાથી આપણું જ્ઞાન વધે. અરે ! વારંવાર વાંચવાથી ન સમજાતી વાત સમજાય... આપણે વાંચતા નથી એટલે સભામાં સક્રિય ન રહેવાય. વાંચવાથી વિચારશીલ જીવન બને... આપણું જીવન સ્થિર સમજણવાળું બને... આપણે મનન કરતા થઈએ... સ્વામી તો વાંચનનો કેટલો મહિમા સભામાં

કહેતા હોય છે... માટે બધા વાંચન કરવાની સ્પર્ધામાં જોડાઈએ...''

પછી તરત ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સભાજનોમાંથી વાંચન ઝુંબેશમાં કેટલા જોડાશે તે માટે હાથ ઊંચા કરાવી ખાતરી મેળવી.

એમાં જે જે હરિભક્તે હાથ ઊંચા નહોતા કર્યા તેમને ઊભા કરી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સભામાં અંગત રીતે પૂછ્યું.

પછી તેઓ બોલ્યા : ''અમે કોઈને વચનામૃત, અબજીબાપાશ્રીની વાતો, ઘનશ્યામ માસિક કે આપણાં પ્રકાશનોનું વાંચન કરતા જોઈએ તો અત્યંત રાજી થઈએ છીએ...'' આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીને વાંચન કરનાર અત્યંત ગમે છે.

●●●

''બાપજી, દિવસમાં આપને જ્યારે જ્યારે પણ નવરાશની પળો મળે છે ત્યારે ત્યારે આપ એક મુખ્ય કાર્યની જેમ વાંચનને કેમ પ્રધાનતા આપો છો...!''

માર્ચ, ૨૦૧૭માં એક વાર સેવક સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને એમના આસને આવો પ્રશ્ન પૂછ્યો.

''સ્વામી, વાંચન અમને મોટા સંતોની ભેટ રૂપે મળ્યું છે.''

''એટલે કંઈ સમજાયું નહીં...'' સેવક સંત હાથ જોડી બોલ્યા.

''સ્વામી, મોટા સંતો કહેતા : 'શ્રીજીમહારાજનાં વચનો વાંચનથી પામી શકાય.' શ્રીજીમહારાજના અભિપ્રાય, આગ્રહ, અભિરુચિ, આશા-અરમાન આદિક વાંચનથી પામી શકાય. આપણા વડદાદા નિત્યાનંદ સ્વામી કેવા સમર્થ ! એ શાસ્ત્રોના અભ્યાસુ. એમનું વાંચન બહુ... કોઈ આવે તો એને શ્રીજીમહારાજનો મહિમા જેમ છે તેમ સમજાવી દે... આપણા ઈશ્વરબાપા આહાહા... એમણે તો અઢાર વર્ષના દાખડા કરી રહસ્યાર્થ ટીકા તૈયાર કરી... સર્વશ્રેષ્ઠ ગ્રંથની ગાઈડ તૈયાર કરી... વળી અબજીબાપાશ્રીનાં અમૃતવચનોનું સંકલન કરી કારણ સત્સંગના જ્ઞાનનો પ્રચાર કર્યો... હવે આ બધી આપણને ભેટ મળી છે એનાથી અળગા ન રહેવાય... અમે પૂર્વાશ્રમમાં હતા ત્યારે આખો દી વચનામૃત વાંચતા... પૂર્વાશ્રમમાં મુનિબાપાના યોગ બાદ અમે 'વચનામૃત અને બાપાશ્રીની વાતો' પર પારાયણ ગામના તળાવની પાળે બેસીને કરતા હતા.''

ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલતાં બોલતાં અટક્યા ત્યાં તો સેવક સંતે કહ્યું, ''બાપજી,


સેવકને તો આ અંગ નથી. તો કેવી રીતે કેળવાય ?"


"સ્વામી, આ અંગ કેળવવા ખટકો રાખવો... જ્યારે સમય મળે ત્યારે વાંચવા બેસી જવું એટલે ટેવ પડી જાય... અમને તો નાનપણથી પડેલ આ ટેવ આજે ૮૫ વર્ષે પણ એવી ને એવી જ છે..."


ગુરુવર્ય પ.પૂ. બાપજી ૮૬ વર્ષની અવસ્થાએ પણ વચનામૃત અને બાપાશ્રીની વાતોના વાંચનના પ્રખર હિમાયતી છે. તેથી આજે પણ રોજના ૨-૩ કલાક વાંચન કરે જ છે.

વાંચનનો અણનમ આગ્રહ રાખનાર અને રખાવનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...









"દાસના દાસ થઈ રહે જે સત્સંગમાં,
ભક્તિ તેની ભલી માનીશ રાચીશ તેના રંગમાં."
– સદ્. મુક્તાનંદ સ્વામી

# ૧૫

## પ.પૂ. સ્વામીશ્રી સાથે દાસભાવ

ઈ.સ. ૨૦૧૮, ફેબ્રુઆરીમાં એક સમય ગુરુવર્ય પ.પૂ. બાપજી એમના આસને બિરાજેલા હતા ત્યાં દર્શન કરવા પૂ. નિર્ગુણસ્વામી આવ્યા.

તેઓ દંડવત-દર્શન કરી ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિકટ ગયા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અન્ય થોડી વાતો કરી.

પછી વાતમાંથી પૂ. નિર્ગુણસ્વામીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, “બાપજી ! આપના ખૂબ દાખડાથી, આપના કથાવાર્તાના અખાડાને પરિણામે આપણા સંત-હરિભક્ત સમાજમાં જ્ઞાનમાર્ગ ઘણો વિકસ્યો છે. સહુને કૃતાર્થપણું જરૂર વર્તાય છે. અને શ્રીજીમહારાજ સિવાય કોઈ બીજા સનાતન ભગવાન નથી જ – આવો નક્કોર દૃઢ નિશ્ચય પણ છે. પરંતુ આપણા સમાજમાં મળેલા સત્પુરુષના મહાત્મ્યનું જોઈએ તેવું પ્રવર્તન થયું નથી.”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “સ્વામી, વાત સાચી છે. પણ તે કસરને તમે સહુ સંતો પૂરજો, તમે બધાય સંતો સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી)નો મહિમા

ખૂબ ખૂબ સમજજો અને ગાજો. અમારા કરતાંય પણ વધુ ને વધુ મહિમા ગાજો.''

પૂ. નિર્ગુણસ્વામી તો ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખે પ.પૂ. સ્વામીશ્રીની મહિમાગાથા સાંભળી, ગુરુવર્ય પ.પૂ. બાપજીના દાસત્વભાવને વંદી રહ્યા.

પોતાની હયાતીમાં જ પોતાના શિષ્યનો મહિમા પોતા કરતાં અધિક ગાવાનું કયા ગુરુ કહી શકે ?

પરંતુ, ગુરુવર્ય પ.પૂ. બાપજીને દાસના દાસ થવામાં પળ વાર લાગતી નથી.

●●●

તા. ૨૫-૧-૨૦૧૮ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી વાસણા મંદિરના મૂર્તિધામ હૉલ ખાતે જ્ઞાનસભામાં લાભ આપવા પધાર્યા.

વ્હિલચૅર પર બિરાજિત ગુરુવર્ય પ.પૂ. બાપજી દિવ્ય આસન સુધી પહોંચ્યા.

ત્યાં તો સેવક સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને આસન પર બિરાજમાન કરવા હસ્ત પકડી ઊભા કરવા માંડ્યા.

પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીથી અવરભાવમાં ઊભું જ થવાતું નહોતું.

અવરભાવમાં ખૂબ કષ્ટ પડતું હતું. છતાં પણ હરિભક્તો સામે કરુણામય દૃષ્ટિ કરી તેઓ માંડ માંડ ઊભા થઈ, આસન પર બિરાજિત થયા.

બિરાજિત થતાં ફરી આખી સભા પર દિવ્યદૃષ્ટિ રેલાવીને સૌને 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા.

સભામાં લાભ આપવાનું તેઓએ શરૂ કર્યું.

૧૫-૨૦ મિનિટ કથાવાર્તામાં લાભ આપી જીવનધ્યેય નક્કી કરાવતાં બોલ્યા : ''બહુ મુસીબતે કથા કરવાની થાય છે એટલે તમારે ખૂબ ધ્યાનથી સાંભળવું... કંઈ જવા ન દેતા...''

જ્યાં અડધો કલાક થયો હશે ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : ''સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી), કેટલા વાગ્યા છે ?''

''બાપજી, હવે દસ મિનિટ જ રહી છે !'' પ.પૂ. સ્વામીશ્રી બે હસ્ત જોડી બોલ્યા.

"અમને દાક્તરે અને સ્વામીએ ૪૫ મિનિટ બોલવાની છૂટ આપી છે. એટલે હવે અમારે પૂરું કરવું પડશે. તમે બધા રાજી રહેજો..."

આ ગુરુવર્ય પ.પૂ. બાપજીની દાસત્વભક્તિની ઉત્તમ દશા છે.

પોતે કેટલા સર્વોચ્ચ દાસત્વની ભૂમિકા પર બેઠેલા છે તેની પ્રતીતિ એમની સાથે પળે પળે થાય છે.

એમનો પરમ આનંદ પણ નાનાની કે શિષ્યોની વિનંતીમાં રહી દાસ થવામાં છે.

●●●

ઈ.સ. ૨૦૧૮ના માર્ચ માસમાં વાસણા મંદિરે ગુરુવર્ય પ.પૂ. બાપજી હંમેશના ક્રમ મુજબ સવારના સેશનમાં અમૃતવાણીનો લાભ આપવા પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી વચનામૃતની સમજૂતી આપે ત્યારે તો જાણે મોટો ઉત્સવ ઊજવતા હોય તેમ જણાય.

તેમની આગવી ભાતની છટા, એમની અસ્ખલિત વાણીનો નિતાંત વહેતો પ્રવાહ, શ્રીજીમહારાજની તથા મોટાપુરુષની અનન્ય પ્રાપ્તિના મહિમાથી રસસભર અને રસ ઊભરાતી વાણી અને મૂર્તિરસનો આસ્વાદ માણી શ્રોતાવર્ગ સુખમાં રસતરબોળ જોવા મળે.

આજે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ગઢડા છેલ્લાનું ૩૧મું વચનામૃત પૂર્ણ કર્યું.

તેમની પાસે વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી બિરાજેલા.

તેઓ પણ પોતાના ગુરુવર્ય પ.પૂ. બાપજીની પરાત્પર રસપ્રચૂર વાણી ખૂબ એકાગ્રતાથી શ્રવણ કરતાં કરતાં તેમાં નિમગ્ન બન્યા હતા.

"હવે તો જો સ્વામી કહે તો અમે આ સેશન પૂરું કરી દઈએ." ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું.

એટલે કે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દાસભાવે પોતાના જ શિષ્યની પરવાનગી માગી.

તે વખતે વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીએ એમ ન કહ્યું કે, 'હા, હવે તમે પૂરું કરી દો

તો સારું.'

પરંતુ તેમણે એક અદના શિષ્ય તરીકેની પોતાની ફરજમાં રહીને બે હાથ જોડી વિનયપૂર્વક કહ્યું કે, "દયાળુ, આપની જેમ રુચિ હોય તેમ આપ કરો."

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ જેમ દાસભાવ બતાવ્યો તેમ શિષ્ય તરીકે વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીએ પણ દાસભાવ બતાવ્યો છે.

પરભાવ અને અવરભાવના પદને ગૌણ કરી, પોતાની દાસત્વની સુવાસ સૌમાં વિશેષ પ્રગટાવી છે !!

આમ, આ બંને દિવ્ય સત્પુરુષો દાસત્વમૂર્તિ છે, દાસત્વનો ભંડાર છે એનાં આપણને ક્ષણે ક્ષણે દર્શન થાય છે.

દાસત્વનાં આર્દ્ર પદો એમના જીવનકાવ્યનાં ધ્રુવ સ્થાને છે. તેમના સાંનિધ્યની પ્રત્યેક યશવંત ક્ષણો સદાય દાસભાવથી મ્હોરી ઊઠતી હોય છે. એમાંય પોતાના અનુગામી શિષ્ય પ.પૂ. સ્વામીશ્રીના પણ દાસ થવા જેવી દાસત્વ વિશ્વની અપરિમ્- અદ્વિતીય પરાકાષ્ઠા લેખાવનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૬

# વ્યવસાયમાં પરહિતની ભાવનાનો ઉપબોધ

ઈ.સ. ૨૦૧૮, જાન્યુઆરીમાં એક વાર ઝાલોદના સોની હરિભક્ત ગુરુવર્ય પ.પૂ. બાપજીના આશીર્વાદ લેવા માટે ગોધર મંદિરે આવ્યા હતા.

તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતાં કહ્યું,

“બાપજી, અમે વડોદરામાં સોના-ચાંદીનાં ઘરેણાં અને નાણાં ધીરવા માટેનો ધંધો શરૂ કર્યો છે. આપ આશીર્વાદ આપજો...”

“કેટલા ટકા વ્યાજ લેવાના છો ?”

“ત્રણ...”

“આ શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ છે...”

“બાપજી, આપ કહો એમ અમે કરીએ...”

“તમે વ્યાજવટાવનો ધંધો કરો તેમાં અમારી રુચિ નહીં. કારણ, આ ધંધામાં ગરીબને દુખવવાના થાય; એમની આંતરડી કકળાવવાની થાય. શ્રીજીમહારાજે શ્રીમુખ વચનામૃતમાં ઘણે ઠેકાણે જણાવ્યું છે : ગરીબને કલ્પાવે તે પર અમારો કુરાજીપો થાય અને એને ઘણુંબધું વેઠવું પડે...”

"દયાળુ, તો આપ જણાવશો; અમારે હવે આ ધંધામાં શું કરવું ?"

"શ્રીજીમહારાજની આ ધંધો કરવામાં રુચિ નથી તો અમે કેમ..." એમ કહી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મૌન ધારણ કરી લીધું.

જે ધંધાથી સમાજમાં અરાજકતા, દૂષણો, ભ્રષ્ટાચાર અને હાડમારી સર્જાય એવા વ્યવસાય કરવા અંગે કોઈ પૂછે તો ગુરુવર્ય પ.પૂ. બાપજી સદૈવ મૌન જ કેળવે.

થોડી વાર પછી ફરી ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, "વ્યવસાય એવો કરવો કે જે સમાજમાં અને સત્સંગમાં સંપ, સંસ્કાર, સદાચાર અને આત્મીયતા સર્જે. એમાં શ્રીજીમહારાજનો અનહદ રાજીપો છે. આજે વિષમ દેશકાળમાં પ્રત્યેક વ્યવસાય ક્યાંક ને ક્યાંક ઘણી બદીઓથી ગ્રસ્ત હોય છે. પણ એમાં શ્રીજીમહારાજની આજ્ઞાપત્રીનું અક્ષરશઃ પાલન થાય તો તે કુટુંબ-પરિવારમાં શાશ્વત શાંતિનો નિવાસ થાય. નહિ તો અમે બહુ જોયું છે. અનીતિ કરનારની પાછળની પેઢીમાં સાતડે સાત હોય છે."

ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં આ અમૃતવચનો સાંપ્રત સમાજની આઈ.આઈ.એમ. જેવી ઉચ્ચતર વિદ્યાશાખાના અભ્યાસક્રમથી પણ અતુલ્ય છે.

● ● ●

ઈ.સ. ૨૦૧૭, માર્ચમાં એક વખત બિલ્ડર હરિભક્તની અમદાવાદ વિસ્તારની એક સાઈટ પર ગુરુવર્ય પ.પૂ. બાપજી પધાર્યા.

"શ્રીજીમહારાજ અને મુક્તોનું સ્થાપન આપની નવી સાઈટ પર થયું."

"હા મહારાજ..." હાથ જોડીને બિલ્ડર હરિભક્ત બોલ્યા.

"શ્રીજીમહારાજ ને મુક્તો જ્યાં બિરાજે ત્યાં હંમેશાં સારાં કાર્યો જ થાય; તો શ્રીજીમહારાજ આ કાર્યના કર્તા બને..."

"હા..." હાથ જોડી નમ્રભાવે તેઓ બોલ્યા.

"જીવનમાં વ્યક્તિ એક વખત મકાન બનાવે છે. અને એ પણ રાત-દિન મહેનત કરી કરીને... લોહી-પાણી એક કરીને બનાવે છે. મકાનના બાંધકામમાં રેતીનું પ્રમાણ એટલું ન રાખવું કે બિચારો મકાન લેનાર ખાટલામાં સૂતાં સૂતાં પાણી પીવે... માટે સિમેન્ટનું પ્રમાણ કાયમ મુજબ વધુ જ રાખજો... એમને જે વેવસ્થા આપવાનું નક્કી કર્યું હોય તે મુજબ આપજો... પણ દગા-કપટ ન કરતાં

જિંદગી પર્યંત ઘરમાં રહેનાર રાજી થઈને રહે એવું કામ કરી આપજો. તમારે તો રોજની સ્કીમો છે પણ એમણે તો આ એક જ સ્કીમમાં ઘર રાખ્યું છે.

માટે તમારું પોતાનું ઘર બનાવતા હોવ તેમ બનાવજો... પણ કોઈને જરીક જેટલુંય દુઃખ ન પડે તેનું ધ્યાન રાખજો... એમને 'હાશ' થાય એવું મકાન બનાવી આપજો...

કોઈ ગરીબનું અંતર જો દુખાય તો શ્રીજીમહારાજ પણ દુખાય. માટે શ્રીજીમહારાજ પ્રગટ છે એ ભાવે આ સ્કીમ તૈયાર કરશો..."

ગુરુવર્ય પ.પૂ. બાપજી બિલ્ડરોને આ નીતિ-ઉપદેશ કાયમી પાઠવતા હોય છે. વળી પૂર્વે જેણે જેણે ખોટું કર્યું હોય તેનું મિષ લઈ ખોટું ન કરવાની રીત પણ સમજાવતા હોય છે.

●●●

ઈ.સ. ૨૦૧૮, જાન્યુઆરીમાં એક વાર એક કાર્ડિયોલૉજિસ્ટ ડૉક્ટર ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને વાસણા મંદિરે આવ્યા હતા.

"જય સ્વામિનારાયણ..." ડૉક્ટરે ખૂબ ભાવથી દંડવત સહ ગુરુવર્ય પ.પૂ. બાપજીને વંદન કર્યા.

"સ્વામી, કોણ છે આ ?" સેવક સંતને પૂછ્યું.

"બાપજી, આ મોટા કાર્ડિયોલૉજિસ્ટ ડૉક્ટર છે અને પૂ. સંતોએ આપનાં દર્શન માટે મોકલ્યા છે."

"ક્યાં આપનું દવાખાનું...?"

"બાપજી, એ સરકારી હૉસ્પિટલમાં માનદ સેવા આપે છે." સેવક સંતે ઉત્તર આપ્યો.

"એટલે સેવામાં ડૉક્ટરીનો ઉપયોગ કરે છે ?"

"હા બાપજી..." સેવક સંત બોલ્યા.

"ડૉક્ટર સાહેબ, આપ બહાર પૈસા કમાતા હશો ને !" અંતર્યામીપણે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા.

"હા બાપજી... આ તો મને એકલાને જ ખ્યાલ છે..." એવા અહોભાવથી ગુરુવર્ય પ.પૂ. બાપજીને જણાવ્યું.

"સાહેબ, ભલે તમે સેવા કરો, બહાર કમાવો પણ આપણા પર ભગવાન છે;

એમનો અખંડ ખ્યાલ રાખજો... 'તમે ડૉક્ટર છો' એ ભૂલતા નહીં. નહિ તો આજે લોકો ડૉક્ટર પર કેટલો વિશ્વાસ રાખતા હોય છે. એમની લાગણી અને વિશ્વાસને ઠેસ ન પહોંચે તે જોતા રહેશો. આજે લોકોના મુખે એવું સાંભળ્યું છે કે, મેડિકલ ફિલ્ડમાં મોટેભાગે દર્દીના દર્દ કરતાં પૈસા સામે વધુ નજર રહે છે ને તે પડાવવાનો જ પ્રયાસ વધુ હોય છે. એ લાંછનથી આપ છેટા જ રહેશો... અને જોડે તો કંઈ આવતું નથી. કાલે મોઢું ફાટ્યું રહેશે ત્યારે ભગવાનને શું મોઢું દેખાડીશું ? માટે ભગવાનનો ડર રાખીને સેવા કરજો..."

ડૉક્ટર તો ગુરુવર્ય પ.પૂ. બાપજીના વ્યવસાય પરત્વે વફાદારી રાખવાના તલસ્પર્શી નિદર્શનથી અભિભૂત થયા.

તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં અહોભાવથી નમતા બોલ્યા : "સ્વામીજી, સદાય મારા વ્યવસાય પરત્વે સજાગતા રહે એવી સમજ-શક્તિ આપજો..."

વ્યવસાયમાં પરહિતને મુખ્ય રાખવાનું ઉપબોધન કરી, '**सर्वहित रक्षाय:**'ની કેડી કંડારનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૭

## શ્રીહરિની મૂર્તિ સિવાય કોઈ સ્વાદ નથી ચાખ્યો

ગુરુવર્ય પ.પૂ. બાપજીને અનુકૂળ આવે એવી રસોઈ કરી હોય છતાં અવરભાવમાં તેઓ જમાડવામાં ઉદાસીનતા જણાવે.

ઘણી વાર નિઃસ્વાદીપણું જણાવતાં કહેતા હોય છે :

“રસોઈ ઠીક ઠીક બની છે.”

જાન્યુઆરી, ૨૦૧૬માં એક વખત સેવક સંતો બપોરે ગુરુવર્ય પ.પૂ. બાપજીને ભોજન પીરસતાં બોલ્યા : “દયાળુ લો, કેટલું આપીએ ?”

“સ્વામી, થોડું થોડું આપો...”

“દયાળુ, રાજી રહેજો, અવરભાવમાં પ.પૂ. સ્વામીશ્રી તથા પૂ. સંતો-ભક્તો આપને જમાડવામાં અનુકૂળ ના આવતું હોવાને લીધે ચિંતા કરતા હોય છે. એટલે આપના દીકરા તરીકે અમારી ફરજ બને છે... આપના સ્વાસ્થ્યની સંભાળ રાખવી... પણ આપ તો એના પ્રત્યે ઉદાસીનતા જ જણાવો છો. આપને અનુકૂળ હોય, ફાવતું હોય છતાં આપ નામમાત્ર જ લો છો... અમારાથી આપની કંઈ અસેવા તો થતી નથી ને !” આમ કહી સેવક સંત ગળગળા થઈ ગયા.

"ના સ્વામી, તમે દુઃખી ન થતા. સાચું કહું તો અમને જમાડવામાં સમયની બરબાદી લાગે. પણ આપ સૌને ને સ્વામીને રાજી રાખવા અમે જમીએ છીએ. સ્વામી, અમે પ્રથમથી 'શ્રીજીમહારાજ' પર લક્ષ દીધું છે, રાખ્યું છે એટલે જમાડવાનું અને એ સિવાયનું બીજું બધું જ ફીકું લાગે છે."

●●●

ગુરુવર્ય પ. પૂ. બાપજીને અવરભાવની અવસ્થાને લીધે જમાડવામાં બહુ ઓછું અનુકૂળ આવતું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને રોટલી-શાક પણ અનુકૂળ આવતાં નહોતાં.

ગુરુવર્ય પ.પૂ. બાપજી રાજી થકા જમાડે અને જમાડવાનો સંતોષ વ્યક્ત કરે એટલા માટે પૂ. સંતો એમને રાજી કરવા કંઈક નવીન બનાવે.

ઈ.સ. ૨૦૧૭ના માર્ચ માસમાં એક દિવસ ઢોંસા અને ગુલાબજાંબુ બનાવ્યાં હતાં.

પૂ. સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતાં કહ્યું, "બાપજી, આપ જમાડવા બિરાજો."

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી સંતોના આનંદ-ઉત્સાહને પામી ગયા કે, 'કાંઈક નવું જમાડવાનું બનાવ્યું લાગે છે.'

એટલે તેમણે પૂછ્યું કે, "સંતો, જમાડવા માટે શું લાવવાના છો તે પ્રથમ કહો."

પૂ. સંતોએ પ્રાર્થના સાથે વિનયવચને કહ્યું, "બાપજી, આપને હમણાંથી જમાડવાનું અનુકૂળ આવતું નહિ હોવાથી આજે આપના માટે નવી વાનગી બનાવી છે."

"શું બનાવ્યું છે ?" ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વાતની વચ્ચે જ પૂછ્યું.

"ઢોંસા તથા ગુલાબજાંબુ બનાવ્યાં છે." પૂ. સંતોએ કહ્યું.

આ સાંભળી તેઓ સહેજ હસ્યા ને બોલ્યા કે, "સંતો, આ ૮૫ વર્ષ સુધીમાં કદી ઢોંસા કે ગુલાબજાંબુ જમ્યા નથી તો હવે શું કરવા જમાડવા પડે !

જેનો સ્વાદ આટલાં વર્ષોમાં કદી લીધો નથી, તો હવે શા માટે એનો સ્વાદ લેવો ? માટે એવું ભોજન રહેવા દો. અમને એ ભોજન માફક નહિ આવે; અમને આપણું રોજનું ભોજન રોટલી ને શાક આપો, તે અમે જમાડીશું."

ગુરુવર્ય પ.પૂ. બાપજી આ અવસ્થાએ સ્વાદને પડખે ફરકવા પણ દેતા નથી એ દર્શન અહીંયાં થાય છે.

તેમજ એમની સાધુતાનો અડીખમ સિદ્ધાંત એવો છે કે, 'આટલાં વર્ષોથી

જેનો સ્વાદ લીધો નથી, તો હવે શા માટે લેવો જોઈએ ?'

પૂ. સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજી જમાડતા નથી અને એમને અનુકૂળ આવે તેથી ફરી આગ્રહ કર્યો કે, ''બાપજી, આપને શરીરે સારું રહેતું નથી અને આપની તબિયતને અનુકૂળ આ રોટલી-શાક આવતું નથી. એટલે આ ઢોંસા જમાડો; એવી અમારી પ્રાર્થના છે.''

છતાં તેમણે એ પ્રાર્થના ન સ્વીકારી અને ઢોંસા તથા ગુલાબજાંબુ સામું જોયું સુધ્ધાંયે નહીં.

આ છે એમનું નિઃસ્વાદીપણું અને આવી છે આ નિઃસ્વાદી વિભૂતિ.

• • •

ફેબ્રુઆરી-માર્ચ, ૨૦૧૭માં એ દિવ્યપુરુષે એવું પ્રકરણ ચલાવ્યું હતું કે, તેઓ ટામેટાંનું શાક ને રોટલી જમાડતા હતા.

દિવસમાં બંને વખત ટામેટાંના શાકને જ પસંદ કરતા.

આવું ગુરુવર્ય પ.પૂ. બાપજી દોઢ મહિનાથી એકધારું એક જ શાક જમાડતા.

એક વાર સેવક સંતે પૂછ્યું : ''બાપજી, અમે તો રોજ એકનું એક શાક બે વખત જમાડીએ તો જોવું પણ ન ગમે અને આપ તો રોજ કંટાળ્યા વિના જમાડો છો...''

ગુરુવર્ય પ.પૂ. બાપજી કંઈ જ ન બોલ્યા.

''બાપજી, સતત દોઢ-બે માસ સુધી એક જ શાક જમાડવું એ આ લોકના કોઈ સામાન્ય જનનું કાર્ય નથી. દયા કરીને આપના જેવું નિઃસ્વાદીપણું આપજો...'' સેવક સંત પ્રાર્થના કરતાં બોલ્યા.

''સ્વામી, શ્રીજીમહારાજ અને મોટા સંતોએ આવાં પ્રકરણ ચલાવેલાં; એમાં એમને કોઈ સ્વાદ ન હતો પણ એક જ આત્યંતિક કલ્યાણનો આશય હતો.

ટામેટાંની સિઝનમાં ટામેટાંનું, ટામેટાંની વાડીવાળાનું ને ટામેટાંની સેવા કરી હોય તે બધાનું કલ્યાણ કરવું હોય; તે માટે ટામેટાંનું શાક જ અંગીકાર કરીએ છીએ.''

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીને એક જ સ્વાદ રહ્યો છે : શ્રીજીમહારાજનો અને મુમુક્ષુને શ્રીજીમહારાજ આપવાનો.

આવું નિઃસ્વાદીપણું શ્રીહરિના સત્પુરુષ સિવાય અન્યત્ર ક્યાંય જોવા ન મળે !

• • •

ઈ.સ. ૨૦૧૮ના જાન્યુઆરી માસમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દરરોજ ઢોકળાં

જમવાનું શરૂ કર્યું હતું.

એટલે તેઓ છેલ્લા ત્રણ મહિનાથી રાત્રે ઢોકળાં જ જમાડતા !

આજે સેવક સંતોએ બે પ્રકારનાં ઢોકળાં બનાવ્યાં હતાં : તીખાં અને મોળાં.

એટલા માટે કે ગુરુવર્ય પ.પૂ. બાપજીને જે અનુકૂળ આવે તે જમાડે.

સેવક સંતોએ બંને ઢોકળાં જુદાં જુદાં રાખીને બાજુમાં મૂક્યાં.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તો અવરભાવમાં ઢોકળાં જ જોયાં પણ તીખાં અને મોળાં એમ બે પ્રકારનાં છે એવું જોયું જ નહીં.

અને એવું એમણે કશું પૂછ્યું પણ નહિ કે બે જુદાં જુદાં ઢોકળાં શા માટે મૂક્યાં છે ?

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઢોકળાં જમાડવાનું શરૂ કર્યું એટલે તેઓ બંને જમાડતા જાય.

પછી સેવક સંતોએ પૂછ્યું, “બાપજી, કયા ઢોકળાં અનુકૂળ આવ્યાં ?”

તો ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આશ્ચર્યવત્ પૂછ્યું, “બેયમાં શું જુદું છે ?”

ત્યારે સેવક સંતોએ કહ્યું, “બાપજી, એક તીખાં ઢોકળાં છે અને બીજા સાવ મોળાં ઢોકળાં છે.”

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મોળાં ઢોકળાં સામું જોઈને પૂછ્યું, “આ તીખું છે ?”

ત્યારે સેવક સંતોએ કહ્યું, “ના બાપજી, આ તો સાવ મોળાં છે.”

પછી તીખાં ઢોકળાં સામું જોઈ પૂછ્યું, “આ મોળાં લાગે છે નહીં ?”

પછી બંને પ્રકારનાં ઢોકળાં જમ્યા ને બોલ્યા, “આ તો બધું સરખું જ લાગે છે. આ એકેયમાં કાંઈ ફેર નથી.”

“બાપજી, આપને બેય સરખાં લાગે છે ?”

“સ્વામી, અમારે તીખું, મોળું, ખાટું, કડવું, તૂરું એવું કંઈ છે જ નહીં. અમને બધું સમ વર્તે છે.”

“તો બાપજી આપને...” સેવક સંત વાક્ય પૂરું કરે તે પહેલાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા :

“સ્વામી, અમારું સુખ, સ્વાદ, આનંદ એક શ્રીજીમહારાજ જ છે. અમે ક્યાં જીભના સ્વાદે સુખિયા છીએ ? અમે અખંડ એકકાળાવિચ્છિન્ન મૂર્તિના સુખે સુખિયા છીએ.”

• • •

તા. ૧૧-૩-૨૦૧૮ના રોજ સેક્ટર-૬, ગાંધીનગર મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે પૂ. સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને જમાડવા, રાજી કરવા ગાજરનો હલવો બનાવ્યો હતો.

પૂ. સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાહજિક વૃત્તિથી પરિચિત જ હતા : 'બાપજી જે ન જમાડ્યું હોય તે કદી જમાડતા નથી. એટલે બાપજીએ હલવો જમાડ્યો નથી તો શું તે જમાડશે ખરા ! જો સીધો આપીએ તો ન પણ જમાડે. એટલે હવે કંઈ રસ્તો કરવો પડશે...'

તેથી તેમણે હલવાનો પેંડા જેવો આકાર કરી દીધો.

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, "બાપજી, આ પેંડા જમાડો."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "સ્વામી, આ પેંડા જેવું નથી લાગતું. પેંડા જેવો આકાર છે પણ છે કંઈ નવું જ. બોલો શું છે ?"

પૂ. સંતોએ કહ્યું, "બાપજી, આપ રાજી રહેજો... આ ગાજરનો હલવો છે; પેંડા જેવો જ લાગે માટે આપ કૃપા કરીને ગ્રહણ કરો. અમને ખ્યાલ હતો કે આપે કદી ના જમાડ્યું હોય તે લેતા નથી પણ આપને કેવળ રાજી કરવા કર્યું હતું. રાજી થજો..."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તુરત કહ્યું, "મેં આજ સુધી કોઈ દિવસ હલવો ચાખ્યો નથી, એનો સ્વાદ જોયો નથી તો હવે શા માટે જમાડવાનો ? માટે લઈ જાવ. અમે તમારા ભાવને સ્વીકારી લીધો છે.

મોટા સંતો કહેતા, 'મૂર્તિરસ પીધો જેને તેને ન ગમે અવર રસ રે...' માટે આપ આ પ્રસાદ લઈ જાવ."

"બાપજી, આપને ક્યાં સ્વાદ છે ! આપ તો દિવ્યપુરુષ છો તો થોડો અંગીકાર કરો ને..."

"સંતો, તમે અમને રાજી કરવા કર્યો હતો ને ! તો અમે તમારા પર રાજી... પણ અમારાથી ગ્રહણ નહિ થઈ શકે..."

અવરભાવમાં જેને નથી કોઈ સ્વાદ, નર્યો એક મૂર્તિનો જ આસ્વાદ એવા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૮

## પરભાવમાં અલમસ્ત

વાસણા મંદિરે ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસન પાસેના હૉલમાં સાંજે પાંચથી સાડા છ વાગ્યા સુધી ગુરુવર્ય પ.પૂ. બાપજીને વ્હિલચૅરમાં પૂ. સંતો ઠાકોરજી આગળ પ્રદક્ષિણા કરાવતા હોય છે.

એ દરમ્યાન પૂ. સંતો કીર્તન બોલતા હોય અને ગુરુવર્ય પ.પૂ. બાપજી તેને એકાગ્રપણે સાંભળતા હોય.

ઘણી વાર વ્હિલચૅરની પ્રદક્ષિણા ચાલુ હોય, પૂ. સંતોનું કીર્તનગાન ચાલુ હોય તેમાં ને તેમાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજી મૂર્તિમાં તલ્લીન થઈ જાય ને સાધનિકને અવરભાવમાં એમ જ લાગે કે ગુરુવર્ય પ.પૂ. બાપજી પોઢ્યા છે.

તા. ૧૪-૩-૨૦૧૮ના રોજ નિત્યક્રમ મુજબ ગુરુવર્ય પ.પૂ. બાપજી સંધ્યાવિહાર કરી રહ્યા હતા.

સેવક સંતો રૂડી કીર્તનભક્તિ કરતા હતા.

અવરભાવમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પોઢ્યા હોય એવું જણાવ્યું.

૬:૩૦ સુધી એવું ચાલ્યું ને એકાએક ગુરુવર્ય પ.પૂ. બાપજી જાગી ગયા ને

બોલ્યા, "સ્વામી, કેટલા વાગ્યા ?"

"૬:૩૦ વાગ્યા."

એમ સંતોએ જવાબ દીધો ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "૬:૩૦ વાગી ગયા; અમને તો કશી ખબર જ રહી નહીં."

આ સાંભળીને જોડેવાળા સેવક સંત બોલ્યા, "બાપજી, અમને તો આપ અવરભાવમાં પોઢતા હોય એવું જણાવતા હતા એટલે આપને ક્યાંથી ખબર હોય ?"

એ જ વખતે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા કે, "સ્વામી, અમે પોઢ્યા નહોતા. અમે તો કીર્તનનું શ્રવણ કરતાં કરતાં મૂર્તિમાં તદાકાર થઈ ગયા એટલે ક્યાં સમય જતો રહ્યો તે ખબર જ ન પડી. અમે તો મૂર્તિમાં અલમસ્ત હતા એટલે સમયનું અનુસંધાન ન રહ્યું... તમે પણ અમારી જેમ મૂર્તિમાં તદાકાર થઈ જશો ત્યારે તમને પણ એવું વર્તશે. અમારે તમને બધાયને એવી સ્થિતિ જ કરાવવી છે.

"બાપજી, અમને માફ કરજો. આપ સંપૂર્ણ પરભાવમાં જ છો... દિવ્ય છો... પણ અમને જોતા આવડતું નથી... માટે ખાસ અમારી દિવ્યદૃષ્ટિ કરાવજો... આપ જ્યાં છો ત્યાં જ અમને રાખ્યાની છતે દેહે અનુભૂતિ કરાવજો... અમારા પર રાજી રહેજો..."

હવે જો આપણને એમનો પરભાવ ન સમજાય તો એમ જ લાગે કે પોઢી ગયા છે અને એમના પરભાવની ગેડ્ય પડે તો મોટાપુરુષને ઊંઘ-ભૂખ-તરસ-સુખ-દુઃખ એવા કોઈ અવરભાવના ભાવ છે જ નહીં.

આ સ્થિતિનું વર્ણન કરતાં મોટાપુરુષોએ કીર્તનમાં ટાંક્યું છે :

"અનાદિમુક્તો મૂર્તિમાં, નિરંતર છે ને છે છે જ;
નવાં નવાં સુખ લે એ તો, દાતા દે છે શ્રીજી સહેજે."

અર્થાત્ ગુરુવર્ય પ.પૂ. બાપજી નર્યું પરભાવનું સ્વરૂપ છે.

અને એમનો પરભાવ આવા પ્રસંગે જણાઈ આવતો હોય છે.

●●●

તા. ૨૨-૧-૨૦૧૮ના રોજ વસંતપંચમીનો દિવસ હતો.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી શિક્ષાપત્રીના પૂજન-આશીર્વાદ માટે આસનેથી નીચે મંદિરમાં પધાર્યા હતા.

શિક્ષાપત્રીનું વાંચન કરવા માટે ગુરુવર્ય પ.પૂ. બાપજીને સેવક સંતોએ ચશ્માં

આપ્યાં. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ચશ્માં હસ્તમાં લીધાં.

થોડી ક્ષણો પછી જ સેવક સંતને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું, ‘‘આ ચશ્માં કોનાં છે ?’’

સેવક સંતોને ગુરુવર્ય પ.પૂ. બાપજીની પરભાવીય રીતનો ખ્યાલ હતો.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીનું આવું પૂછવાથી સેવક સંતો મનમાં મલકાયા :

‘ગુરુવર્ય પ.પૂ. બાપજી બ્રહ્માનંદી છે, અલમસ્ત દુનિયામાં વિહરનારું અલૌકિક સ્વરૂપ છે. એટલે તેમને અવરભાવનાં કોઈ વસ્તુ-પદાર્થની ખબર ન જ હોય. વાસ્તવમાં બાપજી આ જ ચશ્માં વડે નિત્ય ત્રણ-ચાર કલાક એમના આસને સત્સંગ વાંચન કરે છે. ચશ્માંનો રોજનો આટલો સહવાસ હોય તોપણ ચશ્માં કોના છે એની તો અવરભાવમાં ખબર હોય કે ન હોય ? પણ બાપજીને અવરભાવમાત્રનો ખ્યાલ ના જ હોય કેમ કે બાપજી સંપૂર્ણ પરભાવમાં વિલસતું સ્વરૂપ છે. એટલે એમને અવરભાવનાં પદાર્થની ખબર જ ક્યાંથી હોય ?!’

તેથી સેવક સંતે કહ્યું, ‘‘બાપજી, આ ચશ્માં આપનાં જ છે.’’

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, ‘‘અમે તો મૂર્તિ સિવાય કશું અમારું રાખ્યું જ નથી...’’


આ સાંભળી સેવક સંત પણ મર્મ સમજી ગયા.


થોડી વાર પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સેવક સંતને કહ્યું, ‘‘સ્વામી, આપણે તો આ જ રીત સર્વે ક્રિયામાં રાખવી જે આપણે તો મૂર્તિમાં જ છીએ ને ક્રિયા કરે છે તે સર્વે શ્રીજીમહારાજ જ કરે છે.’’

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીની અવરભાવની ઘણીક ક્રિયામાં તેમના પરભાવના સ્વરૂપનાં અલૌકિક દર્શન સહેજે સહેજે થતા હોય છે.

અવરભાવમાં દેખાવા છતાં નિરંતર પરભાવમાં અલમસ્ત રહેનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...









અંત સમે હરિ સંગ દર્શન દઈ, જીવોને લઈ જાય ધામે રે;
પ્રેમીજનોની વિનંતી સ્વીકારી, કોઈને રાખે આ ઠામે રે.
– વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી

# ૧૯

# અગાઉથી અવધિ આપીને ધામમાં લઈ જાય

સાગરદાનભાઈ સ્વામિનારાયણ જ્યારે પોતે સત્સંગના યોગમાં ન હતા તે વખતની વાત છે.

એક છાયા શાસ્ત્રીનો એમને ભેટો થયો. એ છાયા શાસ્ત્રીએ સાગરદાનભાઈને તડકામાં ઊભા રાખ્યા.

એમનો પડછાયો ફૂટપટ્ટીથી માપ્યો ને પછી તરત કહ્યું કે, “તમારાં ધર્મપત્નીનું ૬૩ વર્ષનું આયુષ્ય છે તેથી તેટલી વયે દેહ છોડવો પડશે ને તમારું ૬૭ વર્ષનું આયુષ્ય છે એટલે આપ ૬૭ વર્ષ સુધી જ જીવી શકશો.”

આ વાતને ઘણો સમય વીત્યો.

સાગરદાનભાઈ પોતે પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીના યોગમાં આવ્યા, સત્સંગના રંગે રંગાયા.

જ્યારે સાગરદાનભાઈનાં ધર્મપત્ની (જે કવિ માવદાનજી રત્નુનાં ભત્રીજી થાય)ની ઉંમર ૬૩ વર્ષની થઈ.

ત્યારે એક રાત્રિએ સાગરદાનભાઈને સ્વપ્નમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દર્શન દીધાં ને વાત કરી, “તમારા ઘરનાં મનુષ્યને શ્રીજીમહારાજ ને બાપા સાથે અમે

તેડવા આવ્યા છીએ પણ એ તમને સત્સંગમાં સાથ ખૂબ આપે છે, કથા-કીર્તન-ચેષ્ટા બોલવામાં સહકાર આપે છે; એમ તમને સત્સંગમાં તથા સેવામાં મદદરૂપ થતા હોવાથી એમનું આયુષ્ય ન હોવા છતાં તેમને રાખીએ છીએ.''

સવારે જ્યારે સાગરદાનભાઈ પોતાનાં ધર્મપત્ની પાસે ગયા ત્યારે તેમનાં ધર્મપત્નીએ કહ્યું કે, ''મને રાત્રિના સમયે છાતીમાં ખૂબ જ દુખાવો થવા લાગ્યો હતો. જાણે હમણાં શ્રીજીમહારાજ મને ધામમાં તેડી જશે.''

ત્યારે સાગરદાનભાઈએ તેમને રાત્રે બનેલી હકીકત જણાવી ને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ જ તમને રાખ્યા છે એવું જણાવ્યું.

આમ એમનું આયુષ્ય ન હતું તેમ છતાં આયુષ્ય આપીને એમને રાખ્યાં.

આ વાતને ૨૫ વર્ષના વહાણાં વહી ગયા પછી સાગરદાનભાઈનાં ધર્મપત્નીની તબિયત ફરી વધુ કથળી.

અનાજ જમી ન શકે, ચાલી ન શકે એવી સ્થિતિ સર્જાઈ.

એ સમયે સાગરદાનભાઈ થકી સત્સંગમાં આવેલા વલ્લભભાઈ પટેલે એ સમયે ન્યૂજર્સી ખાતે બિરાજેલા ગુરુવર્ય પ.પૂ. બાપજીને ફોન કર્યો.

પછી તેમણે પરિસ્થિતિની બીના કહી પ્રાર્થના કરી કે, ''બાપજી, આપ સાગરદાનભાઈનાં ઘરનાં મનુષ્યને ધામમાં તેડી જાઓ તો સારું.''

તરત જ ક્ષણનોયે વિલંબ કર્યા વિના ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, ''સાગરદાનભાઈને કહેજો કે બે દિવસમાં એમને ધામમાં તેડી જઈશું. અમે શ્રીજીમહારાજને પ્રાર્થના કરીશું.''

ને બન્યું પણ એવું. બીજા જ દિવસે આપેલ અવધિ મુજબ જ શ્રીજીમહારાજ, બાપાશ્રી, ગુરુવર્ય પ.પૂ. બાપજી એમને દર્શન આપી ધામમાં તેડી ગયા.

આમ, દિવ્યપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજી એ જીવાત્માને અગાઉથી અવધિ આપીને ધામમાં તેડી ગયા.

●●●

તા. ૧૦-૭-૨૦૦૬ના રોજ વિજાપુરના લાડોલ ગામના વતની મફતલાલના જીવનમાં પણ આવી દિવ્યાનુભૂતિ થઈ.

પોતે કૅન્સરના રોગથી પીડાતા હતા. દિવસે દિવસે પરિસ્થિતિ વિકટ બનતી જતી હતી.

પણ એમની છેલ્લી ઇચ્છા હતી કે, 'મારે બાપજીનાં દર્શન કરવાં છે.'

આથી એમના દીકરા બાબુભાઈ એમને વાસણા ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શનાર્થે લાવ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરતાં કરતાં મફતભાઈ રડી પડ્યા ને પ્રાર્થના કરી, "બાપજી, મારાથી પીડા સહન થતી નથી. બસ હવે મને ધામમાં તેડી જાઓ."

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા, "જાઓ મફતભાઈ, આજથી સાતમે દિવસે અષાઢ વદ સાતમના રોજ તમને ધામમાં તેડી જઈશું."

બાપ-દીકરો આશીર્વાદ પામી પોતાને ગામ પરત આવ્યા ને બરાબર સાતમે દિવસે અષાઢ વદ સાતમ, તા. ૧૭-૭-૨૦૦૬ના દિવસે શ્રીજીમહારાજ, બાપા, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આ મુમુક્ષુ જીવને દર્શન આપ્યાં.

ને જેમ માખણમાંથી મોવાળો ખેંચી લે એમ મફતલાલના ચૈતન્યને દેહમાંથી ખેંચી મૂર્તિના સુખનો ભોક્તા કરી દીધો.

આમ, મોટાપુરુષના દિવ્ય મુખારવિંદમાંથી ઉચ્ચારેલાં શબ્દો-વચનો અફર હોય.

કેમ કે પોતે અખંડ મૂર્તિમાં રહે છે ને એમના બોલનારા સ્વયં શ્રીજીમહારાજ હોય છે.

●●●

મહેસાણાના હસમુખભાઈ ચૌહાણને શારીરિક તકલીફ હતી.

પગની અંદર લોહીનું પરિભ્રમણ સાવ ધીમું પડી ગયેલું; પરિણામે પગમાં દુખાવો વધુ રહેતો.

એક રવિવારે દુખાવો વધવાથી પોતે રવિસભાનો લાભ લેવા ન જઈ શક્યા.

સભાનો લાભ ગયો એનું અંતરમાં ભારોભાર દુઃખ હતું પણ શારીરિક તકલીફો આગળ પોતે લાચાર હતા.

જ્યારે આ વાતની જાણ પૂ. સંતો તથા હરિભક્તોને થઈ ત્યારે સંતો-હરિભક્તો ખબર પૂછવા ને હિંમત આપવા એમના ઘરે ગયા.

સૌએ ડૉક્ટરને બતાવવાની સલાહ આપી પણ હસમુખભાઈ ન માન્યા.

જરૂર પડશે તો બતાવીશું એમ કહ્યું. હરિભક્તોએ ત્યાં સેવામાં રહેવાનો આગ્રહ કર્યો.

પરંતુ તેને પણ હસમુખભાઈએ નકારી દીધો ને બધાને ઘરે જવા કહ્યું.

રાત્રે ૨:૩૦ વાગ્યે હસમુખભાઈને દુખાવો ખૂબ વધી ગયો.

સવારે ૪ વાગ્યે તેમને લાયન્સ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

ડૉક્ટરે કેસ બહુ ગંભીર છે એમ સૂચવ્યું ને અમદાવાદની મોટી હૉસ્પિટલમાં આઈ.સી.યુ.માં લઈ જવાની સલાહ પણ આપી.

ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. ૫-૬ લાખ રૂપિયાનો ખર્ચો થાય એમ હતો.

આથી એમના દીકરા વિમલભાઈએ પૂ. સંતોને વાત કરી ને સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને ફોન દ્વારા પ્રાર્થના કરી.

એ વખતે સવારના ૧૦ વાગ્યા હતા. ને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ફોન ઉપર જ શ્રીજીમહારાજને પ્રાર્થના કરીને તેડી જવાના આશીર્વાદ આપ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “વિમલને કહેજો કાંઈ અમદાવાદ લાવવાની જરૂર નથી, શ્રીજીમહારાજને પ્રાર્થના કરી છે; શ્રીજીમહારાજ તેમને જલદી તેડી જશે...”

ને એ જ સવારના ૧૧:૩૫ વાગ્યે શ્રીજીમહારાજ, બાપા, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દિવ્ય તેજોમય દર્શન આપ્યાં ને હસમુખભાઈના ચૈતન્યને મૂર્તિના સુખમાં મહાલતો કરી દીધો.

શ્રીજીમહારાજ અને મુક્તની એકતા છે. મુક્તના કર્તા શ્રીજીમહારાજ છે. આવો દિવ્યભાવ આપણે પણ આ દિવ્યપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના વિષે કેળવીએ અને કૃતાર્થ બનીએ...

●●●

એસ.એમ.વી.એસ. સંસ્થા સાથે જોડાયેલ સુરતના પ.ભ. જિતેશભાઈ શાહના માતુશ્રી છેલ્લાં અમુક વર્ષોથી બીમાર હતાં.

ડિસેમ્બર, ૨૦૦૯માં વડોદરા મૂર્તિપ્રતિષ્ઠાનો લાભ લઈ વડોદરા તેઓના મોટા દીકરાના ઘરે રોકાઈ ગયાં.

માતુશ્રીની તબિયત વધુ ખરાબ થતાં તેઓના મોટા દીકરાના પુત્રવધૂએ જિતેશભાઈને ફોન કર્યો :

“હલ્લો, જય સ્વામિનારાયણ જિતેશભાઈ.”

“હા બોલો મહારાજ...” જિતેશભાઈ બોલ્યા.

“છેલ્લા કેટલાય સમયથી મમ્મીને જમાતું નથી અને ગોધર જવા માટે

કહે છે.''

બીમારી સાથે છેલ્લાં ૩૫ વર્ષથી જિતેશભાઈનાં માતુશ્રીનાં શરીરમાં કંઈક મેલી વસ્તુ પણ હતી.

જિતેશભાઈએ સુરત પૂ. સંતોને બધી વાત કરી.

પૂ. સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને ફોન દ્વારા જાણ કરી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''જિતેશને કહો, સમય ઓછો છે માટે ત્રણ જોડી કપડાં લઈ તત્કાળ ગોધર મંદિરે પહોંચે.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞાનુસાર જિતેશભાઈ અને તેમનાં માતુશ્રી તા. ૩-૧-૨૦૧૦ના રોજ રાત્રે ૮:૨૦ વાગ્યે ગોધર પહોંચ્યા.

અને રાત્રે પોઢ્યા ત્યારે જિતેશભાઈનાં માતુશ્રીને રાત્રે ૧૦ વાગ્યે શ્રીજીમહારાજે દર્શન આપી ધામમાં લઈ જવાની વાત કરી. જિતેશભાઈને જાણ થઈ પણ તેઓને વિશ્વાસ ન આવ્યો.

બીજે દિવસે સવારે એટલે કે તા. ૪-૧-૨૦૧૦ ને ૭ વાગ્યે ગોધર મંદિરમાં જ જિતેશભાઈનાં માતુશ્રીને શ્રીજીમહારાજે મૂર્તિના સુખમાં મૂકી દીધાં.

બરાબર ત્રણ દિવસે જ જિતેશભાઈ સુરત પહોંચ્યા.

આમ ઘનશ્યામ મહાપ્રભુ તથા ગુરુવર્ય પ.પૂ. બાપજી આપેલી અવધિ પ્રમાણે જિતેશભાઈનાં માતુશ્રીને ધામમાં લઈ ગયા.

અગાઉથી અવધિ આપીને પોતાના જનને ધામમાં લઈ જનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૦

## ભક્તવત્સલતા

ગુરુવર્ય પ.પૂ. બાપજી કચ્છના ભારાસર ગામે સત્સંગ વિચરણ માટે પધારેલા. ગામના હરિમંદિરમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી સંતો-ભક્તો સાથે થોડી વાર માટે રોકાયા હતા.

મંદિરે સંતો આવ્યા એવી ભાળ મળતાં ગામના લોકો દર્શન કરવા આવ્યા.

એમાં કોઈ યુવાનનો હાથ પકડી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું, “તમે કોના દીકરા ?”

“હું માવજીભાઈનો દીકરો છું.” યુવકે કહ્યું.

“આ ગામમાં તો ત્રણ-ચાર માવજીભાઈ નામના હરિભક્તો છે. પણ તમે તો જે માવજીભાઈના ગાલ પર કાળો મસ છે તેમના દીકરા ને ?”

યુવક તો આ સાંભળી બે ઘડી હતપ્રભ થઈ ગયો. અને આશ્ચર્યભાવે તેઓ બોલ્યા : “હા બાપજી... હું તેમનો જ દીકરો છું પણ મારા બાપાના ગાલ પર કાળો મસ છે... તે તમને કેવી રીતે ખ્યાલમાં છે ? અને મને આપે કેવી રીતે ઓળખી લીધો...?”

"ત્રીસ વર્ષ પહેલાં અમે ભારાસરમાં આવેલા ત્યારે તમે તમારા પિતાની સાથે અમારાં દર્શન કરવા આવ્યા હતા… તે દી તમે નાના હતા."

યુવક તો આ સાંભળી તે જ ક્ષણે સ્તબ્ધ થઈ ગયો અને વિચારવા લાગ્યો : 'બાપજીએ મને ત્રીસ વર્ષ પહેલાં જોયેલો… હું તો ત્રીસ વર્ષનાં વહાણાં વહી ગયેલાં એટલે ઓળખી ન શક્યો પણ એ મને ઓળખી ગયા. ઓહ ! ગુરુવર્ય પ.પૂ. બાપજીના સ્મૃતિભંડારમાં અમારા જેવા સાવ સામાન્ય જન પણ કેટકેટલા સમયથી સચવાયા છે. આ તો એમની કરુણા કહેવાય ! બાકી આજે સ્વાર્થ વિના કોઈ યાદ રાખતું નથી…'

યુવક ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં ઢળી પડ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનો આશીર્વાદનો સ્નેહાળ હસ્ત આ યુવકના માથે ફરી રહ્યો. ત્યારે એની આંખો હર્ષાશ્રુને ખાળી જ શકી નહીં.

●●●

ઈ.સ. ૨૦૧૩માં વિજાપુર મંદિરે એક વખત સેવક સંત એક હરિભક્તને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને લાવ્યા. તેઓએ પરિચય આપતાં કહ્યું, "આ પસાભાઈ, કડીના છે…"

ગુરુવર્ય પ.પૂ. બાપજી એમની સામે જોઈ રહ્યા અને બોલ્યા : "કયું ગામ કહ્યું આપે સ્વામી ?"

"દયાળુ, કડી…"

"ના સ્વામી, એમને પૂછો એ અત્યારે કડી રહેતા હશે પણ મૂળ એમનું ગામ જોષીપુરા છે…"

પેલા હરિભક્ત બોલ્યા : "હા બાપજી, મારું ગામ જોષીપુરા છે. આપ અમારા ગામમાં સત્સંગ કરાવવા આવતા અને એક વાર મારા ઘરે પધરામણી કરવા પણ પધાર્યા હતા…"

"આ પસાને ગામમાં બધા કીર્તનિયો તરીકે ઓળખે !"

"હા બાપજી…"

પેલા હરિભક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણસ્પર્શ કર્યા ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કૃપા કરી અમૃત ધબ્બો વરસાવ્યો.

આવા તો અનેક પ્રસંગે એવી પ્રતીતિ થાય કે, ગુરુવર્ય પ.પૂ. બાપજીના હૃદયમાં હરિભક્તોની સ્મૃતિઓ સદાય નવપલ્લવિત રહેતી હોય છે. એની

અવારનવાર પ્રસંગોપાત્ત અનુભૂતિ સહેજે સહેજે થાય છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનો હરિભક્ત સંપર્ક અદ્વિતીય.

રોજના સેંકડો લોકોને સમૂહમાં તો ક્યારેક વ્યક્તિગત મળતા હોય.

આ મુલાકાતો કેવળ ને કેવળ ઔપચારિકતાને નહિ પણ અનૌપચારિકતાને વરેલી હોય.

એમાં એમની કરુણાવર્ષા જ વરસતી હોય.

તેમની સાથેની આ ક્ષણ અકલ્પ્ય સ્પર્શથી ભીની હોય.

ગુરુવર્ય પ.પૂ. બાપજી અવિરત વિચરતાં હજારો ગામડાંઓ અને લાખો ઘરોમાં પધાર્યા છે. એ દરેક ગામડાંઓની તાસીર અને એ દરેક ઘરના પરિવેશથી વાકેફ હોય !

એ લાખો મુમુક્ષુઓને એમણે નર્યા નિઃસ્વાર્થ નેહની નજરે નિહાળ્યા છે. આને પરિણામે એમના હૈયે એક મહાસાગર સમો બૃહદ સ્મૃતિકોશ રચાતો જ રહ્યો છે.

જેમાં અસંખ્ય હરિભક્તોની પેઢીઓની શૃંખલાઓ, એ ભક્તોની સાથે સંલગ્ન કેટકેટલાં વાસો, શેરીઓ, ગામો, નગરો, પ્રદેશો; એમણે કરેલી નાની-મોટી તન, મન કે ધનની સેવાઓનો; એમની ભક્તિનો અને એમના મહિમાવંત જીવનનો વણખૂટ્યો સ્મૃતિનિધિ છે.

આ સ્મૃતિનિધિ કેટલાય દાયકાઓનાં વહાણાં વાયા બાદેય એવો ને એવો અકબંધ છે, તાજો છે, પ્રફુલ્લિત છે.

●●●

ઈ.સ. ૧૯૬૬માં એક વાર ગુરુવર્ય પ.પૂ. બાપજી સંસ્થાના પૂર્વકાલીન ટ્રસ્ટી સાગરદાનભાઈ સ્વામિનારાયણ સાથે રાજકોટ ગુરુકુળ કોઈ સેવા સંદર્ભે પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી ગુરુકુળમાં પધાર્યા એ દરમ્યાન વિદ્યાર્થીઓને મુક્તવિહારનો સમય હતો.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીને જોતાં બે-ત્રણ મુમુક્ષુ ભક્તો નિકટ દર્શન માટે આવ્યા.

એમાં એક ભક્તને જોતાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : “ગોવિંદ ને... તારા પિતાનું નામ શિવાભાઈ...”

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આવી રીતે તેને તેના અને તેના પિતાના નામથી બોલાવ્યો તો તે અવઢવમાં પડ્યો : ‘હું સ્વામીને ઓળખતો નથી ને સ્વામી મને અને મારા પિતાને કેવી રીતે ઓળખે ?’

એટલે તેણે પૂછ્યું, “સ્વામી, તમે મારું નામ કેવી રીતે જાણ્યું ?”

“તમે ૮-૧૦ વર્ષ પહેલાં સરસપુર મંદિરે આવેલા ખરું ને ?”

“હા... મારા મામા સરસપુર રહે છે. હું તેમને ત્યાં રહેવા આવ્યો હતો; ત્યારે હું સરસપુર મંદિરે દર્શન કરવા આવતો.”

“તમે દર્શન કરવા નિયમિત આવતા એટલે એક વાર અમે તમને બોલાવી તમારું નામ, તમારા પિતાનું નામ પૂછેલ.”

“ઓહોહો... સ્વામી, હું તો તમને સાવ ભૂલી ગયો હતો પણ આપે મારી શ્રીજીમહારાજનાં દર્શન કરવાની નિયમિતતા કેવી નોંધી હશે... એ આજે મને સમજાય છે... બાકી એક વાર નામ-ગામ અંગે પૂછ્યું યાદ ન રહે...”

આટલું બોલતાં બોલતાં તે ભક્ત ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં ઝૂકી પડ્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એના માથે હસ્ત મૂકી આશીર્વાદ આપ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્મૃતિ દ્વારા કેવળ ને કેવળ અદ્ભુત સ્મરણશક્તિનો અહેસાસ કરાવવા કરતાંય ભક્તો અને ભક્તોની સેવાઓને નિરંતર સ્મરણમાં રાખે છે.

આ વાત તેમની ‘ભક્તવત્સલતા’નું દર્શન કરાવે છે.

હા, આ છે ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સ્મૃતિભંડાર !

આને શું કહેવું ?

સ્નેહનો ઘૂઘવતો સાગર કે કરુણાનો સાગર !

શબ્દોથી એને વર્ણવી શકાય એમ નથી. કેમ કે આ સ્મૃતિઓ કરુણાતીત છે, સીમાતીત છે, સમયાતીત છે.

આ ગાથા લાઈટિંગ મેમરીની થોડી છે ! આ તો માત્ર ને માત્ર નીતરતા સ્નેહની છે !

જે સદાય ભક્તોના હૈયે ગુંજતી રહેશે.

સ્મૃતિમાં રાખી ભક્તવત્સલતાનું અપાર અમી છલકાવનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૧

## સંતો-ભક્તો સમક્ષ દાસભાવ

તા. ૧૯-૧૨-૨૦૧૭ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી  પ્રિ-મુમુક્ષુ બૅચના મુક્તોને રાજીપો આપવા સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર પધાર્યા હતા.

રાજીપાદર્શન બાદ પૂ. નિષ્ઠાસ્વામી સાકર લઈને આવ્યા : ‘‘બાપજી, આ સાકર પ્રસાદીની કરી આશીર્વાદ આપો !’’

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સાકર પર હસ્ત મૂકી આશીર્વાદ આપ્યા, ‘‘આ સાકર જે જમાડશે તેને શ્રીજીમહારાજ છતે દેહે નિર્વાસનિક કરી દેશે...’’

ત્યાં તો સંતો-હરિભક્તોમાં જયજયકાર થયો.

થોડી વાર બાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ  પૂ. નિષ્ઠાસ્વામીને પૂછ્યું, ‘‘સ્વામી, અમે બે દાણા સાકરની પ્રસાદી લઈએ...?’’

જે સંસ્થાના સંસ્થાપક છે.

જેમની પ્રેરણા તથા અનુજ્ઞાથી સમગ્ર સંસ્થા અને સંતો-હરિભક્તો કાર્યાન્વિત રહે છે તોપણ દાસત્વના સાવ છાના પડઘમ હરિભક્તોના હૈયે ગુંજતા કર્યા છે.

એ કંઈ મોટપ માટે નહીં... અને એટલે જ તો સાકરના બે દાણા લેવામાં પણ

પૂછે.

●●●

તા. ૨૧-૧૨-૨૦૧૭ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી અમદાવાદના મુક્તોને અમૃતવાણીનો લાભ આપતા હતા :

“શ્રીજીમહારાજે આ વચનામૃતમાં (ગ.છે. ૩૭માં) પોતાનો યથાર્થ મહિમા વર્ણવ્યો છે...”

જ્ઞાનમાર્ગની ભારે વાતો ગુરુવર્ય પ.પૂ. બાપજી ખૂબ હળવાશથી સૌને દિવ્યાનંદ રેલાવતા સમજાવતા હતા.

સભાની સમાપ્તિનો સમય થઈ ગયો હતો.

સૌ સભામાં ગુરુવર્ય પ.પૂ.બાપજીની અમૃતવાણીમાં રસતરબોળ હતા.

“દયાળુ, હવે નવ વાગી ગયા છે તો સભાને વિરામ આપીએ...!” હરિભક્તો ગુરુવર્ય પ.પૂ.બાપજીને હાથ જોડી દાસભાવે વંદી રહ્યા હતા.

“હા... રજા આપો તો એક વાક્ય પૂરું કરી લઈએ. આનો બીજો ભાગ આવતા અંકે લઈશું... બધા રાજી રહેજો...”

સંતો-ભક્તોની પ્રાર્થનારૂપ પરવાનગી લઈ એક વાક્ય પૂર્ણ કર્યું. પણ પોતે હરિભક્તોને વચનામૃત પર સળંગ લાભ ન આપી શક્યા તેનો ખેદ તેમની મુખાકૃતિ દ્વારા જણાવતા હતા.

આથી ગુરુવર્ય પ.પૂ. બાપજી ફરી ફરી સૌને કહેતા હતા : “તમે બધા રાજી છો ને ? આ વચનામૃતનો બીજો ભાગ બીજી સભામાં લઈશું... સૌ રાજી રહેજો...”

આમ, સૌ સંતો-ભક્તોની કથાવાર્તારૂપ સેવા અપૂર્ણ રહેતાં, દાસભાવે રાજી કરતા ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ વિલક્ષણતા ઘણાખરા પ્રસંગોએ અનુભવાય છે.

●●●

તા. ૨૨-૧૦-૨૦૧૭થી તા. ૨૬-૧૦-૨૦૧૭ દરમ્યાન જ્ઞાનસત્ર-૧૧ યોજાયું હતું.

જેમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વાસ્થ્યને અવગણીને સભામંચ ઉપર હરિભક્તોને લાભ આપવા પધાર્યા.

કથાવાર્તાનો પ્રારંભ કરતા પૂર્વે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દીન અને સેવકભાવે

સભાજનો સાથે ગોઠડી કરતાં કહ્યું, “સૌને જય સ્વામિનારાયણ.”

“જય સ્વામિનારાયણ...” સભાજનોએ કહ્યું.

“મુક્તો, આજે અમારે તકલીફ છે. શ્રીજીમહારાજની મરજી હશે તેમ થશે.”

સૌ સભાજનો બે હાથ જોડી વંદી રહ્યા.

“મુક્તો, શ્રીજીમહારાજ લાભ આપશે પણ અમારે તકલીફ છે માટે અમને લઘુ કરવા જવા દેશો...?”

“બાપજી, આપે અનુમતિ ન લેવાની હોય...” એક વડીલ હરિભક્ત બોલ્યા.

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા,

“તમે સૌ શ્રીજીમહારાજના મુક્તો છો માટે... અમારે જ્યારે જવું પડે ત્યારે જવા દેજો...”

દાસભાવે હસ્ત જોડી તેઓ બે-ત્રણ વાર બોલ્યા.

●●●

સંત શિબિરમાં દર વર્ષે ગુરુવર્ય પ.પૂ. બાપજી નિયમિત રીતે સંતોને લાભ આપવા પધારતા જ હોય.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સંત શિબિરમાં લાભ આપવા ખૂબ ઉત્સુક હોય.

તેઓ રોજ સાંજે ૪:૩૦થી ૬:૩૦ સુધી લાભ આપવા પધારતા હોય.

એમાં કોઈ દિવસ તેઓ ગમે તેવી પરિસ્થિતિમાં પણ કાપ મૂકતા નહીં.

તા. ૧૭-૧-૨૦૧૮થી તા. ૨૩-૧-૨૦૧૮ સંત શિબિર પહેલાં અને એ દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. બાપજીનું અવરભાવમાં સ્વાસ્થ્ય ઘણું નાદુરસ્ત રહેતું.

તેમ છતાં તેઓ કથાવાર્તા કરવાના ખૂબ જ આગ્રહી.

તેઓ તેમાં કાપ મૂકવામાં એક ટકો પણ રાજી ન થાય. પરંતુ અવરભાવનું સ્વાસ્થ્ય પણ સાચવવું પડે તે અત્યંત જરૂરી હતું.

એટલે પૂ. સંતોએ સંત શિબિરમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનો એકાંતરે દિવસે લાભ મળે તેવું આયોજન વિચાર્યું.

પણ પૂ. સંતોને એવું હતું કે, ‘ગુરુવર્ય પ.પૂ. બાપજી આ આયોજનમાં રુચિ નહિ જણાવે તો ? તેઓ રોજ આવવાનો આગ્રહ જણાવશે તો ?’

એટલે પૂ. સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરીને કહ્યું, “બાપજી, આ

વર્ષે આપના અવરભાવનું સ્વાસ્થ્ય સારું નથી અને આપને અવરભાવમાં ખૂબ આવવા-જવાનો ભીડો વેઠવો પડે નહિ એટલે એક દિવસ છોડીને બીજા દિવસે લાભ આપવા આવવાનું અનુકૂળ રહેશે કે કેમ ? આપ એમાં રાજી તો રહેશો ને !"

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંતોની પ્રાર્થના સાંભળી સંતોને બે હસ્ત જોડી કહ્યું, "ભલે, આપ જેમ, જેવું ગોઠવો તેમ અમે આવીશું."

એમ સાવ સરળ થઈ દાસભાવે પૂ. સંતોનો પ્રસ્તાવ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તરત જ સ્વીકારી લીધો.

ત્યારબાદ ગુરુવર્ય પ.પૂ. બાપજી પ્રથમ દિવસે સંત શિબિરમાં લાભ આપવા પધાર્યા.

તેમણે લાભ આપ્યો પણ ખરો; પણ તેમનું અવરભાવનું સ્વાસ્થ્ય સારું ન હતું.

તેથી પૂ. સંતોએ તુરત ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, "બાપજી, આપને આવવા-જવાનું થાય તેની દયાળુ આપના સ્વાસ્થ્ય પર સીધી અસર પડે છે. માટે આપ હવે છેલ્લે દિવસે પધારો તો સારું."

ગુરુવર્ય પ.પૂ. બાપજીની સમક્ષ બધા સંતો હાથ જોડી ઊભા રહ્યા.

પૂ. સંતોને એમ હતું કે, 'સાત દિવસની શિબિરમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનો લાભ બે વખત જ મળે એટલે તેઓ આ પ્રાર્થના કદાચ ન સ્વીકારે.'

પણ સહુના આશ્ચર્ય વચ્ચે ગુરુવર્ય પ.પૂ. બાપજી સંતોની સમક્ષ ફરી હસ્ત જોડી બોલ્યા, "ભલે સંતો, આપ કહો એ દિવસે અમે આવી જઈશું."

પૂ. સંતોની પ્રાર્થના સાંભળી તેમની વાત સાવ સહજતાથી દાસપણે સ્વીકારી લીધી.

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનમાં પ્રસંગોપાત્ત દાસત્વના ઘૂંટાતા સૂર ક્ષણે ક્ષણે રેલાતા હોય છે.

દાસત્વ એમના જીવનમાં સાંગોપાંગ વણાયેલ છે જેની અભિવ્યક્તિ મુમુક્ષુને સહેજે એમના ભણી આકર્ષે છે.

● ● ●

તા. ૪-૨-૨૦૧૮ના રોજ ગોધર સમૈયામાં દર્શન-આશીર્વાદનો લાભ આપી, ગુરુવર્ય પ.પૂ. બાપજી અમદાવાદ પરત પધારી રહ્યા હતા.

તે દરમ્યાન અર્પણભાઈ ઉપર લંડનના હરિભક્તોનો વીડિયો કૉલ આવ્યો.

લંડનના હરિભક્તો ત્યાં મંદિરમાં ભેગા થયેલા અને તે બધાયને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન અને આશીર્વાદની ઘણી ઇચ્છા હતી એટલે તેમણે વીડિયો કૉલ કરેલો હતો.

અવરભાવમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી ખૂબ થાક જણાવતા હતા.

છતાં તેઓ લંડનના હરિભક્તોને દર્શન આપવા રાજી થયા.

અવરભાવના થાકને લીધે તેમનાથી બોલી શકાતું ન હતું.

એટલે તેમણે ગાડીમાં સાથે રહેલા હરિભક્તને કહ્યું કે, ‘‘અમે ધીમું બોલીએ છીએ તે તમે આ હરિભક્તોને કહેજો.’’

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ લંડનના હરિભક્તોને ૨૦થી ૨૫ મિનિટ સુધી લાભ આપ્યો.

વીડિયો કૉલિંગ દરમ્યાન લંડનના જે જે હરિભક્તો દેખાતા હતા તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજી ઓળખી કાઢતા. અતિ વ્હાલથી ને હુલામણા નામથી સંબોધતા :

‘‘આ તો કુણાલ છે.’’

‘‘આ મૂકલો છે.’’

‘‘આ ઋષિયો છે.’’ વગેરે તમામ યુવક-કિશોર હરિભક્તોની ઓળખાણ એમણે લીધી.

અને જે અન્ય નવા કોઈ આવ્યા હતા તેમને પણ ઓળખી ગયા કે આ કોઈક નવા આવ્યા છે. તેમની પણ પૃચ્છા કરી.

આમ, લંડનના હરિભક્તોને ખૂબ સુખ આપ્યું.

પછી લંડનના હરિભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, ‘‘બાપજી, લંડન નૂતન મંદિર નિર્માણ પામશે તો દયાળુ, આપ તેની પ્રતિષ્ઠા કરવા જરૂરાજરૂર પધારશો ને !’’

આ સાંભળી દાસભાવે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા કે, ‘‘તમે બધા શ્રીજીમહારાજને ખૂબ પ્રાર્થના કરજો; અમારા અવરભાવના મંદવાડને રજા આપે તો અમે જરૂર આવીશું.’’

હવે અનંતની પ્રાર્થના ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવે છે.

હજારોના અશક્ય કામ શક્ય ગુરુવર્ય પ.પૂ. બાપજીના આશીર્વાદથી થાય છે; એ જ દિવ્યપુરુષ પોતાના હરિભક્ત શિષ્ય પાસે દાસભાવે બે હાથ જોડી કહે, “તમે બધા અમારી પ્રાર્થના શ્રીજીમહારાજને કરજો.”

અરે ! ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વયં પરભાવનું સ્વરૂપ હોવા છતાંય અવરભાવમાં સાવ દાસાનુદાસ સ્તરે બેસીને કેવું વર્તે છે...!?

આવું કોણ વર્તી શકે કે જેને સહુના દાસ થઈને વર્તતા આવડે એ જ આવું બોલી શકે અને એ જ આવું કરી શકે. જે આપણા ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે જરાય અઘરું નથી; એમને તો સાવ સહજ છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનમાં રસાયેલ દાસત્વભાવ એ એમની અમીરપેઢીની પુષ્પિત શાખા છે.

તેથી તેઓ કાયમ કહેતા હોય છે, “આપણા શ્રીજીમહારાજ, બાપા, સદ્‌ગુરુઓ દાસ થઈને વર્ત્યા છે; આપણે તો એમના જોડામાં પણ ન આવીએ.”

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીની સેવામાં રહેલ પૂ. સિદ્ધાંતસ્વામી ક્યારેક ગુરુવર્ય પ.પૂ. બાપજીના દાસત્વ વિષે વાત કરતાં જણાવતા હોય છે :

“અમે જોયું છે, કોઈ હરિભક્ત કે મુમુક્ષુ બાપજીના ગુણાનુવાદ કરે એટલે એમની વાણીમાં દાસભાવનું ઝરણું ફૂટી નીકળે.

તે કોઈ શિષ્ટાચાર-મિથ્યાચાર કે આડંબર નથી. એમને નિજની મહત્તા વધારવા સારુ એ કોઈ અવલંબનની જરૂર નથી.

તેઓ દાસભાવે વર્તે છે તેમાં તેમની અણીશુદ્ધતા પરિશુદ્ધ ભાવે જન્મતી હોય છે.

અમે એમની સાથે રહીએ છીએ એટલે જાણીએ છીએ. છતાંય અમારી પાત્રતા એમને પામવાની નથી.

અમને ક્યારેય ગુરુભાવે સેવા આપી જ નથી.

દાસભાવે, નિર્માની થઈને સેવા આપે... અને અમે હાજર ન હોઈએ તો સ્વયં જાતે કરી લે. પણ દાસત્વને કદીયે મૂકતા નથી.

એક વાર અમે એમને પ્રાર્થના કરી, ‘બાપજી, અમે તો આપના દીકરા છીએ; તો આપ અમને નામથી બોલાવો ને !’

ત્યારે તેમના દાસત્વભાવે એને લેશમાત્ર મચક ન આપી.

ઊલટાનો વધુ દાસભાવ અમને વાતથી નહિ, વર્તનથી દૃઢ કરાવે.


સમર્થ છતાં દાસભાવે શ્રીજીમહારાજ, ગુરુ, શિષ્ય અને સહુની આગળ વર્તે છે. એમાં એમને કોઈ યત્ન કરવો પડતો નથી; એ સહેજે સહેજે વર્તતો હોય છે.

અમે ક્યારેક એમના ગુણો વિષે બે શબ્દો કહીએ તો નિજને તેઓ સાવ સામાન્યથી પણ સામાન્ય ગણાવી અમને શ્રીજીમહારાજનો મહિમા દૃઢ કરાવે. અને કહેતા હોય, 'જાનમાં વરરાજાનાં ગાણાં હોય અને ચક્રવતી રાજમાં રાજાની વાહ વાહ હોય પણ ક્યારેય અન્યની ના હોય. આપણા વરરાજા ને રાજા શ્રીજીમહારાજ જ છે એટલે એમના ગાણાં ને વાહ વાહ ગાવાં.'

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હંમેશાં શ્રીજીમહારાજને વિસ્તારવામાં જ નિજનું શ્રેય લેખાવ્યું છે."

ગુરુવર્ય પ.પૂ. બાપજીની સેવામાં રહેલા સેવક સંતોના અનુભવતારણ તેમની 'દાસત્વ'ની અલૌકિક રીત શીખવી જાય છે.

'દાસ તમારા દાસનો...' નિજ વર્તનથી સંતો-ભક્તોને દાસત્વનો ગુણ પમાડનારા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...







તે સંત શ્રી હરિ તણા, પ્રભુ પ્રગટના મળેલ;
શૂરા સત્ય ધર્મ પાળવા, પંચવિષયથી પાછા વળેલ.

– સદ્. નિષ્કુળાનંદ સ્વામી

# ૨૨

## અંતર્મુખી જીવનના આલોચક

ઈ.સ. ૨૦૧૯માં એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ ખાતે સમર્પિત તાલીમ કેન્દ્રમાં લાભ આપવા માટે પધાર્યા હતા.

ભાવિ સંત તરીકે તૈયાર થઈ રહેલ સમર્પિતમુક્તોને ભલામણ કરતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું,

“મુક્તો, અત્યારે તમને ત્રણ વર્ષની આ ટ્રેનિંગનો સમય મળ્યો છે તે મૂડી ભેગી કરી લેવાનો સમય છે.

અમે તમારા જેવડા હતા ત્યારે આખુંય વચનામૃત મુખપાઠ હતું... અમે ૫૦૦થી વધુ વાર વચનામૃતની પારાયણ કરી હતી... ૧૦૦થી વધુ બાપાશ્રીની વાતો મુખપાઠ હતી... અમે એનું જ મનન કરતા, ઘણાં કીર્તનો પણ મુખપાઠ હતાં ને કરતા.

એ વખતે બધું મુખપાઠ કરી, મનન કરી જે મૂડી ભેગી કરી છે તે અત્યારેય ચાલે છે.

માટે અત્યારે તમારે સમયનો ખૂબ જ સદ્ઉપયોગ કરવો પણ જરીક જેટલો સમય વ્યર્થ ન જ બગાડવો...

બસ મંડી પડો; અત્યારે થાય એટલી મૂડી ભેગી કરી લો.

પછી આ સમય નહિ મળે અને આવી ભજન-ભક્તિ કે મુખપાઠ કરવાથી જ વૃત્તિઓ પાછી વળે અને અંતર્મુખી બનાય.''

આવી રીતે સમર્પિતમુક્તોને ભજન-ભક્તિનું વિશેષ અંગ પાડવા આગ્રહ જણાવ્યો. જે જાણી સમર્પિત તાલીમ કેન્દ્રના તાલીમાર્થીઓને સંતજીવનના આદર્શ પ્રારંભનો પથ મળ્યો.

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વગત જીવનના સમયોચિત કેટલાક પ્રસંગોની સ્મૃતિ કરાવી સર્વે સંતો અને હરિભક્તોને અંતર્મુખી જીવન કરવા તરફનો રાહ દર્શાવતા હોય છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આવો જ આગ્રહ જણાવતાં એક દિવસ સભામાં કહ્યું કે, ''જે રસ્તે જવું ન હોય તેનું નામ શા માટે પૂછવું ? એમ જે બાબતની, વસ્તુની આપણા જીવનમાં જરૂર નથી તેને શા માટે જાણવી ?

આપણને જે સેવા સોંપી હોય તે પૂરતું જ જોવું-જાણવું પણ ખપ વગરનું માંહી નાખ નાખ ન કરવું.

આજે કોઈ બાબત કે વસ્તુ માટે જાણશો તો કાલે તેને જોવાની ઇચ્છા થશે; વગર કામની બહારવૃત્તિ થાય. મન બહુ વિચિત્ર છે. જેમ હોઠને 'અડ મા' કહીએ તો અડે અને 'અડ' કહીએ તો ન અડે; તેમ મન કહીએ તેથી અવળું જ ચાલે છે.

માટે ઇન્દ્રિયો-અંતઃકરણ પર સંયમ કેળવવા જોવા-જાણવાની જિજ્ઞાસાવૃત્તિને મૂળમાંથી ટાળી નાખવી.

એનાથી વધતી બહારવૃત્તિ આપણને અંદરથી ખાલી કરી નાખે.

મુક્તો, જોવા જેવા એકમાત્ર અનંતકોટિ બ્રહ્માંડમાં સમ્રાટ સ્વરૂપ શ્રીજીમહારાજ છે અને જાણવા જેવાં વચનામૃત છે તેને જુઓ અને જાણો, એમાં ઊંડા ઊતરો.''

●●●

સંવત ૨૦૧૩-૧૪માં ગુરુવર્ય પ.પૂ. બાપજી કડી મંદિરે બિરાજતા એ વખતે તેમની જોડમાં એક વયોવૃદ્ધ વડીલ સંત હતા.

વયોવૃદ્ધ વડીલ સંત ગુરુવર્ય પ.પૂ. બાપજીની વાત ઘણા હરિભક્તોને કરતા હતા :

''સેવા-પ્રવૃત્તિનું ભારણ વૃત્તિઓને ડહોળી નાખે. તેની ચિંતામાં સરખી ઊંઘ ન આવે તો ધ્યાન-ભજન તો થાય જ ક્યાંથી ? અન્ય રાજીપાનાં સાધનોનો

વિચાર આવે ? ના આવે... પણ આ સ્વામી (બાપજી) સેવા-પ્રવૃત્તિ કરવા છતાં તેનાથી સાવ નિર્લેપ રહે.

શિખરબદ્ધ મંદિર હોવાથી તેઓ ખડેપગે રહી ઠાકોરજીની પાંચ આરતી કરે, સેવા-પૂજા, થાળ બનાવવો, મંદિરની સફાઈ કરવી તથા કથાવાર્તા કરવી - આ બધું જ તેઓ એકલા હાથે કરવા છતાં હંમેશાં હળવાફૂલ જેવા રહે.

કારણ, સેવા-પ્રવૃત્તિ કરવા છતાં તેઓ નિરંતર મહારાજની મૂર્તિ સાથે નિમગ્નપણે જોડાયેલા જ રહેતા હોય.

મંદિરની સેવા-પ્રવૃત્તિ બાદ પણ તેઓ મોડી રાત સુધી કીર્તન અને વચનામૃત મુખપાઠ કરે, બાપાશ્રીની વાતની પારાયણ કરે તથા સવારે વહેલા ઊઠીને કલાકોના કલાક ધ્યાન કરે; સ્વામી તો એક મિનિટનો પણ સમય વ્યર્થ ન જવા દે. અરે ! એ તો સેવા-પ્રવૃત્તિમાં પણ મુખપાઠ કરે.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અખંડ મહારાજમય રહીને કડી મંદિરનો વ્યવહાર સંભાળ્યો હતો.

●●●

ઈ.સ. ૧૯૬૬માં મોટા મંદિરેથી ગુરુવર્ય પ.પૂ. બાપજી સંતો સાથે મણિપુરા (તાલુકો-કડી) ગામે ધર્માદો ઉઘરાવવા માટે ગયા હતા.

ગામમાં મગનભાઈ પટેલ સારા સત્સંગી હતા તેથી સંતોએ તેમના ઘરે ઉતારો કર્યો હતો.

સંતો તો ઘણા હતા પરંતુ ૪૬ વર્ષની ઉંમરના મગનભાઈની નજર વારંવાર એક ૩૩ વર્ષના યુવાન સંત તરફ ખેંચાતી હતી.

તેમનાં દર્શને અંતરમાં અનેરી ટાઢકનો અને દિવ્યતાનો અનુભવ થતો હતો :

''આ સ્વામીમાં જરાય ઉદ્‌ઘોષ જોવા મળતો નથી... સંપૂર્ણ અંતર્મુખી છે... એકદમ સાદા છે... એમની કથા પણ મહીં ટાઢું ટાઢું કરે છે... એમની વાણી મૃદુ અને સૌમ્ય... ધર્માદો ઉઘરાવવા આવ્યા છે તોપણ એમની દૃષ્ટિ ભગવાન ઓળખાવવા સામે જ છે... ગૃહસ્થના ઘરે રહેવાનું થાય છતાં સાધુતાવાળા સાધુનો ખ્યાલ એમના વર્તનથી ક્ષણે ક્ષણે આવે... એમના વર્તને મારા પર ભારે અસર કરી ને તેમની તરફ વધુ આકર્ષાયો.''

આ કારણોસર એ સંત સાથે દિવ્યતાનો આંતરિક નાતો જોડાઈ ગયાનો અનુભવ થતો હતો.

એ સંત એટલે જ દેવનંદનસ્વામી એટલે કે ગુરુવર્ય પ.પૂ. બાપજી.

બીજા દિવસે ધર્માદાની સેવા પૂર્ણ થતાં સંતોનું મંડળ બીજે ગામ ગયું.

પરંતુ યુવાન સંત દેવનંદનસ્વામીની અલૌકિક સ્મૃતિ મગનભાઈના માનસપટ પરથી ખસતી ન હતી.

આ વાતને ત્રણ વર્ષ વીતી ગયાં છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીના અંતર્મુખી જીવનનો પ્રભાવ તેમના તરફ વધુ ને વધુ આકર્ષતો હતો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરે બિરાજતા હતા એ વખતે મગનભાઈ મંદિરની વહીવટી સેવામાં ત્યાં આવ્યા હતા.

મંદિરના સેવાકાર્ય દરમ્યાન તેમના અંતરમાં જે સ્મૃતિ નિરંતર ઘોળાતી હતી...

અંતર જે દિવ્યજીવનવાળા સાચા સંતને ઝંખતું હતું એવા સંતનાં પ્રત્યક્ષ દર્શન થતાં તેમનું અંતર આનંદથી પુલકિત થઈ ગયું.

તરત તેમના ચરણોને સ્પર્શીને ત્યાં ને ત્યાં જ દંડવત કરવા માંડ્યા.

અંતરના વિરહનો અંત આજે આવ્યો તેવું અનુભવાતાં તેમણે પૂછી નાખ્યું, ‘‘સ્વામી, આપ અહીં ક્યાંથી ?’’

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘અમે અહીંયાં જ છીએ; આસને આવજો.’’

‘ભાવતું’તું ને વૈદે કીધું’ એમ મગનભાઈને તો જે જોઈતું હતું તે મળી ગયું.

તેઓ સેવા-પ્રવૃત્તિથી પરવારી તુરત ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને પહોંચી જતા. ગુરુવર્ય પ.પૂ. બાપજી કથાવાર્તા કરતા હોય અને ધ્યાન-ભજન કરતા હોય તો તેમાં મગનભાઈ લાભ લેવા જોડાઈ જતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું અંતર્મુખી જીવન, સાધુતા અને કથાવાર્તાનો અતિશે આગ્રહ જોઈ તેઓ તેમના પરમ શિષ્ય બની ગયા.

વળી, ગુરુવર્ય પ.પૂ. બાપજીની અનુજ્ઞા મુજબ ૯૫ વર્ષની ઉંમર સુધી ઘાટલોડિયા મંદિરે સેવામાં રહ્યા હતા.

●●●

ઈ.સ. ૨૦૧૫માં એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી રવિવારે સવારે ઘાટલોડિયા મંદિર પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અમૃતકથાનો લાભ આપી સૌને સુખિયા કર્યા.

ત્યારબાદ દર્શન-આશીર્વાદ આપી વાસણા ખાતે પધારી રહ્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઘાટલોડિયા મંદિરમાંથી બહાર નીકળતાં સેવક સંતને રોકતાં કહ્યું,

"સ્વામી, આપણને અહીંથી ગાડી સુધી પહોંચતા કેટલો સમય જશે ?"

"બાપજી, બે મિનિટ જેટલો સમય થશે..."

"તો સ્વામી, આટલા સમયમાં આપણે ભજન કરીએ... શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે, 'વ્યર્થકાળ નિર્ગમવો નહીં...' કરીશું ભજન...?"

"હા બાપજી..."

તરત સેવક સંતે ધૂન્ય શરૂ કરી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સેવક સંત સાથે ધૂન્ય ઝિલાવી બે મિનિટના અલ્પ સમયમાં ભજન કર્યું અને કરાવ્યું.

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ક્ષણ ક્ષણનો સદુપયોગ કરાવી અંતર્મુખી થવાનો હાથવગો ઉપાય જણાવ્યો.

બહિર્મુખી મટાડી અંતર્મુખી જીવનના અખંડ આલોચક દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૩

## સ્પષ્ટવક્તાપણે વ્યસનમુક્તિ

તા. ૧૦-૨-૨૦૧૮ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને એક પ્રતિષ્ઠિત સંગીતકાર આવ્યા ત્યારે તેઓ આશા-અરમાનો સાથે આવેલા :

'આપણે દર્શને જઈશું ત્યારે વાહ વાહ થશે, પ્રશંસાનાં પુષ્પો વેરાશે અને મારી પર મોટા ગુરુજી બાપજી રાજીપો દર્શાવશે.'

પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ બની.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને પૂછ્યું, ''તમે કંઠી પહેરી છે ?''

''ના દયાળુ.'' હાથ જોડી તેઓએ ઉત્તર આપ્યો.

''ભાઈ, ભલે તમે સંપ્રદાયના સંતોને સંગીત શિખવાડો છો પણ પહેલાં કંઠી પહેરો. કંઠી તમારો મોક્ષ કરશે; આ સંગીત તમારો મોક્ષ નહિ કરે.''

સંગીતકાર આ સાંભળી આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

''બાપજી, આજ દિન સુધી બધાએ મારો બરડો જ થાબડ્યો છે, પણ કોઈએ મને સાચી વાત નથી કરી. ધન્ય કર્યો આપે મને મોક્ષનો માર્ગ બતાવ્યો.''

અને પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી :

“દયાળુ, દયા કરી કંઠી પહેરાવો.” ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કંઠી પહેરાવી.

“તમારે કોઈ વ્યસન છે ?”

તેઓ કંઈ બોલ્યા નહીં.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમની આગવી છટાથી પૂછ્યું, “કંઈ તો સમ ટાઈમ સમ ટાઈમ… લેતા જ હશો…”

“હા દયાળુ, ક્યારેક સમ ટાઈમ દારૂ પીઉં છું. અમારો કલાકારોનો ધંધો જ એવો કે દેશ-વિદેશમાં ફરવાનું માટે તે વિના તો ચાલે જ નહીં.”

“પણ દારૂ તો અભક્ષ્ય વસ્તુ કહેવાય માટે તમે એ છોડી દો.”

“બાપજી, એ તો મારાથી શક્ય નહિ બને.”

“દારૂ પીવાથી મોક્ષનો માર્ગ બગડે અને બીજા કેટલાય જન્મ ધરવા પડશે. માટે જો તમે આજે દારૂનું વ્યસન છોડી દો તો અમે શ્રીજીમહારાજને પ્રાર્થના કરીશું કે તેઓ તમારો છેલ્લો જન્મ કરી દેશે.”

‘ખરેખર આજ સુધી મને આવી સાચી વાત કહેનાર કોઈ સંત મળ્યા જ નથી.’ એમ અહોભાવ સાથે સંગીતકારે ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણે સ્પર્શ કરી કહ્યું,

“ગુરુજી, આજથી હું આપના વચને દારૂનું વ્યસન છોડવા પ્રયત્ન કરીશ. બસ, શ્રીજીમહારાજને પ્રાર્થના કરજો અને મને બળ આપજો.”

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આ લોકની લૌકિક મોટપ ન જોતાં આત્માની મોટપ વધારવા કાયમ મોક્ષનો સાચો માર્ગ ચીંધ્યો છે.

●●●

ઈ.સ. ૨૦૧૧ના એપ્રિલ માસમાં એક વખત સ્વામિનારાયણ સંપ્રદાયના એક આગેવાન હરિભક્ત જગદીશભાઈ નંદાણીને ગુડાની ઑફિસમાં મળ્યા.

જગદીશભાઈએ જ્યારે એમને ગુરુવર્ય પ.પૂ. બાપજીના શિષ્ય તરીકે પરિચય આપ્યો ત્યારે તેઓ બોલ્યા :

“બાપજીના શિષ્ય છો ? બાપજી એટલે બાપજી, બાપજીની વાત જ ના થાય…”

જગદીશભાઈએ તેમને પૂછ્યું, “કેમ, આપને બાપજીનો શું અનુભવ થયો ? જણાવશો જરા ?”

આ હરિભક્તે કહ્યું, “એક વાર હું અમારા મોટેરા સંતની સાથે વાસણા ખાતે અમારા હરિભક્તના ઘરે પધરામણીએ ગયો હતો.

વળતાં રસ્તામાં વાસણા મંદિર આવ્યું એટલે અમારા સ્વામીએ કહ્યું કે, ‘અહીંયાં

પ.પૂ.બાપજી દિવ્યપુરુષ છે, એમનાં દર્શન કરીને જઈએ.'

તેથી અમે વાસણા મંદિરમાં આવી કહેવડાવ્યું કે, 'બાપજીનાં દર્શન કરવાં છે.'

પ.પૂ. બાપજી સામે ચાલીને નીચે પધાર્યા ને આસને અમને મળવા બોલાવ્યા.

અમે એમનાં દર્શન કરીને બેઠા. અમારા સ્વામીએ પ્રાર્થના કરી, 'બાપજી, થોડી સત્સંગની બળભરી વાતો કરશો ? તો સુખિયા થવાય.'

પ.પૂ. બાપજીએ તો શ્રીજીમહારાજના મહિમાની તથા નિયમ-ધર્મની બળભરી વાતો કરવા માંડી.

થોડી વાર વાતો કરતાં કરતાં પ.પૂ. બાપજી બોલ્યા કે, 'અમો તો અમારા સત્સંગીને વ્યસન બિલકુલ રાખવા દેતા નથી. ચાને પણ અમે વ્યસન ગણીએ છીએ. શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રી કહેતા કે, 'એક વખત અમે મૂળીએ ગયા હતા. ત્યારે એક માણસ દેગડું ભરીને ચા અમારી પાસે લાવ્યો અને કહ્યું જે, આ બધાને પાઓ. ત્યારે અમે કહ્યું જે, આ કોઈ પીએ તેવા નથી; તોપણ આગ્રહ મૂક્યો નહીં. ત્યારે અમે કહ્યું જે, એવું અભરું કોણ પીએ ? ત્યારે તે કહે જે, અભરું કેમ કહો છો ? ત્યારે અમે કહ્યું જે, એમાં અશુદ્ધ વસ્તુની મેળવણી આવે છે. માટે તે સત્સંગીથી તો પિવાય જ નહિ, તોપણ કેટલાક ત્યાગી-ગૃહી પીએ છે; તે બહુ ખોટું કરે છે. તેમાં શ્રીજીમહારાજની આજ્ઞા લોપાય છે.' અને આપણે શ્રીજીમહારાજના આશ્રિત છીએ ત્યારે આપણાથી 'ચા' ના પિવાય. તેથી અમારા મંદિરમાં કોઈને કોઈ દિવસ ચા તો ના પાઈએ પણ હરિભક્તો પોતાના ઘરે પણ ચા પીવે નહિ ને કોઈને પાય પણ નહીં. એક નાનું છોકરું પણ ચા ના પીવે. સત્સંગી થઈને ચા પીવે એ તો અભરું કહેવાય.'

પ.પૂ. બાપજીએ આમ વાત કરી ત્યાં તો હું ઊભો થઈ ગયો અને બોલ્યો, 'બાપજી, આપ શું બોલો છો ? ચા પીવે તે અભરું કહેવાય ? અમે તો ચા પીએ ને બધાને પાઈએ છીએ. અમારા સંતોએ તો કોઈ દિવસ ચા પીવાની ના પાડી જ નથી. 'ચા'ને વ્યસન કહેવાય એવું કહ્યું જ નથી.'

ત્યાં મારા મોટેરા સ્વામી વચ્ચે બોલી ઊઠ્યા, 'બરાબર છે... આ દિવ્યપુરુષ પ.પૂ. બાપજી કહે છે તે બરાબર છે, 'ચા'ને વ્યસન કહેવાય. 'ચા' સત્સંગીથી ના પિવાય, પણ આપણે સત્સંગીને રાજી રાખવા કોઈને કહી શકતા નથી પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી જે કહે છે તે બિલકુલ સાચું કહે છે.'

ત્યારબાદ પ.પૂ. બાપજીએ મને પૂછ્યું, 'તમે ચા પીવો છો ?'

હું કંઈ બોલ્યો નહિ એટલે મારા મોટેરા સ્વામી બોલ્યા, 'પીવો છો તો હા પાડોને.'

એટલે મેં તો પ.પૂ. બાપજીને કહ્યું, 'હા, હું ચા પીઉં છું.'

ત્યાં તો ફરી એક વાર શ્રીજીમહારાજના રાજીપાની વાત જણાવતાં પ.પૂ. બાપજીએ કહ્યું, 'ચા ના પિવાય, બોલો શું કરશો ?'

તરત મેં કહ્યું, 'અભરું કહેવાતું હોય તો ચા આજથી બંધ.'

અમારી સાથે આવેલા બે-ત્રણ હરિભક્તોએ પણ ચા નહિ પીવાનો નિયમ પ.પૂ. બાપજીની પાસે લીધો.

એ દિવસ બાદ ચા ના પીવાનો સંપૂર્ણ નિયમ લઈ લીધો.

ઘરે તો સંપૂર્ણપણે ચા પીવાની બંધ કરી દીધી પણ કોઈ સગાંના ઘરે ગયા હોય અને તે પૂછે, 'તમે ચા લેશો ને !'

ત્યાં તો પ.પૂ. બાપજીનાં વચનો સાંભરી આવે : 'ચા પીવે તે અભરું કહેવાય.'

આમ વારંવાર અમૃતવચનોએ મારી ચા છોડાવી દીધી.

હવે હું ચા પીતો પણ નથી ને પિવડાવતો પણ નથી.

આમ, પ.પૂ. બાપજીની વાત થાય તેમ નથી ! અમારા મોટેરા સંતની હાજરીમાં પણ એમણે મને અને બીજા બે-ત્રણને ચા બંધ કરાવી... એમની વાત ના થાય... ના થાય... એમનાં અમૃતવચનો આજે તમારી સાથે વાત કરતાં કરતાં બેઠેબેઠા સાંભરી આવે છે... એમણે મને શ્રીજીમહારાજને ના ગમે એવો દારૂ વર્તમાનનો નિયમ જીવસત્તાએ દૃઢ કરાવી દીધો... ધન્ય છે પ.પૂ. બાપજીને..."

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ક્યારેય કોઈની મોબત ન રાખતાં શ્રીજીમહારાજના આશ્રિતને વર્તમાનસંબંધી નિર્વ્યસની થવાના નિયમ જણાવી, સમજાવીને ચોખ્ખા કર્યા છે.

●●●

તા. ૧૭-૩-૨૦૧૮ના રોજ અમદાવાદના કલેક્ટરના દીકરા ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને આવ્યા હતા. તેઓ પ્રતિષ્ઠિત ડૉક્ટર પણ હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી એમને દર્શન આપવા પધાર્યા.

સેવક સંતે તેમનો પરિચય આપ્યો ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : "તમારે કોઈ વ્યસન છે ?"

તેઓ મોં નીચું રાખીને કંઈ બોલ્યા નહીં.

“સમ ટાઈમ સમ ટાઈમ..?” આગવી લાક્ષણિક અદાથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું.

“સમ ટાઈમ્સ સિગારેટ લઉં છું...” નીચું મોં રાખીને તેઓ બોલ્યા.

“તમારે સિગારેટ છોડવી પડે... સમ ટાઈમ્સ પણ શા માટે રાખો છો...? તમે શ્રીજીમહારાજના આશીર્વાદ લેવા આવ્યા છો તો તે પણ ન ટકે; માટે આ છોડો તો અમે શ્રીજીમહારાજને પ્રાર્થના કરીએ...”

ડૉક્ટર નિર્માની હતા. એટલે તરત ગુરુવર્ય પ.પૂ. બાપજી સમક્ષ બે હાથ જોડી બોલ્યા : “પ્રૉમિસ બાપજી, છોડી દઈશ... પણ આપ પ્રસન્ન થાવ...”

“શ્રીજીમહારાજ તો જેનું નિર્વ્યસની જીવન હોય તેના પર રાજી થાય જ છે... વળી અમે શ્રીજીમહારાજને પ્રાર્થના કરીશું કે, તમારા પર શ્રીજીમહારાજની કૃપા રહે. તમે સત્સંગમાં અને આ લોકમાં પણ પ્રગતિ કરો...”

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય તોપણ શ્રીજીમહારાજનું ગમતું જીવન જિવાડવા માટે અખંડ આગ્રહી રહે...

વ્યસનમુક્ત કરવા માટે અલૌકિક રીતે સ્પષ્ટવક્તાપણું વાપરી સેંકડોના વ્યસન છોડાવનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૪

## સંપત્તિના સંવર્ધક

ઈ.સ. ૨૦૦૬માં એક વાર વાસણા મંદિરમાં રાત્રે ટાંકી ઓવરફ્લો થઈ.

"ભગત જાગો, આ જુઓ તો ખરા... ટાંકી ઓવરફ્લો થઈ..." ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હરિભક્તને સાદ પાડી જગાડ્યા.

હરિભક્ત જાગતાની સાથે પાણીની મોટર બંધ કરવા ગયા.

તેઓ પાણીની મોટર બંધ કરી પાછા ફર્યા ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી આવીને ઊભા હતા.

"બાપજી, રાજી રહેજો, આંખ લાગી ગઈ ને સૂઈ ગયો..."

"હવે શાંતિથી સૂઈ જજો. પણ આ મંદિર આપણું ઘર છે. આપણે ઘરે કોઈ વસ્તુનો બગાડ થવા દઈએ ? એના માટે કેટલા જાગૃત રહીએ છીએ... તેમ અહીં પણ જાગૃત રહેવું. શ્રીજીમહારાજની સેવા મળે ક્યાંથી ! અને આપણી જરાક સરખી ગાફલાઈ મહામૂલી સેવાને અસેવામાં ફેરવી દે છે. વળી પાણીનો બગાડ એ શ્રીજીમહારાજને ન ગમે. સરકાર પાણી બચાવવા માટે કેટલું કરે છે. શ્રીજીમહારાજેય એમની હયાતીમાં જે તે સરકારના નિયમ પાળતા ને પળાવતા. તે નિયમ આપણે પાળવા. અને આપણે સત્સંગીઓએ તો પાણીનો બગાડ ક્યારેય

ન કરવો જોઈએ.'' પેલા હરિભક્ત મધ્ય રાત્રિના શીતળ પ્રકાશ હેઠળ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સૌમ્ય મૂર્તિને વંદી રહ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી આવો સંદેશ આપી આસને પધાર્યા.

'પોતે પરભાવનું સંપૂર્ણ દિવ્ય સ્વરૂપ હોવા છતાં અવરભાવની વ્યવહારિક વાતમાં પણ કેવી નિપુણતા જણાવે !' તેઓ આત્મગત બોલી પોઢવા ગયા.

•••

''આ બટાકું પચાસ ટકા સારું છે... કોણ સમારે છે ?''

''બાપજી, મેં સમાર્યું છે.'' પૂનમની શાક સમારવાની સમિતિના એક સ્વયંસેવક બોલ્યા.

''મુક્તરાજ, કોઈ પણ બટાકું આખું બગડેલ ન હોય; તેને બે-ત્રણ રીતે સમારીને જોઈ લેવું એટલે ખ્યાલ આવી જાય. આ તો સેવાને બદલે અસેવા થઈ કહેવાય.''

આમ કહીને એ દિવ્યપુરુષ બગડેલ બટાકાના વકલની બાજુમાં ઊભડક સ્થિતિએ બેસી ગયા.

બે-ત્રણ બટાકાઓ તેમણે સમાર્યાં.

અને તેમણે સ્વયંસેવકને શિખવાડ્યું બટાકા આ રીતે સમારાય.

''જો, આ બટાકું પંચોતેર ટકા ખરાબ હતું. પણ તેમાંથી ૨૫ ટકા બરાબર નીકળ્યું. આપણે થોડું ખરાબ હોય એટલે એને કચરામાં જવા દઈએ પણ એમ ના કરાય. આપણે બાપાશ્રીના બચ્ચા છીએ. બાપા કહેતા કે, 'કોઈમાં હજાર અવગુણ હોય તોપણ એક ગુણ તો હોય.' એમ સાવ ખરાબ બટાકામાં ૧૦ ટકા બટાકું તો સારું હોય જ. માટે હંમેશાં બગડેલામાંથી સારું પકડતા શીખીએ...''

સ્વયંસેવકો ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ રીતિ નિહાળી શીખવા આતુર થઈ ઊઠ્યાં.

આમ તેઓ બગડેલ બટાકામાંથી સારો ભાગ કઢાવી પછી જ આસને પધારતા.

અવરભાવની ૮૦ વર્ષની વય સુધી તેઓનો પૂનમ દરમ્યાન આ કાયમી ક્રમ અકબંધ રહ્યો હતો.

•••

૧૪ જાન્યુઆરી, ૨૦૧૦નો દિન.

''સ્વામી, તમે એક સેવા કરો...''

''શું મહારાજ ?''

"તમે, આ બધા ઝભલાં ભેગા કરી દો..."

"હા બાપજી, પણ આમાં કેટલાંક ઝભલાં આખા છે ને કેટલાંક ઝભલાં ફાટી ગયાં છે."

"સ્વામી, તમે ઝોળીમાં આવેલાં આખા ઝભલાંમાં ૧, ૨, ૩, ૫ કે ૧૦ કિલોનાં વકલ પાડી દો... જે પછી કોઠારમાં આખું વરસ વાપરજો. એટલે આપણે નવાં ઝભલાં ખરીદવા ન પડે."

"હા બાપજી, પણ ફાટી ગયેલાંનું શું ?"

"ફાટી ગયેલાંના પણ વકલ પાડો... અને એમાં જે થોડાક જ ફાટ્યાં હોય તેને ગાંઠ મારીને વાપરજો અને જે સાવ ફાટી ગયા છે તેને પસ્તીમાં આપી દેજો."

આવી રીતે અનાજના પ્લાસ્ટિક કે શણના કોથળાની પણ સેવા ગુરુવર્ય પ.પૂ. બાપજીને કરાવતા જોઈ સેવક સંત વિચારમાં પડી ગયા કે, 'બાપજી કેટલી સૂક્ષ્મથી સૂક્ષ્મ બાબતોમાં કરકસરનો આગ્રહ જણાવે છે ! ખરેખર બાપજીની આવી કરકસરતાના આગ્રહને લીધે જ આ સંસ્થાનું શૂન્યમાંથી વિશ્વવ્યાપી સર્જન થયું છે ! '

• • •

"સ્વામી, તમે અનાજ કલેક્શન વિભાગ બાજુ જજો; ત્યાં ઘણાં ચોખા-ઘઉં-દાળ ઢોળાયાં હશે. સ્વયંસેવકોને એ ધ્યાનમાં રહેશે નહીં."

"પણ દયાળુ, એ માટીવાળાં થયાં હશે..."

"માટીવાળાં થયાં હોય એટલે ફેંકી દેવાનાં...? ભલે માટીવાળાં થયાં હોય; એને ભેગા કરાવી કપડાંથી લૂછી, એને સૂપડામાં લઈ ઝાપટવાથી તેમજ ચારણામાં લઈ ચાળવાથી તે ચોખ્ખાં થઈ જશે... માટે એક દાણો પણ કચરામાં ના જવા દેતા... શ્રીજીમહારાજને આપેલો દાણે દાણો એમના સુધી પહોંચવો જોઈએ."

કોઈને એક દૃષ્ટિએ જોતાં આ દિવ્યપુરુષ વિષે લોભી તરીકેનું દર્શન થાય પણ એ તો અ-લોભી સ્વરૂપ છે. એમને તો અનંતની નાની નાની સેવા લઈ એની સેવા છેક ઠાકોરજી સુધી પહોંચે અને એના બદલામાં એને આત્યંતિક મોક્ષ આપવાનો અનન્ય આગોતરો લોભ છે.

સ્વામિનારાયણ ભગવાનની સેવામાં આવેલ વસ્તુથી માંડી જળ અને અન્યત્ર બાબતોના અ-વ્યય તથા સંવર્ધનની નોખી રીત્યો પોતાના સ્વજીવનના આગ્રહથી પમાડનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૫

## દિવ્યદૃષ્ટિ પ્રદાતા

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ STKમાં અમૃતવાણીનો લાભ આપવા પધાર્યા હતા.

ત્યારે સમર્પિતમુક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, “બાપજી, સ્વામીશ્રી જેવો દિવ્ય સંત કરજો...”

“સ્વામી જેવા મફતમાં થવું છે...? સ્વામીને પૂછી તો જુઓ કે સ્વામી આપના જેવા દિવ્ય કલ્યાણકારી ગુણ લાવવા સેવકે શું કરવું પડે ? સ્વામીની રીતે રીત કરવી પડે. સ્વામી એક દૃષ્ટાંત આપતા હોય છે : બોર્ડમાં પ્રથમ નંબરે આવેલો હોય તેની જેમ પ્રથમ આવવા માટે શું કરવું પડે ? એ જે રીતે મહેનત કરતો હોય; એ જે રીતે બધું છોડી એક ભણવામાં ધ્યાન આપતો હોય. લગનમાં જતો ન હોય... મામાના ઘરે પણ જતો ન હોય. મામા બહુ આગ્રહ કરે તો કહેતો હોય પરીક્ષા પછી આવીશ પણ અત્યારે નહીં. એમ સ્વામીની જેમ અખંડ રાજીપા સામે દૃષ્ટિ રાખવી જોઈએ. સ્વામીની જેમ અમારી સંપૂર્ણ રુચિ, મરજી અને આજ્ઞામાં રહેવું જોઈએ.

પરંતુ જેમ બોર્ડમાં જે વિદ્યાર્થી વાંચવાના નામે મોં પર ચોપડી રાખીને સૂઈ જાય... મામાના ઘરે અને લગનમાં જાય તેમ આપણે પણ સત્સંગમાં દંભી,

આળસુ અને નવરા રહીએ તો સ્વામી જેવા ના થવાય... સ્વામી જેવા થવા માટે પુરુષાર્થ કરવો પડે... પણ એમ કંઈ મફતમાં સ્વામી જેવા ન થવાય.''

સમર્પિતમુક્ત તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની રમૂજસભર પ્રેરણા સાંભળી સજ્જ થઈ ગયા અને ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં નમી પડ્યા.

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ નજીક લઈ સમર્પિતમુક્તને પ.પૂ. સ્વામીશ્રી જેવા દિવ્ય સંત થવાની અલૌકિક રીત સમજાવી.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી એક વખત વાસણાથી પ્રાતઃ સમયે વિચરણમાં પધારી રહ્યા હતા. તાલીમ માટે આવેલ નવોદિત સંત પણ વિચરણમાં જઈ રહ્યા હતા. તેઓ અને ગુરુવર્ય પ.પૂ. બાપજી ભેગા થઈ ગયા. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેઓનો હાથ ઝાલ્યો અને બોલ્યા, ''સ્વામી, કથા કરો છો..?''

''હા દયાળુ...''

ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજી પ.પૂ. સ્વામીશ્રીનો મહિમા વર્ણવતાં બોલ્યા, ''સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી) જેવી કથા કરજો... એ પહેલાં સ્વામી જેવા થજો... સ્વામી જેવા થયા હશો તો મુમુક્ષુઓને શ્રીજીમહારાજ ખેંચશે... સ્વામી કેવી કથા કરે છે ! સ્વામી તો કથાવાર્તામાં ઝીકો પાડી દે... સ્વામી કથા કરે તો ઘણાને સમાસ થાય છે... સ્વામીની વર્તનવાળી વાતો સૌને ભર્યા કરી દે છે... નવો હોય કે જૂનો હોય પણ સ્વામીની કથાથી એ ખેંચાય... ખેંચાય જ... સ્વામીની કથા કરવાની રીત મોટા સંતો જેવી છે. સ્વામી કોઈ દૃષ્ટાંત કે પ્રસંગ લે તો તેને પૂરું કરે અને એનો સિદ્ધાંત સમજાવી મુમુક્ષુને શ્રીજીમહારાજમાં જોડી દે... દીવાના કરી દે... સ્વામી બે ગોલ અને રોલની વાતો કરે છે તેવી વાતો તમારે પણ કરતા શીખવું... સ્વામીની આ વાતો જ 'સંપૂર્ણ સત્સંગ'ની વાતો છે. માટે તમારે આ શીખવું... સ્વામી જેવા થવું... સ્વામી તમારો આદર્શ છે... સ્વામી એક પળ નવરા રહેતા નથી... માટે નિરંતર સ્વામી સામે દૃષ્ટિ રાખશો તો તો તમને નવરાશ જ નહિ મળે... સ્વામી સર્વશ્રેષ્ઠ ઘડવૈયા છે માટે એની સામે દૃષ્ટિ રાખશો તો સ્વામી જેવા થશો... લો અમે ઘાટલોડિયા પધારીએ છીએ...''

નવોદિત સંત ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં દર્શન કરવા નમ્યા તેટલામાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : ''સ્વામીની જેમ કથાવાર્તામાં ઝીકો પાડી દેજો...''

●●●

વાસણા મંદિરે એક દિવસ સંધ્યા સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજી સેવક સંત પાસે વચનામૃતની પારાયણ કરાવતા હતા.

એવામાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વાસણા સેન્ટરના સંતને યાદ કર્યા. સેવક સંત તેઓને બોલાવવા ગયા.

તેઓ જ્યાં આસને પહોંચ્યા ત્યાં તો તેમને જોતાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, “બીજી સેવા ન હોય ને સમય હોય તો એક જીવનમૂડીની વાત કરી લઈએ...” તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજી સમક્ષ હાથ જોડી ઊભા રહ્યા.


ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, “સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી)નો સંકલ્પ અમારા સંકલ્પથી જુદો નહિ; અમારી મરજીથી સ્વામીની મરજી જુદી નહિ; અમારી રુચિથી સ્વામીની રુચિ જુદી નહીં... અમારો સંકલ્પ, અમારી મરજી તથા અમારી રુચિ એ જ સ્વામીનો સંકલ્પ, મરજી તથા રુચિ. કોઈ વાતે સહેજ પણ જુદારો નહીં. અને જે સ્વામી જેવું કરી શકે, સ્વામીની જેમ વર્તી શકે તો એની નૅગેટિવની પૉઝિટિવ થઈ જાય...”


થોડી વાર રહી પુનઃ ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, “સ્વામી અમારી સમક્ષ ૧૦૦ જેટલાં આયોજનનું લિસ્ટ તથા પ્લાનિંગ કરીને આવે. એક પછી એક અમને જણાવે અને એમાં મરજી જણાવીએ એટલું જ રાખે અને જેના પર અમે અરુચિ જણાવીએ કહેતાં જેના પર ના કહું તે ઉપર સ્વામી તરત જ ચોકડી મારી દે. આયોજન ગમે તેટલું સારું હોય, એની પાછળ સ્વામીએ ગમે તેટલી મહેનત કરી હોય પણ અમારી મરજી ના જુએ એટલે તે આયોજન પર પૂર્ણવિરામ મૂકી દે. અને જો બધાં આયોજનો વિષે અરુચિ બતાવું તો બધાં પર ચોકડી મૂદી દે. અને પાછો સ્વામીને એનો રંચમાત્ર સંકલ્પેય નહીં. અને એટલું જ નહિ, અમે જે રુચિ ન જણાવી હોય તે ફરી ક્યારેય બીજી વાર રજૂ કરી નથી. સ્વામી અમારી રુચિ બહાર આટલું પણ ન કરે ! પચાસ પૈસાનું પોસ્ટકાર્ડ લાવવું હોય કે એક વચનામૃતનું પુસ્તક પણ જો કોઈને ભેટ આપવું હોય તો એ અમને પૂછ્યા વગર ન આપે...! આવો મહિમા ને દિવ્યભાવ જેને હોય તેનામાં જ મોટાપુરુષના બેઠા ગુણો આવે અને એ જ એમના વારસાને પામી શકે... આવું સ્વામી પાસેથી સૌએ શીખવું... સ્વામી જેમ અમારી રુચિ તથા આજ્ઞામાં રહે છે તેમ તમારે સૌએ સ્વામીની રુચિમાં રહેવું, સ્વામી કહે એમ કરવું તો સ્વામી રાજી થાય. સ્વામી રાજી એટલે અમે પણ રાજી...” આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંતને પ.પૂ. સ્વામીશ્રીને રાજી કરવાની રીત શીખવી.

દિવ્ય સંત થવા માટે પ.પૂ. સ્વામીશ્રીનો પ્રેરક તરીકે અનવરત મહિમા ગાઈ, ત્યાગી સમાજને ઘડનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...









અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે;
જીવનમુક્ત જોગિયા અંતર અરોગી રે.

– સદ્. મુક્તાનંદ સ્વામી

# ૨૬

## પોતે તો સદાય અકર્તા

તા. ૯-૨-૨૦૧૩ના રોજ સ્વામિનારાયણ ધામ ખાતે ગુરુવર્ય પ.પૂ. બાપજી સભામાં લાભ આપવા પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના આગમને આજીવન સેવામાં રહેલા ભગુજી ખૂબ રાજી હોય.

એટલે તેઓ શીઘ્ર કવિની જેમ દુહાઓ ને છંદ પોકારવા લાગે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી એમની આ કવિતાઓ કરતાં એમના અહોભાવથી વધુ રાજી થાય.

આજે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમને જોતાં જ કહ્યું, ‘‘ભગુજી આજે તો મોટા મિનિસ્ટર જેવા લાગે છે... મોટા મંત્રી પહેરે એવી કોટિ પહેરી છે...’’

‘‘બાપજી, આ તો આપનો પ્રતાપ છે...’’ ભગુજી ઉત્સાહમાં આવીને બોલ્યા.

‘‘ભગુજી, આવું આપણાથી ક્યારેય ન બોલાય... અપરાધ થાય. શ્રીજીમહારાજ સિવાય કોઈની પાસે પ્રતાપ નથી...’’

ભગુજી તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની વાત સાંભળી હાથ જોડી બોલ્યા : ‘‘રાજી રહેજો દયાળુ...’’

•••

તા. ૫-૮-૨૦૧૩ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી સમર્પિત તાલીમ કેન્દ્રમાં સાધકો અને સમર્પિતમુક્તોને જ્ઞાનમાર્ગનો લાભ આપવા પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સાધકો અને સમર્પિતમુક્તોને જ્ઞાનમાર્ગ શીખતા જોઈ રાજી થતા હતા.

એટલે સમર્પિત તાલીમ કેન્દ્રની સેવા નિભાવતા સંતને જોઈ બોલ્યા :

“આ બધા સાધકો અને સમર્પિતો આ સંતોને જોઈને આવ્યા છે.”

“આપને જોઈને આવ્યા છે...” સમર્પિત તાલીમ કેન્દ્રના સંત હાથ જોડી બોલ્યા.

“સ્વામી, તમને કે અમને જોઈને આ કોઈ આવ્યું નથી. આ બધા તો શ્રીજીમહારાજને જોઈને આવ્યા છે... ખરું ને મુક્તો...!”

“બાપજી, આપને જોઈને જ આવ્યા છીએ. શ્રીજીમહારાજ તો અમને આપે ઓળખાવ્યા છે...” સાધક-સમર્પિત બધા એકસાથે બોલ્યા.

“ના... ના... આપણે બધા શ્રીજીમહારાજને જોઈને આવ્યા છીએ... એ જ આપણને લાવ્યા છે... અમે તો કંઈ જ નથી...”

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કાયમ સાધકો-સમર્પિતમુક્તોને શ્રીજીમહારાજના કર્તાપણાના પાઠ શીખવ્યા છે.

●●●

તા. ૧૧-૧૦-૨૦૧૪ના રોજ ઘનશ્યામનગર પુનરોદ્ધાર મંદિરે મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ હતો.

આ ઉત્સવમાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી અને વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી પધાર્યા હતા.

આ સેશનમાં એસ.એમ.વી.એસ. સંસ્થાની ગૌરવગાથા વર્ણવવામાં આવી.

ગૌરવગાથામાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ જે કષ્ટ વેઠેલાં હતાં તે જાણે સૌને સાદૃશ્ય થતાં હતાં !

પ.પૂ. સ્વામીશ્રીની બળભરી દિવ્યવાણી બાદ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દિવ્ય આશીર્વાદનો લાભ આપ્યો : “આ કોઈ બાપજી કે સ્વામીએ સંસ્થાનું નિર્માણ નથી કર્યું. આ સંસ્થાના શ્રીજીમહારાજ સિવાય બીજા કોઈ કર્તા છે જ નહીં. અને તમામ સંતો તથા બેઠેલા હરિભક્તોએ પણ હંમેશાં શ્રીજીમહારાજનું કર્તાપણું લાવવું. પોતે સદાય અકર્તા જ રહેવું... ક્યારેય ધણી ન થવું... શ્રીજીમહારાજે સેવામાં નિમિત્ત કર્યા છે પણ એનોય ભાર ન રાખવો... એક જ

વિચાર રાખવો - શ્રીજીમહારાજ જ કરે છે...''

સભામંડપમાં નીરવ શાંતિ વ્યાપી ગઈ હતી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં પણ આશીર્વચનોમાં 'સહુના પ્રેરક-કર્તા એક શ્રીજીમહારાજ જ છે' એમ અકર્તૃત્વની રીતથી સૌને પ્રભાવિત કર્યા.

● ● ●

તા. ૯-૧-૨૦૧૫ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામના પ્રાર્થના મંદિરમાં લાભ આપતા હતા.

એમાં એક સોની હરિભક્ત કથાવાર્તામાં ચાલી રહેલ વાતમાં પુષ્ટિ આપતાં બોલ્યા : ''બાપજી, આપને લઈને અમે હીરાવાળા છીએ...''

ત્યાં તો જેના રોમ રોમમાં એકમાત્ર શ્રીજીમહારાજનું કર્તાપણું વહેતું હોય એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''આપણે કોને લઈને છીએ ? આ બધું જ શ્રીજીમહારાજને લઈને છે... અનંતકોટિ બ્રહ્માંડમાં ક્યાંય કોઈની પાસે ચપટીયે નથી... તમે અમને લઈને કહો છો તે મિથ્યા આરોપ મૂક્યો કહેવાય... માટે તમારું વાક્ય પાછું લઈ લો અને શ્રીજીમહારાજની માફી માગો... આજ પછી આવું ભૂલથી પણ નહિ બોલવાનું... અને સભામાં જેટલાએ સાંભળ્યું તે પણ શ્રીજીમહારાજની માફી માગી લો... હે શ્રીજીમહારાજ ! આપ જ કર્તા છો... આપને લઈને બધું ચાલે છે... માટે રાજી રહેજો... હવે ભૂલથીયે આવું નહિ બોલીએ...''

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પોતે તો સભા વચ્ચે માફી માગી પણ સભાજનો પાસે પણ માફી મગાવી.

● ● ●

તા. ૧૮-૧-૨૦૧૫ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામના સમૈયામાં પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સભામાં બિરાજ્યા હતા. પણ લઘુશંકા જણાતાં લઘુ માટે પધાર્યા. તેઓ લઘુ કરી પાછા પ્રાર્થના મંદિરમાં પધારતાં બોલ્યા : ''સ્વામી, બહુ તકલીફ પડે છે.''

સેવામાં રહેલા સેવક સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીના અવરભાવના સ્વાસ્થ્યને લઈ પ્રાર્થના કરતાં કહ્યું, ''બાપજી, આપના વચને હરિભક્તોની તકલીફ દૂર

થઈ જાય છે... તો બાપજી, આપની તકલીફ દૂર કરવી આપના હસ્તમાં જ છે..."

"તમે ભૂલા પડ્યા... બધું શ્રીજીમહારાજના હસ્તમાં જ છે. બધાની તકલીફ પણ શ્રીજીમહારાજના વચને શ્રીજીમહારાજે જ દૂર કરી છે..."

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી સર્વે ક્રિયામાં અને કોઈ પણ પરિસ્થિતિમાં શ્રીજીમહારાજનું કર્તાપણું સહેજે સહેજે જણાવે અને દૃઢ કરાવે છે.

• • •

ગુરુવર્ય પ.પૂ. બાપજી પૂર્વાશ્રમમાં હતા ત્યારથી શ્રીજીમહારાજના કર્તાપણાની અતિશે દૃઢતા જણાવતા.

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજીના પૂર્વાશ્રમના ઘરે એક જ્યોતિષ આવ્યા હતા. તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીના જન્માક્ષર જોયા અને એમના પિતાને કહ્યું, "આ તમારા દીકરા દેવુભાઈનું આયુષ્ય ૭૧ વર્ષનું છે. અને તે ૭૧ વર્ષની ઉંમરે ધામમાં જતો રહેશે."

ત્યાં તો દેવુભાઈ ઘરમાં બેઠા બેઠા આ વાત સાંભળી ગયા અને બહાર આવીને જોષીને કહેવા લાગ્યા : "અમે આ લોકમાં સ્વામિનારાયણ ભગવાનની ઈચ્છાથી દેખાઈએ છીએ અને એમની ઈચ્છા હશે એમ થશે. બધું જ સ્વામિનારાયણ ભગવાનના હસ્તમાં છે. સ્વામિનારાયણ ભગવાનની મરજી હશે તેમ થશે... આ બધું તમારા જોષમાં લખેલું નથી..."

જ્યોતિષ દેવુભાઈની ભગવાનના કર્તાપણાની અદ્વિતીય સમજણ જોઈ હેબતાઈ ગયા તથા પોતાના જોષના ચોપડા બંધ કરીને નાઠા.

આમ, દેવુભાઈ બાલ્યાવસ્થાથી શ્રીજીમહારાજના કર્તાપણાની અનન્ય સમજણ ધરાવતા હતા.

• • •

તા. ૧-૩-૨૦૧૮ ને ગુરુવારે ગુરુવર્ય પ.પૂ. બાપજીનો ૮૬મો પ્રાગટ્યોત્સવ હતો.

સવારે પૂનમના સમૈયામાં હરિભક્ત સમાજે પ્રાગટ્યોત્સવ પૂજનનો લાભ લીધો.

મધ્યાહ્ને સંત આશ્રમમાં સંત સમાજ પ્રાગટ્યોત્સવ પૂજનનો લાભ લેવા પધાર્યો.

પૂજનનો પ્રારંભ થયો. ત્યાં તો વડીલ સંત ગુરુવર્ય પ.પૂ. બાપજીની સંત આશ્રમમાં દીવાલ પર રાખેલ મૂર્તિ તરફ આંગળી ચીંધતાં બોલ્યા : “આ એસ.એમ.વી.એસ.ની લીલીવાડી છે તે સામે છે તેમને લીધે છે...”

વાક્ય પૂર્ણ થતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિ સમક્ષ હસ્તનો લટકો કરી બોલ્યા : “ના... સંતો, આ તો આ બાજુ જે શ્રીજીમહારાજની મૂર્તિ છે તેને લીધે એસ.એમ.વી.એસ.ની લીલીવાડી છે... એ તો આમનો જ પ્રતાપ છે...”

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી હરિભક્ત સમાજમાં હોય કે સંત સમાજમાં હોય પણ એમના મુખે ક્યારેય નિજનું કર્તાપણું જણાય જ નહીં.

કારણ, એમને તો અહોનિશ શ્રીજીમહારાજનું કર્તાપણું...

કોઈ પણ બાબતમાં સારપનો યશ લેવામાં સદાય નિજનું અકર્તાપણું દાખવનાર ને શ્રીજીમહારાજનું કર્તાપણું દાખવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૭

## ગુરુની રોકટોક ગમાડી

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી સદ્. મુનિસ્વામીનો સમાગમ કરવા પાટડી પધાર્યા હતા.

ગુરુ-શિષ્ય વચ્ચે અપ્રતિમ પ્રીતિનો નાતો હતો.

દિવસ દરમ્યાન કથાવાર્તા થઈ.

"વ્હાલા મુને વશ કીધી વૃષરાજ, વ્હાલપ તારા વ્હાલમાં રે લોલ..."

સદ્. મુનિસ્વામી સાથે સંતો-ભક્તો રાત્રે ચેષ્ટા બોલતા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સદ્. મુનિસ્વામી સાથે ઉચ્ચ સ્વરે ચેષ્ટા બોલતા હતા.

પરંતુ સાથે રહેલા સંતોમાં કેટલાક ધીમા સ્વરે ચેષ્ટા બોલતા હતા તો કેટલાક મનમાં મનમાં જ બોલતા હતા.

સદ્. મુનિસ્વામીએ આ અંગે સંતોની નોંધ લીધી.

તેથી અન્યને મિષે સદ્. મુનિસ્વામીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને ઉચ્ચ સ્વરે કહ્યું, "દેવસ્વામી, થોડી મોટેથી ચેષ્ટા બોલો; મનમાં ન બોલો."

"હા બાપા, મોટેથી બોલીશ." ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હસ્ત જોડી કહ્યું.

વિના ભૂલે થયેલી રોકટોકને પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી નિઃસંશયપણે સહર્ષ

સ્વીકારી વધુ મોટેથી ચેષ્ટા બોલવા લાગ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને ભૂલ વિના પણ થયેલી રોકટોક માટે દુઃખ કે સંશય નહોતો પરંતુ અહોહોભાવ હતો.

જેથી 'ગુરુની ટોકણી મળે ક્યાંથી !' એવા દિવ્યભાવમાં રાચતા ગુરુવર્ય પ.પૂ. બાપજી ઉચ્ચ સ્વરે ચેષ્ટા બોલવામાં મગ્ન થયા.

●●●

એક વખત સદ્. મુનિસ્વામી મૂળી મંદિરે પધાર્યા હતા.

એકાદશીના આગળના દિવસે સ્વામી સંતોને સભામાં લાભ આપતા હતા.

આગળ બેઠેલા કેટલાક સંતોને સદ્. મુનિસ્વામીએ એકાદશી અંગે પૂછ્યું.

પૂ. સંતોને ટકોર કરતાં સદ્. મુનિસ્વામીએ કહ્યું,

"સંતો, આપણે ત્યાગી સાધુએ તો બધી જ એકાદશી નકોરડી કરવી જોઈએ. ક્યાંક ઠીક ન હોય તો ફળાદિક કે એકાદ વાર ફરાળ લેવાય પણ આગ્રહ તો નકોરડી એકાદશી કરવાનો જ રાખવો."

ખરેખર સદ્. મુનિસ્વામીએ આ ટકોર અન્ય સંતોને કરી હતી.

પરંતુ આ જ સભામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ બિરાજ્યા હતા.

સદ્. મુનિસ્વામીએ તેઓને કશું કહ્યું પણ ન હતું.

તેમ છતાં અન્ય સંતોને થયેલી ટકોરને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પોતાની કરી દીધી.

અન્યને થયેલ ટકોર ગુરુવર્ય પ.પૂ. બાપજીને તો પોતા માટે ગળી મધ જેવી લાગી.

જે દિવસથી સદ્. મુનિસ્વામીની આ ટકોર સાંભળી તે પછીથી બધી જ એકાદશી ગુરુવર્ય પ.પૂ. બાપજી નકોરડી કરતા.

આ અંગે સ્વસ્મૃતિ કરતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી કહેતા હોય છે, "મુનિસ્વામીએ કરેલ ટકોર પછી અમે ૩૦ વર્ષ સુધી બધી જ એકાદશી નકોરડી કરી હતી."

અવરભાવમાં ડાયાબિટીસની તકલીફ થઈ ત્યારે પ.પૂ. સ્વામીશ્રી અને પૂ. સંતોએ ખૂબ પ્રાર્થના કરી.

ત્યારબાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ માત્ર એક વાર ફરાળ લેવાનું શરૂ કર્યું હતું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની અન્યને કરેલી ટકોર પોતા પર લઈ પોતાના જીવન સમા ગુરુના સંકલ્પને પોતાનો કરવાની કેવી દિવ્ય રીત !

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંવત ૨૦૧૨માં ત્યાગાશ્રમની દીક્ષા ગ્રહણ કરી.

તેઓની અવ્વલ સાધુતા અને વ્યવહારકુશળતા જોઈ બીજા જ વર્ષે તેમને કડી મંદિરની મહંતાઈ સોંપવામાં આવી હતી.

કડી શિખરબદ્ધ મંદિર હોવાથી ઉત્સવ-પ્રસંગો ધામધૂમથી ઊજવાતા.

અન્નકૂટોત્સવ આવ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાથે જોડમાં એક ઉંમરલાયક સંત જ હતા.

વળી, અન્નકૂટની નવી નવી વાનગીઓ બનાવવાનો એવો કોઈ અનુભવ તેઓની પાસે નહીં.

તેથી ઉપરી મોટાપુરુષને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વિનંતી કરી કે, “મને ઠાકોરજીનો અન્નકૂટ બનાવવાની ઘણી હોશ છે પરંતુ આ બધી વાનગીઓ કોઈ દિવસ એકલા હાથે બનાવી નથી.”

મોટાપુરુષે તરત ટકોર કરી કે, “સાધુ થયા પછી એક અન્નકૂટ તો આવી ગયો; તમે કેમ ન શીખ્યા ?! હવે તમારે એકલાએ જ બનાવવાનો છે. ના કેમ આવડે ?!”

મોટાપુરુષને પણ માંહીથી વિશ્વાસ હતો કે, તેઓ ક્યાંય પાછા નહિ પડે કે તેમનો ઉત્સાહ મોળો નહિ પડે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મોટાપુરુષની ટકોરને ગમાડી અને એને તે સવળી લઈ બમણા ઉત્સાહથી અનુભવી હરિભક્તોના સાથ-સહકારથી ભવ્ય અન્નકૂટ બનાવ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે ન આવડે તેવું કશું નથી પરંતુ સેવાના પ્રારંભે હું સંપૂર્ણ છું એવો ભાવ ન રાખ્યો.

વળી, પોતાના ઉપરી પાસેથી શીખવાની કે તેમના માર્ગદર્શન હેઠળ આગળ વધવાની વિવેકસભર રીત શીખવી છે.

સ્વયં સમર્થ હોવા છતાં ગુરુની રોકટોક ગમાડનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૮

## બ્રહ્મરસના ભોગી રે

તા. ૪-૨-૨૦૧૮ ને રવિવારના દિવસે પંચમહાલ તીર્થધામ ગોધર ખાતે સમૈયો હતો.

એના આગલા ત્રણ દિવસ પહેલાં ૧લી તારીખે વાસણા ખાતે પૂનમનો સમૈયો હતો.

એ દિવસે ગુરુવર્ય પ.પૂ. બાપજીનું અવરભાવમાં સ્વાસ્થ્ય નાદુરસ્ત હતું.

તેઓ સભામાં માત્ર ૫ મિનિટ દર્શન આપી સહુને ‘જય સ્વામિનારાયણ’ કહી આસને પધાર્યા હતા.

આ દૃશ્ય નિહાળતાં આખા સભામંડપના તથા ઓનલાઈન લાભ લેનાર ભક્તસમાજના નયન ને હૃદય બંને ભીનાં થયાં હતાં.

પૂનમ બાદ ત્રણ દિવસ પછી ગોધરનો સમૈયો હતો. એમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ગોધરના સમૈયામાં જવાની રુચિ જણાવી.

સંતો-ભક્તો ચિંતિત હતા કે, ‘વાસણા મંદિરે જ આસનેથી સભાહૉલમાં આવવું પણ અવરભાવમાં બાપજીને કેટલું મુશ્કેલ પડ્યું હતું ! તો પછી ૧૫૦

કિ.મી. ગોધર જવાના અને ૧૫૦ કિ.મી. ગોધરથી અમદાવાદ આવવાના એમાં આખો દિવસ જાય તો તે તો શક્ય જ કેમ બને ? અશક્ય હતું.'

ગુરુવર્ય પ.પૂ. બાપજી દયાની મૂર્તિ. એમને પંચમહાલની સીધી, સાદી, ગરીબ, નિર્દોષ અને ભોળી આદિવાસી પ્રજા વ્હાલી.

તેથી આ પ્રજા પર ગુરુવર્ય પ.પૂ. બાપજીનો કાયમી ખૂબ રાજીપો વરસતો હોય છે.

એટલે અવરભાવમાં તેઓ ગમે તેટલી વિકટ હાલતમાં પણ 'ગોધર તો જવું જ છે' એવો પ્રબળ આગ્રહ જણાવતા હોય છે.

હવે આ તો સ્વતંત્ર પુરુષ... એમના પ્રબળ આગ્રહને કોણ અટકાવી શકે ?

ઍપોલો હૉસ્પિટલવાળા ડૉ. મહર્ષિભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સારવાર કરી રહ્યા હતા.

તેઓ રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચેકઅપ માટે આવતા.

તેમની સલાહ હતી કે, "ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે આસનની બહાર નીકળવું બિલકુલ હિતાવહ નથી."

આ સાંભળી પ.પૂ. સ્વામીશ્રી પણ ખૂબ ચિંતિત હતા.

તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને આરામ કરવાની ખૂબ પ્રાર્થના કરી : "દયાળુ, અવરભાવમાં આપની વિકટ સ્થિતિ જોતાં અમે અને આખો સત્સંગ સમાજ ચિંતાતુર છીએ. વળી આપની અવરભાવની પરિસ્થિતિ જોતાં ગોધર પધારવું અનુચિત છે..."

પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "મને કશું નથી; મને રોકશો નહીં."

આ દરમ્યાન પૂ. સંતોએ તથા ડૉ. મહર્ષિભાઈએ ગુરુવર્ય પ.પૂ. બાપજીના રિપોર્ટ્સ ચેક કર્યા.

"બાપજી, આપના રિપોર્ટ્સ જોતાં એવું લાગે છે કે આપને સંપૂર્ણ આરામની જરૂર છે." ડૉ. મહર્ષિભાઈએ પ્રાર્થના કરી.

પ્રાર્થના સાંભળી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ડૉ. મહર્ષિભાઈને ખભા પર હસ્ત મૂકીને કહ્યું, "તમે સાંભળો, આ તમે રિપોર્ટ લાવ્યા છો તે મારા નથી."

ડૉક્ટરે કહ્યું, "કેમ તમારા નથી ?"

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “અમે તો અનાદિથી મૂર્તિમાં જ છીએ. માટે અમારા રિપોર્ટ્સ હોય જ ક્યાંથી ? આ તમે જે રિપોર્ટ બતાવો છો તે આ ખોખા (દેહ)ના છે; તે દેહ ક્યાં અમારો છે...! હું કાલે સવારે ગોધર જઈશ અને સાંજે પાંચ વાગ્યે પાછો વાસણા આવીશ. મને કશું જ થયું નહિ હોય; તમે બધા નિશ્ચિંત બની જાવ.”

ડૉ. મહર્ષિભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીના વાક્યો સાંભળી સ્થિર થઈ ગયા.

“ડૉક્ટર, અમે દેહધારી નથી, અમે જગતના જીવ જેવા જીવ નથી. અમે તો મૂર્તિમાં રમણ કરનારા અનાદિમુક્ત છીએ. અને સાંભળો, તમને અમારાં દર્શન થાય ક્યાંથી ? તમને આ અમારાં દર્શન થાય છે તેમાંય પાછી અમારી સેવા મળી એ તમારા પર દયા કહેવાય માટે આ લીલામાં તમને સમજ નહિ પડે. ભલે તમે તમારી રીતે સાચા હશો પણ અમે નિરંતર મૂર્તિમાં રહેનારા છીએ...”

આ કેફ તથા બ્રહ્મરસના ભોગી ગુરુવર્ય પ.પૂ. બાપજીનો રજમો જોઈ ડૉ. મહર્ષિભાઈ તો ખુરશી પર બેઠા હતા ત્યાંથી ઊભા થઈ સીધા જ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં ઢળી પડ્યા.

તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીની મૂર્તિમસ્ત ખુમારીનાં દર્શનથી અભિભૂત થઈ ગયા.

હવે તેમને પણ કશી પ્રાર્થના કરવા જેવી કે બોલવા જેવું રહ્યું ન હતું એટલે તેઓએ બે હાથ જોડી ભાવથી ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં ચરણસ્પર્શ તથા નિકટ દર્શન કરીને આસનેથી વિદાય લીધી.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતાનો સ્વતંત્ર રજમો અને પોતાના પરભાવના સ્વરૂપની પિછાણ ક્યારેક જ કરાવે છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી હંમેશાં અવરભાવની રીતે જ વર્તતા જણાય એટલે એમના પરભાવને જાણવો, સમજવો ને અનુભવવો એટલો સહેલો હોતો નથી.

પણ આજે ડૉક્ટર પર અને સહુ સંતો ઉપર ગુરુવર્ય પ.પૂ. બાપજીની કૃપા થઈ કે, એમણે એમની પરભાવની ઓળખ કરાવી અને એની પ્રતીતિ પણ સૌને સહેજે સહેજે થઈ.

ત્યારબાદ બપોર પછીથી ગુરુવર્ય પ.પૂ. બાપજીના અવરભાવના સ્વાસ્થ્યનું

દૃશ્ય પરિવર્તિત થવા લાગ્યું.

બીજા દિવસે ગુરુવર્ય પ.પૂ. બાપજી ગોધર જવા પધાર્યા. રસ્તામાં એમનું સ્વાસ્થ્ય સાવ સામાન્ય.

છેલ્લા બે-ત્રણ દિવસથી બહુ જ ઓછું બોલાતું હતું એના બદલે તેમણે ગોધર જતાં રસ્તામાં આખી વાટ ગાડીમાં સંતો-હરિભક્તોને પ્રસન્નવદને સત્સંગ કરાવ્યો.

સંતો-ભક્તો પણ આ અનુભૂતિને લીધે વિચારી રહ્યા : 'આ દિવ્યપુરુષને અવરભાવ જ નથી તો અવરભાવનો કશો રોગ હોય જ ક્યાંથી ! આ તો કેવળ સંપૂર્ણ પરભાવનું સ્વરૂપ છે... તેઓ સદા મૂર્તિના સુખમાં લુબ્ધ છે અર્થાત્ બ્રહ્માનંદી છે તેની પ્રતીતિ સહેજે સહેજે થાય છે.'

આ પ્રસંગ, આ લીલા એમના માટે નથી; આપણા માટે જ છે. એમણે આપણને પણ મૂર્તિમાં રાખીને અનાદિમુક્ત કર્યા છે ત્યારે આપણને શ્રીજીમહારાજનો આવો આનંદ, કેફ, મસ્તી રહેવાં જોઈએ.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું આ ચરિત્ર આપણને સદ્. મુક્તાનંદ સ્વામીના 'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...' પદનું મૂર્તિમંત દર્શન કરાવે છે.

'શ્રીજી મૂર્તિના સુખમાં અનાદિ રહ્યા, રોમે રોમમાંહી તે તો રસબસ થયા' એવા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૯

## શ્રીહરિનું ગમતું કરાવવાનો આગ્રહ

ઈ.સ. ૨૦૦૦માં એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી વાસણા મંદિરે ભોંયરામાં વચનામૃતનું વાંચન કરી રહ્યા હતા.

અચાનક આસનમાં વિચિત્ર વાસનો અનુભવ થતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વચનામૃતમાંથી દૃષ્ટિ હઠાવી આસન તરફ કરી. ત્યાં એક કિશોર ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં ઊભા ઊભા દર્શન કરી રહ્યો હતો.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : ‘‘આ વાસ કોણ લઈને આવ્યું ?’’

‘‘મને ખબર નથી.’’

‘‘શું ખબર નથી ? તારામાંથી એ વાસ આવે છે.’’

‘‘દયાળુ, રાજી રહેજો... મારામાંથી વાસ નથી આવતી.’’

‘‘કંઈ છાંટ્યું છે ?’’

‘‘હા દયાળુ.’’

‘‘શું ?’’

‘‘એ તો મેં સુગંધીદાર સ્પ્રે છાંટ્યો છે.’’

‘‘આ સ્પ્રેની ગંધ છે...’’

“બાપજી, પણ મને તો સુગંધ જ આવે છે. આમાં એવું કંઈ ખરાબ નથી.”

“હા, આ ખરાબ કહેવાય... સત્સંગીને સ્પ્રે ન છંટાય.”

“કેમ બાપજી ?”

“એ છાંટવાથી દેહભાવ પાકો થાય. સત્સંગ દેહભાવને પુષ્ટ કરવા માટે નથી. સત્સંગ તો આત્માને પુષ્ટ કરવા માટે છે એટલે દેહભાવને પુષ્ટિ મળે એવો ખોટનો ધંધો ન કરાય... શ્રીજીમહારાજ એક ટકો રાજી ના થાય અને અમે પણ રાજી ન થઈએ...”

કિશોર ઘરનો હતો એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં પ્રાયશ્ચિત્તના ભાવે નમી ગયો.

“તમારે અમારી પાસે રહેવું હોય કે અમારી સેવા કરવી હોય તો કદીયે આ ગંધ નહિ છાંટવાની... અને એ નહિ છાંટો તો અમે તમને સેવાનો લાભ આપીશું...”

●●●

તા. ૩-૯-૨૦૧૬ના રોજ યુ.એસ.એ. દેશના એન.જે. સ્ટેટના ચેરીહિલ સિટી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા બાદ છબી સ્મૃતિદર્શનનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો.

ચેરીહિલ પ્રતિષ્ઠામાં જે હરિભક્તોએ રાતદિન જોયા વિના અથાક સેવા કરી હતી તેમને રાજીપા સ્વરૂપે ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં બિરાજી છબી સ્મૃતિદર્શનનો લાભ મળવાનો હતો.

આ લાભ શરૂ થઈ ગયો.

એવામાં ચેરીહિલ મંદિરના બાંધકામમાં જેમણે ખૂબ સેવા આપી હતી એવા સિવિલ એન્જિનિયર પ્રફુલ્લભાઈનો ક્રમ આવ્યો.

પ્રફુલ્લભાઈને પણ અંતરમાં અતિશે હરખ હતો : ‘આવા મોટાપુરુષના દિવ્ય ચરણોમાં બેસીને, અખંડ સંભારણું મળે એ મારા પર એમની કેટલી મોટી દયા કહેવાય !!’

પ્રતિષ્ઠાસભાના મંચ પરથી નામ ઉદ્‌ઘોષિત થયું : “પ્રફુલ્લભાઈ હવે છબી સ્મૃતિદર્શનનો લાભ લેવા આવશે...”

તેઓ જ્યાં લાભ લેવા પહોંચ્યા ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને હસ્તના લટકે રોક્યા.

સંતો તથા સ્વયંસેવકો આ દશ્ય જોતાં એકત્ર થઈ ગયા.

સૌને એમ કે, 'બાપજીએ આમ કેમ કર્યું ? આ તો હમણાં જોડાયા છે... કાર્ય સત્સંગમાંથી આવ્યા છે...'

"આ તમે આવી દાઢી રાખી છે એટલે અમે તમને છબી સ્મૃતિદર્શનનો લાભ નહિ આપી શકીએ..." એમ પોતાની દાઢી પર હસ્ત મૂકતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા.

પ્રફુલ્લભાઈ તો આ સાંભળી અવાચક થઈ ગયા.

એક ઘડી તો એમને ન સમજાયું કે, ગુરુવર્ય પ.પૂ. બાપજી શું કહેવા માગે છે ?

"પ્રફુલ્લભાઈ, આ તમારી આવી દાઢી અત્યારે જ કાઢી નાખો તો તમને છબી સ્મૃતિદર્શનનો લાભ મળશે..." ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા.

"હા બાપજી, આપને રાજી કરવા માટે હું હાલ જ દાઢી કાઢીને આવું છું..." 'મને બહુ મોટા સમર્થ મોટાપુરુષ મળ્યા છે. બાકી સ્વામિનારાયણ સંપ્રદાયમાં હું ૨૫ વર્ષ રહ્યો પણ કોઈએ આમ કહ્યું જ નથી.' તેઓ આવા અહોભાવથી પુલકિત થઈ ઊઠ્યા હતા.

એક ક્ષણ સાવ સ્તબ્ધ બનેલ વાતાવરણ મોટાપુરુષની અહો કરુણાથી સાવ હળવું બની ગયું હતું.

"આપ ઉતાવળા જાવ તો પછી આપનો વારો જલદી આવે..."

"બાપજી, આ હમણે ઉતારે જઈને તરત જ આવ્યો..."

"પણ અત્યારે સ્મૃતિદર્શનનો લાભ લેવા પૂરતી જ દાઢી કાઢી નાખીએ પછી પાછી રાખીશું એમ નહીં. અમને તમે કાયમી પ્રૉમિસ આપો; તો અમે હા પાડીએ..."

"બાપજી, આ સેવકને આપ જેમ કહેશો તેમ જ કરશે. હવે કાયમી આવી દાઢી નહિ જ રાખું એવું આપના ચરણોમાં નિયમ લઉં છું..."

ગુરુવર્ય પ.પૂ. બાપજી પ્રફુલ્લભાઈની મુમુક્ષુતા જોઈ રાજી થઈ ગયા.

અને નિકટ લઈ રાજીપો આપતાં બોલ્યા : "અમને આવી દાઢી રાખે તે જરાય ન ગમે. તમે અમારા ગમતામાં રહી તમારું ગમતું છોડ્યું. ૨૫ વરસની દાઢીને કાઢવા તૈયાર થયા... આ તમારા પર શ્રીજીમહારાજની કૃપા કહેવાય. બાકી આ વાત ન સમજાય... " ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આમ કહી તેમના માથા પર હસ્ત મૂકી રાજીપો દર્શાવ્યો. "જાવ, તમે ઝટ જાવ ને દાઢી કઢાવી આવો..."

પ્રફુલ્લભાઈ ઉતારે જઈ ૨૫ વર્ષની વ્હાલી કરી રાખેલ ફ્રેન્ચ કટ દાઢી કાઢીને આવ્યા.

ત્યારબાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમને રાજીપાનો અમૃત ધબ્બો વરસાવી, છબી સ્મૃતિદર્શનનો લાભ આપ્યો.

આ ક્ષણે કોઈકે પ્રફુલ્લભાઈને પૂછ્યું : "દયાળુ, તમે બાપજીના વચને કેમ તરત જ તૈયાર થઈ ગયા...?"

"મને કંઈ ખ્યાલ નથી પણ એમની દિવ્યતામાં હું અંજાઈ ગયો ને એમને મારા રજોગુણના વળગણ મુકાવવા પાસે લીધો. મને મારી ખબર નથી પણ એમને તો મારી ખબર છે એટલે મને ચોખ્ખો કરવા આ કરુણા કરી – એ વિચારથી જ હું તુરત તૈયાર થઈ ગયો."

બે વર્ષ બાદ પ્રફુલ્લભાઈ કોઈ વ્યવહારિક કામ માટે ભારત આવ્યા હતા.

અને ભારત આવ્યા એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન માટે વાસણા મંદિર આવ્યા.

"સ્વામી, પેલા ભાઈને બોલાવો..."

પેલા ભાઈ નજીક આવ્યા એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી એક ક્ષણ સ્થિર દૃષ્ટિએ નીરખી બોલ્યા : "અમેરિકાવાળા પ્રફુલ્લભાઈ...?!"

"બાપજી, જય સ્વામિનારાયણ... રાજી રહેજો..."

"અમને આપેલ પ્રૉમિસ પાળો છો ને ! કાયમી દાઢી નથી રાખતા ને ! આ તો અમે જોઈ જોઈને જોયું છે. હરિભક્તો અમારી આગળ કંઈ હોય ને પાછળ કંઈ હોય..." એમ કહી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રફુલ્લભાઈને ચકાસ્યા.

"હા બાપજી ! દાઢી તો આપે કૃપા કરીને કઢાવી તે તો ગઈ... બાપજી, આપથી ક્યાં કંઈ અજાણ છે...!"

ગુરુવર્ય પ.પૂ. બાપજી એમની દાઢી ન રાખવાની દૃઢતા જોઈ રાજી થયા અને મંદ મંદ હાસ્ય કરતાં બોલ્યા :


"બે વર્ષ થયાને પ્રફુલ્લભાઈ...?"

"હા... બસ શ્રીજીમહારાજનું ગમતું છેલ્લા શ્વાસ સુધી પળાવજો..."

"શ્રીજીમહારાજના ગમતામાં જે રહે તેને શ્રીજીમહારાજ મહાપથારી સુધી નિભાવે..." આમ કહીને નિકટ લઈ રાજીપો આપ્યો.

શ્રીહરિના ગમતા બહાર વર્તનારને શ્રીહરિની ગમતી રીત જણાવી અને એ માર્ગે ચલાવી, હરિને ગમે એવું પાત્ર કરવાનો અતિ અતિ આગ્રહ દાખવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







હરિકૃષ્ણ હૈયાનો મારો હાર છે જી હો, જોઈને જીવું છું સુંદર મૂર્તિ રે;
મારાં નેણાં તણા શણગાર છે જી હો, અળગો ન મેલું મારા ઉરથી રે.

– સદ્. પ્રેમાનંદ સ્વામી

# 30

## ભજન પ્રિય

ઈ.સ. ૨૦૧૬માં એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી વિજાપુર વિચરણાર્થે પધારી રહ્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી નિયત સમય મુજબ ગાડીમાં બિરાજ્યા.

ત્યારબાદ સંતો-ભક્તો પણ ગાડીમાં બેઠા.

“હેઠા ઊતરો અલ્યા...” ગુરુવર્ય પ.પૂ. બાપજી ગાડીમાં બેઠેલા સામું જોઈ તરત બોલ્યા,

“બાપજી, હમણાં જ બેઠા છીએ ને ગાડીમાંથી ઊતરવાનું...??” નવા આવેલ હરિભક્તને ગુરુવર્ય પ.પૂ. બાપજીની રીતનો ખ્યાલ ના હોય એટલે તેઓ દીનભાવે બોલ્યા.

“અમને ધૂન-કીર્તન અને શ્રીજીમહારાજના મહિમાની વાતો વિના સમય વીતે તે તો ન જ પોસાય. તેમાંય, અમારી જોડેવાળા સંત કે હરિભક્તનો એક મિનિટનો સમય અમે વ્યર્થ ન જવા દઈએ...”

તેમના આ માર્મિક શબ્દોને સાથે રહેલા પૂ. સંતો-હરિભક્તોએ સમજી તરત ધૂન-કીર્તન ચાલુ કરી દીધાં.

•••

“બાપજી, વિચરણ દરમ્યાન આપણે કાયમ ધૂન-કીર્તન બોલીએ છીએ તો આજે આપણે કીર્તનની કૅસેટ મૂકીએ...?” આવું જ્યારે જ્યારે સંતો કે હરિભક્તો કહેતા હોય ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી કહેતા હોય છે, “એ તો કૅસેટમાં કીર્તન ગવાય... કીર્તન કીર્તનનું કામ કરે અને આપણી વાતો ચાલુ થઈ જાય અથવા તમે બધા પોઢી જાવ; તે કરતાં મુખે ધૂન-કીર્તન કરવાથી જાગેલા રહેવાય, સક્રિય રહેવાય, બહારવૃત્તિ ન થાય અને સૌથી મોટું ફળ તો શ્રીજીમહારાજ રાજી થાય.”

પછી તો સંતો-ભક્તો ઉત્સાહથી કીર્તનો ગાવા લાગે. ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ એમાં બળનાં વચનો કહી ઉત્સાહનો સ્તર વધારી દે...

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી ગાડીમાં અમદાવાદથી મુંબઈ જતાં ૮-૯ કલાક થાય તોપણ અવિરતપણે ધૂન-કીર્તન ચાલુ રખાવે. વચ્ચે થોડી વાર માટે પણ વિરામ નહીં.

એમ આવતાં ને જતાં અખંડ ધૂન-ભજનની રમઝટ ગાડીમાં વાગતી હોય જેથી ગાડીમાં જોડે રહેલાને પણ બહિર્મુખી થવાનો અવકાશ જ ન મળે.

એમ ગુરુવર્ય પ.પૂ. બાપજી સંગે સહેજે સહેજે ભજનાનંદી ને અંતર્મુખીપણાનાં અંગ કેળવાય છે...

ક્યારેક વિચરણ દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. બાપજી અવરભાવમાં થાક જણાવતા હોય તોપણ આરામનો કોઈ વિચાર નહીં.

સેવક સંતો પ્રાર્થના કરતાં કહેતા હોય છે, “બાપજી, આપ થાક્યા છો તો થોડો આરામ કરો; અમે બધા માળા કરીએ છીએ.”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી કાયમી કહેતા હોય છે, “સાંભળો, ધૂન-ભજન અને કીર્તન બોલવામાં તો થાક ઊતરી જાય માટે તમે હવે ચલતીમાં ધૂન-કીર્તન ગાવ.”

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી ગાડીમાં વિચરણ દરમ્યાન ભગવાન સ્વામિનારાયણની અભિમુખ થવા ધૂન-કીર્તનભક્તિનો અખંડ આલોચ જણાવતા હોય છે.

●●●

ઈ.સ. ૨૦૧૮ના જાન્યુઆરી માસમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી ગોધર પધારતા હતા.

તબિયત નાદુરસ્ત હતી તેથી સેવક સંતે ગાડીમાં આરામ કરવા પ્રાર્થના કરી.

ગોધરનો ત્રણ કલાકનો રસ્તો; એ દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. બાપજીનું સ્વાસ્થ્ય કેવું રહેશે તે અંગે સેવક સંતને ચિંતા હતી.

પરંતુ વાસણાથી ગાડી નીકળી કે તુરત ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘બધા કીર્તન ગાવ; શ્રીજીમહારાજ સારું કરી દેશે.’’

ત્રણ કલાક સુધી સળંગ કીર્તન બોલાવ્યાં. અન્ય કોઈ પ્રકારની વાતચીત નહીં.

એ દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. બાપજી મૂર્તિમાં નિમગ્ન થઈ બિરાજ્યા હતા.

આજે અવરભાવની ૮૬ વર્ષની જૈફ વયે પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી શારીરિક તકલીફ વચ્ચે એક ક્ષણ પણ પ્રભુવિહોણી વિતાવતા નથી.

અંતર્મુખી જીવન માટે અખંડ ભજનમાં મસ્ત રહી અનેકને ભજન કરાવનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૧

# હરિકૃષ્ણ મહારાજની પ્રધાનતા

તા. ૨૮-૧૨-૨૦૧૪ના રોજ હેડંબા ઝાડી દેશની વન્ય ભૂમિ ઉપર પથરાયેલા ગોધરા શહેરમાં અતિ મંગલકારી દિન હતો.

કારણ કે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ રંગેચંગે ગોધરા શહેરના નૂતન મંદિરમાં પોતાના મુક્તમંડળે સહિત બિરાજમાન થવાના હતા.

પ્રતિષ્ઠા-મહોત્સવ ઉપક્રમે સમગ્ર ગોધરા શહેરના પાંચ વિસ્તારોમાંથી ભવ્ય છાબયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી બામરોલી રોડ ખાતેથી ભવ્ય છાબયાત્રામાં લાભ આપવાના હતા.

છાબયાત્રાનો સમય થતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી છાબયાત્રાના સ્થળે પધાર્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે 'સ્પૉટ' તૈયાર હતો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્પૉટ ઉપર મૂકેલા સોફા ઉપર બિરાજમાન થયા.

હજારોની સંખ્યામાં હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન માટે પધાર્યા હતા.

એકાદ મિનિટ બાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીની દૃષ્ટિ સોફાની બાજુમાં પધરાવેલા હરિકૃષ્ણ મહારાજ ઉપર ગઈ.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને હરિમહારાજનું આસન અને પોતાનું આસન સમકક્ષ જણાયાં.

ગુરુવર્ય પ.પૂ. બાપજી તરત જ ઊભા થઈ ગયા.

સેવામાં રહેલા સેવક સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું કે, "બાપજી, કેમ ઊભા થઈ ગયા ? શું થયું ?"

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "ઠાકોરજીનું આસન અને આ સોફો બે સરખા સ્થાને છે; માટે અમારાથી આમ ન બેસાય. અમે તો ઠાકોરજીના સેવક છીએ. માટે ઠાકોરજી તો ઊંચા આસને શોભે.

એક કામ કરો, ઠાકોરજીને સોફા ઉપર બિરાજમાન કરી દો. અમારે તો ગમે ત્યાં બેસવું કે ઊભા રહેવું ચાલશે."

ત્યારે સૌ સંતોએ કહ્યું, "ના બાપજી, અમારા માટે તો ઠાકોરજી અને આપ બંનેનું જતન મહત્ત્વનું છે."

ત્યારે સંતોની વિનંતી સાંભળી ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, "તો પછી ઠાકોરજીનું આસન ઊંચું કરો. અમે જે કાંઈ છીએ તે ઠાકોરજીને લઈને છીએ. વળી, આ છાબયાત્રા ઠાકોરજીની નીકળી છે. તેમાં ઠાકોરજી ગૌણ થાય તે કેમ ચાલે ? અમારા ઠાકોરજી પહેલા. લાવો, ઠાકોરજી અમને આપી દો."

અવરભાવની વય-અવસ્થાને કારણે ગુરુવર્ય પ.પૂ. બાપજીથી ઊભું રહી શકાતું નથી એટલે સેવક સંતે કહ્યું, "બાપજી, આપ સોફા ઉપર બિરાજો. ઠાકોરજીનું આસન ઊંચું કરાવી દઈએ."

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "નહિ, પહેલાં ઠાકોરજીનું આસન ઊંચું કરો પછી જ અમારાથી બેસાશે."

સત્વરે વ્યવસ્થાપક મુક્તોએ ઠાકોરજીનાં આસનની યોગ્ય વ્યવસ્થા કર્યા બાદ પોતે આસન ઉપર બેઠા.

ત્યાં સુધી ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્પૉટ પર ઊભા રહ્યા.

સ્પૉટમાં બેઠેલા યજમાન હરિભક્તો આ જોતાં દિગ્મૂઢ થઈ ગયા અને અંદરોઅંદર વાત કરવા લાગ્યા :

"હજારો એમ સમજે છે કે છાબયાત્રામાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન થશે

અને આપ એમ કહો છો કે છાબયાત્રા ઠાકોરજીનાં દર્શન માટે નીકળી છે !

કેવું ઠાકોરજીનું પ્રધાનપણું ! વાહ, કેવો આપનો સેવકભાવ !

વાહ ! દયાળુ, આપને ઠાકોરજીનું મુખ્યપણું, પ્રધાનપણું કેવું નિરંતર વર્તે છે !''

આ અંગે વર્ષોથી ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાથે સેવામાં રહેલ પૂ. સિદ્ધાંતસ્વામી જણાવતા હોય છે કે, ''બાપજી સાથે સેવક છેલ્લાં અગિયાર વર્ષથી સેવામાં છે. અને અગિયાર વર્ષમાં એક દી એવો નિહાળ્યો નથી જેમાં એક પળ પણ બાપજીએ હરિકૃષ્ણ મહારાજને ગૌણ કર્યા હોય !

ક્યાંક અમે ઉતાવળમાં હોઈએ અથવા વિસ્મૃતિને લીધે હરિકૃષ્ણ મહારાજને ભૂલી જઈએ પણ બાપજીનો હરિકૃષ્ણ મહારાજને પ્રધાન રાખવાનો ખટકો લેશમાત્ર ક્યારેય ઓછો જણાયો નથી.

ગમે તેવી પરિસ્થિતિ કે ઉત્સવ-સમૈયા ના હોય પણ બાપજી તો પ્રથમ હરિકૃષ્ણ મહારાજ ક્યાં છે ? એમ કહી સંભારે... સંભારે ને સંભારે જ.

ગમે તેવો મંદવાડ હોય... તેઓ અવરભાવમાં સંપૂર્ણ વિસ્મૃતિ જણાવતા હોય તોપણ હરિકૃષ્ણ મહારાજ તો પહેલાં જ જોઈએ...

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીને કાયમી પ્રથમ હરિકૃષ્ણ મહારાજ જ જોઈએ.''

●●●

તા. ૨૪-૩-૨૦૧૮ના રોજ ઘાટલોડિયા મંદિરે વાર્ષિક પાટોત્સવ હતો.

પાટોત્સવ અન્વયે શોભયાત્રા રાખવામાં આવી હતી.

શોભાયાત્રામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ પ્રારંભે દર્શનદાન આપવા પધારવાના હતા.

માટે તેઓ ગાડીમાં બિરાજમાન થતા પૂર્વે બોલ્યા :

''સ્વામી, હરિકૃષ્ણ મહારાજને લીધા ? હરિકૃષ્ણ મહારાજ વિના શોભાયાત્રામાં ના જોડાવાય.''

''હા બાપજી...''

સેવક સંતનો ઉત્તર મળતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી ગાડીમાં બિરાજમાન થયા.

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનમાં હંમેશાં હરિકૃષ્ણ મહારાજનું પ્રધાનપણું વિશેષાવિશેષ જોવા મળે.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને એક વાર સેવક સંતે પ્રશ્ન પૂછ્યો : ''બાપજી, અમે ક્યારેક શ્રીજીમહારાજને ભૂલી જઈએ પણ આપ તો ક્યારેય ભૂલતા નથી

તેનું શું કારણ ?''

''સ્વામી, શ્રીજીમહારાજને અમે કાયમ પ્રથમ રાખીએ છીએ એટલે હરિકૃષ્ણ મહારાજની દયા છે એ અમને ભૂલાવા દેતા જ નથી... એટલે શ્રીજીમહારાજ અમને પ્રથમ રહે છે... અખંડ અમને શ્રીજીમહારાજ જ રહે છે. આપણે જેટલા શ્રીજીમહારાજને સંભારીએ તેટલા શ્રીજીમહારાજ આપણને સંભારે.''

સેવક સંત તો ગુરુવર્ય પ.પૂ. બાપજીનો પ્રત્યુત્તર સાંભળતાં પરભાવમુગ્ધ બની ગયા.

●●●

તા. ૧૭-૧૦-૨૦૧૪ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી વાસણાથી સ્વામિનારાયણ ધામ પ્રાતઃ સભામાં લાભ આપવા પધારી રહ્યા હતા.

સ્વામિનારાયણ ધામ પહોંચવાને ૫ મિનિટની વાર હશે ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, ''સંતો, ધામ આવશે એટલે લઘુ કરવા જવું પડશે... લઘુની ભારે તકલીફ છે...''

''હા બાપજી, આપણે પહોંચીએ એટલે પ્રથમ લઘુ માટે જ જઈ આવીશું...''

ગુરુવર્ય પ.પૂ. બાપજી ધામ પર પહોંચ્યા. જ્યાં ગાડીમાંથી તેઓ ઊતર્યા ત્યાં તો શણગાર આરતીનો ડંકો વાગ્યો.

''સંતો, ચાલો શ્રીજીમહારાજની આરતી થાય છે એટલે પ્રથમ હરિકૃષ્ણ મહારાજને આપ સિંહાસનમાં પધરાવી દો... લઘુ પછી થશે...''

સેવક સંત કંઈક બોલે તે પહેલાં તેમણે આરતીમાં જવાની આજ્ઞા જણાવી અને ત્યાં જવા તૈયાર થઈ ગયા.

આમ, શ્રીજીમહારાજનું પ્રધાનપણું ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અવરભાવના સ્વાસ્થ્યને પણ અવગણીને કાયમ રાખ્યું છે ને રખાવ્યું છે.

●●●

એક વખત વાસણા વિસ્તારમાં એક હરિભક્તના નિવાસસ્થાને શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોની રસોઈ હતી.

આ પ્રસંગે ગુરુવર્ય પ.પૂ. બાપજી એમના ઘરે પધરામણીએ પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું આગમન એમણે પુષ્પો દ્વારા કર્યું. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પધારતાની સાથે હરિકૃષ્ણ મહારાજની આરતીનો લાભ આપ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હરિભક્તના ઘરમાં દરેક રૂમે રૂમે પધારી જળ છાંટીને ઘરને શ્રીજીમહારાજના સંબંધવાળું કર્યું.

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજી ઠાકોરજી જમાડવા ભોજનકક્ષને વિષે પધાર્યા.

ત્યાં એક સંત હરિકૃષ્ણ મહારાજને થાળ ધરાવતા હતા. તેઓ હરિકૃષ્ણ મહારાજને જમાડી જ્યાં થાળ લેવા ગયા ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજી તરત બોલ્યા, “સ્વામી, આપણને ઠાકોરજી જમાડતા કેટલી વાર લાગે ? આપણે જેમ શાંતિથી જમાડીએ છીએ તેમ આપણા હરિકૃષ્ણ મહારાજને પણ શાંતિથી, પ્રેમથી તથા ગદ્‌ગદભાવે જમાડવા જોઈએ. એકાદો થાળ પણ બોલવો જોઈએ. હરિકૃષ્ણ મહારાજને જમાડવાના સમય દરમ્યાન તેમની સાથે વાતો કરવાનો આપણને વખત મળે... શ્રીજીમહારાજ જમાડતા હોય એટલે પ્રસન્ન હોય એટલે એમને નિષ્કામભાવે પ્રાર્થના પણ કરી શકાય... સ્વામી, આ બધી આપણી તક ઉતાવળે જતી રહે. આપણા શ્રીજીમહારાજ સાક્ષાત્ છે, પ્રગટ બિરાજે છે... આમ કહી થોડી વાર શ્રીજીમહારાજ પાસે થાળ રખાવી અને પોતે થાળ બોલવા લાગ્યા :

“જમોને થાળ જીવન જાઉં વારી...”

પૂ. સંતોએ પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે થાળ ગાવાનું શરૂ કર્યું.

ગુરુવર્ય પ.પૂ. બાપજી શ્રીજીમહારાજની મૂર્તિ સમક્ષ દિવ્યભાવે હસ્ત જોડી ગદ્‌ગદભાવે પ્રાર્થના કરવા લાગ્યા.

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી હંમેશાં હરિકૃષ્ણ મહારાજની સેવા સદાય પ્રગટભાવે કરતા ને કરાવતા હોય છે.

શ્રીજીમહારાજને મુખ્ય, પ્રધાન, પ્રથમ રાખનાર અને રખાવનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૨

# સંપ્રદાયના સુવર્ણ ઇતિહાસનું સર્જન

"સ્વામિનારાયણ ભગવાનનું આ બ્રહ્માંડમાં પ્રાગટ્ય થયું. આ બ્રહ્માંડને વિષે એમના પ્રાગટ્યનો સવિશેષ હેતુ હતો. આ તમામ હેતુને સમયાંતરે તેઓ સાર્થક કરી રહ્યા છે. એમના પ્રાગટ્યનો મુખ્ય હેતુ : **'સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન; અનાદિમુક્તની સ્થિતિનું પ્રવર્તન; શુદ્ધ સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરોનું નિર્માણ; શુદ્ધ શાસ્ત્રોની રચના; શુદ્ધ ઉપદેષ્ટાઓનું નિર્માણ; અણીશુદ્ધ વર્તનયુક્ત સંત-હરિભક્ત સમાજની રચના અને પ્રતિમા સ્વરૂપે સદા પ્રગટપણું.'** આવા સ્વામિનારાયણ ભગવાનના પ્રચંડ સંકલ્પોને પૂર્ણ કરવા જ ગુરુવર્ય પ.પૂ. બાપજીનું પ્રાગટ્ય થયું.

જેના માટે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ક્યારેય પાછું વળી જોયું જ નથી. અખંડ એના માટે અવરભાવનું સમગ્ર જીવન હોમી દીધું છે. આજે પણ એ દિવ્યપુરુષ અવરભાવની ૮૬ વર્ષની જૈફ અવસ્થાએ શ્રીજીમહારાજના સંકલ્પ પૂર્ણ કરવા અતિશે આગ્રહ જણાવતા હોય છે. અમારે એમના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવી પડે છતાં તેઓ એના માટે નમતું મૂકતા નથી... પણ એ માટે તેઓ પર્વતપ્રાય અડીખમ જણાતા હોય છે... એમની અડગ ક્રાંતિએ સ્વામિનારાયણ સંપ્રદાયમાં

શ્રીહરિના સંકલ્પપૂર્તિ સમો સુવર્ણ ઈતિહાસ સર્જ્યો છે...''

સંપ્રદાયનો ઈતિહાસ વર્ણવતાં ઘણી વાર પ.પૂ. સ્વામીશ્રી જણાવતા હોય છે...

તો આવો નિહાળીએ સંક્ષિપ્તમાં સંકલ્પ પ્રવર્તનનાં કાર્યો.

**સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન કાર્ય :**

ગુરુવર્ય પ.પૂ. બાપજી આજે છડેચોક સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન કરી રહ્યા છે. એમણે સનાતન ઈશ્વર અને આધુનિક ઈશ્વરનો ભેદ સ્પષ્ટ કરીને ખુલ્લો કર્યો.

એમણે સમજાવ્યું કે, ''અનંતકોટિ બ્રહ્માંડમાં સનાતન ભગવાન એક જ છે અને તે સ્વામિનારાયણ ભગવાન છે. અને આધુનિક અવતારો અનંત છે અને તે સનાતન ભગવાન એવા સ્વામિનારાયણ ભગવાનની સત્તાથી થયા છે ને રહ્યા છે.

અનંત અનાદિમુક્ત સ્વામિનારાયણ ભગવાનના વ્યતિરેક સ્વરૂપ વડે થયા છે ને રહ્યા છે. અનંત પરમ એકાંતિકમુક્ત, એકાંતિક તથા ચાલોચાલ ભક્ત એમના વ્યતિરેક સ્વરૂપ વડે થયા છે ને રહ્યા છે ને સ્વામિનારાયણ ભગવાનના અન્વય સ્વરૂપ વડે કરીને અનંત અક્ષરોથી લઈને જીવ-પ્રાણીમાત્ર સુધીના થયા છે ને રહ્યા છે. આ સર્વે અનંતાનંત છે ને તે અન્વય અને વ્યતિરેક સ્વરૂપ વડે કરીને સ્વામિનારાયણ ભગવાન આ સર્વના ઉપરી છે.''

તેઓના સર્વોપરી ઉપાસનાના પ્રવર્તન કાર્યને લીધે આજે એસ.એમ.વી.એસ. સત્સંગ સમાજમાં નવી પેઢી પણ બાળપણથી આ માર્ગે ચાલી રહી છે.

પાંચ વર્ષના બાલિકામુક્ત એક વખત એમના નાનાના ઘરે ગયાં હતાં. આ બાલિકામુક્તના નાના કાર્ય સત્સંગી.

એટલે એક વાર એમના મંદિરે આ બાલિકામુક્તને દર્શન કરવા માટે લઈ ગયા.

મંદિરમાં જેવો આ બાલિકામુક્તે પ્રવેશ કર્યો ને તેમણે કેવળ શ્રીજીમહારાજ સિવાય અન્ય પરત્વે દૃષ્ટિ જ ના કરી. વળી, શ્રીજીમહારાજની મૂર્તિ સમક્ષ બેસી પંચાંગ પ્રણામ કરવા માંડ્યાં.

દર્શન પૂરાં થયાં એટલે એમના નાનાએ અન્ય મૂર્તિને દેખાડી કહ્યું, ''આ પણ ભગવાન કહેવાય એટલે એમનાં પણ દર્શન કરો...''

પણ આ બાલિકામુક્ત શ્રીજીમહારાજ સિવાય અન્યનાં દર્શન માટે તૈયાર જ

ના થયાં. એમના નાનાએ એમનો હાથ પકડી લઈ જવા પ્રયત્ન કર્યો તોપણ તે તૈયાર ના થયાં.

અન્ય મૂર્તિ દેખાડી એમના નાના બોલ્યા, “આ સ્વામિનારાયણ ભગવાન જ છે... ” ત્યારે તે બાલિકામુક્ત એ માટે પણ તૈયાર ના થયાં.

પછી તે બાલિકામુક્ત શ્રીજીમહારાજની મૂર્તિ સમક્ષ જઈ ‘આ જ શ્રીજીમહારાજ’ એવુ એની કાલી ભાષામાં કહેવા લાગ્યાં.

આ બાલિકાના નાના તો આ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા.

ઘરે આવી તેઓ તેમની દીકરીને કહેવા લાગ્યા, “ભારે છે આ ભાણી..! સ્વામિનારાયણ ભગવાન સિવાય કોઈને નમતી જ નથી... તમારા ગુરુએ પતિવ્રતાની ભક્તિ જબરી શિખવાડી છે... ધન્ય છે તમારા ગુરુને !”

આમ, અનંતકોટિ બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાન જ માત્ર સર્વોપરી સ્વરૂપ છે. આવી શુદ્ધ ઉપાસના સંપ્રદાયમાં પ્રવર્તાવીને સાચા અર્થમાં સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને યથાર્થ ઓળખાવવાનું ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ અદ્‌ભુત કાર્ય તેઓએ કર્યું છે.

**અનાદિમુક્તની સ્થિતિનું પ્રવર્તન કાર્ય :**

સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી અને અજોડ પ્રાપ્તિ થયા પછી જીવાત્મા ભિખારી રહેતો નથી. તેને જીવમાંથી શિવ કહેતાં અનાદિમુક્તની પદવી પ્રાપ્ત થાય છે.

સંપ્રદાયના શાસ્ત્રોમાં આત્માને આત્મારૂપ, અક્ષરરૂપ, બ્રહ્મરૂપ માનવાની વાતો બહુધા કરેલી છે. સાથે સાથે પુરુષોત્તમરૂપ માનવાની વાતો પણ છે.

આ વાતને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઉજાગર કરીને સંપ્રદાયમાં તેનું છડેચોક પ્રવર્તન કર્યું.

તેઓ કહેતા હોય છે, “શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૫૧મા વચનામૃતમાં કહ્યું છે, પુરુષોત્તમની દૃષ્ટિએ કરીને જુએ ત્યારે પુરુષોત્તમ સિવાય કાંઈ ભાસે નહીં. અને ભગવાનનો નિશ્ચય ભગવાન વડે કરીને થાય છે. આ શ્રેષ્ઠ લટકની વાત અનાદિમુક્તની સ્થિતિ કરવા માટેની છે. પુરુષોત્તમની મૂર્તિનું સુખ લેવું હોય તો પુરુષોત્તમરૂપ થવું પડે. એટલે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું સર્વોત્તમ સુખ ભોગવવા માટે અનાદિમુક્તની સ્થિતિ પામવી ફરજિયાત છે અને તે માટે પોતાના આત્માને પુરુષોત્તમરૂપ માનીને પ્રતિલોમભાવે તેમની મૂર્તિનું ધ્યાન-

ભજન કરવું.''

આવી ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનું સુખ પામવાની સર્વશ્રેષ્ઠ એવી અનાદિમુક્તની સ્થિતિ અને લટક ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય તેઓએ કર્યું છે.

**શુદ્ધ સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરોનું નિર્માણકાર્ય :**

શ્રીજીમહારાજે પોતાની ઉપાસનાના પ્રવર્તન માટે જ મંદિરોનું નિર્માણ કરેલું.

એમનો સંકલ્પ હતો કે, ''અમારાં મંદિરોમાં મધ્યખંડમાં અમારું સ્વરૂપ જ પધરાવવું.''

પણ એ સમયે સંજોગવશાત્ એમને મધ્યખંડમાં પરોક્ષભાવનાં સ્વરૂપો પધરાવવા પડ્યાં હતાં.

આ સંકલ્પને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મૂર્તિમાન સાકાર કર્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મંદિરોનું નિર્માણ કરીને મધ્યખંડમાં એકમાત્ર સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ જ અને અન્ય ખંડોમાં એમના મુક્તોનાં સ્વરૂપ પધરાવીને સંપ્રદાયમાં નૂતન ક્રાંતિ સર્જી દીધી છે.

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ શુદ્ધ ઉપાસનાનું પ્રવર્તન થાય તેવાં મંદિરોનું નિર્માણ કર્યું.

**શુદ્ધ શાસ્ત્રોનું રચનાકાર્ય :**

સંપ્રદાયનાં શાસ્ત્રોમાં પરોક્ષાર્થ તથા પ્રત્યક્ષાર્થ બંને શબ્દો છે. શાસ્ત્ર શાસ્ત્રની રીતે લખાયેલાં હોય. તેમાં પરોક્ષાર્થ શબ્દો સવિશેષ આવે અને પ્રત્યક્ષાર્થ શબ્દો ઓછા હોય છે.

એટલે જનરલ (સામાન્ય) સમાજમાં બહુધા શાસ્ત્રના સામાન્ય શબ્દોનો આધાર લઈને સામાન્ય સમજણ કેળવાતી હોય છે. શાસ્ત્રમાં સામાન્ય શબ્દો ભલે હજારો હોય પણ એ જ શાસ્ત્રનો માત્ર એક ભારે શબ્દ હજારો હલકા શબ્દોને દબાવી દે છે. એટલે જેને ઉત્કૃષ્ટ સમજણ કેળવવી હોય તેને શાસ્ત્રનાં ઉત્કૃષ્ટ વચનની સામું જ દૃષ્ટિ રાખવી જોઈએ.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ શ્રીજીમહારાજનાં ઉત્કૃષ્ટ વચનની પુષ્ટિ આપનાર શાસ્ત્રોની રચના કરાવીને સંપ્રદાયમાં આ ક્ષેત્રે પણ નૂતન કેડી કંડારી છે. એસ.એમ.વી.એસ.નાં પુસ્તકોમાં પણ કદી પરોક્ષાર્થ વાતો જોવા મળતી નથી.

તેઓએ 'સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન', 'સ્વરૂપનિષ્ઠા', 'મહાત્મ્ય',

'મુમુક્ષુતા' આદિ પુસ્તકો સ્વામિનારાયણ સાંપ્રદાયિક તથા વચનામૃતને આધારે રચી મુમુક્ષુઓને શુદ્ધ જ્ઞાન પીરસ્યું છે.

શાસ્ત્રોમાંથી શુદ્ધ ઉપાસના સમજાય તેવાં શાસ્ત્રનું સર્જન કર્યું.

**શુદ્ધ ઉપદેષ્ટાઓનું નિર્માણકાર્ય :**

શ્રોતાજનોને શુદ્ધ ઉપાસના સરળપણે સમજાય તેવા ઉપદેષ્ટા તૈયાર કર્યા.

શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે કે, "સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે; પણ પોતાની બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી."

હલકા-ભારે શબ્દોનો સમન્વય કરતા આવડે નહિ ને દરેક વાતમાં શંકા જાય. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ શ્રીજીમહારાજના આવા પરોક્ષાર્થ તથા પ્રત્યક્ષાર્થ શબ્દોનો સમન્વય કરતાં શિખવાડ્યું છે અને તેઓ શાસ્ત્રમાંથી ઉત્કૃષ્ટ શબ્દોને જ ગ્રહણ કરે છે ને સર્વોપરી વાતો સમજાવે છે.

એટલે તેમણે કોઈ દિવસ હલકી વાતો ઉચ્ચારી જ નથી. એમણે છડેચોક સદા ભારે વાતો જ કરી છે. કોઈને ગમે કે ન ગમે, કોઈ સમજે કે ન સમજે પરિણામની એમણે કદી પરવા કરી નથી.

એસ.એમ.વી.એસ.ના કોઈ સંતો કે હરિભક્તોના મુખેથી પરોક્ષાર્થ વાતો સાંભળવા મળતી નથી. શ્રીજીમહારાજના મહાત્મ્યની પ્રત્યક્ષાર્થ વાતોનો જ ધોધ વહેતો જોવા મળે છે.

**અણીશુદ્ધ વર્તનયુક્ત સંત-ભક્ત સમાજની રચના :**

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંતો-હરિભક્તોનાં વર્તનશીલ જીવન કર્યાં. આ સમાજ જેટલો સર્વોપરી નિષ્ઠામાં ટેકીલો છે એટલો જ નિયમ-ધર્મની બાબતમાં પણ ટેકીલો છે.

તેનું મૂળ કારણ ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રીનું પંચવર્તમાનેયુક્ત પારદર્શી જીવન છે. પંચવર્તમાનસંબંધી એક અલ્પ આજ્ઞા પણ આ દિવ્યપુરુષે કદી લોપી નથી.

અને તેના પરિણામે એસ.એમ.વી.એસ.ના સંતો પંચવર્તમાને શૂરાપૂરા છે તો હરિભક્ત સમાજ પણ એવો જ નિયમ-ધર્મની દઢતાવાળો છે.

ઈ.સ. ૨૦૧૩માં સંતોને એક વખત ગાંધીનગર 'જિલ્લા સેવા સદન'માં

ડેપ્યુટી કલેક્ટર સાહેબને નિર્માણ પામી રહેલ 'એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ હૉસ્પિટલ' સંબંધિત મળવા જવાનું હતું.

એ પૂર્વે મંદિરમાં કાયદાકીય સેવા સંભાળનાર હરિભક્તોએ સંતોને જણાવ્યું કે, "સ્વામી, ડેપ્યુટી કલેક્ટર, એમના પી.એ અને એમના ઉપરી બે ઉચ્ચ અધિકારીઓમાં બધે જ મહિલાઓ છે."

આ સાંભળતાં વિભાગના જવાબદાર સંત બોલ્યા, "તમે હરિભક્તો જાવ અને હૉસ્પિટલ અંગે સમગ્ર માહિતી જણાવો... અધિકારીઓને જણાવો કે કોઈ પુરુષ અધિકારી ફળવાય તો સંતો આખો જનસેવા અંતર્ગત હૉસ્પિટલનો પ્રૉજેક્ટ સમજાવી શકે..."

"સ્વામી, એમને ના ગમે અને સંતોનો આગ્રહ રાખે તો કેમ કરીશું ?" વિનંતીના ભાવે હરિભક્ત બોલ્યા.

"આપણા ગુરુ બાપજીએ આ ચલાવ્યું નથી તો આપણે એમા રંચમાત્ર ફેર પાડનાર નથી... માટે ભલામણ કરજો પણ શ્રીજીમહારાજ સંબંધિત આજ્ઞાનો લોપ કરી જનસેવાનું કાર્ય આદરવું નથી..." જવાબદાર સંત બોલ્યા.

આમ, સંતો પંચવર્તમાનના અણીશુદ્ધ નિયમ શિર સાટે રાખે છે.

●●●

હરિભક્તો પણ ગૃહસ્થના પંચવર્તમાનના નિયમ શિર સાટે પાળે છે. વિદેશમાં વસતા હરિભક્તો પણ બહારનું પાણી પીતા નથી. બહારનું જમતા નથી. આજના કિશોરો પણ નીતિમત્તા અને નિયમ-ધર્મમાં શૂરવીર છે.

ઘણા કિશોરો વિદેશ ભણવા જાય છે ત્યારે દિવસો-મહિનાઓ સુધી દૂધ અને ફ્રૂટ ઉપર રહીને પોતાના નિયમ-ધર્મ સાચવે છે.

પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના થાંભા ગામના રહેવાસી વજાભાઈ પટેલિયા ઈ.સ. ૧૯૯૨માં સત્સંગના રંગે રંગાયા બાદ ગોધર મંદિરે પૂ. સંતોની સાથે સેવામાં જોડાયા.

૭ વર્ષ સુધી નિરંતર સંતોની સેવામાં રહ્યા બાદ તેમને ઈ.સ. ૧૯૯૮-૯૯માં ગુજરાત એસ.ટી. બસની સરકારી નોકરી મળતાં તેઓ નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે રહેવા ગયા.

ત્યાં પણ એમને શ્રીહરિ ને ગુરુવર્ય પ.પૂ. બાપજીને રાજી કરવાનો ચડેલો રંગ અલ્પમાત્ર ઓછો ન થયો.

એ સમયે શ્રીજીમહારાજની ઈચ્છાથી એમના જીવનમાં ઘણા પ્રસંગો બન્યા. તેઓ ડ્રાઈવર એટલે એમની બદલી હાલતાં-ચાલતાં થઈ જાય.

આમ તેઓને ૨-૫-૧૦-૧૫ દિવસ ઘરથી દૂર રહેવાનું થતું. ત્યારે તેઓ નિરંતર શ્રીજીમહારાજની આજ્ઞાને સરાધાર પાળવા પૂજા સાથે જ રાખતા.

એવા સમયે બહારનું ગાળ્યા-ચાળ્યા વિનાનું અભક્ષ્ય ન જમતાં તેટલા દિવસ સાથે લઈ ગયેલ ભોજન જમતા.

એવામાં એક દિન તેમને અચાનક ચૂંટણીને લીધે ઑર્ડર થતાં કચ્છના માંડવી ખાતે જવાનું થયું.

ઑર્ડર થયો ત્યારે કેટલા દિવસ રહેવાનું છે તે નક્કી નહોતું. વળી, આમ અચાનક જવાનું થયું હોવાથી પૂજા ને નાસ્તો લઈ જવાનાં રહી ગયાં.

તેઓ કચ્છના માંડવી ખાતે પહોંચ્યા ત્યારે તેમને જાણવા મળ્યું કે અહીં પાંચ દિવસ રહેવાનું છે. ત્યારે તેઓથી આ પાંચ દિવસ પૂજા થઈ શકી નહીં.

શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ પૂજા કર્યા વગર પાણી પણ ન પિવાય. તેથી તેમણે પાંચ દિવસ ખાધા-પીધા વગર કાઢ્યા.

ક્યારેય એમને શ્રીજીમહારાજે આપેલ આજ્ઞા લોપવાનો મોળો સંકલ્પ સુધ્ધાં પણ ન થયો.

વળી, આ સમય દરમ્યાન એમના સહસાથી કર્મચારીઓને આ ખબર પડતાં તેઓને ઘણું સમજાવ્યા પણ તોય તેઓ કોઈની મોબતમાં ન લેવાયા. ને છઠ્ઠા દિવસે ઘરે આવી પૂજા કરી, પાણી પીધું ને ઠાકોરજી જમાડ્યા.

રૂપાભાઈની જેમ વજાભાઈની આજ્ઞામાં સરાધાર રહેવાની અજબ ને અડગ ટેક આપણને વર્તમાનકાળે ઘોર કળિયુગમાં પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સર્જેલી ‘સહજાનંદી સિંહ’ સેનાની પ્રતીતિ કરાવે છે.

આવા તો હજારો હરિભક્તોએ નિયમ-ધર્મ પાળી, એસ.એમ.વી.એસ.ની શાન વધારી ચાર ચાંદ લગાવી દીધા છે !!

**પ્રતિમા સ્વરૂપે સદા પ્રગટપણું :**

ગુરુવર્ય પ.પૂ. બાપજીની હરએક સભામાં એક વાક્ય ગુંજે છે : “અને વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે.” (ગ.છે. ૩૯)

વળી, શ્રીજીમહારાજ વર્તમાન સમયે પ્રતિમા સ્વરૂપે પ્રગટ છે એ વાત એમની પ્રત્યેક સભામાં મધ્યસ્થ સ્થાને હોય જ.

આ વાતને સમજાવતાં તેઓ કાયમ જણાવતા હોય છે, "શ્રીજીમહારાજે સંવત ૧૮૮૬માં દેખાતો મનુષ્યભાવ અદૃશ્ય કર્યો. અર્થાત્ દેહધારી મનુષ્ય રૂપે દર્શન કરતા હતા તે મનુષ્યભાવ અદૃશ્ય કર્યો.

સંવત ૧૮૩૭માં આ બ્રહ્માંડમાં તેઓએ પોતાનું પ્રગટપણું જણાવ્યું ત્યારથી યાવદ્ચંદ્રદિવાકરૌ સદા આ બ્રહ્માંડમાં પ્રગટ અને પ્રત્યક્ષ જ છે. એ સમયે મનુષ્યને મનુષ્ય જેવા દેખાતા હતા તો વર્તમાનકાળે મનુષ્યને પ્રતિમા સ્વરૂપે દર્શન થાય છે. એમ તેઓ હવેથી સદાને માટે પ્રતિમા સ્વરૂપે પ્રગટ અને પ્રત્યક્ષ છે, છે ને છે જ.


અવરભાવવાળાને મનુષ્ય રૂપે કે પ્રતિમા સ્વરૂપે દર્શન થાય છે. પરંતુ તેમને વિષેથી મનુષ્યભાવ ને પ્રતિમાભાવ દૂર કરીએ તો તેઓ સદા અક્ષરધામને વિષે કહેતાં સદા તેજના સમૂહમાં જ છે, સદા પરભાવમાં જ છે.


વર્તમાન સમયે શ્રીજીમહારાજ પ્રતિમા સ્વરૂપ સિવાય અન્ય કોઈ સ્વરૂપે પ્રગટ કહેવાય નહીં. સંવત ૧૮૮૬માં મનુષ્યભાવ અદૃશ્ય કર્યા પછીથી યાવદ્ચંદ્રદિવાકરૌ સુધી તેઓ પ્રતિમા સ્વરૂપે જ પ્રગટ અને પ્રત્યક્ષ છે અને રહેશે."


આવી શ્રીજીમહારાજના સ્વરૂપની પ્રગટ ને પ્રત્યક્ષભાવની યથાર્થ સમજણ દૃઢ કરાવી છે.

આ જ સમજણને વધુ સ્પષ્ટ કરતાં તેઓ સ્પષ્ટપણે જણાવતા હોય છે, "તમે સર્વે ભલે અમને ગુરુ કે સત્પુરુષ માનો પરંતુ ગુરુ કે સત્પુરુષ ભગવાન નથી, સેવક છે. માટે પરભાવનાં ત્રણ ટાઈટલ સ્વામી, દાતા ને નિયંતા એકમાત્ર શ્રીજીમહારાજને જ લાગુ પડે અને અવરભાવનાં ત્રણ ટાઈટલ ધ્યાન, ભજન અને ઉપાસના એકમાત્ર સ્વામિનારાયણ ભગવાનની જ કરવી."

સંપ્રદાયમાં અનેક સત્પુરુષોએ દર્શન આપ્યાં અને તેમના દ્વારા શ્રીજીમહારાજે જુદાં જુદાં કાર્યો કરાવ્યાં પરંતુ વર્તમાનકાળે પ્રગટ સત્પુરુષ દ્વારા શ્રીજીમહારાજે સર્વે કાર્યો કરાવી સંપ્રદાયના સુવર્ણ ઈતિહાસનું સર્જન કર્યું છે; એવા પ્રગટ સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...









ગમતું એમનું મારું ગમતું, રુચિમાં સદા રહે;
બાપજી ને સ્વામીશ્રી સાથે, આત્મબુદ્ધિ રહે.
– વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી

# 33

## અસ્ખલિત સ્નેહલધારા

એક વખત સમર્પિત તાલીમ કેન્દ્રમાં તાલીમ પામી નવદીક્ષિત સંતને એક માસ વાસણા મંદિર જવાનું થયું. ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમને જે અનુપમ લ્હાવો આપ્યો તેની અભિવ્યક્તિસભર સ્મરણિકાનું એમના જ સ્વાનુભવનાં વચનોથી પાન કરીએ :

“અધ્યાત્મ માર્ગે આત્યંતિક સ્થિતિ આંબવા અધ્યાત્મ માર્ગે સ્થિતિ પામેલ પથદર્શક તરીકે અધ્યાત્મ ગુરુની અતિ અતિ આવશ્યકતા અનિવાર્ય છે અને આ અધ્યાત્મ ગુરુ કેવા હોવા જોઈએ ? તો તે માટે મોટા સંતો કહેતા કે,

‘સાચા સંતનાં અંગ એંધાણ રે, જોઈ લેવા જીવડિયે;<br>
જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડીયે ઘડીયે.’

મોટા સંતોનો આ અભિપ્રાય છે કે, ‘મુમુક્ષુએ ગુરુ કરતા પૂર્વે શું કરવું ? તો ત્રણ બાબતનો તપાસ અવશ્ય કરવો. તેમાં પ્રથમ, આપણે જેને ગુરુ કરવા જઈ રહ્યા છીએ તે ગુરુ કેવા છે ? બીજું એ કે, એમણે જેમને ગુરુ કર્યા છે એ ગુરુ કેવા છે અથવા હતા...? અને ત્રીજું એમ જે, એમના શિષ્ય કેવા છે ? આ ત્રણનો તપાસ કરવો ને એમાં ત્રણેય શ્રેષ્ઠ જણાય તો જીવ જોડી દેવો... ત્યાં સોંપાઈ જવું.’

સેવકે આ વાત ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખે સાંભળી ત્યારે વિચાર થયો કે, મને પણ સમર્થ ગુરુ નહિ પણ અતિ અતિ સમર્થ ગુરુવર્ય પ.પૂ. બાપજી મળ્યા છે !

કેવા બાપજી ! એમની રીત ન્યારી !

એમની સઘળી વાત ઊંચેરી !

જે કોઈ એમને જુએ, સ્પર્શે ને સાંભળે એ પણ એમના પર જાય વારી !

આહાહા...મારા ગુરુ બાપજી છે મુમુક્ષુ માર્ગના યારી !

એમની સર્વે ક્રિયાઓ મુમુક્ષુઓને લાગે છે પ્યારી !

એ દિવ્યપુરુષ છે નરી નરી પરભાવની ક્યારી !

જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ જેમને પ્રમાણિત કર્યા હતા એવા સદ્‌ગુરુ મુનિબાપા !

એ મારા ગુરુના ગુરુ ! એમની વાત પણ સૌથી ન્યારી !

બાપાશ્રીની વાતોમાં લખી છે મુનિબાપાના મહિમાની વાતો ઘણેરી અનેરી !

જે વાંચે તેને મુનિબાપા કેવા છે ! તેની થઈ જાય ખાતરી સારી !

આહાહા... મુનિબાપા પણ શાંત, સૌમ્ય અને કરુણામૂર્તિ !

ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખે વહે મુનિબાપાનો મહિમા ભારી !

આ પૂર્વ-ઉત્તર પેઢી નીરખતાં નીરખતાં મુમુક્ષુને સમજાય છે આ અમીરપેઢીની ગુરુ પરંપરા છે મારી...મારી...મારી...!

આ વાત છે મિસરીથી પણ વધુ ને વધુ સારી...

કારણ કે સર્વશ્રેષ્ઠ છે ગુરુ પરંપરા મારી !

મુનિબાપા ‘સમર્થ પાર્ટી’ અને બાપજીબાપા પણ ‘અતિ સમર્થ પાર્ટી.’

ત્યારે બાપજીબાપાના અનુગામી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી કેવા !

એ પણ એવા જ ! મુનિબાપા ને બાપજીના ચીલે ચીલે ચાલનારા તથા દાસાનુદાસ થઈ સૌને નમે ત્યારે જાય મુમુક્ષુ એમના પર વારી !

મુમુક્ષુઓને અનાદિમુક્તની સ્થિતિ કરાવવાની અનંતકોટિ બ્રહ્માંડમાં ન દીસત જોડ તિહારી.

આ ત્રણેય પેઢી પરભાવની છે !

પરભાવની પેઢીને ઓળખવા ને ઓળખાવવા પરભાવવાળાની જરૂર પડે !

અવરભાવવાળાની તો તેમાં ચાંચ પણ ન જ ડૂબે !

મુનિબાપાને બાપાશ્રીએ અને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઓળખાવ્યા !

એમાંય મુનિબાપાને તો સવિશેષ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઓળખાવ્યા !

ગુરુવર્ય પ.પૂ. બાપજીને મુનિબાપાએ અને પ.પૂ. સ્વામીશ્રીએ ઓળખાવ્યા.

એમાંય ગુરુવર્ય પ.પૂ. બાપજીને તો સવિશેષ પ.પૂ. સ્વામીશ્રીએ ઓળખાવ્યા !

વર્તમાનકાળે પ.પૂ. સ્વામીશ્રીને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઓળખાવ્યા !

એમાંય ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ગુરુ સ્થાને રહી પ.પૂ. સ્વામીશ્રીને ઓળખાવ્યા છે ! ઓળખાવી રહ્યા છે !

કેવી અલૌકિક તથા અજોડ વાત ! અનંતકોટિ બ્રહ્માંડોમાં આવા ગુરુ ના મળે; જેમના મુખે પોતાના સમર્થ શિષ્યનો મહિમા અવિરત વહેતો જ રહે છે...!

આવી વિમલ ગુરુ પરંપરા સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં સૌપ્રથમ વખત સુવર્ણ પૃષ્ઠો પર અંકાઈ રહી છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘણી વાર અંગત કે જાહેર ઉત્સવ, મહોત્સવ, સમૈયામાં પ.પૂ. સ્વામીશ્રીનો મહિમા વર્ણવતા હોય છે.

તો વળી ગુરુવર્ય પ.પૂ. બાપજી મુમુક્ષુ સંત કે હરિભક્તને પણ એકાંતે તેડી પ.પૂ. સ્વામીશ્રીના ખૂણિયા જ્ઞાનમહિમાથી ભરી દેતા હોય છે.

સેવક સમર્પિત તાલીમ કેન્દ્રમાં હતો ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘણી વાર સમર્પિતમુક્તો, સાધકમુક્તો, પાર્ષદમુક્તો અને સંતોને નિકટ બોલાવી અંગતમાં વારંવાર પ.પૂ. સ્વામીશ્રીનો મુક્તકંઠે મહિમાગાન કરીને ભીંજવતા હતા. ક્યારેક ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘણા સમર્પિતમુક્તોને વારંવાર ઘણા દિવસો સુધી મહિમા કહીને તેમને પ.પૂ. સ્વામીશ્રીથી ભરી દેતા હોય છે.

સેવકને પણ આવો એક અનુભવ વર્ષ ૨૦૧૪માં જુલાઈના ઉત્તરાર્ધ ને ઑગસ્ટ પૂર્વાર્ધમાં થયો હતો.

સેવક એ સમયે સ્વામિનારાયણ ધામ ખાતે સમર્પિત તાલીમ કેન્દ્રમાં સંત તરીકે તાલીમ મેળવી રહ્યો હતો.

સંતજીવનના ઘડતર માટે એક પ્રૉજેક્ટ અન્વયે સેવકને સંસ્થાના આદ્ય મંદિર વાસણા ખાતે જવાનું થયું.

આ અરસામાં ઘનશ્યામનગર મંદિરનું પુનરોદ્ધાર નિર્માણકાર્ય પૂર્ણાહુતિના આરે હતું તેમજ પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ આવી રહ્યો હતો.

એટલે સેવકને વાસણા મંદિરના મંડળધારી સંત સાથે સવિશેષ રહેવાનું થતું.

પણ આ સમયમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મને ઘણી વાર ભિન્ન ભિન્ન સમયે ને સ્થાને એમની સવિશેષ સંનિધિમાં રાખી પ.પૂ. સ્વામીશ્રીનો મહિમા અંદાજિત એક માસમાં ત્રણથી ચાર વખત કહ્યો.

જ્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી સેવકને બોલાવતા ત્યારે ત્યારે 'સ્વામી... સ્વામી...' કહી સેવકને પ.પૂ. સ્વામીશ્રીના અલંચ મહિમાથી ભરી દેતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ મહિમા મંજરીએ મુજને આપ્યો અનન્ય ઘાટ અને દેહાદિક દોષોની 'આદિ' ગ્રંથિ ગાળી દીધી.

જેની ભીની ભીની સ્મૃતિ આજે વર્ષ ૨૦૧૮માં પણ એટલી જ ભીની ભીની છે !

એ સ્મૃતિઓથી આ સેવક પ.પૂ. સ્વામીશ્રીની અતિ અતિ નિકટ રહી શક્યો છે !

ત્યારે આ સ્મૃતિઓને પ્રકાશિત કરતાં હર્ષાશ્રુ સહ કૃતકૃત્યતાનો મોલ ઝૂલી રહ્યો છે.

આ સંભારણાંમય સ્નેહલધારાને માણી; ગુરુવર્ય પ.પૂ. બાપજીની કરુણાનો અનુપમ લ્હાવો લઈએ...

**સ્નેહલધારા : ૧**

વાસણા પધાર્યાના બીજા દિવસની વહેલી સવારે ૫ઃ૩૦ વાગ્યે સેવક પૂજા કરવા જતો હતો એ પહેલાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરવા ગયો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનો નિત્યક્રમ વર્ષોથી સૌ સંતો કરતાં વિશેષ આગળ એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી તો સવારના ૪ વાગ્યે જાગી ગયા હોય ને ૫ઃ૩૦ વાગ્યે અલ્પાહાર કરવા બિરાજી જાય. કારણ, તેમને મંગળા આરતી કરી અમદાવાદનાં સેન્ટરોમાં પ્રાતઃ સભામાં પહોંચવાની તાણ હોય. સેવક ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે પહોંચ્યો ત્યારે તેઓ અલ્પાહાર કરી રહ્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સેવકને જોઈને બોલ્યા : 'સ્વામી, તમે રાત્રે આવ્યા ? અમે પોઢેલા એટલે તમારાં દર્શન ના થયા.'

'બાપજી, આપે દર્શન આપવાના હોય.' એમ કહેતાં સેવકે ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણસ્પર્શ કર્યા ને તેમના ચરણોમાં જ બેસી ગયો.

'સ્વામી, એક મહત્ત્વની વાત કરવી છે. સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી) અમારી બહુ ચિંતા રાખે છે... ખૂબ ચિંતા રાખે છે... સ્વામી તો સ્વામી જ છે. સ્વામીની શું વાત કરવી ? સ્વામી સૌનું 'મા'ની જેમ જતન કરે છે. એક પળ પણ અમને ગૌણ થવા દેતા નથી... અમને સ્વામીની અનુવૃત્તિમાં-અનુજ્ઞામાં રહેવું ગમે.'

સેવક તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની આનંદિત-પ્રસન્ન મુખમુદ્રા અને પ.પૂ. સ્વામીશ્રીનો મહિમા સાંભળતાં સાંભળતાં એમાં મગ્ન થયો હતો.

ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી મારા ખભે હસ્ત મૂકી ફરી બોલ્યા : 'સાંભળ, સ્વામી સત્સંગ સમાજની 'મા' છે. એનો મહિમા ખૂબ સમજજો... એ અમારું જેવું જતન કરે છે એવું સૌનું કરે છે... કોઈને ઓશિયાળા થવા દેતા નથી. પોતે વેઠી લે પણ બીજાને સુખ આપે છે...' આમ બોલતાં બોલતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીના નેત્રકમળની કોરો આછી શી ઝળકી !!

'સ્વામી એટલે સ્વામી...'

આટલું બોલતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી સેવકના માથે હસ્ત મૂકી બે ઘડી મૌન રહ્યા ને સહસા બોલ્યા :

'સ્વામીની સામી દૃષ્ટિ રાખશો અને તેને રાજી કરશો તો સ્વામી જેવા બેઠા ગુણો તમારામાં આવી જશે. સ્વામી તો દિવ્ય ગુણોનો દરિયો છે. તેમની સામે દૃષ્ટિ રાખશો તો સદાય એમ રહેશે કે હજુ ઘણું કરવાનું બાકી છે... હજુ કરી લઉં... હજુ કરી લઉં જ મનાશે... સદાય દાસપણું રહેશે... કદીયે માથું ઊંચું નહિ થાય અને આગળ વધવાનું બળ મળશે... અરે, સ્વામી જેવી ઝળહળતી સાધુતા આવશે... માટે આ સંકલ્પ પ્રબળ રાખશો તો સ્વામીને વધુ ને વધુ રાજી કરી શકાશે... આ જ કરજો...'

'બાપજી, દયા કરજો...'

'શ્રીજીમહારાજની ઘણી દયા છે... તમારે પૂજા બાકી છે ને ! પૂજા કરી લો. આજનો આપણો લાભ પૂરો. હવે શ્રીજીમહારાજ કરશે તો રોજ લાભ મળશે...' એમ કહી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ચળું કર્યું ને સેવકને પ્રસાદી આપી.

સેવક તો ત્યાંથી નીકળ્યો પણ મને ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ.પૂ. સ્વામીશ્રીના મહિમાસભર મુખાકૃતિ વિસરાતી નહોતી. પૂજા દરમ્યાન પણ એ દિવ્ય મુખાકૃતિ મને 'સ્વામી એટલે સ્વામી...' એવો નિજમાં દિવ્ય મહિમાનાદ ગુંજાવતી હતી.

**સ્નેહલધારા : ૨**

મધ્યાહ્ન સમય હતો. સેવક ઘનશ્યામનગર વિચરણમાંથી આવ્યો હતો અને જમાડવાનું પણ બાકી હતું. ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજીના સેવક સંતે મને કહ્યું, ''બાપજી પોઢવા પધારી રહ્યા છે ને તમને યાદ કરતા હતા માટે ચાલો...'' સેવક તો ખટકો રાખી ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને પહોંચ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી શયન આસનમાં પોઢવા તૈયાર થયા હતા.

સેવક ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણસ્પર્શ કરી તેમના મુખારવિંદની નિકટ

ઢીંચણિયો બેસી ગયો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી મને ઝડપથી આવેલો જોઈ રાજી થયા ને બોલ્યા, 'સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી)એ તો સાજા સંપ્રદાયમાં કમાલ કરી છે. સ્વામીએ તો રેકર્ડ તોડી છે. સ્વામીની વાતો બહુ ભારે ! ખૂબ ઊંચી વાતો ! સ્વામીના જેવી વાતો કોઈ કરી શકે જ નહીં. સ્વામી તો શ્રીજીમહારાજના સંકલ્પથી આવ્યા છે... સ્વામીને શ્રીજીમહારાજે મોકલ્યા છે... સ્થિતિ કરાવવા મોકલ્યા છે એટલે એવો પ્રતાપ શ્રીજીમહારાજ એમના દ્વારા વિશેષ જણાવે છે.'

'હા બાપજી...'

'હજુ સાંભળો તો ખરા... સ્વામી આ ફેરે તો કોથળી તોડી જ નાખશે ને દૂધ જુદું પાડશે જ... કેળું ને છાલ પણ નોખી કરી નાખશે અને ચશ્માંનું બોક્ષ તો સાવ તોડી નાખશે... સ્વામી તો અવરભાવનો ભૂક્કો બોલાવી દેશે... જોજો તો ખરા... આ સ્વામી અનાદિમુક્તની સ્થિતિના ડંકા મારશે... ઝીકો પાડશે...'

ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં આ વચનો અતિ શૌર્યતાભર્યા રણકારથી વહી રહ્યા હતા.

એમના આસને ગુરુવર્ય પ.પૂ. બાપજી ને સેવક જ હતા. ગુરુવર્ય પ.પૂ. બાપજીનો આ શૌર્યતાભર્યો રણકાર આસનની દીવાલને જ નહિ પણ અનંતકોટિ બ્રહ્માંડોને ભેદી રહ્યો હતો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી ખુરશીમાં પોઢેલા હતા છતાંય એની ભણક એમનાં પ્રત્યેક દિવ્ય અંગોમાં વર્તાતી હતી. 'સ્વામી બધાયને સ્થિતિ કરાવવા જ આવ્યા છે... આવ્યા છે...' આમ વદતાં વદતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી સેવકના નેત્રોમાં નેત્ર સ્થિર કરી જોવા લાગ્યા.

સેવકની આંખ ગુરુવર્ય પ.પૂ. બાપજીના નેત્રોને મળતાં એમની અમૃત કૃપાથી ભીંજાઈ ગઈ.

'સ્વામી, પધારો તમારો આજનો લાભ પૂરો થયો... આવતા અંકે...'

પ્રસન્ન મુખારવિંદે એમ કહી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ નેત્રો મીંચી લીધા.

**સ્નેહલધારા : ૩**

ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને મધ્યાહ્નને ૩:૩૦ વાગે બેલ વાગ્યો.

સેવક સંત ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે ફળ સમારી રહ્યા હતા. એટલે એમણે સેવકને સેવાનો લાભ મળે તે માટે ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે જવા કહ્યું.

સેવક પહોંચ્યો ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી જાગી ગયા હતા અને મુખારવિંદ

પ્રક્ષાલિત કરવા બાથરૂમમાં પધારી રહ્યા હતા. મને આવતા જોઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઊભા રહી હાસ્ય રેલાવ્યું.

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજી પધાર્યા અને એમની સાદગીને વરેલી ખુરશી પર આવી બિરાજ્યા. ત્યાં સેવક સંત પણ ફળ લઈ આવી પહોંચ્યા.

'સ્વામી, આમને (સેવકને) આજે અમને ફળની પ્રસાદી પીરસવા દેશો.'

સેવકને લાભ મળતાં સેવક ગુરુવર્ય પ.પૂ. બાપજીને પીરસવા લાગ્યો.

ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજી સેવકનો હાથ પકડી બોલ્યા :

'સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી) એટલે સ્વામી... ખરું ને...?'

'હા બાપજી...'

'સારું, પીરસો...'

'સંતો તથા ભક્તોનું ઘડતર કરવાનો, શ્રીજીમહારાજના ગમતા પાત્ર કરવાનો સ્વામીનો આગ્રહ અને દાખડો ખૂબ છે... સ્વામીની ધગશ જોઈએ તો ખ્યાલ આવે કે સૌને પુરુષોત્તમરૂપ પાત્ર કરવા માટે એ કેટલું કરે છે...! કેટકેટલા અવનવા પ્રૉજેક્ટો કરે છે... શિબિરો કર્યા જ કરે છે... પાછું દરેક આયોજને ચડતો ને ચડતો ઉત્સાહ હોય. જરાય થાકે નહીં. આવું તો આ લોકની કોઈ વ્યક્તિથી થાય નહીં. આ લોકનો કોઈ હોય તે તો હારી જ જાય. એને તો કંઈ સૂઝ ન પડે.'

'હા બાપજી, અમે આ તો જોયું છે... સ્વામીશ્રી તો આદર્શ યુવા-વડીલ પ્રૉજેક્ટમાં બહુ જ દાખડો કરે છે...' ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી સેવકને પુનઃ પિરસાવવા હસ્તનો લટકો કરી બોલ્યા :

'કેટલાય સદ્‌ગુરુઓ જોડે ને સંપ્રદાયના મોટેરા સંતો જોડે રહ્યા છીએ પણ સ્વામી જેવો આગ્રહ અને આટલો દાખડો કરતા અમે સાધુજીવનમાં આજદિન સુધી કોઈને જોયા નથી. અમે તો સત્સંગમાં ખૂબ વિચર્યા છીએ... મોટા સંતો પાસે નંદપંક્તિના સંતોની ગાથા સાંભળી છે ને દાસપંક્તિનાને જોયા પણ અમને આવો શ્રીજીમહારાજના સ્વરૂપમાં જોડવાનો તરવરાટ અન્ય ક્યાંય જણાયો નથી...'

સેવકને ઝાલી ગુરુવર્ય પ.પૂ. બાપજી એમની એકદમ નિકટ ખેંચી વદયા :

'આજ સુધીના સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં સ્વામી જેવો દાખડો કોઈ સદ્‌ગુરુએ કર્યો હોય એવું જણાતું નથી... સાંભળ્યું ને !'

'હં...' કહીને સેવક તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની સમક્ષ સ્થિર ઊભો રહી

ગયો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી ધીમે ધીમે ફળની પ્રસાદી જમાડી રહ્યા હતા. એટલામાં સેવકને મંડળધારી સંતે બોલાવ્યો એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરીને રજા લઈ ગયો ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : 'આજનો અધ્યાય પૂરો; કાલે ફરી. સ્વામી એટલે...'

'સ્વામી...' ગુરુવર્ય પ.પૂ. બાપજીના વચનની પૂર્તિ સેવકે કરી એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી રાજી થઈ ગયા.

સેવક ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસનેથી જતા વિચારતો હતો, 'ત્રણ દિવસથી બાપજી સેવકને સ્વામીશ્રીનો અપરિમ્ અપરિમ્ મહિમા કહે છે; જાણે એમણે તો સેવક પર કરુણાકળશ ઢોળ્યો છે. સ્વામીશ્રીનો મહિમા બાપજીના મુખે...! પાછો ખાસ એકાંતે...! આહાહા... આ કેવી સોનેરી ક્ષણ ! આ કેવો અનુપમ લ્હાવો... પોતાના ગુરુપણાનો સહેજ પણ - અલ્પ ભાર નથી જેને ! વાહ બાપજી વાહ.'

**સ્નેહલધારા : ૪**

સેવકનો એક માસ વાસણા ખાતે પૂર્ણ થવાને આરે હતો.

એક દિવસ સાંજે સેવક ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે દર્શન વિભાગમાં બેઠો હતો. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, 'સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી) સામે જ દૃષ્ટિ રાખજો... એનો જ પક્ષ રાખજો... સ્વામીએ આજદિન સુધી બધાનું બહુ સાચવ્યું છે પણ તમે સ્વામીને સાચવજો... સમય આવ્યે સ્વામીની જોડે જ રહેજો... સ્વામીના માથે આખી સંસ્થાનો વહેવાર છે. તેથી સ્વામીને સંતો-ભક્તોને બે શબ્દો અવરભાવની રીત પ્રમાણે કહેવા પડે, રોકવા પડે, ટોકવા પડે, મનનું ગમતું મૂકાવવું પડે એટલે તે કોઈને ગમે નહિ અને તે સ્વામીથી છેટો થાય પણ જો સ્વામીના મહિમાથી મહિમાકાર હશો તો સ્વામી અવરભાવમાં ગમે તેટલું વઢે કે રોકે-ટોકે તો કદી પાછા પડાશે નહીં... માટે સ્વામી વિષે વધુ દિવ્યભાવ રાખજો અને રખાવજો. આ તમે એક માસ જે લાભ લીધો છે તે સૌને આપશો તો બધા સુખિયા થાશે...'

ગુરુવર્ય પ.પૂ. બાપજીના અમૃતવચને સેવકની આંખમાં આંસુ સરી પડ્યાં.

ગુરુવર્ય પ.પૂ. બાપજી આ દૃશ્ય જોઈ ગયા ને તરત સેવકના માથે હાથ ફેરવ્યો ને નજીક લઈ પોતાના ગાતડિયાંથી સેવકના આંસુ લૂછ્યાં અને ભીનાં ભીનાં અમૃતવચને બોલ્યા : 'ગમે તે થાય પણ સ્વામી સિવાય બીજે ક્યાંય દૃષ્ટિ નહિ રાખવાની... સ્વામીએ આ કારણ સત્સંગની વાડી ખૂબ ખૂબ જતન કરીને ખેડી

છે. ત્યારે એના દાખડા સામે દૃષ્ટિ રાખજો... સ્વામી સ્વતંત્ર છે તો સ્વામીને સ્વતંત્ર જ રહેવા દેશો... સ્વામીની સ્વતંત્રતા એ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ના જોઈ હોય એવી ક્રાંતિ આણશે... માટે સ્વામીને ભૂલશો નહીં... સ્વામીને ભેળા ને ભેળા જ રાખશો... એની રીત તમારી કરી દેશો તો મૂર્તિના સુખે સુખિયા થશો...'

'હા બાપજી... સેવકને નિભાવજો...'

'સ્વામી સામે દૃષ્ટિ રાખશો તો શ્રીજીમહારાજ ૧૧૦% નિભાવશે... લો અમારી છેલ્લી ભલામણ ગાંઠે બાંધી લેશો અને સ્વામીના મહિમાનું જે જે ભાથું આપ્યું છે એને વાવરશો... તો સુખિયા રહેશો...'

આમ કહી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સેવકને સોનલ સ્મૃતિ આપી મને 'સ્વામી'નો કરી દીધો હતો. પ.પૂ. સ્વામીશ્રીના મહિમા સાથે સેવકે ગુરુવર્ય પ.પૂ. બાપજીની ખરી મોટાઈ 'દાસાનુદાસપણું' અધિકાઅધિક અનુભવ્યું. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સેવકને ક્યારેય એમનો મહિમા કહ્યો જ નહીં. શ્રીજીમહારાજનો જેમ છે તેમ મહિમા ભરપૂર કહ્યો અને પ.પૂ. સ્વામીશ્રીનો મહિમા કહીને નિર્માની જ રહ્યા. તેમ પ.પૂ. સ્વામીશ્રી પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીનો પરભાવનો અલૌકિક મહિમા અસ્ખલિત રીતે જાહેર સત્સંગ સભામાં અને અંગત રીતે વર્ણવતા હોય છે. આમ તેઓ પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીનો મહિમા કહીને દાસભાવે વર્તે છે. આ વિશેષણ પણ સેવકની અવરભાવની દૃષ્ટિનાં છે. બાકી ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રીને આ લોકના કયા ગુણ શબ્દોથી વર્ણવી શકાય ! એ અવર્ણનીય સ્વરૂપ છે..."

અસ્ખલિત સ્નેહલધારાઓમાં પ.પૂ. સ્વામીશ્રીના યથાર્થ મહિમાનો સ્રોત વહેવડાવનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના અમૃત ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૪

## આયુષ્ય હોય તોપણ ધામમાં તેડી જાય

“આયુષ્ય હોવા છતાં આયુષ્યના બંધનને ઉલ્લંઘી ધામમાં તેડી જવા એ તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની પરભાવની અલૌકિક સામર્થી છે. એ તો તેમનું સત્પુરુષપણું છે.”

ઈ.સ. ૨૦૦૨-૦૩નો આ પ્રસંગ છે.

ખેડા જિલ્લાના સિંજીવાડા ગામમાં પ.ભ. શ્રી જગદીશભાઈ નંદાણીના માસા શાંતિભાઈ ઠક્કર રહેતા.

તેઓની આશરે ૫૫ વર્ષની ઉંમર હતી.

તેમને છેલ્લાં દસ વર્ષથી આંખે દેખાતું બંધ થઈ ગયેલું અને કાને સાંભળવામાં પણ ખૂબ તકલીફ પડતી.

ઘરના સભ્યો તેમની ખૂબ સેવા-ચાકરી કરતાં પરંતુ સમય પસાર થતાં તેમની હાલત વધુ ખરાબ થવા લાગી.

તેઓ પોતાની કોઈ ક્રિયા જાતે કરી ન શકે. પોતાની આવી લાચાર અવસ્થાથી તેઓ સંપૂર્ણપણે કંટાળી ગયા હતા.

એક દિવસ જગદીશભાઈ તેમને પોતાના ઘરે મહિનો સેવા કરવા માટે લાવ્યા.

એક દિવસ તેઓ તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને લઈ ગયા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને તેમની પરિસ્થિતિ અંગે જાણ કરી અને ધામમાં તેડી જવાની પ્રાર્થના કરી.

શાંતિભાઈએ પણ પોતાને ધામમાં લઈ જવાની આગ્રહભરી કગરીને પ્રાર્થના કરી : ''બાપજી, દયા કરીને આ લાચારી ને પીડામાંથી મુકાવોને... કંઈ દેખાતું નથી, કંઈ સંભળાતું નથી... મારા લીધે બધાને હેરાન થવું પડે છે... હું કંટાળી ગયો છું. મને છોડાવો.''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''હજુ આયુષ્ય પૂરું નથી થયું અને જીવનમાં થયેલી ભૂલોનું પ્રાયશ્ચિત્ત પૂરું કર્યા વિના શ્રીજીમહારાજ ધામમાં તેડી ન જાય.''

આ સાંભળી જગદીશભાઈએ પ્રાર્થના કરતાં કહ્યું, ''બાપજી, આપ તો દિવ્ય સત્પુરુષ છો. આપના શરણે આવ્યા પછી પાપ-પુણ્યનું ખાતું ચાલુ રહે ? અને આયુષ્ય હોવા છતાં ધામમાં લઈ જવા આપ સમર્થ છો માટે આપ દયા કરીને ધામમાં તેડી જાવ.''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''એ વાત તો ખરી. તેમને આયુષ્ય હોવા છતાં શ્રીજીમહારાજ તેડી પણ જાય. પરંતુ તેમનું બાકી રહેલું આયુષ્ય બીજા કોઈકને આપવું પડે. તમે લેશો ?''

જગદીશભાઈએ કહ્યું, ''ગમે તેને આપો, આપની ઈચ્છા હોય તેમ કરો.''

''ભલે ત્યારે શ્રીજીમહારાજને આની પણ પ્રાર્થના કરીશું...''

પછી તો ગુરુવર્ય પ.પૂ. બાપજીએ શાંતિભાઈને વર્તમાન ધરાવ્યાં અને શ્રીજીમહારાજના ચરણોમાં સર્વે ગુના માફ કરાવીને ખાતું ચૂકતે કર્યું.

અને આશીર્વાદ આપ્યા કે, ''તેમને તેમના ગામ પાછા મૂકી આવો. શ્રીજીમહારાજ ટૂંક સમયમાં ધામમાં તેડી જશે. અમે શ્રીજીમહારાજને પ્રાર્થના કરીશું...''

ત્યારબાદ ત્રણ દિવસ પછી શ્રીજીમહારાજ, બાપાશ્રી અને ગુરુવર્ય પ.પૂ. બાપજી દર્શન આપીને શાંતિભાઈના ચૈતન્યને મૂર્તિના સુખમાં લઈ ગયા.

આયુષ્ય હોવા છતાં તેને ટૂંકાવીને બાકી રહેલું આયુષ્ય કોઈ બીજાને આપી દઈ ધામમાં તેડી જવાનું દિવ્ય અલૌકિક કાર્ય તો ગુરુવર્ય પ.પૂ. બાપજી જેવા દિવ્ય સત્પુરુષ સિવાય બીજું કોણ કરી શકે !

● ● ●

ઈ.સ. ૧૯૮૪નો સમય હતો.

અંગતભાઈ પટેલને રોજ સાંજે ૪ વાગ્યે ઘનશ્યામનગર મંદિરે સાઈકલ લઈને આવવાનો નિયમ હતો.

તેઓ અમરાઈવાડી વિસ્તારમાં રહેતા હતા.

તેઓ રોજ મંદિરે આવી સેવા કરે, ઠાકોરજી આગળ બેસી માળા-ધૂન્ય કરે, કીર્તન બોલી ઠાકોરજીને રીઝવે અને સંધ્યા આરતીનાં દર્શન કર્યા બાદ ઘરે જાય. તેઓનો આ નિત્યક્રમ હતો.

એક દિવસ તેઓ ખૂબ ઉદાસ મુખે ઘનશ્યામ મહારાજ આગળ કીર્તન બોલતાં બોલતાં રડી પડ્યા.

પ.પૂ. સ્વામીશ્રી આ જોઈ ગયા. તેથી તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે લઈ આવ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું કે, ‘‘આવા શ્રીજીમહારાજ-બાપા મળ્યા તોપણ કેમ રડે છે ? શું થયું છે ?’’

ત્યારે તેઓએ કહ્યું, ‘‘મારે સકામ તો નથી થવું, પરંતુ આપ પૂછો છો તેથી કહું છું કે મારી બાને બે વર્ષ પહેલાં મગજનો તાવ આવેલો. તેને લીધે મગજ અસંતુલિત થઈ ગયું છે. ડૉક્ટરે શૉક આપેલા છે. પણ બે મહિના સારું રહે પછી યથાવત્ સ્થિતિ શરૂ થઈ જાય. ઘરમાંથી શ્રીજીમહારાજની મૂર્તિ-પૂજા વગેરે ફેંકી દે છે. તેમની આશરે ૭૦ વર્ષની ઉંમર છે. દુઃખ તો એ થાય છે કે તેમનાથી શ્રીજીમહારાજનો અપરાધ થઈ રહ્યો છે. તેથી હું ખૂબ મૂંઝાઈ ગયો છું.’’

આ સાંભળીને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘અંગત ! તારી બાને મૂર્તિના સુખમાં લઈ જવા છે ?’’

‘‘એથી રૂડું બીજું શું હોઈ શકે ?’’ હરખાતાં અંગતભાઈ બોલ્યા.

‘‘પાંચમે દિવસે શ્રીજીમહારાજ દર્શન આપી ધામમાં તેડી જશે... અમે એવી શ્રીજીમહારાજને પ્રાર્થના કરીએ છીએ...’’ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આશીર્વાદ આપ્યા.

અંગતભાઈએ ઘરે જઈને બધાને આ વાત કહી.

તેથી સગાંસંબંધીઓ પણ બધાં એકત્ર થઈ ગયાં.

પાંચમા દિને સાંજે ૪:૩૦ વાગ્યા ત્યારે સગાંસંબંધીઓની શ્રદ્ધા ખૂટી ગઈ.

અને અંગતભાઈને કહેવા લાગ્યા કે, ‘‘તારા બાપજી ખોટા છે. પાંચમો દિવસ

થયો તોપણ શ્રીજીમહારાજ તેડવા તો આવ્યા નહીં.''

પછી અંગતભાઈ તો સાઈકલ લઈને મંદિરે ગયા અને ગુરુવર્ય પ.પૂ. બાપજીને કહ્યું કે, ''આજે પાંચમો દિવસ થયો પણ શ્રીજીમહારાજ તેડવા નથી આવ્યા. એમાં મને કાંઈ સંશય નથી પરંતુ સગાંસંબંધીઓ મને મે'ણાં મારે છે.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''પાંચ વાગ્યે પાંચ દિવસ પૂરા થાય છે. હજુ ક્યાં પાંચ વાગ્યા છે ? જા, જલદી ઘરે જા. શ્રીજીમહારાજ પાંચ વાગ્યે તેડવા આવે છે.''

તેઓ ઘરે પહોંચ્યા ત્યારે પાંચ વાગવામાં પાંચ મિનિટની વાર હતી.

ત્યારે તેમનાં માતુશ્રી સાવ સાજાં થઈ ગયાં અને પછી તેઓ પરિવારના બધા સભ્યોની માફી માગતા બોલ્યાં,

''આજ સુધી મારી જે કાંઈ ભૂલચૂક થઈ હોય તે માફ કરજો, રાજી રહેજો... શ્રીજીમહારાજ, બાપા અને બાપજી મને તેડવા આવ્યા છે. હું મૂર્તિના સુખમાં જઉં છું.'' એમ કહીને મૂર્તિના સુખે સુખિયા થઈ ગયાં.

આ જ આપણને મળેલ દિવ્ય કલ્યાણકારી સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીની અલૌકિક સામર્થી છે !

ગુરુવર્ય પ.પૂ. બાપજીની દિવ્યતા, અલૌકિકતા, અમાયિકતા તથા અમાનુષતાનું દર્શન કરાવ્યા વિના છૂપી રહી નથી શકતી...!

મુમુક્ષુના અનંત ગુના માફ કરીને તથા શ્રીજીમહારાજ પાસે તેમને ચોખ્ખા કરાવીને આયુષ્ય હોવા છતાં મૂર્તિનું અચળ સુખ અપાવનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૫

## ઠાકોરજીને પ્રસાદીનું કરવું જ

ઈ.સ. ૨૦૧૬માં એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી વાસણા મંદિરે સંધ્યા સમયે હરિભક્તોને દર્શન-આશીર્વાદ આપવા બિરાજ્યા હતા.

એક હરિભક્ત સેવક સંતને નૂતન ઘનશ્યામ મહારાજની મૂર્તિ આપી બોલ્યા : “આ મૂર્તિ બાપજી પાસે પ્રસાદીની કરાવવી છે.”

“બાપજી, આ હરિભક્તને ઘરમંદિરની મૂર્તિ પ્રસાદીની કરાવવી છે તો લાવીએ...?” સેવક સંતે પૂછ્યું.

“જાવ, હરિકૃષ્ણ મહારાજ પાસે પ્રસાદીની કરી દો; પછી...”

ગુરુવર્ય પ.પૂ. બાપજી જ્યાં આમ બોલતા હતા ત્યાં એક હરિભક્ત અધીરાઈથી વચમાં બોલ્યા, “બાપજી, રાજી રહેજો ! પણ આપ જ પ્રસાદીની કરી દો તો ચાલે ને ?”

“પ્રથમ તો શ્રીજીમહારાજ જોઈએ... શ્રીજીમહારાજ અમારા સ્વામી છે. અમે એમના સેવક છીએ... એટલે પ્રથમ તો શ્રીજીમહારાજ...”

સેવક સંત પાસે શ્રીજીમહારાજની મૂર્તિ પ્રસાદીની કરાવી; ત્યારબાદ ગુરુવર્ય

પ.પૂ. બાપજીએ મૂર્તિનું પૂજન-દર્શન કરી હરિભક્તને મૂર્તિ આપી.

આમ, નવા આવેલ મહિમાવંત હરિભક્ત આગળ પણ હરિકૃષ્ણ મહારાજને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અગ્રિમ જ રાખ્યા.

●●●

માર્ચ, ૨૦૧૭માં એક વાર સવારના ૪:૩૦ વાગ્યે ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્નાનાદિક તથા પૂજા કરીને પરવારી ગયા હતા.

સેવક સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીની અલ્પાહારની સેવામાં વ્યસ્ત હતા. એમાં એક સેવક સંત ગુરુવર્ય પ.પૂ. બાપજીને અલ્પાહાર પીરસતાં બોલ્યા :

"બાપજી, પ્રસાદી ગ્રહણ કરો..."

ગુરુવર્ય પ.પૂ. બાપજી સેવક સંત સમક્ષ બે પળ નીરખી રહ્યા.

સેવક સંતને ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ લીલા ન સમજાઈ એટલે પૂછ્યું, "બાપજી, આપ રાજી રહેજો પણ આપને કંઈ અન્ય જોઈએ છે...?"

"ના સ્વામી..."

"સ્વામી, આ પ્રસાદી જ છે ને ?!"

"હા બાપજી..." સેવક સંત દાસભાવે બોલ્યા.

"તમે હરિકૃષ્ણ મહારાજને ધરાવીને લાવ્યા છો ને ?!"

સેવક સંત બે ઘડી વિચારીને બોલ્યા :

"બાપજી, માફ કરજો... મને એમ કે મેં રોજની રીત મુજબ શ્રીજીમહારાજને થાળ ધરાવી જ દીધો છે પણ થોડું વિચારતા મારી ભૂલ જણાઈ. સેવકથી ઉતાવળમાં આજે થાળ ધરાવવાનો રહી ગયો છે..."

"સ્વામી, આપણે ગમે તેટલી ઉતાવળ હોય પણ શ્રીજીમહારાજનું પ્રધાનપણું મૂકવાનું નહિ જ. એનો ખૂબ ખટકો રાખવાનો... બધુંય ભુલાઈ જાય પણ શ્રીજીમહારાજને ક્યારેય ભૂલવાના નહીં... ચાલો આપણે શ્રીજીમહારાજને થાળ ધરાવીને પ્રસાદી લઈએ."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સેવક સંતને સાથે રાખી શ્રીજીમહારાજને થાળ ધરાવીને પ્રસાદી લીધી.

●●●

ઈ.સ. ૨૦૧૬માં એક વખત સેવક સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને દવા આપતાં કહ્યું,

"બાપજી, આપની દવાનો સમય થઈ ગયો છે... લો દવા..."

"સ્વામી, દવા શ્રીજીમહારાજની પ્રસાદીની કરી...?"


"હા બાપજી, કરી છે... પણ સેવકને કાયમ એક પ્રશ્ન ઉદ્ભવતો હોય છે... જો આપ પરવાનગી આપો તો પૂછીએ...?"

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મસ્તક હલાવી પરવાનગી આપી.


"બાપજી, દવા તો કડવી વસ્તુ છે; એ કેમ શ્રીજીમહારાજને ધરાવવાની હોય...?"

"સ્વામી, આપણા શ્રીજીમહારાજના નિયમ મુજબ આપણે કંઈ પણ પદાર્થને મુખ વડે લઈએ એટલે એને પ્રસાદીનું કરવું જોઈએ; નહિ તો તે અભક્ષ્ય કહેવાય. અભક્ષ્ય ન જમાડાય... વળી, શ્રીજીમહારાજ આશ્રિતમાત્રના સ્વામી છે... શ્રીજીમહારાજ તો આપણું જીવન છે. જીવનને જમાડ્યા વિના સેવકોથી કંઈ પણ જમાય નહિ તથા કોઈ પણ વસ્તુ પ્રસાદીની કર્યા સિવાય વપરાય પણ નહીં. પછી ભલે તે કડવી દવા જ કેમ ના હોય...!"

હંમેશાં કોઈ પણ વસ્તુ કે પદાર્થ સૌપ્રથમ હરિકૃષ્ણ મહારાજને પ્રસાદીનું કરી વાપરવાનો અને વપરાવવાનો આગ્રહ રાખનારા-રખાવનારા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







કર્યા મોટા સંતને રાજી, તેણે સર્વે દેવ પૂજ્યા જી;
કશી તેને ન રહી ખામી, મળ્યા એને સહજાનંદ સ્વામી.

– વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી

# ૩૬

## સંત પરમ હિતકારી જગતમાંહી

ઈ.સ. ૨૦૧૩માં એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી મોરબી સત્સંગ અર્થે પધાર્યા હતા.

સાંજનો સભાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો.

સાંજે રસોઈ કરી ઠાકોરજીના થાળ કરી ગુરુવર્ય પ.પૂ. બાપજીને જમાડવાના હતા અને ત્યારબાદ સભામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી લાભ આપવાના હતા.

પરંતુ સાંજે થોડું મોડું થઈ ગયું હતું એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીની સેવામાં રહેલ સેવક સંત ઝડપથી રસોડું સાફ કરી રસોઈની તૈયારીમાં લાગી ગયા હતા.

આ બાજુ ગુરુવર્ય પ.પૂ. બાપજી બહાર આસન ઉપર હરિભક્તો સાથે મુલાકાતમાં હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સભામાં લાભ આપવા માટે ઉત્સુક હતા.

સમયને ધ્યાનમાં રાખતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી પરિસ્થિતિને સમજતા હતા કે, ‘એક જ સંતથી ઝડપથી રસોઈ બની શકશે નહિ અને ઠાકોરજીનો થાળ મોડો થશે અને સભામાં જવાનું મોડું થશે.’

એટલે અચાનક ગુરુવર્ય પ.પૂ. બાપજી રસોડામાં પધાર્યા અને સેવક સંતને કહ્યું, ‘‘સ્વામી, તમે ભાખરીનો લોટ બાંધી દો...અને અમે ખીચડી મૂકી દઈએ છીએ. એટલે થાળ સમયસર તૈયાર થઈ જાય અને ઠાકોરજીના થાળનું મોડું ન થાય અને ટાઈમે સભા પણ ચાલુ થઈ જાય.’’

સેવક સંત ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થનાના રૂપમાં ના પાડતા જ રહ્યા.

આ બાજુ અવરભાવમાં ૮૧ વર્ષની ઉંમરે આ દિવ્યપુરુષ થાળી લઈ ખીચડી સાફ કરવા લાગ્યા. અને ખીચડી ધોઈ ગેસ ઉપર તપેલી મૂકી દીધી.

એટલું જ નહિ પરંતુ ખીચડી ન થઈ ત્યાં સુધી તેમણે સાથે સાથે શાક પણ વઘારી દીધું...!

ખીચડી ઠાકોરજીના થાળ માટે તૈયાર થઈ રહી પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તરત શ્રીજીમહારાજને ધરાવવા ઠંડી કરીને થાળમાં મૂકી. ત્યારબાદ થાળમાં શાક પણ મૂક્યું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સેવક સંતની સાથે રહી ઠાકોરજીનો થાળ તૈયાર કરાવ્યો.

તેઓ એ દિવ્યપુરુષની અન્યને સમજવાની રીત જોઈ વારી ગયા,

‘આ દિવ્યપુરુષ એટલે કે આપણા વ્હાલા ગુરુજીમાંથી આપણે જેટલી પ્રેરણા લઈએ એટલી ઓછી છે.

અવરભાવમાં આ ઉંમરે આવી સેવા...!! પ.પૂ. બાપજી પોતે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંસ્થાપક અને લાખોના ગુરુસ્થાને હોવા છતાં પરહિતનો માત્ર ઉપદેશ નહિ પણ સમયે એથી પણ અદકું વર્તન જણાવતા હોય છે... આજે એ આંખે દેખ્યું-અનુભવ્યું... ખરેખર આ દિવ્યપુરુષ પરમહિતનું મૂર્તિમંત સ્વરૂપ છે...’

● ● ●

તા. ૧૪-૭-૨૦૧૫ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજીનું અવરભાવનું સ્વાસ્થ્ય નાદુરસ્ત હતું. રાત્રે ૮:૩૦ વાગ્યે પોઢ્યા ત્યારબાદથી તકલીફ શરૂ થઈ.

એટલે તેઓ માંડ માંડ પોઢ્યા. અગિયાર વાગ્યે જાગ્યા બાદ સંતોને ૧:૪૫ સુધી લાભ આપ્યો.

પછી સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, ‘‘બાપજી ! હવે આપ પોઢી જાવ... આપને ઊંઘ આવી જશે.’’

"સ્વામી, ઊંઘ નહિ આવે છતાં તમે કહો છો તો પોઢીએ..."

ગુરુવર્ય પ.પૂ. બાપજીને ઊંઘ નહોતી આવતી છતાં પોઢવા તૈયાર થયા. અને તેમણે પૂ. સંતોને કહ્યું, "લાઈટ ચાલુ રાખશો..."

ગુરુવર્ય પ.પૂ. બાપજીની સેવામાં રહેલા સેવક સંતની રીત ગુરુવર્ય પ.પૂ. બાપજી જાણતા હતા એટલે બોલ્યા, "સ્વામી, તમને લાઈટ ચાલુ હોય તો ઊંઘ નથી આવતી... માટે તમે બહાર પોઢી જાવ; કંઈ જરૂર હશે તો તમને બોલાવીશું..."

"રાજી રહેજો બાપજી, સેવકને અહીં ઊંઘ આવી જશે. રાત્રે આપને કંઈ જરૂર હોય તો તરત સેવાનો લાભ મળે ને ! માટે હું પોઢી જઉં છું... આપ પણ પોઢાડો..."

છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આગ્રહ કર્યો, "તમે બહાર પોઢી જાવ, તમને ઊંઘ નહિ આવે..."

"બાપજી, આપ અમારી મા છો... આપની સેવા માટે અમને એક રાત પણ આપ જાગવા નહિ દો...! સેવક જાણે છે તમે પોતા કરતાં અન્યનો ખૂબ વિચાર કરો છો... તમે જાતે ઘણું વેઠી લો છો... અન્યની ખૂબ ચિંતા રાખો છો... આજે આપનું સ્વાસ્થ્ય નાદુરસ્ત છે... માટે પ્રાર્થના સ્વીકારો..."

"સ્વામી, અમારો કાયમનો સિદ્ધાંત છે : આપણાથી કોઈને તકલીફ પડે તો ક્ષમાધર્મ લોપાય માટે આપણા લીધે કોઈને તકલીફ ન પડવી જોઈએ... આપણે તો સહન કરી લેવું..."

સેવક સંતે ફરી પ્રાર્થના કરી ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ માંડ માંડ હા પાડી.

પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીને આ સહેજે રુચ્યું તો નહિ જ.

●●●

તા. ૧૫-૭-૨૦૧૫ના રોજ સંસ્થાના વડીલ સંતો વાસણા મંદિર પહોંચ્યા.

તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, "બાપજી, આપને જમવાનું અનુકૂળ આવતું નથી તો આપને જે સંતોના હાથની રસોઈ અનુકૂળ આવે છે તેમને બોલાવી લઈએ ?"

"સ્વામી, અત્યારે જે છે તે સોનાના છે. વળી, સંતોની અછતને લીધે જે તે સંતોને અગવડ ઊભી થાય. સંતોની જોડી ન રહે એટલે તેની અસર સત્સંગ પર પડે. નવા મુમુક્ષુઓને સત્સંગમાં ખેંચવા સંતોનું વિચરણ સતત ચાલુ હોય તેમાં

અવરોધ આવે. એટલે નવા મુમુક્ષુનું કોણ !

સ્વામી, તમે અમારું વિચારો છો... પણ અમારા લીધે કેટકેટલાને તકલીફ ઊભી થાય; માટે બધું રહેવા દો... અત્યારે જે રસોઈ બનાવે છે તે અનુકૂળ આવે જ છે... તમે ચિંતા ન કરશો...

અમારે લીધે તમારે સ્વામિનારાયણ ધામ પરથી બધી ચાલુ સેવાઓ ગૌણ કરીને અહીં આવવાનું થયું... એટલે તમનેય તકલીફ આપી... રાજી રહેજો સંતો..."

"બાપજી, આપને અમારી પર રાજી રહેવાનું હોય; દયાળુ..." વડીલ સંતો હાથ જોડી પ્રાર્થના કરતાં બોલ્યા.

"બાપજી, આપે તો કાયમ 'પર'નું જ જોયું છે. એટલે નિજને તો ભીડો જ આપ્યો છે, સહન જ કર્યા કર્યું છે..." આમ બોલતાં બોલતાં સેવામાં રહેલ સેવક સંત સહેજ ગળગળા થઈ ગયા.

"સ્વામી, તમે સાથે રહો છો પણ અમારા આદર્શને તમે સમજો... સાધુ એટલે પરહિતકારી સ્વરૂપ... અને એને તો પરહિતમાં જ નિજનું હિત રહ્યું..."

"બાપજી, અમારી પ્રાર્થના સ્વીકારો... દયાળુ, સ્વીકારો..."

"સંતો, તમે અમને અમારા સિદ્ધાંતમાં સમાધાન ન કરાવશો... રાજી રહેજો..."

સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીની અન્યના હિત માટેની અડીખમ દૃઢતા જોઈ નમી ગયા.

આ સમયે વડીલ સંતો-સેવક સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીની પરમ હિતકારી સમી મૂર્તિને નીરખી સાધુતાનો નવતર પાઠ શીખ્યા.

●●●

ઈ.સ. ૨૦૧૫માં એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ સમર્પિત તાલીમ કેન્દ્રમાં સમર્પિતમુક્તોને લાભ આપવા પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી વચનામૃત પર લાભ આપી રહ્યા હતા. લાભ આપતી વખતે ગુરુવર્ય પ.પૂ. બાપજી ક્યારેક એક એક સમર્પિતમુક્ત પર દૃષ્ટિ કરતા હોય છે.

તો વળી સમર્પિતમુક્તને ખ્યાલ પણ ન હોય તે રીતે દરેકની નોંધ લેતા હોય છે.

આજરોજ એ રીતે એક સમર્પિતમુક્તને ઠંડીથી ધ્રૂજતા જોઈ બોલ્યા, “શું થાય છે તમને ?”

“કંઈ નહિ બાપજી, મને સારું જ છે.” ઠંડીથી ધ્રૂજતા સમર્પિતમુક્ત બોલ્યા.

“તમને ઠંડી લાગે છે ને ! તમારું શરીર કેવું ધ્રૂજે છે... સ્વામી, આ પંખો તમે બંધ કરશો...”

“દયાળુ, આપને અવરભાવમાં અતિશે ગરમીનું અંગ છે; આપ પંખો બંધ કરાવશો તો આપનાથી નહિ રહેવાય; માટે સેવકની પ્રાર્થના સ્વીકારો. પંખો ચાલુ રખાશે...”

“મુક્તરાજ, અમે શ્રીજીમહારાજની મરજીથી વર્ષોના વર્ષ વગર પંખે શ્રીજીમહારાજની વાતું કરી છે એટલે અમને તકલીફ નહિ પડે પણ અમારા લીધે તમારે ઠંડી સહન કરવી પડે તેથી અમને વધુ તકલીફ પડશે... માટે રાજી રહેજો પણ પંખો બંધ કરવો પડશે...”

સમર્પિતમુક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને ઘણી વાર પ્રાર્થના કરી પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રાર્થના ના સ્વીકારતાં અમૃતવાણીનો લાભ આપવાનું શરૂ કરી દીધું.

સમર્પિતમુક્ત ગુરુવર્ય પ.પૂ. બાપજીની અન્યના હિતને પ્રાધાન્ય આપવાની ને નિજને વેઠવાની રીત જોઈ ગળગળા થઈ ગયા. અહો... કરુણાથી તેમનું હૃદયાકાશ ઘેરાઈ ઊઠ્યું. હૃદયના વારિથી ગુરુવર્ય પ.પૂ. બાપજીને એમણે નીરખ્યા જ કર્યા.

●●●

તા. ૨૧-૭-૨૦૧૫ના રોજ વાસણા મંદિરે ગુરુવર્ય પ.પૂ. બાપજી બિરાજ્યા હતા.

“સંતો, આ વખતે વરસાદ પડ્યો નથી... ખેડૂતો અને આપણા હરિભક્તોનું શું થશે...?!”

આમ કહીને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ખૂબ ચિંતા વ્યક્ત કરી.

“સંતો, તમે પંચમહાલ, સુરેન્દ્રનગર, મહેસાણા અને સૌરાષ્ટ્ર આદિ સત્સંગ કેન્દ્રોના હરિભક્તોને વરસાદ અંગે સમાચાર પૂછવા વારાફરતી અમને ફોન જોડી આપશો... તો અમે વાત કરીએ...”

સંતોએ ફોન જોડી આપ્યા બાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ખેડૂત હરિભક્તો

સાથે વાત કરી અને સંતોને પ્રાર્થનાત્મક આશીર્વાદ પાઠવ્યા હતા :

"સંતો, શ્રીજીમહારાજ તમારી પ્રાર્થના તરત સાંભળે માટે તમે શ્રીજીમહારાજને પ્રાર્થના કરો કે, જલદી જલદી વરસાદ પડે... કોઈ ખેડૂત કે કોઈ હરિભક્તને તકલીફ ના રહે..."

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી છેલ્લા અઠવાડિયાથી સંતો પાસે પ્રાર્થના કરાવતા અને પોતે પણ દિવસમાં પાંચ-સાત વાર પ્રાર્થના કરતા : "હે શ્રીજીમહારાજ, હે બાપા, હે સદ્ગુરુઓ ! હવે વરસાદનો સમય પાક્યો છે... તો આપની ઈચ્છા હોય તો હવે વરસાદ વરસાવો... હવે વરસાદની બહુ જરૂર છે... ખેડૂત અને હરિભક્તો બહુ ચિંતા કરે છે... એમની ચિંતા આપ જ ઓછી કરી શકો એમ છો... માટે દયા કરીને વરસાદ વરસાવો... એવી આપના ચરણોમાં અમારી અને સંતોની પ્રાર્થના છે..."

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી પરમ ઉદ્ધારક સ્વરૂપ છે.

તેથી સદ્. બ્રહ્માનંદ સ્વામીના શબ્દો સાંભરે છે :

"સંત પરમ હિતકારી જગતમાંહી..."

આહાહા...!! કેવી એ દિવ્યપુરુષની અકલ્પિત - અવર્ણનીય પરમ હિતકારીતા છે.

જગતમાંહી પરમ હિતકારી સ્વરૂપ એવા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

## પરિશિષ્ટ-૧ (ભાગ-૩) : પ્રકરણની વિષયવાર સૂચિ


| વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|
| **સામર્થ્ય** | | |
| આશ્રિતને દેહાંત સમયે હરિ સંગે દર્શન આપે | ૧૩ | ૦૪ |
| અગાઉથી અવધિ આપીને ધામમાં લઈ જાય | ૮૧ | ૧૯ |
| ભક્તવત્સલતા | ૮૬ | ૨૦ |
| સંપ્રદાયના સુવર્ણ ઇતિહાસનું સર્જન | ૧૩૭ | ૩૨ |
| આયુષ્ય હોય તોપણ ધામમાં તેડી જાય | ૧૫૪ | ૩૪ |
| **સ્થિતિ** | | |
| અપરિગ્રહ | ૦૪ | ૦૨ |
| વ્યવહાર પરત્વે ઉદાસીનતા | ૪૯ | ૧૧ |
| પરભાવમાં અલમસ્ત | ૭૮ | ૧૮ |
| અંતર્મુખી જીવનના આલોચક | ૯૭ | ૨૨ |
| પોતે તો સદાય અકર્તા | ૧૧૩ | ૨૬ |
| બ્રહ્મરસના ભોગી રે | ૧૨૧ | ૨૮ |
| ભજન પ્રિય | ૧૨૯ | ૩૦ |
| **પંચવર્તમાન** | | |
| નિષ્કામતા ઉત્તમ સત્ય | ૦૮ | ૦૩ |
| નીતિમત્તાના પ્રખર આગ્રહી | ૧૭ | ૦૫ |
| ત્યાગી સ્વાદના, જેહ નિઃસ્વાદી | ૩૭ | ૦૯ |
| નિર્વ્યસની જીવનના આગ્રહી | ૫૬ | ૧૩ |
| શ્રીહરિની મૂર્તિ સિવાય કોઈ સ્વાદ નથી ચાખ્યો | ૭૩ | ૧૭ |
| સ્પષ્ટવક્તાપણે વ્યસનમુક્તિ | ૧૦૨ | ૨૩ |
| **સાધુતા** | | |
| શ્રીજીમહારાજ પ્રતિ દાસત્વભાવ | ૦૧ | ૦૧ |
| રજોગુણ જરિયે ન ભાસે | ૨૩ | ૦૬ |

| વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|
| નિર્દંભતા | ૩૩ | ૦૮ |
| વીજળીના ઉપયોગમાં કરકસર | ૪૨ | ૧૦ |
| સ્વચ્છતાના આગ્રહી | ૫૧ | ૧૨ |
| પ.પૂ. સ્વામીશ્રી સાથે દાસભાવ | ૬૫ | ૧૫ |
| વ્યવસાયમાં પરહિતની ભાવનાનો ઉપબોધ | ૬૯ | ૧૬ |
| સંતો-ભક્તો સમક્ષ દાસભાવ | ૯૦ | ૨૧ |
| સંપત્તિના સંવર્ધક | ૧૦૭ | ૨૪ |
| શ્રીહરિનું ગમતું કરાવવાનો આગ્રહ | ૧૨૫ | ૨૯ |
| સંત પરમહિતકારી જગતમાંહી | ૧૬૧ | ૩૬ |
| **જ્ઞાનોપદેશ** | | |
| વાંચનમ્ | ૬૧ | ૧૪ |
| **મહિમા** | | |
| સદ્ગુરુ સાચા રે, સેવો શુદ્ધ ભાવ શું રે | ૨૮ | ૦૭ |
| દિવ્યદૃષ્ટિ પ્રદાતા | ૧૧૦ | ૨૫ |
| ગુરુની રોકટોક ગમાડી | ૧૧૮ | ૨૭ |
| હરિકૃષ્ણ મહારાજની પ્રધાનતા | ૧૩૨ | ૩૧ |
| અસ્ખલિત સ્નેહલધારા | ૧૪૫ | ૩૩ |
| ઠાકોરજીને પ્રસાદીનું કરવું જ | ૧૫૮ | ૩૫ |

## પરિશિષ્ટ-૨ (ભાગ-૩) : સમાવિષ્ટ પ્રસંગોની સૂચિ


| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૧ | અવરભાવના પૂ. સંતોના નામને પણ ઠેઠ શ્રીજીમહારાજ સુધી પહોંચાડી દાસત્વભાવની પરાકાષ્ઠાની રીત શીખવી. | ૦૧ | |
| ૨ | અનાદિમુક્ત એટલે દાસત્વભાવની ચરમસીમા... આ વિધાન અતિ દાસભાવે પ્રાર્થના કરી સાકાર કર્યું. | ૦૨ | ૦૧ |
| ૩ | હરિપ્રાગટ્યોત્સવનો લાભ નાદુરસ્ત હોવાથી ન મળતાં મહાપ્રભુની આગળ કગરીને પ્રાર્થના કરી દાસભાવ દર્શાવ્યો. | ૦૨ | |
| ૪ | અમેરિકાથી જીગરભાઈના સામેથી પૂછવા છતાં પોતાની કોઈ જરૂરિયાત ન જણાવી અપરિગ્રહતાના પાઠ શીખવ્યા. | ૦૪ | ૦૨ |
| ૫ | જરૂરિયાતમાં એક શ્રીજીમહારાજની જરૂરિયાત જણાવી. | ૦૬ | |
| ૬ | પૂ. ત્યાગી મહિલામુક્તો માટે નિર્માણ પામી રહેલ ભક્તિનિવાસમાં પધરામણી દરમ્યાન લઘુ માટે પણ ન જ પધાર્યા. | ૦૮ | |
| ૭ | વાસણા મંદિરનો દરવાજો ખુલ્લો જોતાં ઊભા રહી બંધ કરાવ્યો ને નિષ્કામી ધર્મ બાબતે સંતોને અણીશુદ્ધ રહેવા ઉપદેશ આપ્યો. | ૦૯ | ૦૩ |
| ૮ | ‘ગાડીમાંથી એકલા સંતે નીચે ન ઊતરાય’ જેવી નાનકડી બાબત માટે પણ પોતાના સંતોને સાવધ કર્યા. | ૧૦ | |
| ૯ | ફાર્મ પર સૂકાતાં સંતોનાં ધોતિયાં મહિલાઓ ન અડી જાય તેવી સૂક્ષ્મ દૃષ્ટિ આપી. | ૧૧ | |
| ૧૦ | ભૂરાભાઈને શ્રીજીમહારાજ સંગે દર્શન આપી ધામમાં તેડી ગયા. | ૧૩ | ૦૪ |
| ૧૧ | ઉનાના શાંતિભાઈ છગને પરિવારમાંથી હેતરૂપી કસર ટળાવી શ્રીજીમહારાજ સાથે દર્શન આપી ધામમાં તેડી ગયા. | ૧૫ | |
| ૧૨ | ધંધાદારી હરિભક્તને નીતિથી કમાયેલા વળતરનો જ ધર્માદો-સેવા કરવી એવી શીખ આપી શિક્ષાપત્રીની આજ્ઞા પળાવી. | ૧૭ | |
| ૧૩ | હરિભક્તોનું નીતિયુક્ત જીવન કરાવવાનો હેતુ કૃપા કરી જણાવ્યો. | ૧૮ | |
| ૧૪ | જશુભાઈને નફા માટે થઈ ઘરમાં ખોટો પૈસો ન આવે તે માટે ચેતવી નીતિના પાઠ શીખવ્યા. | ૧૯ | ૦૫ |
| ૧૫ | ઊર્વિલભાઈને ધનશુદ્ધિ માટે ધર્માદો ને આત્મશુદ્ધિ માટે સત્સંગ રાખવાની શરતે ધંધાની અનુમતિ આપી. | ૨૦ | |
| ૧૬ | મંત્રીજીને ફોન પર પણ જનહિતના માર્ગે ચાલવાનો મહોપદેશ આપ્યો. | ૨૧ | |

| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૧૭ | યુવકનો ધોળાના કાળા વાળ કરવા મેંદી નાખવા જેટલો રજોગુણ પણ ન ચલાવ્યો. | ૨૩ | |
| ૧૮ | નાનપણમાં સહસાથીને ઉપદેશ આપી દેહને નહિ આત્માને શણગારવાની રીત શીખવી. | ૨૫ | ૦૬ |
| ૧૯ | ન્યૂજર્સીના એક હરિભક્તના દીકરાને પરફ્યૂમ તથા ફેશનેબલ વાળ ન રાખવા અંગે ટકોર કરી. | ૨૫ | |
| ૨૦ | સ્વાસ્થ્યની નાદુરસ્તતામાં પણ યુવકોને સાદા જીવન જીવતા કરવાનું પ્રકરણ ચલાવવા પૂ. સંતોને આદેશ કર્યો. | ૨૭ | |
| ૨૧ | ‘મુનિબાપાના પ્રતાપે લીલી વાડી’ એમ કહી ગુરુમહિમા વ્યક્ત કર્યો. | ૨૮ | |
| ૨૨ | સદ્. મુનિબાપા સભા કરવા નીચે જ બિરાજી ગયા એવો દાસત્વ નિહાળી પ.પૂ. બાપજીએ તેઓના કલ્યાણકારી ગુણોની ઝાંખી કરી. | ૨૯ | |
| ૨૩ | કાયમ અમે પાટડી રાત્રે મોડા પહોંચતા તો સદ્. મુનિસ્વામી જ બારણું ઉઘાડતા. એ પ્રસંગે ગુરુ સાથેની પ્રીતિનું દર્શન કરાવ્યું. | ૩૦ | ૦૭ |
| ૨૪ | એક નવા હરિભક્તને સદ્. મુનિસ્વામીનો નંદથી વિશેષ મહિમા સમજાવ્યો. | ૩૧ | |
| ૨૫ | કથા કરવામાં કંઈક ન આવડે તો ખોટું બોલી દંભ ન કરવો તેવી નિર્દંભતા શીખવી. | ૩૩ | |
| ૨૬ | પરભાવનું સ્વરૂપ હોવા છતાં સભાવચ્ચે સંસ્કૃત અમને ન આવડે એવું નિખાલસભાવે કહ્યું. | ૩૪ | ૦૮ |
| ૨૭ | સેવક સંતની આગળ કીર્તનનો અભ્યાસ ના કર્યાનું સહજમાં સ્વીકારી લીધું. | ૩૫ | |
| ૨૮ | સેવામાં રહેનાર સેવકની જેમ અમને અંગ્રેજી બોલતા ન આવડે તેવા સાહજિકપણે નિર્દોષતાનાં દર્શન કરાવ્યાં. | ૩૬ | |
| ૨૯ | તેઓએ બે માસ સુધી જમાડવામાં માત્ર પ્રસાદમાં પૂડલાં ગ્રહણ કર્યાં. | ૩૭ | |
| ૩૦ | પૂ. સંતોને જમાડવા માટે થઈ ૨૫ વર્ષે અડદિયાની સેવા સ્વીકારી. | ૩૮ | |
| ૩૧ | શાકનો જુદો જુદો સ્વાદ ન લેવાનો નિઃસ્વાદી પાઠ સંતોને શીખવ્યો. | ૩૯ | |
| ૩૨ | કંઈ જ કહ્યા વિના કડવી કાકડી જમાડી ગયા. | ૩૯ | ૦૯ |
| ૩૩ | નાળિયેરના પાણીને પણ વિનંતી-પ્રાર્થના કરવા છતાં ન સ્વીકાર્યું. | ૪૦ | |
| ૩૪ | નવી આઈટમ ઈડલી ન સ્વીકારતાં તેઓએ નિયમિત રીતે ખીચું જમાડતા હતા તે જમાડ્યું. | ૪૧ | |

| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૩૫ | બે હરિભક્તોને એક ટ્યૂબલાઇટ નીચે સાથે સેવા કરવાની દૃષ્ટિ આપી તથા ઠાકોરજીની વસ્તુનો વિવેકપૂર્ણ ઉપયોગ કરતા શીખવ્યું. | ૪૨ | |
| ૩૬ | સમર્પિતમુક્તને નાની લાઇટથી ચાલે તો મોટી ન કરવી એવો કરકસરનો ગુણ શીખવ્યો. | ૪૩ | |
| ૩૭ | રૂમની બહાર નીકળતાં તરત જ સ્વિચ બંધ થઈ જ જાય તેવી સહજાવસ્થાએ વર્તવાની રુચિ જણાવી. | ૪૪ | |
| ૩૮ | કરકસર કરતાં આંખો બગડે તો તે પણ ઠાકોરજીની મિલકતનો અવિવેકપૂર્ણ ઉપયોગ કર્યો ગણાય એવી વિશાળ દૃષ્ટિ આપી. | ૪૪ | ૧૦ |
| ૩૯ | ૨૦ ફૂટ દૂર ચાલતાં જવા છતાં સૂક્ષ્મ દૃષ્ટિએ જોઈ બિનજરૂરી પંખા બંધ કરાવી કરકસરનો ગુણ શીખવ્યો. | ૪૫ | |
| ૪૦ | જ્યાં આપણે રહેતા હોઈએ ત્યાંનો નખશિખ ખ્યાલ હોવો જોઈએ તથા ઠાકોરજીના નાણાંનો વ્યય ના થવો જોઈએ; ઍલર્ટ રહેવું તેવી રીત શીખવી. | ૪૬ | |
| ૪૧ | રસોડા પાછળની ડીમ લાઇટ બંધ કરાવીને કરકસર અંગે સૂક્ષ્મ દૃષ્ટિ આપી. | ૪૭ | |
| ૪૨ | તેમણે સેવક સંતને અંતર્વૃત્તિનો અભિપ્રાય જણાવ્યો. | ૪૯ | ૧૧ |
| ૪૩ | અમને વ્યવહારમાં ખબર ન પડે; મહારાજ અને મુક્તના પરભાવની ગમ પડે એમ કહી અવરભાવ પ્રત્યે નિરસતા દાખવી. | ૫૦ | |
| ૪૪ | 'મંદિરની સેવા માટે પગારદાર ન રખાય' એવી રુચિ જણાવીને પોતે સંડાસ-બાથરૂમ સાફ કર્યા. | ૫૧ | |
| ૪૫ | બ્રહ્મસત્રમાં પણ જાતે સેવા કરતા. | ૫૨ | ૧૨ |
| ૪૬ | સ્વચ્છતા અભિયાન સાથે આંતર સ્વચ્છતા અભિયાન કરાવવાનો આગ્રહ જણાવ્યો. | ૫૨ | |
| ૪૭ | સ્વચ્છતાની સેવાનો માત્ર ઉપદેશ ન આપતાં સ્વયં સ્વચ્છતા કરી. | ૫૪ | |
| ૪૮ | તમાકુનું વ્યસન છોડાવીને જ તેમના ગાડાની સેવાનો સ્વીકાર કર્યો. | ૫૬ | |
| ૪૯ | હીરાજી ઠાકોરને દારૂનું વ્યસન છોડાવ્યું ને નિર્વ્યસની કર્યા. | ૫૮ | ૧૩ |
| ૫૦ | નવા હરિભક્તને બીડીનું વ્યસન છોડાવ્યાની અનેરી રીત. | ૫૯ | |
| ૫૧ | કથાવાર્તાનો આખો દિવસ અખાડો ચાલતો છતાં રાત્રે નિજ માટે વાંચન કરવાનું કારણ જણાવ્યું. | ૬૧ | ૧૪ |
| ૫૨ | સભામાં વાંચનનું મહત્ત્વ કહી બધાને વાંચન માટે આગ્રહી કર્યા. | ૬૨ | |


| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૫૩ | પોતાના વાંચનના અંગનું રહસ્ય જણાવ્યું. | ૬૩ | |
| ૫૪ | પોતે ગુરુપદે હોવા છતાં શિષ્ય-પ.પૂ. સ્વામીશ્રીનો મહિમા ગાવાની પૂ. સંતને આજ્ઞા કરી. | ૬૫ | ૧૫ |
| ૫૫ | નાના સભ્યો ને શિષ્યોની આજ્ઞામાં રહેવામાં જ આનંદ આવે છે તેવું દર્શાવ્યું. | ૬૬ | |
| ૫૬ | સભાની પૂર્ણાહુતિ સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અનુમતિ માગીને પ.પૂ. સ્વામીશ્રીની જેમ મરજી હોય તેમ કરવા વિનંતી કરી તે પ્રસંગે બંનેએ દાસભાવ દર્શાવ્યો. | ૬૭ | |
| ૫૭ | વ્યાજવટાવના ધંધામાં અરુચિ જણાવીને સત્સંગ સમાજમાં સંપ, સંસ્કાર, સદાચાર જળવાય તેવો ધંધો કરવાની અભિરુચિ દર્શાવી. | ૬૯ | ૧૬ |
| ૫૮ | બિલ્ડર હરિભક્તને બાંધકામ બાબતે નીતિ ઉપદેશ પાઠવ્યો. | ૭૦ | |
| ૫૯ | કાર્ડિયોલૉજિસ્ટ ડૉક્ટરને વ્યવસાય પ્રત્યે વફાદાર રહેવાની અને લોકોના હિતની ભાવના રાખવાની ભલામણ કરી. | ૭૧ | |
| ૬૦ | પ્રથમથી જ ‘મહારાજ’ પર લક્ષ દીધું છે એટલે એ સિવાય બધું ફીકું લાગે છે એવી અભિરુચિ જણાવી. | ૭૩ | ૧૭ |
| ૬૧ | “જેનો સ્વાદ કદી લીધો નથી તેનો હવે શા માટે લેવો !” કહી ઢોંસા અને ગુલાબજાંબુ ન જ સ્વીકાર્યા. | ૭૪ | |
| ૬૨ | બે માસ સુધી સવારમાં એકલું ટામેટાંનું શાક જમાડી નિઃસ્વાદીપણું જણાવ્યું. | ૭૫ | |
| ૬૩ | તીખાં ને મોળાં ઢોકળાં નિઃસ્વાદભાવે જમાડ્યાં. | ૭૫ | |
| ૬૪ | “ગાજરનો હલવો કદી ચાખ્યો નથી તો હવે શા માટે ચાખવો !” કહી ન જ સ્વીકાર્યો. | ૭૭ | |
| ૬૫ | કીર્તનનું શ્રવણ કરતાં કરતાં મૂર્તિમાં તદાકાર થઈ ગયા. | ૭૮ | ૧૮ |
| ૬૬ | આ ચશ્માં કોનાં છે ? કહી પરભાવીય રીત જણાવી. | ૭૯ | |
| ૬૭ | સાગરદાનભાઈનાં ધર્મપત્નીને આયુષ્ય પતી ગયું હોવા છતાં રાખ્યાં ને સમય આવે પ્રાર્થના કરી તો બે દિનમાં તેડી ગયા. | ૮૧ | ૧૯ |
| ૬૮ | મફતલાલને સાત દિવસની અવધિ આપી ધામમાં તેડી ગયા. | ૮૨ | |
| ૬૯ | હસમુખભાઈ ચૌહાણના ચૈતન્યને પ્રાર્થના કરી કે તરત એક કલાકમાં મૂર્તિમાં મૂકી દીધો. | ૮૩ | |

| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૭૦ | જિતેશભાઈના માતુશ્રીને આપેલ અવધિ પ્રમાણે તેડી ગયા. | ૮૪ | |
| ૭૧ | ત્રીસ વર્ષ પહેલાં જોયેલા માવજીભાઈના દીકરાને પણ નામ દઈને ઓળખી ગયા. | ૮૬ | |
| ૭૨ | વર્ષો પહેલાં મળેલા પસાભાઈનું મૂળ ગામ તથા હુલામણું નામ જણાવ્યું. | ૮૭ | ૨૦ |
| ૭૩ | આઠ-દસ વર્ષ પહેલાં માત્ર રોજ દર્શને આવનાર હરિભક્તના ભાણાને પણ નામ દઈ ઓળખ્યા. | ૮૮ | |
| ૭૪ | સંસ્થાના સંસ્થાપક પદે હોવા છતાં દાસભાવે સાકરની પ્રસાદીના બે દાણા પૂ. સંતને પૂછીને લીધા. | ૯૦ | |
| ૭૫ | સભા પૂર્ણ થવાનો સમય થતાં છે. ૩૭મું વચનામૃત વિવરણ અધૂરું રહેતાં ખેદ જણાવી સૌ સંતો-ભક્તોની માફી માગી. | ૯૧ | |
| ૭૬ | જ્ઞાનસત્ર-૧૧માં સભા દરમ્યાન હરિભક્તોની સમક્ષ લઘુ માટે પરવાનગી માગી દાસભાવ જણાવ્યો. | ૯૧ | |
| ૭૭ | કથાવાર્તાના અતિ આગ્રહી હોવા છતાં સંત શિબિરમાં પૂ. સંતોએ ગોઠવેલા આયોજનોનો સ્વીકાર કરી સરળતા શીખવી. | ૯૨ | ૨૧ |
| ૭૮ | લંડન મૂર્તિપ્રતિષ્ઠા માટે પધારવાના હરિભક્તોના આગ્રહને જાણી પોતે દાસભાવનાં દર્શન કરાવી સામે હરિભક્તોને પ્રાર્થના કરવા જણાવ્યું. | ૯૩ | |
| ૭૯ | પોતાના ગુણ કોઈ ગાય તો નાનાથી નાના થઈ શ્રીજીમહારાજના મહિમાથી ભરી દેવાની દાસત્વભાવનાં દર્શન કરાવ્યાં. | ૯૫ | |
| ૮૦ | સમર્પિતમુક્તોને ભજન-ભક્તિનું વિશેષ અંગ પાડવા આગ્રહ જણાવ્યો. | ૯૭ | |
| ૮૧ | જોડના વયોવૃદ્ધ વડીલ સંતે વર્ણન કરેલ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં આંતરમુખીપણાનાં દર્શન. | ૯૮ | |
| ૮૨ | મગનભાઈને ગુરુવર્ય પ.પૂ. બાપજીનું આંતરમુખી જીવન જોઈ આકર્ષણ થયું. | ૯૯ | ૨૨ |
| ૮૩ | બે મિનિટના અલ્પ સમયમાં પણ ભજન કરી-કરાવી અંતર્મુખીપણાનાં દર્શન કરાવ્યાં. | ૧૦૦ | |
| ૮૪ | પ્રતિષ્ઠિત સંગીતકારની મોબત ન રાખતાં કંઠી પહેરાવી દારૂનું વ્યસન છોડાવ્યું. | ૧૦૨ | |
| ૮૫ | અન્ય સંસ્થાના હરિભક્તને તેમના મોટેરા સંતની હાજરીમાં ‘ચા’નું વ્યસન છોડાવ્યું. | ૧૦૩ | ૨૩ |

| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૮૬ | પ્રતિષ્ઠિત ડૉક્ટરને સિગારેટ છોડાવી. | ૧૦૫ | |
| ૮૭ | પાણીનો બગાડ ન કરવો ને સરકારના નિયમોનું પાલન કરવું એવી સર્વાંગી દૃષ્ટિ આપી. | ૧૦૭ | |
| ૮૮ | બગડેલા બટાકામાંથી સારો નાનો ભાગ પણ ઉપયોગમાં લઈ ઠાકોરજી સુધી પહોંચાડવો તેવી સૂક્ષ્મ દૃષ્ટિ આપી. | ૧૦૮ | ૨૪ |
| ૮૯ | ઝોળીસેવામાં આવેલા ઝભલાંને પણ એકત્ર કરી વર્ષ સુધી ઉપયોગમાં લઈ સેવા કરનારની નજીવી વસ્તુને ઠેઠ ઠાકોરજી સુધી પહોંચાડી. | ૧૦૮ | |
| ૯૦ | ઢોળાયેલા અનાજના એક એક દાણાને વીણી, સાફ કરી પ્રભુ સુધી પહોંચાડવાની રીત શીખવી. | ૧૦૯ | |
| ૯૧ | પ.પૂ. બાપજીએ સમર્પિતમુક્તને રમૂજમાં સ્વામી(પ.પૂ. સ્વામીશ્રી) જેવા થવાની ચાવી શીખવી. | ૧૧૦ | |
| ૯૨ | પ.પૂ. બાપજીએ નવોદિતસંતને સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી)ની કથાનું મહાત્મ્ય કહ્યું. | ૧૧૧ | ૨૫ |
| ૯૩ | પ.પૂ. બાપજીએ વાસણા સેન્ટરના સંતને સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી)ની મરજીમાં રહેવાની રીત શીખવી. | ૧૧૧ | |
| ૯૪ | પ.પૂ. બાપજીએ પોતાના કર્તાપણાને અપરાધ ગણાવી ભગુજીને અટકાવ્યા. | ૧૧૩ | |
| ૯૫ | સાધકો-સમર્પિતમુક્તો આગળ પોતાનું ગૌણપણું કરી મહારાજનું મુખ્યપણું કર્યું. | ૧૧૪ | |
| ૯૬ | કષ્ટો વેઠીને સ્થાપન કરવા છતાં કર્તા તો શ્રીજીમહારાજને જ સમજાવ્યા. | ૧૧૪ | |
| ૯૭ | સોની હરિભક્તને મહારાજનું કર્તાપણું ગૌણ કરવા બદલ માફી મગાવી. | ૧૧૫ | ૨૬ |
| ૯૮ | હરિભક્તોની તકલીફો તેમના વચને નહિ મહારાજના કર્તાપણાથી દૂર થાય છે તેમ જણાવ્યું. | ૧૧૫ | |
| ૯૯ | દેવુભાઈના જન્માક્ષર જોનાર જ્યોતિષને શ્રીજીમહારાજનું કર્તાપણું સમજાવ્યું. | ૧૧૬ | |
| ૧૦૦ | 'લીલીવાડી શ્રીજીમહારાજને લઈને છે' એમ પ.પૂ. બાપજીએ પોતાનું અકર્તાપણું જણાવ્યું. | ૧૧૬ | |
| ૧૦૧ | અન્ય સંતોને ચેષ્ટા મોટેથી બોલાવવાના મિષે પોતાને થયેલી ટકોરનો નિઃસંશયપણે સ્વીકાર કર્યો. | ૧૧૮ | |

| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૧૦૨ | તેમણે એકાદશી અંગેની ટકોર પોતા પર લઈ ૩૦ વર્ષ સુધી દર એકાદશી નકોરડી એકાદશી કરી. | ૧૧૯ | ૨૭ |
| ૧૦૩ | અન્નકૂટ કરવા અંગે થયેલી ઉપરી મોટાપુરુષની ટકોર ગમાડી ઉત્સાહથી ભવ્ય અન્નકૂટ બનાવ્યો. | ૧૨૦ | |
| ૧૦૪ | ‘આ રિપોર્ટ્સ ખોખાના છે’ એમ કહી બ્રહ્માનંદીપણાનાં દર્શન કરાવ્યાં. | ૧૨૧ | ૨૮ |
| ૧૦૫ | ઘરના કિશોરને સ્પ્રે છાંટી દેહભાવ પાકો ન કરવા અંગે રુચિ દર્શાવી. | ૧૨૫ | |
| ૧૦૬ | કાર્ય સત્સંગમાંથી નવા જ આવેલા USAના પ્રફુલ્લભાઈને નિધડક થઈ ફ્રેન્ચ કટ દાઢી કઢાવી પછી જ સ્મૃતિદર્શનનો લાભ આપ્યો. | ૧૨૬ | ૨૯ |
| ૧૦૭ | ગાડીમાં ધૂન-કીર્તનનો આગ્રહ રાખી જોડેવાળાની પણ એક ક્ષણ બગડવા ન દે. | ૧૨૯ | |
| ૧૦૮ | વિચરણમાં ગાડીમાં કૅસેટ ન મૂકતાં જાતે કીર્તન ગાઈ અંતર્વૃત્તિની રીત શીખવી. | ૧૩૦ | ૩૦ |
| ૧૦૯ | વિચરણ દરમ્યાન ગાડીમાં આરામ ન કરતાં ધૂન-કીર્તન ગાવું એથી થાક ઊતરી જાય એવો આલોચ જણાવ્યો. | ૧૩૦ | |
| ૧૧૦ | નાદુરસ્ત તબિયત હોવા છતાં ગાડીમાં આરામને ગૌણ કરી કીર્તન બોલાવ્યાં. | ૧૩૦ | |
| ૧૧૧ | છાબયાત્રામાં સ્પૉટ પર હરિકૃષ્ણ મહારાજનું આસન સમકક્ષ જણાતાં ઊંચું કરાવી પછી જ સોફામાં બિરાજ્યા. | ૧૩૨ | |
| ૧૧૨ | “શોભાયાત્રામાં હરિકૃષ્ણ મહારાજ વિના ન જોડાવાય.” એવું પ્રધાનપણું જણાવ્યું. | ૧૩૪ | ૩૧ |
| ૧૧૩ | શ્રીજીમહારાજને કદી ન ભૂલવાનું કારણ સેવક સંતને જણાવ્યું. | ૧૩૪ | |
| ૧૧૪ | લઘુની તકલીફને ગૌણ કરી પ્રથમ આરતીમાં પધાર્યા. | ૧૩૫ | |
| ૧૧૫ | ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂ. સંતોને હરિકૃષ્ણ મહારાજને પ્રગટભાવે થાળ કરવાનું શિખવાડ્યું. | ૧૩૫ | |
| ૧૧૬ | પ.પૂ. બાપજીએ ઉપાસનાના એવા પીયૂષ પાયાં છે કે જેથી પાંચ વર્ષના બાલિકામુક્ત સ્વામિનારાયણ ભગવાન સિવાય અન્ય અવતારને ન નમ્યાં. | ૧૩૮ | |
| ૧૧૭ | પ.પૂ. બાપજીના સંતોએ ઉચ્ચ અધિકારી મહિલાઓ સાથે વાત ન જ કરી; નિયમ-ધર્મ સાચવ્યા. | ૧૪૧ | ૩૨ |
| ૧૧૮ | પ.પૂ. બાપજીએ ઘડેલા એસ.ટી.ના ડ્રાઈવર વજાભાઈએ પૂજા ન થતાં | | |

| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| | પાંચ દિવસ નકોરડા કર્યા. | ૧૪૨ | |
| ૧૧૯ | પ.પૂ. બાપજીએ નવા સંતને પ.પૂ. સ્વામીશ્રી સામે દૃષ્ટિ રાખવાનું શીખવ્યું. | ૧૪૮ | |
| ૧૨૦ | પ.પૂ. બાપજીએ નવા સંતને સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી)નો આગ્રહ જણાવ્યો. | ૧૪૯ | |
| ૧૨૧ | પ.પૂ. બાપજીએ નવા સંતને સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી)ના દાખડાનું મહત્ત્વ સમજાવ્યું. | ૧૫૦ | ૩૩ |
| ૧૨૨ | પ.પૂ. બાપજીએ નવા સંતને સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી)નો પક્ષ રાખવાની વાત કહી. | ૧૫૨ | |
| ૧૨૩ | શાંતિભાઈ ઠક્કરને શારીરિક બીમારી હોવાથી આયુષ્ય હોવા છતાં ધામમાં તેડીને એમનું આયુષ્ય બીજાને આપ્યું. | ૧૫૪ | ૩૪ |
| ૧૨૪ | અંગતભાઈના બાને મગજની બીમારી હતી. તેથી પ્રાર્થના કરતાં આયુષ્ય હોવા છતાં અવધિ આપી તેડી ગયા. | ૧૫૬ | |
| ૧૨૫ | મૂર્તિ પ્રસાદીની કરવામાં પણ પ્રથમ હરિ મહારાજ પાસે જ કરાવી. | ૧૫૮ | |
| ૧૨૬ | અલ્પાહાર લેતા પહેલાં પૂછ્યું અને ઠાકોરજીને ધરાવ્યા વિના ન જ લેવાય તેવી રીત શીખવી. | ૧૫૯ | ૩૫ |
| ૧૨૭ | કડવી દવા પણ પ્રસાદીની કર્યા વિના ન લેવાય એવી રુચિ જણાવી. | ૧૫૯ | |
| ૧૨૮ | થાળ સમયસર કરવા સેવક સંતને સેવામાં મદદ કરી. | ૧૬૧ | |
| ૧૨૯ | સ્વાસ્થ્ય નાદુરસ્ત હોવા છતાં સેવક સંતની પોઢવાની ચિંતા રાખી. | ૧૬૨ | |
| ૧૩૦ | સંતોએ બાપજીની રસોઈની ચિંતા કરતાં કરેલી પ્રાર્થનાનો તેમણે પરહિત માટે અસ્વીકાર કર્યો. | ૧૬૩ | ૩૬ |
| ૧૩૧ | પ.પૂ. બાપજીને ગરમીનું અંગ હોવા છતાં સાધકમુક્તને ઠંડી ન લાગે તે માટે પંખો બંધ રખાવ્યો. | ૧૬૪ | |
| ૧૩૨ | ખેડૂત હરિભક્તો માટે વરસાદની પ્રાર્થના કરી તેમજ સંતો પાસે કરાવી. | ૧૬૫ | |



સંસ્થાપક
વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી



વ્હાલા
પ.પૂ. સ્વામીશ્રી

## સંસ્થાપક ગુરુવર્ય પ.પૂ. બાપજી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." – આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા અને ઉપાસના-મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુવર્ય પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણિશુદ્ધતા, નિર્માનીપણું ને નિર્દોષભાવથી ભરેલું પારદર્શક જીવન, પોતાની અહમ્‌શૂન્યતા ને શ્રીજીનું જ કર્તાપણું આદિ ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાના પીયૂષ પાયાં છે. જેના પગલે પગલે સર્જાયો છે લાખો સંતો-હરિભક્તોનો અણિશુદ્ધ સમુદાય. આવા દિવ્ય સત્પુરુષના સંબંધમાં આવનાર હરેક વ્યક્તિના જીવનમાં જીવનપરિવર્તનનાં દીવડાં પ્રકાશ્યાં છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું દિવ્ય અને વિરલ વ્યક્તિત્વ એવું અનોખું છે કે જેમના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે, મનને શાંતિનો અનુભવ થાય છે. આંતર પવિત્રતા પ્રગટે છે, ઘાટ-સંકલ્પો વિરામ પામી જાય છે, મનોરથો પૂર્ણ થાય છે, તનનાં-મનનાં ને જનનાં સર્વે દુ:ખોથી જાણે મુક્ત થઈ પ્રભુના સુખમાં ગુલતાન થયાનો અહેસાસ થાય છે. એમના સમાગમમાં આવનાર કોઈ પણ વ્યક્તિ શ્રીજીમહારાજનાં સ્વરૂપને જેમ છે તેમ ઓળખાયાની અને છતે દેહે આત્યંતિક કલ્યાણ પામ્યાંની પરિતૃપ્તતા પોષે છે. એમની કરુણાભીની દિવ્યદૃષ્ટિમાં આવનાર સૌ કોઈ કૃતાર્થતા અનુભવે છે.

પંચમહાલના ડુંગરાઓમાં વસતા ગરીબ, દલિત, પછાત ને અંધશ્રદ્ધામાં અટવાયેલાઓના બેલી બની તેમના જીવનમાં તેઓએ પ્રકાશ પાથર્યો છે ને તેમના અંધકારમય જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ૮૫ વર્ષની ઉંમરે પણ અસંખ્ય ગામડાંઓમાં વિચરણ તથા હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી હોવા છતાં તેઓ અવિરત વિચરણ કર્યા કરે છે. તેમના આ વિચરણથી સર્વત્ર અનોખી આધ્યાત્મિક સુવાસ ફેલાઈ રહી છે.

દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ દેશ-સમાજની આધ્યાત્મિક ઉન્નતિ માટે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તન માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. વળી, શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આવતાં રચનાત્મક આયોજનો જેવાં કે 'વાંચે ગુજરાત' તથા 'સ્વચ્છતા અભિયાન' આદિ આયોજનો પણ સંસ્થા દ્વારા ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રેરણાથી ચાલી રહ્યાં છે. વળી, સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવા ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રેરણાથી 'એસ.એમ.વી.એસ. ચેરિટીઝ'ની સ્થાપના કરવામાં આવી છે.

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતાં તમામ સેવાકાર્યોનું શ્રેય ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે. સંપ્રદાય તથા ઇતર સંપ્રદાયના મુમુક્ષુઓ, સંતો અને અગ્રેસરો પણ આ સત્પુરુષની આધ્યાત્મિક પ્રતિભાને વંદન કરી કૃતાર્થતા અનુભવી રહ્યા છે. તેઓની આ દિવ્યતાનું એક અને માત્ર એક કારણ તેઓ ગણાવે છે અને તે છે એકમાત્ર ભગવાન સ્વામિનારાયણનું કર્તાપણું ! તેઓનાં ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે.

શ્રીજીના ને મુક્તના મહિમાનો પાર પામવો તે રમતવાત નથી. સાત સમુદ્રની શાહી કરે, પૃથ્વીનો કાગળ કરે ને વૃક્ષમાત્રની કલમો કરે ને કલ્પની આયુષ્ય કરે ને લખે તોપણ પાર આવે તેમ નથી. તોય મહિમા લખાય તેમ નથી.

હે બાપજી ! અમારા ઉપર સદૈવ રાજી રહેજો... આપના મહિમાને આ પુસ્તકમાં લખવાની અમારી ભૂલ બદલ ક્ષમા કરજો.

કારણ અમે અમારાં બુદ્ધિ-જ્ઞાનથી આપની ચેષ્ટાને, આપની દિવ્ય પળોને અને દિવ્ય અનુભવોને આલેખવાનો પ્રયત્ન કર્યો છે.

આપ તો સંપૂર્ણ પરભાવનું સ્વરૂપ છો... આપના સ્વરૂપને અમારી અલ્પ મતિથી કેમ સમજવું ?

માટે આપ જ કેવળ કૃપા કરી આપના સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરાવો. આપના ખરા મહાત્મ્યની દિવ્યાનુભૂતિ કરાવો.

આપે અમને સદાય સર્વોપરી મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનની
જ એક નિષ્ઠા રોમરોમમાં પ્રગટાવી છે;
ધ્યાન-ભજન-ઉપાસના એકમાત્ર શ્રીજીમહારાજનું જ થાય;
સ્વામી-દાતા-નિયંતા એકમાત્ર શ્રીજીમહારાજ જ છે;
અનંત અનાદિમુક્તો મૂર્તિરૂપ હોવા છતાં એ સેવક જ છે,
ભોક્તા જ છે - એવું શુદ્ધ જ્ઞાન જ પ્રગટાવ્યું છે.
બસ અમે આપના દિવ્ય ચરિત્રોને, આગ્રહો અને આદર્શોને,
વર્તનને દિવ્યભાવે જોતાં શીખીએ અને
લેતા શીખીએ એવી પ્રાર્થના...

શ્રી સ્વામિનારાયણ મંદિર
શ્રીજી બાપા
વાસણા, અમદાવાદ-૭.
SMVS

**સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ**
**સ્વામિનારાયણ ધામ**
કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૧૩૦૫૨, ૫૩ Email : ssd@in.smvs.org